BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## સેમેસ્ટર - 3 સમાજકાર્યમાં અનુસ્નાતક (MSW)

## પેપર – MSWR - 301

## સામાજિક સંશોધન પદ્ધતિઓ અને સમાજકાર્ય

સમાજકાર્ય

समाज कार्य

Social Work

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**નિદર્શન (Direction)**

**પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય** — *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**સંપાદક (Editor)**

**ડૉ. સંજય પટેલ** — BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**સહ-સંપાદક (Co-Editor)**

**શ્રી આશિષ વસાવા** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. જયેશ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. શિલ્પા રાજ્યગુરુ** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**શ્રી કરણસિંહ પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય સમિતિ (Subject Committee)**

**પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**ડૉ. સંજય પટેલ** — BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા*

**પ્રો.(ડૉ.) ભાવના મહેતા** — *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા*

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**વિષય પરામર્શન (Subject Review)**

**ડૉ. મુકેશભાઈ પ્રજાપતિ** — *પ્રિન્સીપાલ,બાબુભાઈ એમ.શાહ મહાવિદ્યાલય, ઝીલીયા, ગાંધી આશ્રમ ઝીલીયા*

**લેખન (Writing)**

**શ્રી આશિષ વસાવા** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**શ્રી સ્મિતાબેન પરમાર** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક, આણંદ*

**શ્રી રાકેશભાઈ ગાંધી** — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ*

**ભાષા પરામર્શન (Language Review)**

**પ્રિ. ઘનશ્યામ ગઢવી** — *નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા*

**પ્રકાશક (Publisher)**

**કુલસચિવ** — *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

**પ્રકાશન વર્ષ :** 2024 (*પ્રથમ આવૃત્તિ*)

**ISBN NO:** 978-93-5598-802-7

**:સર્વાધિકાર સુરક્ષિત : આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

## MSW - 301 વિભાગ - 1 સામાજિક વિજ્ઞાનોમાં સમાજકાર્ય સંશોધન

## વિભાગીય પરિચય

*વિદ્યાર્થીમિત્રો, સમાજકાર્યનો ઉદ્દભવ ઈંગ્લેન્ડમાં થયો અને સમાજકાર્યનો વિકાસ અમેરિકામાં થયો. ભારતમાં પણ ધાર્મિક ભાવનાથી પ્રેરિત થઈને જરૂરિયાત મંદ લોકોને મદદ કરવામાં આવતી હતી પરંતુ વ્યવસાયિક સમાજકાર્ય અંગેઓ ખ્યાલ વિકસિત ન હતો પરંતુ આ આધુનિક યુગમાં સમાજકાર્ય એક સામાજિક વિજ્ઞાન તરીકે સ્થાપવાનો વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક રીતે પ્રયત્ન સમાજકાર્યકરો દ્વારા કરવામાં આવ્યા છે. અને સમાજકાર્યની મુખ્યત્વે* 6 *પદ્ધતિઓનો વિકાસ થયો છે જેમાની એક પદ્ધતિ છે. સમાજકાર્ય સંશોધન પદ્ધતિનો સમાવેશ થાય છે. ઉપરોક્ત તમામ બાબતોને સમાજકાર્યના દ્રષ્ટિકોણથી સમજવાનાં હેતુથી* MSW-301 *"સામાજિક સંશોધન પદ્ધતિઓ અને સમાજકાર્ય" પાઠ્યક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ સામાજિક વિજ્ઞાનોમાં સમાજકાર્ય સંશોધનમાં એકમ* – 1 *થી* 7 *નો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં સામાજિક વિજ્ઞાન અને સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો અને અવકાશ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. વિજ્ઞાનનો અર્થ, લક્ષણો અને સંશોધનના તબક્કાઓ આ સંદર્ભે બીજા એકમમાં સંશોધન માળખાને સમજાવવાનો પ્રયત્ન કરેલ છે. માત્રાત્મક અને ગુણાત્મક સંશોધનનો ખ્યાલ ચર્ચા ત્રીજા એકમમાં કરેલ છે. ચોથા એકમમાં સમાજકાર્ય સંશોધનના હેતુઓ અને ઉપકલ્પનાઓ સમજૂતી આપેલ છે.*

*વિદ્યાર્થીમિત્રો, સંશોધન સમસ્યાનો અર્થ અને આવશ્યકતાઓ વિગતવાર ચર્ચા પાંચમાં એકમમાં કરેલ છે. સર્વેક્ષણનો અર્થ, પ્રકારો અને મર્યાદાઓ વિચારોની વિસ્તૃત સમજૂતી છટ્ઠા એકમમાં કરેલ છે. સમાજકાર્ય સંશોધનમાં નિદર્શ અને નિદર્શન સાતમાં એકમમાં કરેલ છે. સમાજકાર્ય સંશોધન એ સામાજિક વિજ્ઞાનના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ છે, કારણ કે તે સમાજના વિવિધ વિજ્ઞાનશાસ્ત્રીય પ્રશ્નોને સમજવા અને તેમનો ઉકેલ શોધવા માટેનું માધ્યમ પ્રદાન કરે છે. સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે તે માનવ જીવનને અસર કરતા સામાજિક પરિબળો, વ્યવસ્થાઓ અને પ્રવૃત્તિઓનું ગહન વિશ્લેષણ કરીને વૈજ્ઞાનિક સમાધાન પ્રદાન કરે છે. સમાજકાર્ય સંશોધન પ્રક્રિયામાં સંકલન, વિશ્લેષણ અને મૂલ્યાંકનનો સમાવેશ થાય છે, જે સમાજકાર્યના વ્યવહારને વધુ અસરકારક અને માનવ કેન્દ્રિત બનાવે છે. જેથી, સમાજકાર્ય સંશોધન માત્ર તકનીકી જ નહીં પરંતુ વ્યાવહારિક પ્રયોગ માટે માર્ગદર્શિકા તરીકે પણ કાર્ય કરે છે. જેનો વધુ અભ્યાસ આ પુસ્તકના માધ્યમથી કરી શકશો.*

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## MSW-301

### સામાજિક સંશોધન પદ્ધતિઓ અને સમાજકાર્ય

### (Social Research Methods and Social Work)

## વિભાગ-1 : સામાજિક વિજ્ઞાનોમાં સમાજકાર્ય સંશોધન


એકમ--1: સામાજિક વિજ્ઞાન અને સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો અને અવકાશ 01

એકમ -2: વિજ્ઞાનનો અર્થ, લક્ષણો અને સંશોધનના તબક્કાઓ 14

એકમ -3: માત્રાત્મક અને ગુણાત્મક સંશોધનનો ખ્યાલ 24

એકમ--4: સમાજકાર્ય સંશોધનના હેતુઓ અને ઉપકલ્પનાઓ 34

એકમ -5: સંશોધન સમસ્યાનો અર્થ અને આવશ્યકતાઓ 47

એકમ --6: સર્વેક્ષણનો અર્થ, પ્રકારો અને મર્યાદાઓ 59

એકમ -7: સમાજકાર્ય સંશોધનમાં નિદર્શ અને નિદર્શન 69

| એકમ-1 | સામાજિક વિજ્ઞાન અને સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો અને અવકાશ |
|---|---|

**-: રૂપરેખા :-**

**1.0 હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સામાજિક વિજ્ઞાનનો પરિચય**

**1.3 સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો**

**1.4 સમાજકાર્ય સંશોધનમાં અવકાશ**

**1.5 તમારી પ્રગતિ ચકાસો**

**1.6 સારાંશ**

**1.7 ચાવીરૂપ શબ્દો**

**1.8 તમારી પ્રગતિ તપાસોના જવાબ**

**1.9 સ્વાધ્યાય લેખન**

**1.10 સંદર્ભગ્રંથ**

## 1.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે…*

- *સામાજિક વિજ્ઞાનનો વિશે જાણી શકશો.*
- *સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો સમજી શકશો.*
- *સમાજકાર્ય સંશોધનમાં અવકાશ વિશે જાણકારી મેળવી શકશો.*

## 1.1 પ્રસ્તાવના

*સામાજિક વિજ્ઞાન  એ માનવ સમાજ અને તેના વિવિધ પાસાઓને સમજવાનો અને વ્યાખ્યાયિત કરવાનો એક વિજ્ઞાન છે. તે સમાજમાં રહેલા વ્યક્તિઓ, જૂથો, સંસ્થાઓ અને તેમની વચ્ચેના આંતરસંબંધોને ધ્યાનમાં રાખી જીવનની વિવિધ બાજુઓનું અધ્યયન કરે છે. સામાજિક વિજ્ઞાનમાં અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, અર્થતંત્ર, માનવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, અને ભૂગોળ જેવા વિષયોનો સમાવેશ થાય છે, જે સમાજના વિવિધ પાસાઓને અલગ-અલગ ઢબે અધ્યયન કરે છે.સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓને સમજવા, તેમનો ઉકેલ લાવવાની કોશિશ, અને પ્રભાવશાળી નીતિઓ અને કાર્યક્રમો વિકસાવવા માટે સંશોધનનો ઉપયોગ કરવાનું વિજ્ઞાન છે. સામાજિક વિજ્ઞાન અને સમાજકાર્ય સંશોધન બંનેના કેન્દ્રમાં સમાજ અને માનવીની કલ્યાણકારી ભુમિકા છે. આ સંશોધન પદ્ધતિઓ વ્યક્તિગત તેમજ સામૂહિક વિકાસને આગળ વધારવા માટે નીતિઓ બનાવવામાં મદદ કરે છે.*

## 1.2 સામાજિક વિજ્ઞાનનો પરિચય

*સામાજિક વિજ્ઞાન અથવા સમાજવિદ્યા એ વિજ્ઞાનની એક શાખા છે, જેમાં મુખ્યત્વે 'માનવસમાજ અને માનવસબંધો'નો અભ્યાસ કરવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનમાં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, ઈતિહાસ, સામાજિક મનોવિજ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે. પ્રાકૃતિક વિજ્ઞાનોના વિકાસ પછી ખાસ કરીને ઓગણીસમી સદીમાં સામાજિક વિજ્ઞાનનો વિકાસ થયો હતો. સામાજિક વિજ્ઞાનના ઉદ્દભવ પાછળ ઔદ્યોગિક ક્રાંતિ, યુરોપનો નવઉત્થાન યુગ, નવા દરિયાઈ માર્ગોની શોધને લીધે વિકસેલું વિશ્વબજાર તેમજ સામ્રાજ્યવાદના વ્યાપને કારણે ત્રીજા વિશ્વના દેશોમાં આવેલાં અનેકવિધ પરિવર્તનો વગેરે પરિબળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સામાજિક વિજ્ઞાનના વિકાસ પહેલાં સમાજ અને માનવસંબંધો અંગે ધર્મશાત્રો અને તત્ત્વજ્ઞાનનાં મંતવ્યો મહત્ત્વના ગણાતાં હતાં, પરંતુ સામાજિક વિજ્ઞાનોએ પોતપોતાના ક્ષેત્રમાં સમાજની પરિસ્થિતિને વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજવાનો અભ્યાસ કર્યો અને એમાં નિરીક્ષણ જેવી પ્રાકૃતિક વિજ્ઞાનોની અભ્યાસપદ્ધતિનો તર્ક અપનાવ્યો.*

*સામાજિક વિજ્ઞાન એ શૈક્ષણિક અભ્યાસનું એક વ્યાપક ક્ષેત્ર છે. જે સમાજ અને માનવ વર્તનના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે વિવિધ વિદ્યાશાખાઓનો સમાવેશ કરે છે. જે તપાસે છે. કે વ્યક્તિઓ એકબીજા સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, સમાજ કેવી રીતે રચાય છે. અને કેવી રીતે માનવ વર્તન સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિબળોથી પ્રભાવિત થાય છે.*

- **સામાજિક વિજ્ઞાનની વ્યાખ્યાઃ**

*સામાજિક વિજ્ઞાનને માનવ સમાજ અને સામાજિક સંબંધોના વૈજ્ઞાનિક અભ્યાસ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. તે સમજવાનો પ્રયત્ન કરે છે. કે સમાજ કેવી રીતે કાર્ય કરે છે, વ્યક્તિઓ અને જૂથો તેમની અંદર કેવી રીતે વર્તે છે. અને સામાજિક, રાજકીય અને આર્થિક વ્યવસ્થા કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે. સામાજિક વિજ્ઞાન માનવ વર્તન, નિર્ણય લેવાની, શક્તિની ગતિશીલતા અને સામાજિક પરિવર્તનમાં સિદ્ધાંતો અને આંતરદૃષ્ટિ વિકસાવવા માટે ગુણાત્મક અને માત્રાત્મક સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.*

- **સામાજિક વિજ્ઞાનની મુખ્ય લાક્ષણિકતાઓ :**

**1. અનુભાવિક અને વ્યવસ્થિતઃ**

*સામાજિક વિજ્ઞાન સામાજિક ઘટનાઓ વિશેના ડેટાને એકત્રિત કરવા અને તેનું વિશ્લેષણ કરવા માટે પદ્ધતિસરની સંશોધન પદ્ધતિઓ પર આધાર રાખે છે. પ્રયોગમૂલક પુરાવા અવલોકન, પ્રયોગો અને સર્વેક્ષણો દ્વારા એકત્રિત કરવામાં આવે છે.*

**2. આંતર વિદ્યાશાખાકીયઃ**

*સામાજિક વિજ્ઞાન વિવિધ વિદ્યાશાખાઓથી બનેલું છે, જેમ કે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિ વિજ્ઞાન, માનવશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ભૂગોળ, જે દરેક માનવ સમાજ પર જુદા જુદા દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે.*

**3. માનવ વર્તન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.:**

*સામાજિક વિજ્ઞાન માનવ ક્રિયા-પ્રતિક્રિયાઓ, સામાજિક સંસ્થાઓ અને સામાજિક પ્રક્રિયાઓની તપાસ કરે છે. તે વ્યક્તિગત અને જૂથ વર્તણૂક, તેમજ આ વર્તણૂકોને સંચાલિત કરતા બંધારણો અને ધોરણોને સમજવાનો પ્રયત્ન કરે છે.*

**4. સૈદ્ધાંતિક ફ્રેમવર્કઃ**

*સામાજિક વિજ્ઞાનીઓ સામાજિક ઘટનાઓને સમજાવવા માટે સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. આ સિદ્ધાંતો વર્તનની પેટર્ન, શક્તિની રચના, સામાજિક પરિવર્તન અને સાંસ્કૃતિક ગતિશીલતા માટે સમજૂતી આપે છે.*

**5. સંદર્ભ-વિશિષ્ટઃ**

*સામાજિક વિજ્ઞાન ઘણીવાર ચોક્કસ સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સામાજિક સંદર્ભોમાં માનવ વર્તનની તપાસ કરે છે, તે માન્યતા આપે છે. કે માનવ સમાજ સમય અને સ્થળ પર મોટા પ્રમાણમાં બદલાય છે.*

**6. ગતિશીલ અને વિકાસશીલઃ**

*સામાજિક વિજ્ઞાનનું ક્ષેત્ર ગતિશીલ છે, સમાજમાં થતા ફેરફારોને અનુરૂપ છે. જેમ જેમ નવા સામાજિક મુદ્દાઓ બહાર આવે છે. તેમ, સામાજિક વિજ્ઞાન આ નવા પડકારોને સંબોધવા માટે વિકસિત થાય છે, પછી ભલે તે વૈશ્વિકીકરણ, તકનીકી પરિવર્તન અથવા સામાજિક અસમાનતા સાથે સંબંધિત હોય.*

- **સામાજિક વિજ્ઞાનનો અવકાશઃ**

*સામાજિક વિજ્ઞાનનું ક્ષેત્ર વિશાળ છે. અને તેમાં માનવ અનુભવો અને સામાજિક સંસ્થાઓની વિશાળ શ્રેણીના અભ્યાસનો સમાવેશ થાય છે. તેના કેટલાક મુખ્ય ક્ષેત્રો નીચે પ્રમાણે શામેલ છેઃ*

1. **સમાજશાસ્ત્રઃ** *સમાજ, સામાજિક સંબંધો, સંસ્થાઓ અને તેઓ માનવ વર્તનને કેવી રીતે આકાર આપે છે. તેનો અભ્યાસ. સમાજશાસ્ત્રીઓ સામાજિક અસમાનતા, કૌટુંબિક બંધારણ, શિક્ષણ, ધર્મ અને અપરાધ જેવા વિષયોનું અન્વેષણ કરે છે.*
2. **રાજકીય વિજ્ઞાનઃ** *શાસન પ્રણાલી, રાજકીય પ્રક્રિયાઓ અને સરકારોની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે લોકશાહી, સત્તા, કાયદો, આંતરરાષ્ટ્રીય સંબંધો અને રાજકીય સિદ્ધાંત જેવા વિષયોનો અભ્યાસ કરે છે.*
3. **અર્થશાસ્ત્રઃ** *માલ અને સેવાઓના ઉત્પાદન, વિતરણ અને વપરાશની તપાસ કરે છે. અર્થશાસ્ત્રીઓ બજારની ગતિશીલતા, આર્થિક વિકાસ, નાણાકીય પ્રણાલીઓ અને જાહેર નીતિનો અભ્યાસ કરે છે.*
4. **માનવશાસ્ત્રઃ** *માનવ સંસ્કૃતિઓ, સમાજો અને સમય અને અવકાશમાં તેમના વિકાસની શોધ કરે છે. માનવશાસ્ત્રમાં સાંસ્કૃતિક, ભૌતિક, પુરાતત્ત્વીય અને ભાષાકીય પેટાક્ષેત્રોનો સમાવેશ થાય છે.*
5. **મનોવિજ્ઞાનઃ** *માનવીય વર્તન અને માનસિક પ્રક્રિયાઓનો અભ્યાસ, જેમાં ધારણા, સમજશક્તિ, લાગણી અને પ્રેરણાનો સમાવેશ થાય છે. તે વ્યક્તિગત વર્તન તેમજ જૂથ ગતિશીલતાને લાગુ પડે છે.*

6. **ભૂગોળ:** *લોકો અને તેમના ભૌતિક વાતાવરણ વચ્ચેના સંબંધોની તપાસ કરે છે. માનવ ભૂગોળ શહેરીકરણ, વસ્તી પેટર્ન અને સાંસ્કૃતિક લેન્ડસ્કેપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.*
7. **ઈતિહાસ:** *ઈતિહાસ ઘણીવાર ભૂતકાળના માનવ સમાજો, સામાજિક ચળવળો અને સંસ્કૃતિના વિકાસની તપાસ દ્વારા સામાજિક વિજ્ઞાન સાથે ઓવરલેપ થાય છે.*

- **સામાજિક વિજ્ઞાનનું મહત્ત્વ:**

1. **સમાજને સમજવું:** *સામાજિક વિજ્ઞાન સમાજ કેવી રીતે કાર્ય કરે છે. અને માનવ વર્તનને પ્રભાવિત કરતા પરિબળોની આંતરદષ્ટિ આપે છે. તે સ્થળાંતર, શહેરીકરણ અને વૈશ્વિકીકરણ જેવી જટિલ સામાજિક ઘટનાઓને સમજાવવામાં મદદ કરે છે.*
2. **નીતિ ઘડતર:** *સરકારો, સંસ્થાઓ અને સંસ્થાઓ ગરીબી, શિક્ષણ, જાહેર આરોગ્ય અને અપરાધ જેવા સામાજિક મુદ્દાઓને સંબોધતી નીતિઓની માહિતી આપવા માટે સામાજિક વિજ્ઞાન સંશોધન પર આધાર રાખે છે.*
3. **સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવું :** *સામાજિક વિજ્ઞાન સામાજિક અસમાનતાઓને ઓળખવામાં અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોની હિમાયત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે પાવર ડાયનેમિક્સનું વિશ્લેષણ કરવામાં અને વિવિધ સામાજિક પ્રણાલીઓમાં ઈક્વિટીને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે.*
4. **સામાજિક સમસ્યાઓનું નિરાકરણ:** *પ્રયોજિત સંશોધન દ્વારા, સામાજિક વિજ્ઞાન વાસ્તવિક દુનિયાની સમસ્યાઓ, જેમ કે બેરોજગારી, પર્યાવરણીય અધોગતિ અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓના ઉકેલમાં ફાળો આપે છે.*
5. **નિર્ણય-નિર્માણને વધારવું:** *સામાજિક વિજ્ઞાન વ્યક્તિઓ, વ્યવસાયો અને સરકારોને આર્થિક આયોજન, સામાજિક કલ્યાણ અને આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરી જેવા મુદ્દાઓ પર માહિતગાર નિર્ણયો લેવા માટે ડેટા અને જ્ઞાનથી સજ્જ કરે છે.*

## 1.3 સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો

*સમાજકાર્ય સંશોધન એ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જે સામાજિક સમસ્યાઓનું અધ્યયન અને સમજણ માટે કરવામાં આવે છે, અને એ સમસ્યાઓને ઉકેલવા માટે અસરકારક ઉકેલો અને પદ્ધતિઓ વિકસાવવામાં સહાયરૂપ થાય છે. આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, સમાજમાં વિમુક્ત અને વંચિત વર્ગોને મદદરૂપ થવા માટે સેવાઓ, નીતિઓ અને પ્રવૃત્તિઓમાં સુધારા માટે માહિતી ઉપલબ્ધ કરવી.*

- **સમાજકાર્ય સંશોધનનો અર્થ:**

*સમાજકાર્ય સંશોધન એ વ્યવહારિક અને ક્રિયાત્મક સંશોધન છે, જેનો પ્રાથમિક ઉદ્દેશ્ય સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપવો છે. તે સમાજકાર્ય વ્યવસાયમાં થતી પ્રવૃત્તિઓ અને કાર્યો વિકસિત અને અસરકારક બનાવવા માટે આધારીત છે.*

- **સમાજકાર્ય સંશોધનની વ્યાખ્યા:**

*સમાજકાર્ય સંશોધન એ વ્યક્તિઓ, પરિવારો, જૂથો અને સમુદાયો સંબંધિત સામાજિક સમસ્યાઓ, હસ્તક્ષેપો અને પરિણામોની પદ્ધતિસરની અને વૈજ્ઞાનિક તપાસ છે. તેનો ઉદ્દેશ્ય જ્ઞાન ઉત્પન્ન કરવાનો છે. જે સમાજકાર્ય પ્રથા, નીતિઓ અને સેવાઓની માહિતી આપે છે. અને તેમાં સુધારો કરે છે. વિવિધ*

*સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરીને, સમાજકાર્ય સંશોધન સામાજિક સમસ્યાઓના કારણોને સમજવા, દરમિયાનગીરીઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા અને વિવિધ વસ્તીમાં સામાજિક ન્યાય અને સુખાકારીને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે.*

*"સમાજકાર્ય સંશોધન, સમાજકાર્ય જ્ઞાન, નિપુર્ણત માટે સમાજકાર્ય અને સિદ્ધાંતોની તપાસ, સામાન્યીકરણ અને તેમનો વિસ્તાર કરવા માટે સમાજકાર્ય સંગઠન, કાર્ય તેમજ રીતોની પ્રમાણિકતાની આલોચનાત્મક પૂછપરછ તેમજ વૈજ્ઞાનિક પરીક્ષણ છે." - ફ્રિલેન્ડર* (1957)

*"સમાજકાર્ય સંશોધન અંતર્ગત એ પ્રશ્ન સમાવિષ્ટ હોય છે, જે સમાજકાર્ય પ્રેક્ટીસ દરમ્યાન અથવા વહીવટ દરમ્યાને અથવા સમાજકાર્ય સેવાઓના આયોજન અથવા વહીવટ દરમ્યાન ઊભા થાય છે. જે સંશોધનના માધ્યમથી ઉકેલવા યોગ્ય હોય છે." - નેશનલ એસોસિએશન ઓફ સોશ્યલ વર્કસ* (1953)

*સમાજકાર્ય સંશોધન એ એક પદ્ધતિસરની, વૈજ્ઞાનિક તપાસ છે. જેનો હેતુ સમાજકાર્યની પ્રથા, કાર્યક્રમો અને નીતિઓને સુધારવા માટે જ્ઞાન વિકસાવવા માટે છે. તેમાં વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોની સુખાકારીને વધારવાના અંતિમ ધ્યેય સાથે સામાજિક સમસ્યાઓ, માનવ વર્તન અને સામાજિક હસ્તક્ષેપથી સંબંધિત ડેટા એકત્રિત, વિશ્લેષણ અને અર્થઘટનનો સમાવેશ થાય છે. આ સંશોધન પુરાવા-આધારિત પ્રેક્ટિસને સમર્થન આપે છે, નિર્ણય લેવાની માહિતી આપે છે. અને અસમાનતા, ગરીબી, માનસિક સ્વાસ્થ્ય અને સેવાઓની ઍક્સેસ જેવા મુદ્દાઓને સંબોધીને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપે છે.*

*સમાજકાર્ય સંશોધન એ એક વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત પ્રક્રિયા છે, જેનું મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક સમસ્યાઓને સમજવું, એમના ઉકેલ માટે વિચારવું, અને એ માટેની યોજનાઓ વિકસિત કરવા માટે માહિતી એકત્ર કરવી અને વિશ્લેષણ કરવું છે. આ સંશોધન લોકોને અને સમુદાયોને મદદ કરવા માટે નવી પદ્ધતિઓ શોધે છે. અને પ્રત્યક્ષ કામમાં ઉપયોગ માટે વ્યવહારૂ ઉકેલો શોધે છે.*

- **સમાજકાર્ય સંશોધનના લક્ષણોઃ**

*સમાજકાર્યનો મૂળ ઉદ્દેશ્ય સમસ્યાગ્રસ્ત સેવાર્થીને સમસ્યામાંથી બહાર લાવવાનો છે. સમાજકાર્યકર સમાજકાર્યની પદ્ધતિઓની મદદથી શૈવાર્થીને એવી રીતે મદદ કરે છે કે, સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પોતાની સમસ્યા સમજે અને તેને જાતે દૂર કરવાનો પ્રયત્ન કરે છે. સમાજમાં સ્વમાન અને ગૌરવભેર જીવન જીવી શકે તે રીતે તેને તૈયાર કરવા માટે સામાજિક કાર્યકર્તા સમાજકાર્યની જુદી-જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિઓની વધારે અસરકારકતા વધારવા માટે સમાજકાર્યકર સંશોધન મદદરૂપ થાય છે. એટલે વિદ્યાર્થીઓને સમાજકાર્ય સંશોધનની ઓળખ મેળવવી જોઈએ. નીચેની બાબતો પરથી વિદ્યાર્થીઓ સમાજકાર્ય સંશોધનની ઓળખ મેળવી શકશે. સમાજકાર્ય સંશોધનની પ્રક્રિયા આ મુજબ છે,*

**(1) સમાજકાર્યની પદ્ધતિઓની અસરકારકતા વધારવા માટે તેને સબંધિત જ્ઞાનનું સતત પરીક્ષણ કરવું.:**

*સમાજકાર્યનો મુખ્ય હેતુ સેવાર્થીની સમસ્યા દૂર કરી સમાજમાં તે સ્વમાન અને ગૌરવાભેર જિંદગી જીવતો થાય તેમ કરવાનો છે. સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે સમાજકાર્યકર જુદી-જુદી સમાજકાર્યની પદ્ધતિનો ઉપયોગ કરે છે. જેમ કે, વ્યક્તિની સમસ્યા દૂર કરવા માટે વૈયક્તિક સેવાકાર્ય*

*પદ્ધતિ, જૂથની સમસ્યા દૂર કરવી માટે જૂથકાર્ય પદ્ધતિ અને સમુદાયની સમસ્યા દૂર કરવા માટે સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત, સહાયક પદ્ધતિ તરીકે સામાજિક ક્રિયા, સમાજકાર્ય સંશોધન અને સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવે છે. સેવાથી કોઈપણ હોઈ શકે છે. વ્યક્તિ, જૂથ કે સમુદાય. સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે ક્યારેક બધી જ પદ્ધતિઓનો પણ સાથે ઉપયોગ કરવાની જરૂરિયાત ઊભી થાય છે. આથી સમાજકાર્યની પદ્ધતિની અસરકારક્તા વધારવા અને તેમાં શાનના ઉમેરા માટે સમાજકાર્ય સંસોધન પદ્ધતિ ખૂબ જ ઉપયોગી નીવડે છે. એટલે સમાજકાર્ય સંશોધનમાં નવી-નવી પટનાઓ કે પ્રસંગોના કારવો ઊભી થતી સમસ્યાઓને દૂર કરવા માટે નવી હકીકતો શોધે છે, જૂની હકીકતોના પરીવણ દ્વારા પ્રાપ્ત થયેલ નવું જ્ઞાન સમાજકાર્યની પદ્ધતિઓને પ્રાપ્ત થાય છે. આથી સમાજકાર્ય સંશોધન અન્ય સમાજકાર્યની પદ્ધતિઓની અસરકારકતા વધારવા મદદ કરે છે, એ તેની ઓળખ છે.*

**(2) સમાજકાર્ય સંશોધન પદ્ધતિ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરે છે. અને સેવાર્થી મદદ કરે છે.:**

*સમાજકાર્ય વ્યવસાયમાં કાર્યકર અને સેવાર્થી વચ્ચે સીધી આંતરક્રિયા થાય છે. સીધી આંતરક્રિયા થવાના કારણે કાર્યકર્તા તેની શાનેન્દ્રિયોનો ઉપયોગ કરી સાચી માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે. સાથે સાથે તેના નિવારણની પ્રક્રિયા પણ સતત ચાલતી હોય છે. દા.ત, માનસિક તણાવા અનુભવતી વ્યક્તિને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે કાર્યકર્તા વૈયક્તિક અધ્યયન પદ્ધતિની મદદ છે, સેવાર્થી સાથે આંતરક્રિયા દરમ્યાન કાર્યક્તતને જણાય છે કે, સેવાર્થીને માનસિક તણાવમાંથી બહાર લાવવા માટે તેના પરિવાર અને આસપાસના વાતાવરકામાં બદલાવ લાવવાની જરૂરિયાત છે, આથી કાર્યકર્તા જૂથકાર્ય પદ્ધતિની મદદથી તેના પરિવારના સભ્યો સાથે કામ કરે છે. અને સેવાર્થીની આસપાસના વાતાવરણમાં ભઠલાય લાવવાનો પ્રયાસ કરે છે. જરૂર જણાય ત્યાં કાર્યકર્તા સેવાર્થી અને તેના પરિવારને પરામર્શનની સેવાઓ પણ પૂરી પાડે છે. એટલે કે કાર્યકર્તા સેવાર્થીના સંદર્ભમાં જે માહિતી એકત્રિત કરે છે. તેમાં તે વૈજ્ઞાનિક દષ્ટિકોણનો ઉપયોગ કરે છે. જેમ કે, કેટલીક અંગત બાબતો સેવાર્થી કાર્યકર્તાને કહેવા ન માંગતો હોય પણ કાર્યકર માટે તે બાબતો જાણવી ઘણી જરૂરી હોય ત્યારે કાર્યકર્તા સેવાર્થી સાથે વિશ્વાસ સંપાદન કરે. સેવાર્થી કાર્યકરને જે કંઈ માહિતી આપશે તે માહિતીની ગોપનીયતા રાખશે તેવું આશ્વાસન આપે છે. ત્યારે સેવાર્થી તેની અંગત માહિતી કાર્યકર્તાને આપવા સહમત થાય છે. એટલે કે અહીં કાર્યક્તા વૈજ્ઞાનિક પદ્ધતિથી માહિતી એકત્રિત કરે છે. અને સેવાર્થીને મદદ કરે છે.*

**(3) સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યના જ્ઞાન, પદ્ધતિઓ અને સિદ્ધાંતોની વૈશ્વિકતા અને પ્રમાણિક્તાની તપાસ કરે છે. અને પ્રમાણિત કરે છે.:**

*આ સમાજકાર્ય સંશોધનની મહત્ત્વની ઓળખ છે. આપણે જોયું તેમ માનસિક તણાવગ્રસ્ત શૈવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે કાર્યકરે વૈયક્તિક સેવાકાર્ય અને જૂથ સેવાકાર્ય પદ્ધતિની મદદ લીધી. સાથે-સાથે ખૂબ જ મહત્ત્વની ભાભત એ કે સેવાર્થી ખરેખર શા કારણે માનસિક તણાવ અનુભવે છે. તેની સાચી માહિતી ના હોવાના કારલે કાર્યકર યોગ્ય નિદાન કરી શક્તો નથી. ત્યારે કાર્યકરે ગોપનિયતાના સિદ્ધાંતનો ઉપયોગ કરી સેવાર્થી પાસેથી માહિતી મેળવી. સેવાર્થી દ્વારા પોતાની અંગત માહિતી જે કાર્યકરને આપી છે. તે માહિતીનો કાર્યકર દુરુપયોગ તો નથી કરતોને કે ભવિષ્યમાં તેની પોતાના વ્યક્તિગતષ્હિત માટે ઉપયોગ કરે તેવું જણાતું નથી. તેની ચકાસણી સમાજકાર્ય સંશોધન દ્વારા કરી શકાય છે. આવું ન બને તે માટે સમાજકાર્ય વ્યવસાયમાં કાર્યકર્તા-સેવાર્થી સાથેના વ્યવહારની*

*આચારસંહિતા ઘડી કાઢવામાં આવી છે. જેનાથી કાર્યકર્તાને પણ કામ કરવા અંગે દિશા-નિર્દેશ મળી રહે છે. ક્યારેક સેવાર્થીની માનસિક તણાવની સમસ્યા બાહ્ય કારણોના લીધે પણ હોઈ શકે છે. જેમ કે, ખેડૂત પોતે પોતાની જમીન આપવા માંગતો નથી તેમ છતાં જબરદસ્તીથી તેની જમીન સંપાદિત કરવામાં આવે છે. તેવા સમયે કાર્યકર માત્ર વૈયક્તિક સેવાકાર્ય કે જૂથ સેવાકાર્ય પદ્ધતિથી કામ કરે તો સમસ્યા ઉકેલવામાં સહાળતા મળી શકતી નથી. આથી સમાજકાર્ય સંગોપન કાર્યકરને એ દિશા-નિર્દેશ પુરો પાડે છે કે, સેવાર્થીની સમસ્યા બાહ્ય પરિબળોના કારણે હોવાના કારણે તેને દુર કરવા માટે સામાજિક ક્રિયા પદ્ધતિની મદદની જરૂરિયાત છે. ટૂંકમાં કહી શકાય કે, સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યમાં જ્ઞાન, પદ્ધતિઓ અને સિદ્ધાંતોની વૈપિકતા અને પ્રામાણિકતાની ચકાસણી કરે છે. અને પ્રામાણિત કરે છે,*

**(4) સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યની સેવાઓનું આયોજન, પ્રક્રિયા અને વહીવટ દરમ્યાન ઉદ્દભવતા પ્રશ્નો કે સમસ્યાની તપાસ કરે છે. અને વિશ્લેષણ કરી સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરે છે.:**

*સમાજકાર્યમાં સેવાર્થી અને કાર્યકર્તા સાથે સીધી આંતરક્રિયા થતી હોય છે. વિકાસ અને કલ્યાણના કામો મોટાભાગે સમાજકાર્યકરો દ્વારા આયોજિત અને ક્રિયાન્વિત કરવામાં આવતા હોય છે. વિકાસ કે કલ્યાણની કોઈ યોજનાને ક્રિયાન્વિત કરવામાં કાર્યકરને મુશ્કેલી પડતી હોય તેવા સમયે સમાજકાર્ય સંશોધન પદ્ધતિ કાર્યકરને ખૂબ જ ઉપયોગી નીવડે છે. ટૂંકમાં, સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્યની સેવાઓના આયોજન અને અમલીકરણ દરમ્યાન ઊભા થતા પ્રશ્નો કે સમસ્યાની તપાસ કરે છે. અને યોગ્ય ઉકેલ પણ શોધી આપે છે.*

**(5) સમાજકાર્ય સંશોધન એ સામાજિક ઘટનાઓ, સમસ્યાઓ, તેનાં તથ્યો, હકીકતો અને તેના કારણોની શોધ કરે છે. અને ઉકેલો સુચવે છે.:**

*સમાજકાર્યનું મુખ્ય કામ એ સેવાની સ્વમાનભેર જિંદગી જીવતા કરવાનો છે. જયારે, કાર્યકર્તા સેવાર્થી પાસે જાય કે સેવાર્થી કાર્યકર્તા પાસે આવે ત્યારે આ બાબતોથી કાર્યકર સારી રીતે અવગત હોય છે. સમાજકાર્ય સંશોધન એ સામાજિક ઘટનાઓ, સમસ્યાઓ, તેના તથ્યો અને કારણોની શોધ કરે છે. અને ઉકેલો સૂચવે છે. ટૂંકમાં કાર્યકર્તાએ સમગ્ર ઘટનાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો અને સાચાં-તથ્યોને શોધી કાઢવા, સત્ય આ શોધ બાદ તેના વ્યવહારૂ ઉકેલ પક્ષ સહભાગિતા કરવામાં આવ્યો જે સમાજકાર્ય સંશોધનથી શક્ય બન્યું.*

**(6) સમાજકાર્ય સંશોધન એ વધુ સારી રીતે વૈજ્ઞાનિક પદ્ધતિઓથી સેવા આપવા માટે નવીન પદ્ધતિઓની શોધ કરે છે.:**

*સમાજકાર્ય સંશોધન એ સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવા માટે નવીન પદ્ધતિઓની શોપ કરવામાં મદદરૂપ થાય છે. જેમ કે, જૂથ રચના કરવા અને જૂથના સભ્યોને પ્રોત્સાહિત કરવા માટે કાર્યકર્તા દ્વારા સ્થાનિક સાથે અલગ-અલગ પ્રવાસો કરવામાં આવે છે. જેવા છે. ફગીયા બેઠકો, સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે બેઠકો, સ્થાનિક મહિલા કે યુવક મંડળો સાથે વાર્તાલાપ, દશ્ય-શ્રાવ્ય માધ્યમોથી આદાન-પ્રદાનની ક્રિયાઓ વગેરે પ્રકારની પ્રયુક્તિઓ દ્વારા લોકો સુધી યોજનાકીય માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રયુક્તિઓ વખતો વખત લોકો સાથે કે સેવાર્થીઓ સાથે કરવા છતાં કાર્યકતનિ જોઈએ તેવું પરિણામ પ્રાપ્ત થતું નથી આવા સમયે સમાજકાર્ય સંશોધન કાર્યકર્તાને નવી પ્રયુક્તિ શોધી આપે છે. જેથી સેવાર્થીઓને યોજનાકીય બાબતોમાં રસરૂચિ અને ખાસ કરીને આત્મવિશ્વાસ ઊભો થાય.*

**(7) સમાજકાર્ય સંશોધન સમાજકાર્યકર્તાને પ્રત્યક્ષ કાર્ય માટે નવીન જ્ઞાન, પદ્ધતિઓ અને કુશળતાઓ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.:**

*સમાજકાર્ય સંશોધન કાર્યકતાને નવું જ્ઞાન પદ્ધતિઓ અને કુશળતા પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. દા.ત. આપણે દરેક ગામોમાં જોઈએ છીએ કે જે, ઘટકો સરકાર દ્વારા કોન્ટ્રાક્ટરોના માધ્યમથી તૈયાર થયા હોય છે. તેના પ્રત્યે ગામના લોકોમાં પોતાપણાંની ભાવના જોવા મળતી નથી પછી તે ઘટકોમાં શાળા હોય, આંગણવાડી હોય, આરોગ્યકેન્દ્ર હોય કે પીવાના પાણીની વ્યવસ્થાના ઘટકો હોય, જ્યારે ગામનાં જ કોઈ ધાર્મિક સ્થળ હશે તેમાં કોઈ સહેજ પણ નુકશાન કરશે તો તેને કોઈ રોકનાર કે ટોકનાર, હશે જ આવું કેમ? ક્ષેત્રકાર્ય દરમ્યાન કાર્યકર સંશોધનના માધ્યમથી આવા સવાલોના જવાબો શોધવાનો પ્રયાસ કરે છે. તેમાંથી કાર્યકર્તાને જાણવા મળે છે કે, ધાર્મિક સ્થળો સિવાયના અન્ય પટકોમાં સ્થાનિક લોકોની કોઈ ભાગીદારી તેમજ તેના પ્રત્યે લોકોમાં પોતાપજ્ઞાની ભાવના નથી એટલે લાખોના ખર્ચે તૈયાર થયેલ ઘટકો બિલકુલ ઉપયોગ વિના ખંડેર હાલતમાં પડયાં હોય છે. એમાય ખાસ કરીને પીવાના પાણીના ઘટકો, ગામમાં જે કંઈ વ્યવસ્થા સ્થાપિત થાય, સ્થાનિક લોકો ખાસ કરીને જે તેનો ઉપયોગ કરનાર વર્ગ છે. તે તેનો યોગ્ય ઉપયોગ કરે તે પ્રકારની વ્યવસ્થા પેયજળ અને સ્વચ્છતા યોજનામાં કરવામાં આવતી, જેમ કે, કપડાં ધોવાના પાટની વ્યવસ્થા કરવી હોય તો તે ગામમાં મહિલાઓ. કેવા પ્રકારની વ્યવસ્થા ઈચ્છે. છે, તેમને કેવી વ્યવસ્થા વધુ અનુકૂળ છે. વગેરે ભાભતો લાભાર્થી જૂથ દર્શાવે છે. જેથી તે ઘટક તૈયાર થયા પછી તેનો ઉપયોગ કરી શકાય. ગામમાં પૂરતા પાણીની સુવિધા ન હોય અને નલવાળા સ્નાનાગાર બનાવવામાં આવે તો લાભાર્થી જૂથોમાં અસંતોષ ઊભો થાય. એને દૂર કરવા માટે યોજનામાં લાભાર્થી, સ્થાનિક લોકોની જરૂરિયાત અને માંગણી મુજબની વ્યવસ્થાઓ તૈયાર કરવામાં આવી આપી લોકો તેનો મહત્તમ ઉપયોગ કરતા થયા અને જાળવણી માટે સ્વયંભૂ નિયમો પણ તૈયાર કર્યા. આ સમાજકાર્ય સંશોધનના માધ્યમથી શક્ય બની શકે છે.*

## 1.4 સમાજકાર્ય સંશોધનના ક્ષેત્રો

*સમાજકાર્ય સંશોધન એ એક વિશિષ્ટ ક્ષેત્ર છે. જે સમુદાયમાં પરિવર્તન અને કલ્યાણ લાવવાની પ્રક્રિયાને મજબૂત બનાવે છે. આ સંશોધનના લક્ષણો તેને બીજાં સંશોધનો કરતાં અલગ બનાવે છે, કારણ કે તે ખાલી પરિચ્છેદ નથી, પણ વ્યવહારમાં લાગુ કરી શકાય તેવી વ્યૂહરચનાઓ અને ઉકેલો પર આધાર રાખે છે. સમાજકાર્ય સંશોધન એ એક મહત્ત્વપૂર્ણ સાધન છે, જે સમાજમાં વર્તમાન અને ભૂતકાળની સમસ્યાઓને સમજીને નવીન અને ક્રિયાશીલ ઉકેલો પ્રદાન કરે છે. સંશોધન માટેના ક્ષેત્રો અને વિષયો જ્યાં નવી જાણકારી મેળવી શકાય, જૂના પ્રશ્નોનું ઉકેલ અને સુધારણા શક્ય બને. આ અવકાશો એવા વિષયોને કવર કરે છે. જે હાલમાં અધ્યયન હેઠળ છે. અથવા સંશોધનની વધુ જરૂરિયાત છે. સામાજિક પરિવર્તનો અને નવી સમસ્યાઓને લઈને સમાજકાર્ય સંશોધનના ક્ષેત્રમાં ઘણી નવી તકેદારી અને પડકારો પણ છે. કેટલાક મુખ્ય અવકાશો નીચે પ્રમાણે છે:*

**1. સામાજિક ન્યાય અને માનવ અધિકારોઃ**

*- ગરીબી, જાતીય ભેદભાવ, જાતિવાદ, બિનસમાનતા અને માનવ અધિકારોના ઉલ્લંઘન જેવા વિષયો પર સંશોધન જરૂરી છે. આ વિસ્તારોમાં ફેરફાર અને સુધારણા માટે નીતિઓ કે કેવી રીતે કાર્ય કરી રહી છે. તે સંશોધનનો મુખ્ય ભાગ છે.*

**2. આર્થિક અને સામાજિક અસમાનતા:**

*- આર્થિક અસમાનતા, વસવાટ, શિક્ષણમાં અસમાનતા, અને આરોગ્ય સેવાઓનો અભાવ જેવા મુદ્દાઓ પણ વધુ સંશોધન માટે મહત્ત્વના છે. ખાસ કરીને વંચિત સમુદાયો અને ઘરોમાં આ સમસ્યાઓનો કેવી રીતે સામનો થાય છે. તે પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અવકાશ છે.*

**3. માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ:**

*- આ ક્ષેત્રમાં માનસિક બીમારીઓ, નશાની આદતો, ડિપ્રેશન, માનસિક સ્વાસ્થ્ય માટેની સેવાઓની ઉપલબ્ધતા અને તેના આધારે વિકાસ માટેની કાર્યશીલતા જેવી બાબતોનું વિશેષ સંશોધન જરૂરી છે.*

**4. પરિવાર અને બાળકો માટેની સેવાઓ:**

*- ઘરમાં ઘરેલું હિંસા, બાળકોના શોષણ, અને તેમના શિક્ષણ અને વિકાસ માટેના પ્રોગ્રામ્સ વિશે સંશોધન મહત્ત્વપૂર્ણ છે. ફોસ્ટર કેર સિસ્ટમ, અનાથ બાળકો માટેની સેવાઓ, અને સંશોધનના પરિણામો પરિવારોના કલ્યાણ માટે જરૂરી છે.*

**5. આરોગ્ય અને સામાજિક સેવા પ્રણાલીઓ:**

*- આરોગ્ય સેવાઓ, ખાસ કરીને જીવનશૈલી અનેનોન-કમ્યુનિકેબલ બીમારીઓ (મોટાપો, ડાયાબિટીસ) જેવા મુદ્દાઓ પર વધારે સંશોધન જરૂરી છે. આ ઉપરાંત, આરોગ્ય સેવાઓની લઘુત્તમ ઉપલબ્ધતા અને ઓછી આવકવાળા સમુદાયોને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવાનો અવકાશ પણ છે.*

**6. વૃદ્ધોની સંભાળ :**

*- વૃદ્ધ લોકોની સમસ્યાઓ પર વધુ ધ્યાન આપવું જરૂરી છે. વૃદ્ધોની આરોગ્ય, સન્માનપૂર્ણ જીવન અને જીવનની ગુણવત્તા માટેની સેવાઓમાં સુધારણા માટે સંશોધનનો અવકાશ છે.*

**7. પર્યાવરણ અને શારીરિક ન્યાય:**

*- પર્યાવરણ અને તેની અસર, ખાસ કરીને ઓછા આવક ધરાવતા અને જુદા-જુદા વર્ગોના સમુદાયો પર, મહત્ત્વનું છે. પર્યાવરણીય ન્યાય એ સમસ્યાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. જેમ કે પર્યાવરણમાં પ્રદૂષણનો અસામાન્ય પ્રભાવ, અને વિકલાંગ લોકો પરની અસર.*

**8. આર્થિક વિકાસ અને સ્વરોજગાર:**

*- ગરીબી અને બેરોજગારીને દૂર કરવા માટે કે સમુદાયમાં નાનાં ઉદ્યોગો, સ્વરોજગાર અને પરિવર્તનની નવી તકનીકો કેવી રીતે અસરકારક બની શકે છે, તે અંગે સંશોધનનો અવકાશ છે.*

**9. ડિજિટલ માધ્યમ અને ટેકનોલોજી:**

*- ટેકનોલોજીના સામાજિક કાર્ય પર પ્રભાવ, ડિજિટલ સશક્તિકરણ, અને ઓનલાઈન પ્લેટફોર્મ્સના ઉપયોગથી સમાજકાર્ય પ્રોગ્રામ્સ અને સેવાઓ કેવી રીતે પહોંચે છે. તે તપાસવા માટે સંશોધન જરૂરી છે.*

**10. વિશેષ અપંગતા અને સંવેદના સમુદાયોઃ**

*- વિકલાંગતા ધરાવનાર વ્યક્તિઓ અને અન્ય સંવેદનશીલ સમુદાયોની જરૂરિયાતો વિશે વધુ સંશોધનની જરૂર છે. તેમનો સામાજિક ઉપયોગ, તેમને ઉપલબ્ધ સેવાઓ, અને તેઓને પ્રદાન થતી સેવા કે જેની તેમને જરૂર છે, તેમાં સંશોધન અવકાશ છે.*

**11. સામાજિક સમસ્યાઓ અને જરૂરિયાતોઃ**

*- સમાજમાં અનેક સમસ્યાઓ છે, જેમ કે ગરીબી, બેરોજગારી, અનામત વર્ગોનું શોષણ, માદક પદાર્થોનો દુરુપયોગ, ઘરના હિંસા, અને શિક્ષણની અછત. આ સંશોધન સમાજના આ પ્રચલિત પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અને તેમની જરૂરિયાતોને સમજવા માટે મદદરૂપ થાય છે.*

**12. નીતિઓ અને કાર્યક્રમોની અસરઃ**

*- વિવિધ સરકારી અને બિનસરકારી નીતિઓ અને કાર્યક્રમોની અસરકારકતાનું મૂલ્યાંકન કરવું એ પણ સંશોધનનો અવકાશ છે. આ અભ્યાસ દ્વારા તે નક્કી કરવામાં આવે છે. કે આ નીતિઓ અને કાર્યક્રમો કેવી રીતે અને કેટલા અસરકારક છે, અને જરૂર પડે ત્યાં સુધારણા કરવા માટે યોગદાન આપે છે.*

**13. સેવા વિતરણ પદ્ધતિઓઃ**

*- લોકો માટે ઉપલબ્ધ સેવાઓ કેવી રીતે આપવામાં આવી રહી છે, અને તે કેવી રીતે અસરકારક રીતે પહોંચે છે. તેની વિશ્લેષણ સંશોધનના મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પૈકીનું એક છે. આ રીતે, સંશોધન ફક્ત સેવાઓના મૂલ્યાંકન સુધી મર્યાદિત નથી, પરંતુ તે આ સેવાઓના વિતરણમાં સુધારણા માટે પણ ઉકેલો પ્રદાન કરે છે.*

**14. જાગૃતિ અને સહાયતા અભિયાનોઃ**

*- જાગૃતિ અભિયાનોનું મૂલ્યાંકન અને નવીન ઉપાયો વિકસાવવાનું પણ આ સંશોધનના અવકાશમાં આવે છે. બીમારી નિવારણ, શિક્ષણ પ્રસાર, આરોગ્ય જાગૃતિ અને કુટુંબ કલ્યાણ જેવા ક્ષેત્રોમાં સંશોધન થાય છે.*

**15. વિકલાંગતા અને પુનઃવાસ સેવાઓઃ**

*- વિકલાંગ અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા લોકો માટે ઉપલબ્ધ પુનઃવાસ સેવાઓનું વિશ્લેષણ અને તેની સુધારણા માટેના નાણાંકીય, સામાજિક, અને પ્રાથમિક સેવાઓના પ્રવાહનું અભ્યાસ આ સંશોધનમાં આવરી લેવામાં આવે છે.*

**16. મનસ્વીતા, માનસિક આરોગ્ય અને પરિચિત વિકાસઃ**

*- સમાજકાર્ય સંશોધન માનસિક આરોગ્ય અને માનસ્વીતાને પ્રોત્સાહિત કરવા માટે કાર્યરત છે. તે લોકોની સુખાકારીમાં સુધારણા માટેના ઉપાયો શોધે છે. અને વિકાસ કાર્યોને આગળ વધારવા માટે યોગદાન આપે છે.*

**17. સમુદાય વિકાસ અને સશક્તિકરણ:**

*સમુદાયના સ્તરે વિકાસ, સશક્તિકરણ, અને લોકસહકાર અભિયાનોના ક્ષેત્રમાં સંશોધનનો મોટા પાયે અવકાશ છે. આ પ્રગતિની પ્રક્રિયામાં સમાજકાર્ય સંશોધન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.*

*સમાજકાર્ય સંશોધનનું વિશાળ અવકાશ છે, કારણ કે તે સમાજના અલગ-અલગ પાસાઓ અને ઘટનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંશોધન દ્વારા ફક્ત સમુદાય અને લોકોની સમસ્યાઓને સમજવામાં મદદ મળી રહી નથી, પરંતુ લાંબા ગાળાના ઉકેલો અને પ્રણાલીઓ પણ વિકસાવવામાં આવી રહી છે, જે સમાજના વ્યાપક હિતમાં કામ કરે છે. સતત બદલાતા સામાજિક માળખા અને નવી સમસ્યાઓને સમજવા માટે જરૂરી છે. આ અવકાશો તબીબી, શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ક્ષેત્રોમાં આવિષ્કાર, નીતિ સુધારણા, અને લોકોના જીવનમાં સીધો બદલાવ લાવવાના માર્ગ બતાવે છે.*

## 1.5 તમારી પ્રગતિ ચકાસો

**1. સામાજિક વિજ્ઞાન કઈ રીતે સમાજના વિકાસ માટે ફાયદાકારક છે?**

A. *સામાજિક વિજ્ઞાન સામાજિક સમસ્યાઓને ઓળખવામાં ઉપયોગી છે.*
B. *સમસ્યાઓ ઉકેલ લાવવાની રીતોને વિકસિત કરવામાં મદદ કરે છે.*
C. *જે સમાજના વિકાસ માટે ઉપયોગી છે.*
D. *ઉપરોક્ત તમામ*

**2. સામાજિક વિજ્ઞાનની મુખ્ય શાખા કયો વિષય આવે છે?**

A. *સમાજશાસ્ત્ર*
B. *અર્થશાસ્ત્ર*
C. *રાજકીય વિજ્ઞાન*
D. *ઉપરોક્ત તમામ*

**3. સમાજકાર્ય સંશોધનનો મુખ્ય હેતુ શું છે?**

A. *સમાજકાર્ય સંશોધનનો હેતુ સામાજિક સમસ્યાઓના ઉકેલ શોધી, નીતિઓ અને સેવાઓમાં સુધારો લાવવાનો છે.*
B. *સમાજકાર્ય સંશોધનમાં કઈ પદ્ધતિઓનો વિકાસ કરવાનો છે.*
C. *માનવાધિકારનું રક્ષણ અને સામાજિક ન્યાયને સુનિશ્ચિત કરવા માટે સંશોધનનું મહત્ત્વપૂર્ણ છે.*
D. *ઉપરોક્ત તમામ*

**4. સમાજકાર્ય સંશોધનમાં કઈ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે?**

A. *ઈન્ટરવ્યુ,*
B. *કેસ સ્ટડી,*
C. *ફિલ્ડ વર્ક*
D. *ઉપરોક્ત તમામ*

**5. સંશોધનનો મુખ્ય ઉદ્દેશ શું છે?**

A. *વ્યક્તિગત વિકાસ*

B. *નવી વાતો શોધવી*

C. *સમાજને વધુ સારી રીતે સમજવા*

D. *તાજેતરની તકનીકોનો ઉપયોગ*

**6.સમાજકાર્યમાં કયા પ્રકારની સંશોધન પદ્ધતિનો ઉપયોગ થાય છે?**

A. *જ્ઞાનશાસ્ત્રીય પદ્ધતિ*

B. *ઔપચારિક પદ્ધતિ*

C. *સામાજિક વિજ્ઞાન પદ્ધતિ*

D. *ઠરાવિક પદ્ધતિ*

## 1.6 સારાંશ

*માનવ સ્થિતિને સમજવા અને સુધારવા માટે સામાજિક વિજ્ઞાન જરૂરી છે. વ્યક્તિઓ અને સમાજ વચ્ચેના જટિલ આંતરપ્રક્રિયાનું વિશ્લેષણ કરીને, સામાજિક વૈજ્ઞાનિકો જ્ઞાનના વિકાસમાં, નીતિઓની રચનામાં અને સામાજિક પરિવર્તનના પ્રોત્સાહનમાં ફાળો આપે છે. તે અમને સમજવામાં મદદ કરે છે. કે સમાજો કેવી રીતે વિકસિત થાય છે, અમે કેવી રીતે દબાવતા સામાજિક પડકારોનો સામનો કરી શકીએ છીએ અને અમે કેવી રીતે વધુ ન્યાયી અને ન્યાયી સમાજોનું નિર્માણ કરી શકીએ છીએ.સામાજિક વિજ્ઞાન અને સમાજકાર્ય સંશોધન બંને માનવીય જીવનના વિવિધ પાસાઓને ઊંડાણપૂર્વક સમજવા માટે અનિવાર્ય છે. સામાજિક વિજ્ઞાન માનવ સમાજના ગૂંચવાયેલા માળખાને સમજવાની અને તર્કસર વિચારવાની ક્ષમતા આપે છે. સમાજકાર્ય સંશોધન પ્રત્યક્ષપણે ફેરફાર અને સુધારા માટે કામ કરે છે. તે લોકોની સમસ્યાઓ અને સેવાઓ વચ્ચેના અંતરને જાણીને તેમને સુધારવાની તક આપે છે. સંશોધનોનો ઉદ્દેશ્ય એ છે. કે તેઓ સમાજમાં નીતિઓ, સમાજ કલ્યાણ કાર્યક્રમો અને સુધારણાઓ માટે માર્ગદર્શક બની શકે. આ રીતે, સામાજિક વિજ્ઞાન અને સમાજકાર્ય સંશોધન વિશ્વમાં મક્કમ અને સકારાત્મક ફેરફારો કરવા માટે મહત્ત્વપૂર્ણ સાધન તરીકે કામ કરે છે.*

## 1.7 ચાવીરૂપ શબ્દો

**વિજ્ઞાન** : *કુદરતી અને ભૌતિક જગતની વ્યવસ્થિત રીતે અભ્યાસ કરીને માહિતી અને જ્ઞાન મેળવવાનો ક્ષેત્ર. વિજ્ઞાનમાં પ્રયોગો, અવલોકન અને સાબિતી પર આધાર રાખીને સમજણ મેળવી શકાય છે.*

**સંશોધન** : *કોઈ વિશિષ્ટ વિષયમાં નવી માહિતી મેળવવા, જુદા જુદા પરિણામો પરખવા અથવા પ્રશ્નોના ઉકેલ લાવવા માટે પદ્ધતિબદ્ધ રીતે કરવામાં આવતા અભ્યાસ અથવા તપાસની પ્રક્રિયા.*

**સામાજિક વિજ્ઞાન** : *સમાજ, માનવીય વ્યવહાર, સંસ્કૃતિ અને સંબંધોની ચર્ચા કરતું વિજ્ઞાન. સામાજિક વિજ્ઞાનમાં સમાજશાસ્ત્ર, રાજકીય વિજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા વિષયોનો સમાવેશ થાય છે.*

**સમાજકાર્ય** : *સમાજની કલ્યાણ માટેનો અભ્યાસ અને કાર્ય, જેમાં વ્યક્તિઓ અને*

| | | |
|---|---|---|
| | | *સમુદાયોની સક્રિય સહાય માટેની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે, ખાસ કરીને આર્થિક, માનસિક, અને સામાજિક સમસ્યાઓને હલ કરવા માટે.* |
| **સમાજકાર્ય સંશોધન** | : | *સમાજકાર્ય ક્ષેત્રમાં કામગીરીની અસર, ચિંતાઓ અને પડકારો વિશે વધુ સમજવા માટે સંશોધન. આ સંશોધન દ્વારા સામાજિક નીતિઓ અને કાર્યને વધુ પ્રભાવી બનાવવાનો પ્રયાસ થાય છે.* |
| **અવકાશ** | : | *સમાજકાર્ય સંશોધનના કાર્યક્ષેત્રો જેમાં સંશોધન અભ્યાસ થઈ શકે છે. જેને અવકાશ કહી શકાય.* |

## 1.8 તમારી પ્રગતિ તપાસોના જવાબ

1. D. *ઉપરોક્ત તમામ*
2. D. *ઉપરોક્ત તમામ*
3. D.*ઉપરોક્ત તમામ*
4. D.*ઉપરોક્ત તમામ*
5. C. *સમાજને વધુ સારી રીતે સમજવા*
6. C. *સામાજિક વિજ્ઞાન પદ્ધતિ*

## 1.9 સ્વાધ્યાય લેખન

*૧. સામાજિક વિજ્ઞાનનો અર્થ સમજાવો?*

*૨. સમાજકાર્ય સંશોધનનો અર્થ લક્ષણો જણાવો.*

*૩. સમાજકાર્ય સંશોધનમાં અવકાશ વિશે વિગતે ચર્ચા કરો.*

## 1.10 સંદર્ભસૂચી


1. *સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર - ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ.*
2. सामाजिक अनुसंधान एव सर्वेक्षण, प्रकाश नारायण नाटाली – पॉइंन्टर पबलिशर-2007
3. *સંશોધન પદ્ધતિ શાસ્ત્ર* - Dr.R.S. Patel - *જય પબ્લિકેશન.* 2015
4. रिसर्च मेथोड़ोलोजी –डॉ.बी.एम्.जेन –रिसर्च पब्लिकेशन .
5. शोध प्रविधि,डॉ गणेश पायुडे, अरुला प्पुन्दे –राधा पब्लिकेशन –2007
6. Social Work Research: M[a]hods for the Helping Professions" by Glynis M. Breakwell, Sean Hammond, Chris Fife-Schaw
7. "Research M[a]hods for Social Work" by Allen Rubin and Earl R. Babbie
8. "The Handbook of Social Work Research M[a]hods" edited by Bruce Thyer
9. "Qualitative Research in Social Work" by Ian Shaw and Nick Gou.

**એકમ-2**

# વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો, સંશોધનના તબક્કા

**-: રૂપરેખા :-**

**2.0 હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો**

**2.3 સંશોધનના તબક્કા**

**2.4 તમારી પ્રગતિ ચકાસો**

**2.5 સારાંશ**

**2.6 ચાવીરૂપ શબ્દો**

**2.7 તમારી પ્રગતિ તપાસોના જવાબ**

**2.8 સ્વાધ્યાય લેખન**

**2.9 સંદર્ભસૂચિ**

## 2.0 એકમનાં હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો વિષે જાણી શકશો.*
- *સંશોધનના તબક્કા વિષે સમજી શકશો.*

## 2.1 પ્રસ્તાવના

*વિજ્ઞાનએ આપણા આસપાસની દુનિયાને સમજવા માટેના જ્ઞાન અને પદ્ધતિઓનું વ્યવસ્થિત અને વ્યવહારુ ક્ષેત્ર છે. વિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ્ય કુદરતી સિદ્ધાંતોને સમજવો, વિશ્લેષણ કરવો અને વૈજ્ઞાનિક અભ્યાસ દ્વારા સમજણમાં વધારો કરવો છે. તે પ્રમાણભૂત પદ્ધતિઓ, પ્રયોગો અને વિશ્લેષણો દ્વારા વૈજ્ઞાનિક તથ્યો અને સિદ્ધાંતોને સ્થાપિત કરવામાં મદદ કરે છે.વિજ્ઞાન એ પ્રાકૃતિક દ્રશ્યો અને ઘટનાવાળા તત્ત્વોનો અભ્યાસ છે, જેને પરિણામે માનવતાને તેમના પરિપ્રેક્ષ્ય અને નિવારણ માટે વધુ સ્પષ્ટ અને સચોટ સમજણ મળે છે. વિજ્ઞાન એક વ્યાવસાયિક પદ્ધતિ અને દૃષ્ટિ છે, જે પૃથ્વી પરના સંજોગો, ઘટનાઓ અને પધ્ધતિઓનું પુષ્ટિ માટે વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને પ્રયોગો પર આધારિત છે. વિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ માનવ જીવનના બધા પાસાઓ માટે સરળ અને અચૂક ઉકેલ લાવવાનો છે.*

## 2.2 વિજ્ઞાનનો અર્થ અને લક્ષણો

*માનવી એક સામાજિક પ્રાણી છે. માનવી આ રીતે સામાજિક પ્રાણી તો ખરો જ પણ સાથોસાથ તે સ્વભાવે જિજ્ઞાસુ પ્રાણી પણ છે. તે પોતાની આસપાસની પ્રકૃતિ વિશે કુતૂહલ પરાવે છે. અને પોતાની જીજ્ઞાસા સંતોષવા માનવી તરંગ, તુક્કા, કલ્પના, માન્યતા, નિરીક્ષણ, ચકાસણી વગેરેનો સહારો લે છે. બહુ સ્વાભાવિક છે. કે કોઈપણ ઘટના આપણે તપાસ અને તપાસમાં મળેલી માહિતીનું વિશ્લેષણ કરીને તેના મૂળ સુધી પહોંચી શકીએ. કોઈ ઘટના, પદાર્થ કે પ્રક્રિયાનો અભ્યાસ કરીએ ત્યારે તેના વિવિધ*

*પાસાઓ જેમ કે વ્યવસ્થિત નિરીક્ષણ, નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતી-વિગતોનું વર્ગીકરણ અને આ વર્ગીકરણ હેઠળ કરેલું નિરીક્ષણ સાથે જે તારણ મળે એ વિજ્ઞાન દ્વારા ચકાસાયેલું એમ કહી શકાય. વિજ્ઞાન અનુમાનના આધારે ન ચાલી શકે જેમ કે, એક પાત્રમાં પાણી ભરીને સગડી ઉપર મુકીએ અને સગડીની આગથી પાણી ઉકળે છે. બીજા કોઈપણ તારણ કે ચકાસણી સિવાય એમ ન કહી શકાય કે, 'ગરમીના કારણે પાણી ઉકળે છે.. ચોક્કસાઈપૂર્વકના નિરીક્ષણો પછી જ આપણે કહી શકીએ કોઈ અનુમાન ઉપર કરી શકાય નહીં એને વિજ્ઞાન કહેવાય*

*શાબ્દિક અર્થમાં એમ કહી શકાય વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન એટલે વિજ્ઞાન અને જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે. તેને વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે ઓળખી શકાય. જ્ઞાન મેળવનાર અથવા તો જ્ઞાનને પ્રતિપાદિત કરનારને "વિજ્ઞાની' તરીકે ઓળખાવી શકાય. આનો અર્થ એમ પણ તારવી શકાય કે વિજ્ઞાનને માત્ર પ્રયોગશાળા સાથે જ સંબંધ નથી, પદ્ધતિ સાથે મેળવાયેલું જ્ઞાન એ વિજ્ઞાન.*

- **વિજ્ઞાનનો અર્થ :**

*વિજ્ઞાનએ જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે. બીજા શબ્દોમાં કહીએ તો, મર્યાદિત વિષયવસ્તુને લગતું વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા મેળવેલું જ્ઞાન એટલે વિજ્ઞાન. ગૂડે અને હટ્ટનોંધે છે. તે અનુસાર સામાન્ય રીતે વિજ્ઞાનને પદ્ધતિસર રીતે મેળવેલા જ્ઞાનસંચય તરીકે પરિભાષિત કરવામાં આવે છે. જો આપણે 'પદ્ધતિસર' અને 'જ્ઞાન' એ બે શબ્દોને યોગ્ય રીતે વ્યાખ્યાબદ્ધ કરીએ તો જ આ વ્યાખ્યા પૂરતી ગણાય.*

*'પદ્ધતિસર' શબ્દ વૈજ્ઞાનિક પદ્ધતિનો સૂચક છે. એટલે કે વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા મેળવેલું જ્ઞાન એ જ પદ્ધતિસરનું જ્ઞાન છે. નિશ્ચિત પદ્ધતિનો ઉપયોગ એ જ વિજ્ઞાનનું મહત્ત્વનું લક્ષણ છે. બીજા શબ્દોમાં કહીએ તો, નિરીક્ષણ દ્વારા હકીકતો એકત્ર કરવી, આ હકીકતોનું તર્કસંગત વર્ગીકરણ કરવું, તેનું અર્થઘટન કરવું, હકીકતો વચ્ચેનો કાર્ય-કારણ સંબંધ તપાસીને સર્વસામાન્ય નિયમ સ્થાપવો તથા આ નિયમ સાચો છે. કે ખોટો તેની ચકાસણી કરવી-આ સમગ્ર પ્રક્રિયાને વૈજ્ઞાનિક પદ્ધતિ કહેવાય.*

*'જ્ઞાન' એટલે જુદી જુદી હકીકતો અને તેમની વચ્ચેના સંબંધ અંગેનું સ્પષ્ટ દર્શન સંક્ષેપમાં, આ વ્યાખ્યા અનુસાર વિજ્ઞાન એ સમગ્ર આનુભાવિક જગત પ્રત્યેના અભિગમની પદ્ધતિ છે. તે હકીકતોના પૃથક્કરણની એક રીત છે. આવું જ્ઞાન એ વૈજ્ઞાનિક જ્ઞાન છે. અને તે સામાન્ય બુદ્ધિના જ્ઞાનથી ભિન્ન છે. હોર્ટન અને હન્ટના મતે વિજ્ઞાનને નીચેની બે રીતે વ્યાખ્યાબદ્ધ કરી શકાય :*

(1) *વિજ્ઞાન પદ્ધતિસરનું અને ચકાસી શકાય તેવું જ્ઞાન છે.*
(2) *વિજ્ઞાન અભ્યાસ કરવાની એવી પદ્ધતિ છે. જેના દ્વારા વ્યવસ્થિત અને ચકાસી શકાય તેવું જ્ઞાન મેળવી શકાય છે.*

*વેબ્સ્ટર શબ્દકોશમાં વિજ્ઞાનની જે વ્યાખ્યા આપી છે. તે અનુસાર પદ્ધતિસરના જ્ઞાનની કોઈપણ શાખાને વિજ્ઞાન કહેવાય. વિજ્ઞાન એ હકીકતોના નિરીક્ષણ અને વર્ગીકરણ સાથે સંકળાયેલી જ્ઞાનની શાખા છે. વિજ્ઞાન ખાસ કરીને ચકાસી શકાય તેવા સર્વસામાન્ય નિયમો સ્થાપવા સાથે અને મુખ્યત્વે ઉપકલ્પના અને વ્યાપ્તિ દ્વારા સર્વસામાન્ય નિયમો સ્થાપવા સાથે સંકળાયેલું છે, તેમજ સર્વસામાન્ય નિયમો શોધવા અર્થે પદ્ધતિસર રીતે ગોઠવાયેલું અને રચેલું સંચિત જ્ઞાન છે.*

- **વિજ્ઞાનનાં લક્ષણો :**

*વિજ્ઞાનનું ધ્યેય સિદ્ધાંત સ્થાપવાનું છે. એટલે વિજ્ઞાનમાં સિદ્ધાંત સ્થાપવાનું ધ્યેય પ્રાપ્ત કરવાનાં સાધનોનો પણ સમાવેશ થાય છે. સિદ્ધાંત એ ચકાસણી થઈ શકે તેવા ઉચ્ચ કક્ષાનાં સામાન્યીકરણો છે. આ સામાન્યીકરણ નિરીક્ષણ કરવામાં આવેલી હકીકતોની સમજૂતી આપે છે. ફ્રાંકિસ કહે છે. તેમ, સિદ્ધાંત વિજ્ઞાનમાં નિયમો, ઉપકલ્પનાઓ અને અન્ય સામાન્યીકરણોને પદ્ધતિસર રીતે ગોઠવે છે. આમ, વિજ્ઞાનનાં સિદ્ધાંત સ્થાપવા માટેનાં સાધનોનો પણ સમાવેશ થાય છે. આવાં સાધનો સિદ્ધાંતનો જ ભાગ છે. વિજ્ઞાનમાં સિદ્ધાંત સ્થાપવા માટેનાં સાધનો એટલે જ વિજ્ઞાનનું પદ્ધતિશાસ્ત્ર.*

*ફ્રાંકિસને ટાંકીને ડોબીનોંધે છે. તેમ સિદ્ધાંત અને પદ્ધતિશાસ્ત્રના સંદર્ભમાં વિજ્ઞાનનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો નીચે મુજબનોંધે છે. :*

**1. વિજ્ઞાન અનુભવલક્ષી છે. :**

*વિજ્ઞાન અનુભવલક્ષી છે. તેનો અર્થ એ કે વિજ્ઞાન જાણી શકાય એવા વાસ્તવિક જગતનો અભ્યાસ કરે છે. વિજ્ઞાનમાં કાલ્પનિક જ્ઞાનને કોઈ સ્થાન નથી. તે ઈન્દ્રિયગમ્ય સામગ્રી-માહિતી ઉપર રચાયેલું છે.જ્ઞાન મેળવવાની સૌથી વિશેષ વિશ્વસનીય પદ્ધતિ 'નિરીક્ષણ' છે. નિરીક્ષણ એ જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. આંખથી જોઈને, કાનથી સાંભળીને, જીભથી ચાખીને, નાકથી સૂંઘીને, અને સ્પર્શથી મેળવેલું જ્ઞાન વધુ વિશ્વસનીય છે. જ્ઞાન મેળવવાની આ પ્રત્યક્ષ અનુભવજન્ય પદ્ધતિ છે. વિજ્ઞાનમાં આ રીતે જ્ઞાનેન્દ્રિયો દ્વારા નિરીક્ષણ કરીને હકીકતો કે માહિતી એકત્ર કરવામાં આવે છે. આથી જ વિજ્ઞાનને અનુભવલક્ષી કહેવામાં આવે છે. આ રીતે મેળવેલું જ્ઞાન કાલ્પનિક નથી, પરંતુ પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા મેળવેલું જ્ઞાન છે. આવું નિરીક્ષણ વૈજ્ઞાનિક પદ્ધતિનું મહત્ત્વનું અંગ છે.*

*નિરીક્ષણ દ્વારા હકીકતો કે માહિતી મેળવવા માટે વિજ્ઞાની શક્ય હોય ત્યાં અમુક પ્રકારની પ્રયુક્તિઓ કે સાધનોનો ઉપયોગ કરે છે. જેમ કે, રસાયણશાસ્ત્રી ટેસ્ટટ્યૂબ, માઈક્રોસ્કોપ વગેરેનો ઉપયોગ કરે છે. સમાજશાસ્ત્રી પ્રશ્નાવલિ, અનુસૂચિ, મુલાકાત વગેરે પ્રયુક્તિઓનો ઉપયોગ કરે છે. આવી જ રીતે વિજ્ઞાની યથાર્થ નિરીક્ષણ કરવા માટે શક્ય*

**2. વિજ્ઞાન કથનાત્મક છે. :**

*વિજ્ઞાન કથનો સાથે સંકળાયેલું છે. કથનો એટલે વસ્તુ વિધાનો તપાસે છે. ટૂંકમાં, જે કાંઈ અનુભવજન્ય છે. તેનું કથાનાત્મક સ્વરૂપમાં વિજ્ઞાન રૂપાંતર કરે છે. અમુક કથનને વિજ્ઞાનના સિદ્ધાંતમાં સમાવિષ્ટ કરવું કે નહીં તે અંગેનો નિર્ણય હોય ત્યાં ફિલ્મ, કમ્પ્યૂટર, ટેપરેકોર્ડર વગેરે સાધનોનો ઉપયોગ કરે છે. કે હકીકતો વિશેનાં સત્યમૂલક વિધાનો, રસાયણશાસ્ત્રી રાસાયણિક હકીકત વિશેનાં સત્યમૂલક વિધાનો તપાસે છે. સમાજશાસ્ત્ર માનવસંબંધને લગતી હકીકતો વિશેનાં સત્યમૂલક લેવો એ મૂળભૂત વૈજ્ઞાનિક પ્રવૃત્તિ છે. આવો નિર્ણય લેવામાં મદદરૂપ બને તેવા કેટલાક નિયમો વિજ્ઞાનમાં હોવા આવશ્યક છે. આમ છતાં એનો અર્થ એવો નથી કે જે કથનોને વિજ્ઞાનમાં સ્વીકારવામાં આવ્યાં હોય એ કથનોને કદી પડકારી શકાય નહીં. કોફમેન કહે છે. તેમ વિજ્ઞાન તેનાં કથનો ઉપર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે. આનો અર્થ એ થયો કે વિજ્ઞાનમાં જે કથનો સ્વીકારવામાં આવ્યા હોય એ કથનો ભવિષ્યમાં અસ્વીકાર પામે અથવા તેમાં સુધારો થઈ શકે. બીજી રીતે કહીએ તો, વિજ્ઞાની જે જ્ઞાન મેળવે, જે સિદ્ધાંત સ્થાપે તે કાયમી કે સનાતન સત્ય નથી એ બાબતનો સ્વીકાર કરીને વિજ્ઞાન આગળ વધે છે.*

**3. વિજ્ઞાન તર્કશાસ્ત્રીય છે. :**

*તર્કશાસ્ત્ર વિજ્ઞાનનું પીઠબળ છે. તર્કશાસ્ત્ર એટલે દલીલોનો સંવાદ, તર્કશાસ્ત્ર ઉપકલ્પનાઓ ઘડવા માટેના નિયમો પૂરા પાડે છે. વિજ્ઞાન અમુક કથન કે કથનોની સ્વીકાર્યતા અંગે તર્ક દ્વારા જ તારણ ઉપર પહોંચે છે. આવા તારણને વાજબી ઠરાવવા માટે તાર્કિક દૃષ્ટિએ વાજબી કારણો પણ રજૂ કરવાં પડે છે. આ અર્થમાં વિજ્ઞાન તર્કશાસ્ત્રીય છે. કોઈપણ વિજ્ઞાન તર્કશાસ્ત્રથી સંપૂર્ણ સ્વતંત્ર નથી. નિરીક્ષણ દ્વારા મેળવેલી માહિતીને તર્કની કસોટીએ ચકાસવામાં આવે અને માહિતીમાંથી હકીકતોને અલગ તારવવામાં આવે ત્યારે વિજ્ઞાનીએ તર્કનો ઉપયોગ કર્યો છે. તેમ કહેવાય. હકીકતોને તર્કસંગત રીતે ગોઠવીને જ્ઞાન મેળવવાની પદ્ધતિ સૌથી વધુ યથાર્થ પદ્ધતિ છે. આવી પદ્ધતિને તાર્કિક પદ્ધતિ કહેવાય. વિજ્ઞાન તાર્કિક પદ્ધતિનો ઉપયોગ કરતું હોવાથી વિજ્ઞાનને તર્કશાસ્ત્રીય કહેવામાં આવ્યું છે.*

*વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વ્યાપ્તિ* (induction) *દ્વારા સામાન્ય નિયમો સ્થાપે છે. વૈયક્તિક કે વિશિષ્ટ ઘટનાઓના અભ્યાસના આધારે સર્વસામાન્ય નિયમો સ્થાપવામાં આવે, અર્થાત્ એકમના અભ્યાસના આધારે સમગ્રને લગતા નિયમ સ્થાપવામાં આવે, તેને વ્યાપ્તિ કહેવાય. આમ, વ્યાપ્તિ એ તર્કની પ્રક્રિયા છે, જેમાં એકમની તપાસ દ્વારા સમગ્રને લગતા, નિયમો સ્થાપવામાં આવે છે.*

*જ્ઞાનેન્દ્રિયો દ્વારા હકીકતો મેળવવામાં આવે તે પૂરતું નથી, કારણ કે હકીકતો પોતે કાંઈ કહેતી નથી. છૂટીછવાઈ હકીકતો અર્થહીન છે, પરંતુ જ્યારે આ હકીકતોને તાર્કિક રીતે ગોઠવવામાં આવે, હકીકતોનું તાર્કિક ક્રમમાં વર્ગીકરણ કરવામાં આવે, તાર્કિક વિચારણા કરીને એ હકીકતો વચ્ચેનો સંબંધ સૂચિત થાય તેવા કથનના રૂપમાં તેને ગોઠવવામાં આવે તે જરૂરી છે.*

**4. વિજ્ઞાન ચકાસણીજન્ય છે. :**

*વિજ્ઞાન ચકાસણીજન્ય પુરાવા આપવાની ખાતરી પણ આપે છે. અમુક કથન સાચું છે. કે ખોટું તે અનુભવજન્ય વિજ્ઞાનને તર્કશાસ્ત્રીય* (Logical) *કહેવામાં આવ્યું છે. છે-આનો અર્થ એ કે વિજ્ઞાન જાણી શકાય તેવા વાસ્તવિક જગતનો અભ્યાસ કરે છે. એટલે વિજ્ઞાનમાં કથન કે દલીલ રજૂ કરવામાં આવે તેના સમર્થનમાં અનુભવજન્ય પુરાવાના આધારે ચકાસી શકાય છે. આ અર્થમાં જ વિજ્ઞાન ચકાસણીજન્ય છે. નિરીક્ષણ અને તર્ક દ્વારા હકીકતો વચ્ચેના કાર્ય-કારણ સંબંધ અંગે જે નિયમ સ્થાપવામાં આવે તે સાચો જ છે. એમ માની લેવાની જરૂર નથી. પરંતુ વિજ્ઞાનીઓ પોતે એ અંગે સંશય ઉઠાવવાના છે, અને એવા જ બીજા અભ્યાસ દ્વારા એ નિયમ સાચો છે. કે ખોટો તેની ચકાસણી કરવાની છે. આવી ચકાસણીને અંતે તે નિયમ સાચો માલૂમ પડે તો તેને સત્ય તરીકે સ્વીકારવાનો અને ખોટો માલૂમ પડે તો તેનો અસ્વીકાર કરવાનો રહે છે.*

*વિજ્ઞાની બધી જ કામચલાઉ સમજૂતી કે ઉપકલ્પનાની ચકાસણી કરવા માટે નિરીક્ષણનો આશ્રય લે છે. સૂચિત સમજૂતી કે નિયમ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિરીક્ષણની કસોટીએ ચઢાવી ન શકાય તેવી સમજૂતી કે નિયમને વિજ્ઞાનમાં કોઈ સ્થાન નથી. આ અર્થમાં જ વિજ્ઞાન તત્ત્વજ્ઞાનથી જુદું પડે છે. પહોંચવા માટે વિજ્ઞાન મદદરૂપ બની શકે છે.*

**5. વિજ્ઞાન જાહેર બાબત છે. :**

*વિજ્ઞાન એ કથનાત્મક છે, એટલે વિજ્ઞાનનાં કથનો એક વિજ્ઞાની પાસેથી જુદા જુદા માધ્યમો દ્વારા અન્ય લોકો સુધી પહોંચે છે. આજે સંદેશાવહનનાં જુદા જુદા માધ્યમો થકી એક જગ્યાએથી બીજી*

*જગ્યાએ માહિતી ખૂબ ઝડપથી પહોંચી જાય છે. જુદા જુદા જર્નલમાં લેખો પણ પ્રસિદ્ધ થાય છે. આમ, વિજ્ઞાન એ સાર્વજનિક બાબત છે, તેમ કહી શકાય. વિજ્ઞાનની હકીકતો. કથનો કે, ખ્યાલનો ઉપયોગ કોઈ પણ કરી શકે છે. આ દૃષ્ટિએ વિજ્ઞાન જાહેર બાબત છે, તેમ કહી શકાય. સમાજના સમતોલ વિકાસ માટે આ ખૂબ પાયાનો વિચાર છે. આજે સમાજમાં એવાં ઘણાં સંશોધનો રોજ-બરોજ થતા રહે છે. સામાજિક હીતમાં આ બધાં જ પ્રકારની માહિતી અને જ્ઞાનનો પ્રચાર-પ્રસાર થાય છે. જેના પરિણામે આજે સમાજ વૈજ્ઞાનિક જ્ઞાનની દ્રષ્ટિએ ખૂબ સમૃદ્ધ બનેલ છે. આમ, વિજ્ઞાન જાહેર/ખુલ્લી બાબત છે. તેમ કહી શકાય.*

**6. વિજ્ઞાન અમૂર્ત છે. :**

*વિજ્ઞાનને જોઈ શકાતું નથી; પરંતુ, તેની સમજણ, પ્રશ્ન સૂચક બાબતો, હકીકતો, નિયમો, સિદ્ધાંતો વગેરેને સમજી શકાય છે; પરંતુ, નક્કર ઘટના કે પ્રસંગના રૂપમાં તેને જોઈ શકાતું નથી. જેમ કે, ગુરુત્ત્વાકર્ષણનો સિદ્ધાંત દરજ્જો કે ભૂમિકા જેવાં ખ્યાલો અમૂર્ત છે. વિજ્ઞાન વધુને વધુ અમૃત બનવા પ્રયત્ન કરે છે. વ્યક્તિની જુદી-જુદી ભૂમિકા, જવાબદારી, દરજ્જો વગેરે જોઈ શકાતા નથી. રોજ જુદા-જુદા પ્રકારના સંશોધનો થતાં રહે છે. નવી હકીકતોની શોધ થાય છે. અને જૂની હકીકતો વધારે સ્પષ્ટ થતી જાય છે. અને હકીકતો વચ્ચેના સંબંધોની જાણકારી મળે છે. ખાંડ ગળી છે. તેનો ચાખવાથી ખ્યાલ આવી શકે છે; પરંતુ, ખાંડમાં જે ગળપણ છે. તે જોઈ શકાતું નથી. હવામાં દુર્ગંધ છે. આ દુર્ગંધનો અનુભવ કરી શકાય છે. પરંતુ દુર્ગંધને જોઈ શકાતી નથી. આમ, વિજ્ઞાન દ્વારા હકીકતો વચ્ચેના સંબંધોની જાણકારી મળે છે. વિજ્ઞાનએ સતત ચાલતી પ્રક્રિયા છે. એક વખત પ્રસ્થાપિત થયેલ માહિતીમાં પણ રોજ-બરોજ વૈજ્ઞાનિકો નવી શોધખોળો કરતા રહે છે. આમ, વિજ્ઞાન અમૂર્ત છે. તેમ કહી શકાય.*

**7. વિજ્ઞાન એક વ્યવસ્થા છે. :**

*સિદ્ધાંત એ વિજ્ઞાનનું ખૂબ જ મહત્ત્વનું અંગ છે. તેથી જેમ-જેમ વિજ્ઞાનનો વિકાસ થતો જાય, તેમ તેમ વિજ્ઞાન વ્યવસ્થાના સ્વરૂપમાં વિકસતું જાય છે. વિજ્ઞાનમાં પ્રશ્નસૂચક બાબતો, સ્પષ્ટતાઓ, નિયમો વગેરે બાબતો વધતી જાય તેમ-તેમ સિદ્ધાંત એક વ્યવસ્થાનું સ્વરૂપ મેળવે છે. વિજ્ઞાનમાં ઉત્તરોત્તર પરસ્પર સંબંધિત ખ્યાલો સામાન્યીકરણો અને સિદ્ધાંતો વિકસતા જાય છે. આદિમાનવથી આધુનિક માનવ તરફના પ્રયાણમાં આપણે ડોકિયું કરીએ તો આ બાબત આપણને વધારે સ્પષ્ટપણે જાણવા મળે છે. ક્રમશઃ અનુભવના આધારે જ્ઞાનમાં વધારો થતો જાય છે. જેના પરિણામે માનવજીવન થણું સગવડતા ભર્યું બન્યું છે. ચકની શોધ પછી આજે માણસ અતિ આધુનિક વિમાનો અને કમ્પ્યુટર સુધી પહોંચ્યો છે. માનવજીવનની સુખાકારી વધારવા માટે વિજ્ઞાનનો ફાળો વિશેષ છે. આમ, વિજ્ઞાન એક વ્યવસ્થા છે. તેમ કહી શકાય.*

## 2.3 સંશોધનના તબક્કા

*સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. અને આ પ્રક્રિયાના પ્રારંભથી માંડીને પૂર્ણાહુતિ સુધી સંશોધકે વિવિધ પ્રવૃત્તિઓ કરવાની હોય છે. એટલે કે વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવા માટે સંશોધનપ્રક્રિયાને વિવિધ સોપાનોમાં વહેંચવી પડે છે, આયોજિત કરવાની હોય છે. આ રીતે સામાજિક સંશોધનની સમગ્ર પ્રક્રિયા વિવિધ સોપાનો કે તબક્કામાં વહેંચાયેલી હોય છે. જેમ જેમ સંશોધનકાર્ય આગળ વધતું જાય તેમ તેમ સંશોધકનું ધ્યાન એક સોપાન પરથી બીજા સોપાન તરફ ખેંચાતું રહે છે.*

એટલે કે સંશોધનકાર્યમાં કોઈ એક જ સોપાન પર સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરી દેવાનું નથી, પણ બધાં સોપાનો પર ભાર મૂકવાનો હોય છે. જોકે, સંશોધનમાં સોપાનક્રમને યાંત્રિક રીતે વળગી રહેવાનું હોતું નથી. એટલે કે એક સોપાન સંપૂર્ણ રીતે પૂરું થાય પછી જ બીજું સોપાન શરૂ થાય એવો અનુભવ ભાગ્યે જ કોઈ સંશોધકને થતો હોય છે.

સામાજિક સંશોધન એ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેનાં મુખ્ય સોપાનો નીચે મુજબ છે.

(1) સંશોધન વિષયની પસંદગી
(2) સંશોધન-આયોજન
(3) ઉપકલ્પનાનું નિર્માણ
(4) માહિતી એકત્રીકરણની
(5) પ્રયુક્તિની પસંદગી
(6) માહિતીનું એકત્રીકરણ
(7) માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ
(8) સંશોધનના તારણો અને
(9) સામાન્યીકરણ (સંશોધન અહેવાલ).

**1. વિષયપસંદગી :**

સંશોધકે (સંશોધન કરનાર) જુદાં જુદાં સંશોધન ક્ષેત્રો વિશે સર્વાંગી દૃષ્ટિએ વિચારણા કરી તે સંશોધન પૈકી કોઈ એક વિષયની પસંદગી ચોકસાઈપૂર્ણ રીતે કરવી એ વૈજ્ઞાનિક સંશોધનનું પ્રથમ સોપાન છે. કોઈ પણ સંશોધન કાર્યના પ્રારંભ માટે વિષયની પસંદગી કરવી એ અતિઆવશ્યક બાબત છે, કેમકે વિષયપસંદગી વગર સંશોધન શક્ય બનતું નથી. દા.ત. ગુજરાતમાં સ્ત્રી-પુરૂષ જાતિ પ્રમાણની સમસ્યા.

**2. સંશોધન-આયોજન :**

સંશોધકે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન કરવું હોય તો તેને માટે આગવું આયોજન કરવું જરૂરી બની જાય છે. આયોજન એ સંશોધકને સંશોધનની દિશા નક્કી કરી આપતું તાર્કિક અને આયોજિત સાધન છે. જોકે સામાજિક ઘટનાઓની જટિલતાને કારણે ચોક્કસ અને ચુસ્ત આયોજન ભાગ્યે જ શક્ય બને છે, કેમકે સંશોધનકાર્ય જેમ જેમ આગળ વધે છે. તેમ તેમ નિયત આયોજનમાં કેટલાક ફેરફારો કરવાની આવશ્યકતા પણ ઊભી થાય છે. આથી, એમ કહી શકાય કે સંશોધન પૂર્વે કરવામાં આવતું આયોજન એ માત્ર કામચલાઉ અને સંશોધકને માત્ર દિશાનિર્દેશ કરવાનું કાર્ય કરે છે. આથી સંશોધનનું આયોજન કરતી વખતે સંશોધકે કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવાના હોય છે. સંશોધકે ક્યારથી સંશોધનકાર્યનો આરંભ કરવો, સંશોધન ક્ષેત્રની સીમા નક્કી કરવી, માહિતી એકત્ર કરવા માટે કઈ પદ્ધતિ અપનાવવી જેવી ભાબતોના નિર્ણયો સંશોધન-આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**3. ઉપકલ્પનાનું નિર્માણ :**

ઉપકલ્પનાનું નિર્માણ એ સંશોધન-પ્રક્રિયાની પાયાની અત્યંત મહત્ત્વની બાબત છે. જોકે બધા જ વિદ્વાનો ઉપકલ્પનાના નિર્માણને સંશોધનના સ્વતંત્ર સોપાન તરીકે લેખતા નથી. ઉપકલ્પના એ વાસ્તવિક ઘટનાનાં તથ્યો કે હકીકતો વચ્ચેના સહસંબંધ અંગેનું માત્ર કામચલાઉ ધારેલું વિધાન છે. કે જેની ચકાસણી કરવાની બાકી હોય છે. ઉપકલ્પનાના નિર્માણ માટે ભૂતકાળમાં આ જ પ્રકારની ઘટનાના નિર્માલ સાથે

*જોડાયેલ અને કારણભૂત મનાતાં પરિબળોને સંશોધક અલગ તારવે અને તેમની વચ્ચેના સહસંબંધ માટે પ્રશ્નરૂપ વિધાન કરે છે. આ પ્રશ્નરૂપ વિધાન એટલે ઉપકલ્પના આ ઉપકલ્પનાને સંશોધન-પ્રક્રિયા દરમિયાન તપાસવામાં આવતી હોય છે. દા.ત., સ્ત્રી-ભ્રૂણહત્યાનો દર વધે તેમ સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થાય.*

**4.માહિતી એકત્રીકરણની પ્રયુક્તિની પસંદગી :**

*સંશોધનનું આ અતિ મહત્ત્વનું સોપાન છે. આ પ્રયુક્તિઓ દ્વારા જ સંશોષકે પોતાના સંશોધન-પ્રશ્ન વિશેની માહિતી એકત્ર કરવાની હોય છે. અને એકત્ર કરેલ માહિતીના આધારે જ ઉપકલ્પનાની ચકાસણી કરવાની હોય છે. ઉપકલ્પનાની ચકાસણી માટે ચોક્કસ, આધારભૂત અને વિશ્વસનીય માહિતી પ્રાપ્ત થાય એ ખૂબ જરૂરી છે. તેને માટે સંશોધકે પોતાના અભ્યાસક્ષેત્ર, માહિતીના સ્ત્રોત, માહિતીનું સ્વરૂપ અને કદને ધ્યાનમાં રાખીને નિરીક્ષણ, મુલાકાત, પ્રશ્નાવલિ, અનુસૂચિ જેવી માહિતી એકત્રીકરણની પ્રયુક્તિમાંથી કાળજીપૂર્વક રીતે જરૂરિયાત મુજબની પ્રયુક્તિ પસંદ કરવાની હોય છે. દા.ત., ગુજરાતમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ અંગેના સંશોધન માટે માહિતી એકત્રીકરણ માટે કઈ પ્રયુક્તિઓ પસંદ કરવી તે નક્કી કરવું પડે.*

**5.માહિતીનું એકત્રીકરણ :**

*સંશોધકે નિર્માણ કરેલી સંશોધન માટેની ઉપકલ્પનાની ચકાસણી માટે અભ્યાસ હેઠળની ઘટના વિશે માહિતી એકત્ર કરવી જરૂરી બને છે. જ્યાં સુધી ઉપકલ્પનાની ચકાસણી કરવામાં ન આવે ત્યાં સુધી વિજ્ઞાન તેની યથાર્થતાને સ્વીકારતું નથી. ચોક્કસ માહિતીના આધારે સંશોધકે ઉપકલ્પનાની યથાર્થતા સિદ્ધ કરવાની હોય છે. તેનો આધાર સંશોષકે પસંદ કરેલ માહિતી એકત્રીકરણની પ્રયુક્તિનો ઉપયોગ કરી, તટસ્થ રહીને માહિતી પ્રાપ્ત કરવા પર હોય છે. સંશોધકનો પૂર્વગ્રહ સંશોધનમાં હાનિકર્તા નીવડે છે.*

**6.માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ :**

*વૈજ્ઞાનિક પ્રયુક્તિથી એકત્ર કરેલ માહિતીને અર્થપૂર્ણ બનાવવી હોય તો સંશોષક દ્વારા જે માહિતી મેળવવામાં આવે તેને તાર્કિક સંબંધને આધારે પરસ્પર જોડવામાં આવે. આ માટે આવશ્યક છે. - મેળવેલ માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ. માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ માહિતીના સંબંધને જાણવા માટે પણ એટલું જ જરૂરી છે. કોઈપણ છૂટીછવાઈ માહિતીના આધારે કોઈ વૈજ્ઞાનિક સિદ્ધાંત કે તારણ નિષ્પન્ન કરી શકાય નહિ. આથી જ સંશોધકે માહિતીમાં સમાનતા કે વિભિન્નતાના આધારે વર્ગીકરણ કરવું જરૂરી બને છે. દા.ત., ઉપર્યુક્ત સંશોધન મુદ્દામાં જાતિ (જીટ) ધર્મ, વૈવાહિક દરજ્જો, જ્ઞાતિ વગેરે જેવી બાબતોનું વર્ગીકરણ કરી શકાય.*

**7. સંશોધનનાં તારણો અને સામાન્યીકરણ (અહેવાલ લેખન) :**

*સંશોધન પ્રક્રિયાનું આ અંતિમ સોપાન છે. સંશોધક મેળવેલ માહિતીના વર્ગીકરણને આધારે જુદી જુદી હકીકતો વચ્ચેના સંબંધની સ્પષ્ટતા મેળવે છે. અને તેના પરથી હકીકતો વિશે ચોકસાઈપૂર્વક વિધાનો રજૂ કરે છે. આવાં વિધાનો એટલે તારણો. આવાં તારણોની જેમાં રજૂઆત કરવામાં આવે તેને સંશોધન અહેવાલ કહેવામાં આવે છે. સંશોધક કોઈપણ ઘટના વિશે સંશોધન કરીને જે તારણો રજૂ કરે એ તારણો એકમાત્ર ઘટનાને જ લાગુ પડતા હોય તેવું હોતું નથી; પરંતુ આ ઘટના અને તેને સમાન અન્ય તમામ*

*ઘટનાઓને પણ એટલા જ લાગુ પડતા હોય છે. આમ એક ઘટનાનો અભ્યાસ કરીને તારવવામાં આવેલાં તારણો તે જ વર્ગની અન્ય ઘટનાઓને જ્યારે લાગુ પાડવામાં પ્રક્રિયાને સામાન્યીકરણ કહેવામાં આવે છે. આ સામાન્યીકરણમાંથી જ સિદ્ધાંતો અસ્તિત્ત્વમાં આવતા હોય છે.*

## 2.4 તમારી પ્રગતિ ચકાસો

1. *"વિજ્ઞાન એ જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે. અથવા મર્યાદિત વિષયવસ્તુને લગતુ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા મેળવેલું જ્ઞાન એટલે વિજ્ઞાન" - આ વ્યાખ્યા કયા વિદ્વાને આપી છે.*
   - A. *જુલિયન હસકલે*
   - B. *જ્યોર્જ ઝીમી*
   - C. *ગુડે અને હદ*
   - D. *હેનરી મેઈનકર*
2. *વિજ્ઞાનની ઓળખ માટેના લક્ષણો કયા વિદ્વાનોએ આપ્યા?*
   - A. *ફ્રાંકિસ*
   - B. *ડૉ. સિંગર*
   - C. *યંગ અને મેકના*
   - D. *એ. વુલ્ફ*
3. *વિજ્ઞાનના લક્ષણો કેટલાં છે. ?*
   - A. 4
   - B. 12
   - C. 14
   - D. 10
4. *વિજ્ઞાનનાં સિદ્ધાંત સ્થાપિત કે પ્રતિપાદિત કરવા માટે અનુભવજન્ય આધાર-પુરાવાઓ પૂરા પાડવામાં આવે છે. જે કયાં વિજ્ઞાનની લાક્ષણિકતાથી દર્શાવ્યું છે?*
   - A. *વિજ્ઞાન ચકાસણીજન્ય છે. વિજ્ઞાન તપાસી શકાય છે.*
   - B. *વિજ્ઞાનથી સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે.*
   - C. *વિજ્ઞાન તાર્કિક છે. દલીલોનો સંવાદ છે.*
   - D. *વિજ્ઞાન હકીકતલક્ષી છે.*
5. *વિજ્ઞાનને જોઈ શકાતું નથી, તે કયા સિદ્ધાંતનો નિર્દેશ કરે છે. ?*
   - A. *વિજ્ઞાન અમૂર્ત છે.*
   - B. *વિજ્ઞાન એક વ્યવસ્થા છે.*
   - C. *વિજ્ઞાન હકીકતલક્ષી છે.*
   - D. *વિજ્ઞાન જાહેર બાબત છે.*

## 2.5 સારાંશ

*વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન. સામાજિક કાર્યકરમાં વિજ્ઞાન વિષયક સમજણ હોય તે જરૂરી છે. સંશોધન કાર્યમાં વિજ્ઞાન વિશેની સમજણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વિજ્ઞાન કોને કહેવાય અને વિજ્ઞાન વિશેની ઓળખ વિશે વિદ્યાર્થી અભ્યાસ કરે તો વિદ્યાર્થીમાં વિજ્ઞાન વિશેની સમજણ વ્યાપક બને. વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિશેનો ખ્યાલ જેટલો ઊંડો હશે તેટલો તે સંશોધન કાર્યમાં વધારે રસ દાખવી*

*શકશે. વિજ્ઞાન વિશેની ઊંડી સમજણના પરિણામે વિદ્યાર્થીઓમાં સંશોધન અંગેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસશે. કોઈપણ સંશોધક સંશોધન કાર્ય કરતાં પહેલાં જેટલો વધારે વિજ્ઞાનનો અભ્યાસ કરે તે જરૂરી છે. વિજ્ઞાન વિશેના અભ્યાસના પરિણામે સંશોધકો સમાજજીવનનાં જુદા-જુદા પાસાંઓને તે ઊંડાણપૂર્વક સમજી શકે છે. આમ, વિજ્ઞાન એટલે શું? અને વિજ્ઞાનનાં જુદાં જુદાં લક્ષણો વિશેની વિવિધ બાબતો ભાવી સંશોધકોનાં વૈચારિક ઘડતર માટે ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે.*

## 2.6 ચાવીરૂપ શબ્દો

**વિજ્ઞાન (Science)** : *વિજ્ઞાન એ એવી પ્રક્રિયા છે. જેમાં પ્રકૃતિની ઘટનાઓ અને પ્રવૃત્તિઓનો અભ્યાસ, અવલોકન અને સંશોધન દ્વારા સમજણ મેળવી શકાય છે. તે તર્કસંગત અને પદ્ધતિબદ્ધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.*

**તબક્કા (Stages):** *તબક્કા એ કોઈપણ પ્રક્રિયા કે સંશોધનના વિભિન્ન સ્તરો છે. તે અહેવાલ તૈયાર કરવા અથવા સંશોધનની પ્રક્રિયા માટે વિવિધ પગલાંઓમાં વહેંચી શકાય છે, જેમ કે:*

- *સમસ્યાની ઓળખ*
- *સંશોધન ડિઝાઈન*
- *માહિતી સંગ્રહ*
- *માહિતી વિશ્લેષણ*
- *નિષ્કર્ષ અને રિપોર્ટિંગ*

**3. સંશોધન (Research):** *સંશોધન એ નવી માહિતી મેળવવા અથવા કોઈ નવું જ્ઞાન મેળવવા માટે વિજ્ઞાનની પદ્ધતિનો ઉપયોગ છે. તે સમસ્યાઓને ઉકેલવા અથવા હિપોથિસિસને પરીક્ષણ કરવા માટે સામગ્રી, માહિતી અને ડેટાનો ઉપયોગ કરે છે.*

**4. સામાજિક સંશોધન (Social Research):** *સામાજિક સંશોધન એ માનવ સમાજ, તેના આચરણ, અને સામાજિક માળખાનો અભ્યાસ કરવા માટેની એક પદ્ધતિ છે. તે સમાજમાં રહેલા લોકોને અને તેમના સંબંધોને, મૂલ્યો, માન્યતાઓ, અને પ્રથાઓને સમજવામાં મદદ કરે છે.*

## 2.7 તમારી પ્રગતિ તપાસોના જવાબ

1) (C) *ગુડે અને હટ્ટ*
2) (D) *એ. વુલ્ફ*
3) (A) 4
4) (A) *વિજ્ઞાન ચકાસણીજન્ય છે. વિજ્ઞાન તપાસી શકાય છે.*
5) (A) *વિજ્ઞાન અમૂર્ત છે.*

## 2.8 સ્વાધ્યાયના પ્રશ્નો

1. *વિજ્ઞાન અનુભવજન્ય છે. તેની એક ઘટના ઉદાહરણ સાથે વર્ણવો.*

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

2. *વિજ્ઞાનથી સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ઉદાહરણ સાથે સમજાવો.*

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

………………………………………………………………………………………………

## 2.9 સંદર્ભગ્રંથ


1) *સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ) પટેલ આર. એસ. અમદાવાદ, જય પબ્લિકેશન* (2015)
2) *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ), ઉચાટ ડી.એ. રાજકોટ* (2009)
3) *સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (છઠ્ઠી આવૃત્તિ) દેસાઈ હરિભાઈ જી. અને દેસાઈ કૃષ્ણકાંત જી.* (2013), *યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત રાજ્ય.*
4) *સામાજિક સંશોધનની પદ્ધતિઓ, શાહ એ.જી અને દવે જે. કે., અમદાવાદ, અનડા પ્રકાશન.*
5) सामाजिक अनुसंधान एव सर्वेक्षण, प्रकाश नारायण नाटाली – पॉइंन्टर पबलिशर- 2007
6) *સંશોધન પદ્ધતિ શાસ્ત્ર* - Dr.R.S. Patel - *જય પબ્લિકેશન*. 2015
7) रिसर्च मेथोड़ोलोजी –डॉ.बी.एम्.जेन –रिसर्च पब्लिकेशन .
8) शोध प्रविधि,डॉ गणेश पायुडे, अरुला प्पुन्दे –राधा पब्लिकेशन – 2007

| એકમ-3 | માત્રાત્મક સંશોધન અને ગુણાત્મક સંશોધન |
|---|---|

-: રૂપરેખા :-

**3.0 એકમના હેતુઓ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 માત્રાત્મક(સંખ્યાત્મક) સંશોધન અર્થ અને લક્ષણો**

**3.3 ગુણાત્મક સંશોધન અર્થ અને વિશેષતાઓ**

**3.4 સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધન વચ્ચે તફાવત**

**3.5 સારાંશ**

**3.6 તમારી પ્રગતિ ચકાસો**

**3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.8 ચાવીરૂપ શબ્દો**

**3.9 સંદર્ભસૂચિ**

## 3.0 એકમના હેતુઓ

*પ્રસ્તુત એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *માત્રાત્મક(સંખ્યાત્મક) સંશોધન વિશે જાણકારી મેળવી શકશો.*
- *ગુણાત્મક સંશોધન વિશે જાણી શકશો.*

## 3.1 પ્રસ્તાવના

*માત્રાત્મક સંશોધન આંકડાઓ અને ગણિતીય માપદંડો પર આધારિત હોય છે, જેમાં તથ્યોને ગોઠવીને વિશ્લેષણ કરવામાં આવે છે. આમાં સર્વે, પ્રયોગ, અને આંકડાકીય મોડલનો ઉપયોગ થાય છે, જેનાથી સામાન્યકરણ માટે ઉપયોગી ડેટા પ્રાપ્ત થાય છે. બીજી તરફ, ગુણાત્મક સંશોધન માનવ અનુભવો, ભાવનાઓ, અને પ્રત્યક્ષ અવલોકન પર આધારિત છે. આમાં ઈન્ટરવ્યુ, ફીલ્ડવર્ક, કેસ સ્ટડી, અને પાત્રવિમર્શ જેવા પદ્ધતિઓનો સમાવેશ થાય છે. માત્રાત્મક સંશોધન શ્રેણીબદ્ધ અને માપનીય છે, જ્યારે ગુણાત્મક સંશોધન વધુ વ્યાખ્યાયિત અને વ્યાખ્યાતમક છે, જે સંદર્ભ અને પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખે છે. બંને પદ્ધતિઓનો સંયોજન સંશોધન માટે વધુ વ્યાપક અને મક્કમ પરિણામો આપે છે.*

## 3.2 માત્રાત્મક(સંખ્યાત્મક) સંશોધન અર્થ અને લક્ષણો

*આ પ્રકારનું સંશોધન એ સંખ્યાત્મક માપન પર આધારિત છે. અભ્યાસ હેઠળની ઘટના કે જેનું માપન પ્રમાણિત સાધનો જેવાં કે પ્રશ્નાવલિઓ, કસોટીઓ, સંશોધનિકાઓ વડે કરીને મોટા નમૂના પાસેથી સંખ્યા સ્વરૂપે માહિતી મેળવાય છે. સંખ્યાત્મક સંશોધનોમાં મુખ્યત્વે 'સંખ્યા' કેન્દ્રમાં છે. સંખ્યાત્મક માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરીને સંશોધન હેઠળની ઘટનાના સંદર્ભમાં પરિણામો મેળવાય છે. સંખ્યાત્મક સંશોધન નિગમનાત્મક, અનાત્મલક્ષી, કેન્દ્રિત અને પરિણામલક્ષી હોય છે.*

*સામાન્યતઃ ચલો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવામાં ઉપયોગી એવાં આ સંશોધનો પ્રમાણમાં ઝડપથી હાથ ધરી શકાય છે. તેમ જ પ્રાપ્ત પરિણામો વ્યાપવિશ્વને લાગુ પાડી શકાય છે. નીચે માત્રાત્મક સંશોધનની કેટલીક વ્યાખ્યાઓ આપવામાં આવી છેઃ*

1. **ક્લિફર્ડ વૂડસનઃ** *"માત્રાત્મક સંશોધન તે પ્રક્રિયા છે, જે સંખ્યાત્મક ડેટા એકત્રિત કરે છે. અને તે ડેટાને વિશ્લેષણ કરી નિષ્કર્ષ પર પહોંચે છે."*
2. **મેક મિલન અને શુમર્ચરઃ** *"માત્રાત્મક સંશોધન એ પદ્ધતિશાસ્ત્ર છે, જે આંકડાકીય માહિતી સાથે પદ્ધતિમાત્ર તથ્યોને અભ્યાસ કરવા માટે રચાયેલ છે."*
3. **ક્રેસવેલઃ** *"માત્રાત્મક સંશોધન એ સંગ્રહિત અને વિશ્લેષિત ડેટા પર આધારિત છે, જે પરિમાણાત્મક માપન અને આંકડાકીય મોડલનો ઉપયોગ કરે છે."*
4. **કેરોલ બૌમનઃ** *"માત્રાત્મક સંશોધન એ સંખ્યાત્મક ડેટાને સૂચવે છે, જેનો ઉપયોગ સંબંધોને માપવા અને ભૂતકાળના આંકડાઓ અને પ્રત્યાઘાતોની આગાહી માટે થાય છે."*

*માત્રાત્મક સંશોધન એ વ્યવસ્થિત તપાસનો સંદર્ભ આપે છે. જે કોઈ ચોક્કસ ઘટના વિશે વિશ્લેષણ, મોડેલ અને તારણો કાઢવા માટે સંખ્યાત્મક ડેટા અને માત્રાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ પ્રકારના સંશોધનમાં ઘણીવાર નીચેના ઘટકોનો સમાવેશ થાય છેઃ*

1. **ડેટા કલેક્શનઃ** *વિવિધ પદ્ધતિઓ જેમ કે સર્વેક્ષણો, પ્રયોગો અથવા વર્તમાન ડેટાસેટ્સ દ્વારા આંકડાકીય માહિતી એકત્ર કરવી.*
2. **આંકડાકીય વિશ્લેષણઃ** *ડેટાનું અર્થઘટન કરવા માટે આંકડાકીય તકનીકોનો ઉપયોગ કરવો. આમાં વર્ણનાત્મક આંકડા, અનુમાનિત આંકડા, રીગ્રેસન વિશ્લેષણ અને વધુનો સમાવેશ થઈ શકે છે.*
3. **મોડેલિંગઃ** *ડેટાની અંદરના સંબંધોને રજૂ કરવા માટે ગાણિતિક અથવા કોમ્પ્યુટેશનલ મોડલ્સ બનાવવા. આનો ઉપયોગ ઘણીવાર પરિણામોની આગાહી કરવા અથવા અંતર્ગત પેટર્નને સમજવા માટે થાય છે.*
4. **પરિણામોનું અર્થઘટનઃ** *નિષ્કર્ષ મેળવવા માટે તારણોનું વિશ્લેષણ, જેમાં પૂર્વધારણા પરીક્ષણ અને પરિણામોના મહત્ત્વનું મૂલ્યાંકન સામેલ હોઈ શકે છે.*
5. **રિપોર્ટિંગઃ** *પરિણામોને અસરકારક રીતે સંચાર કરવા માટે સંશોધનનાં તારણોને ઘણીવાર આલેખ, ચાર્ટ અને કોષ્ટકો દ્વારા રજૂ કરવા.*

*આંકડાકીય સંશોધનનો ઉપયોગ સામાન્ય રીતે અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પ્રાકૃતિક વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં થાય છે, જ્યાં પરિમાણપાત્ર ડેટા જટિલ મુદ્દાઓની આંતરદૃષ્ટિ પ્રદાન કરી શકે છે. સંખ્યાત્મક સંશોધન સાંકેતિક ગણતરીને બદલે સંખ્યાત્મક અંદાજ દ્વારા ગાણિતિક સમસ્યાઓ ઉકેલવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ અને તકનીકોની શ્રેણીને સમાવે છે. તે એન્જિનિયરિંગ, ભૌતિકશાસ્ત્ર, નાણા અને કમ્પ્યુટર વિજ્ઞાન સહિત વિવિધ ક્ષેત્રોમાં વ્યાપકપણે લાગુ થાય છે.*

- **સંખ્યાત્મક સંશોધનના લક્ષણો :**

*માત્રાત્મક સંશોધન* (Quantitative Research) *એ એવું સંશોધન છે. જેમાં ડેટાને માપવા અને આંકડાકીય પદ્ધતિઓ દ્વારા વિશ્લેષણ કરવામાં આવે છે. તેની મુખ્ય લક્ષણો નીચે મુજબ છેઃ*

1. **માપન અને આંકડાકીય આકારણ :** *સંશોધનમાં માપન માટે ચોક્કસ અને ચોક્કસ આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. આંકડાઓને સંખ્યાત્મક રૂપમાં એકત્રિત કરવામાં આવે છે.*
2. **ઉદ્દેશ્યપૂર્વકતા :** *માત્રાત્મક સંશોધન ઉદ્દેશ્ય આધારિત હોય છે, જેમાં વ્યક્તિગત મતભેદો અથવા ભાવનાઓની અસર ન હોય.*
3. **સંકલન પદ્ધતિઓ :** *સર્વે, પ્રયોગો, અવલોકન અથવા માપનના સાધનો દ્વારા ડેટા એકત્રિત થાય છે.*
4. **ઉત્કલ્પનાનું પરીક્ષણ :** *અગાઉથી નક્કી કરેલી હિપોથેસિસનું પરીક્ષણ કરવાનું મુખ્ય લક્ષ્ય હોય છે.*
5. **વિશ્લેષણ માટે આંકડાશાસ્ત્રનો ઉપયોગ :** *આંકડાશાસ્ત્ર* (Statistics)*નો ઉપયોગ કરીને ડેટાનું વિશ્લેષણ થાય છે.*
6. **પ્રતિનિધિત્ત્વ અને સામાન્યીકરણ :** *મોટાભાગના માત્રાત્મક સંશોધનોમાં નમૂનાના આધારે સામાન્ય જનસંખ્યાના વલણો નક્કી કરવા પ્રયત્ન થાય છે.*
7. **ફોર્મલ ડેટા પ્રસ્તુતિ :** *પરિણામો ગ્રાફ, ચાર્ટ, ટેબલ, અથવા આંકડાકીય રીતે રજૂ થાય છે.*
8. **નિયંત્રણ અને પુનરાવર્તનક્ષમતા :** *સંશોધનમાં ભેદજાળવા માટે પરિસ્થિતિઓ પર નિયંત્રણ રાખવામાં આવે છે. પરિણામો પુનરાવર્તિત* (reproducible) *હોય છે.*
9. **વિસ્તૃત નમૂનાકીય આકારણ :** *મોટા પાયે નમૂનાનું સંકલન થાય છે. જેથી પરિણામોને વધુ માન્યતા મળે.*
10. **સ્પષ્ટતા અને સચોટતા :** *આંકડાઓના આધારે પરિણામો સ્પષ્ટ અને સચોટ હોય છે.*

*સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બંને પ્રકારનાં સંશોધનોની આગવી વિશિષ્ટતા છે, ખામીઓ છે. અને લાભો પણ છે. વળી, બંનેનો સમન્વય કરી શકાય છે, કારણ કે બંને કંઈ એકબીજાનાં વિરોધી નથી. બંનેનો સમન્વય કરવાથી પ્રાપ્ત પરિણામોની આંતરિક અને બાહ્ય પ્રમાણભૂતતા વધે છે, એટલે કે પ્રાપ્ત તારણોનું સાચાપણું વધે છે. તેમ જ તેની વ્યાપકતા પણ વધે છે. તેમ જ તેમાં સમાવિષ્ટ વિવિધ ઘટકોની અસર પણ ચકાસી શકે છે. શબ્દો તેમ જ સંખ્યાનું મહત્ત્વ સમજીને તેનો યથોચિત ઉપયોગ કરી શકે છે.*

*સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધનોમાં જુદાપણું છે. તેમને હાથ ધરવાની બાબતમાં ઘણો તફાવત છે. સંશોધકની ભૂમિકાના સંદર્ભમાં પણ આ મને પ્રકારનાં સંશોધનો અલગ પડે છે. કેટલીક બાબતોના આધારે આ બંને પ્રકારનાં સંશોધનોને તપાસતાં એવું લાગે છે. કે આ બંને પ્રકારનાં સંશોધનો એકબીજાની વિરુદ્ધ છે. પરંતુ આ બંને સંશોધનો જ છે, સંશોધન- પ્રશ્નોના ઉત્તરો મેળવવાની સંશોધન પ્રક્રિયા જ છે.*

## 3.3 ગુણાત્મક સંશોધન

*ગુણાત્મક સંશોધન ગુણાત્મક અભ્યાસ પર આધારિત છે. અભ્યાસ હેઠળની ઘટના કે જેનું બિનપ્રમાણિત સાધનો જેવાં કે ક્ષેત્રનોંધ, દસ્તાવેજો, સહભાગી અવલોકન, મુક્ત મુલાકાત વગેરે વડે અભ્યાસ હેઠળની ઘટના અંગે નાના નમૂના પાસેથી વિસ્તૃત શાબ્દિક માહિતી મેળવાય છે. અહીં 'શબ્દ' કેન્દ્રમાં છે. ગુણાત્મક સંશોધનોમાં કુદરતી પરિસ્થિતિમાં ઘણાં ચલ અંગે બહુપદ્ધતિય રીતે વિસ્તૃત અને શાબ્દિક માહિતી એકત્ર કરવામાં આવે છે, જેનું અર્થઘટનાત્મક પૃથક્કરણ કરીને અભ્યાસ હેઠળની*

*ઘટનાને લગતી ઊંડી સમજ મેળવવામાં આવે છે. આ પ્રકારનું સંશોધન આગમનાત્મક, આત્મલક્ષી, સમગ્રલક્ષી અને પ્રક્રિયાલક્ષી હોય છે.*

*સામાન્યતઃ વિશિષ્ટ પરિસ્થિતિ, સંસ્થા, સમાજ, લોકોના જૂથ વગેરેના અભ્યાસમાં ઉપયોગી એવા આ અભ્યાસો કારણો, અર્થઘટનો અને ફલિતાર્થો પર ભાર મૂકે છે. પ્રમાણમાં વધુ સમય લાગે છે. તેમ જ પ્રાપ્ત પરિણામોની સામાન્યીકૃતતા ઓછી હોય છે. વ્યક્તિઅભ્યાસ, ઐતિહાસિક, તાત્ત્વિક, ઘટનાકીય, નૃવંશશાસ્ત્રીય વગેરે ગુણાત્મક સંશોધનની પદ્ધતિઓ છે.*

*ગુણાત્મક સંશોધનનો ઉદ્દભવ સામાજિક સંશોધનોમાંથી થયેલો છે. માનવસંસ્કૃતિના અભ્યાસ માટે ગુણાત્મક સંશોધનોનો બહોળો ઉપયોગ થતો હોવાને કારણે ઘણીવાર તેને માનવજાતિ શાસ્ત્રીય કે માનવવંશ શાસ્ત્રીય સંશોધન પણ કહે છે. કેટલાક સંશોધકો 'માનવજાતિ શાસ્ત્રીય' અને 'ગુણાત્મક' આ બે પદોને એકબીજાનાં પર્યાય ગણે છે, જ્યારે કેટલાક માનવજાતિશાસ્ત્રને ગુણાત્મક સંશોધનોનો એક પ્રકાર ગણે છે.*

*ગુણાત્મક સંશોધન* (Qualitative Research) *એ સંશોધનનો એવો પ્રકાર છે. જે ગુણવત્તાયુક્ત ડેટા અથવા માહિતીને વિશ્લેષિત કરે છે. તે મુખ્યત્વે માણસના વર્તન, અનુભવો, મતો, ધારણાઓ અને સામાજિક પ્રત્યાઘાતને સમજવા પર કેન્દ્રિત હોય છે. આ સંશોધનનો ઉપયોગ સંજ્ઞાત્મક અને વર્ણનાત્મક ડેટાને એકઠું કરવા માટે થાય છે, જેને રાશિગત રીતે માપવું મુશ્કેલ હોય છે. ગુણાત્મક સંશોધનની કેટલીક વ્યાખ્યાઓ નીચે દર્શાવવામાં આવી છે:*

1. **કરસ્વેલ** - *"ગુણાત્મક સંશોધન એ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે. જેમાં સંશોધક માનવ અનુભવો, સંજ્ઞાઓ અને વ્યવહારો વિશે ડેટા એકત્ર કરે છે, તેનો વિશ્લેષણ કરે છે. અને અર્થઘટન કરે છે."*
2. **ડેન્ઝિન અને લિંકોલ્ન** - *"ગુણાત્મક સંશોધન એ એક પ્રકારનું ક્રિયાપ્રધાન અભિગમ છે. જે વૈજ્ઞાનિક પદ્ધતિઓના ઉપયોગ દ્વારા સામાજિક વિશ્વના અર્થઘટન માટે કાર્ય કરે છે."*
3. **બોડગેન અને ટેલર**- *"ગુણાત્મક સંશોધન એ સામાજિક પરિબળોને સમજવા માટેના ગુણવત્તાયુક્ત દૃષ્ટિકોણોનું સમૂહ છે, જેનો હેતુ લોકોને તેમના દુનિયાના દ્રષ્ટિકોણથી સમજવા માટે છે."*
4. **પેટ્ટન :**- *"ગુણાત્મક સંશોધન એ એક નમનશીલ અભિગમ છે, જેમાં લોકો અને તેમના વર્તન અને અનુભવ વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવવા માટે લવચીક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે."*
5. **માઈલ્સ અને હબર્મેન :** *"ગુણાત્મક ડેટા એ મુખ્યત્વે શબ્દો છે, માળખાગત નહીં પરંતુ વર્ણનાત્મક અને અર્થપૂર્ણ હોય છે, જે સંશોધકને વ્યાખ્યાની સમજણ આપવા માટે મદદ કરે છે."*

*સંખ્યાત્મક સંશોધનોની તુલનામાં ગુણાત્મક સંશોધનો હાથ ધરવાં સહેલાં છે, પરંતુ અનુભવે જણાયું છે. કે આંકડા સ્વરૂપે પ્રાપ્ત માહિતીનું સંશ્લેષણ, પૃથક્કરણ અને અર્થઘટન પ્રમાણમાં સરળ અને અનાત્મલક્ષી બને છે, જ્યારે શબ્દોમાં વર્ણનાત્મક સ્વરૂપ પ્રાપ્ત માહિતી પ્રમાણમાં જટિલ, આત્મલક્ષી અને પ્રત્યેક સંશાધન માટે આગવી છે.*

*શાબ્દિક માહિતીને વર્ગીકૃત કરી તેનું વિશ્લેષણ અને પ્રાપ્ત વિગતનું સંશ્લેષણ કરવું એ ગુણાત્મક સંશોધન છે. કોઈ સામાજિક ઘટનાને તપાસવા માટે આગમનાત્મક અને અર્થઘટનાત્મક*

*અભિગમનો પદ્ધતિસર વિનિયોગ એટલે ગુણાત્મક સંશોધન. જે સંશોધનોમાં સંખ્યા કે પરિમાણ હોતાં નથી, પણ શાબ્દિક વર્ણન હોય છે. તેને ગુણાત્મક સંશોધનો કહેવાય છે.*

*ગુણાત્મક સંશોધન એ માહિતીના ગુણાત્મક પૃથક્કરણનું એવું શાસ્ત્ર / વિજ્ઞાન છે. કે જેમાં તપાસ હેઠળની ઘટનાનું આસપાસના સંદર્ભને ધ્યાનમાં લઈ સૂક્ષ્મ વર્ણન અને ઊંડાણપૂર્વક અર્થઘટન કરવામાં આવે છે. ગુણાત્મક સંશોધનમાં અભ્યાસ હેઠળની બાબતના સંદર્ભમાં કુદરતી/નૈસર્ગિક પરિસ્થિતિમાં ઘણાં ચલો અંગેની લાંબા સમય સુધી વિસ્તૃત માહિતી મેળવવામાં આવે છે.*

- **ગુણાત્મક સંશોધનની સંકલ્પના :**

- *ગુણાત્મક સંશોધનમાં તપાસ હેઠળના લોકો દ્વારા અનુભવાયેલી હોય કે તેમની પરિસ્થિતિને રજૂ કરતી હોય તેવી વર્ણનાત્મક માહિતી તેમની પાસેથી મેળવીને તપાસવામાં આવે છે.*
- *અભ્યાસ હેઠળની પરિસ્થિતિ કે ઘટના અંગે સમગ્રલક્ષી અને ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે બહુપદ્ધતીય અભિગમ દ્વારા વિસ્તૃત અને વર્ણનાત્મક માહિતીના એકત્રીકરણ અને પૃથક્કરણને ગુણાત્મક સંશોધન કહે છે. અભ્યાસ હેઠળની બાબત અંગે ઊંચી/ઊંડી સમજણ વિકસાવવા માટે તે "શું છે"ની સાથે "શા માટે છે"નો પણ સમાવેશ કરવામાં આવે છે.*
- *ગુણાત્મક સંશોધન દ્વારા (1) કુદરતી સહજ પરિસ્થિતિમાં પાત્રોના લાંબા સમય સુધીનાં અવલોકન અને મુક્ત મુલાકાત દ્વારા તથા (2) સાહિત્ય/દસ્તાવેજો કે પદાર્થોમાંથી સંખ્યાને બદલે વિસ્તૃત શાબ્દિક વર્ણન સ્વરૂપે એકત્ર કરેલી માહિતીનું અર્થઘટનાત્મક વિશ્લેષણ કરીને પાત્રોના પોતાના દ્રષ્ટિકોણથી માનવવર્તનની ઊંડી સમજ મેળવવામાં આવે છે.*

- **ગુણાત્મક સંશોધનનાં લક્ષણો :**

- *આ પ્રકારનું સંશોધન કુદરતી-સહજ/સ્વાભાવિક પર્યાવરણમાં હાથ ધરવામાં આવે છે. આયોજનબદ્ધ, સંશોધક-નિયંત્રિત કે કૃત્રિમ- પરિવેશને બદલે નૈસર્ગિક પરિવેશ જરૂરી છે. એટલે કે અહીં પ્રાકૃતિક અભિગમ મહત્ત્વનો છે, જેના વડે અભ્યાસ હેઠળની બાબતોનો જે છે. તે કુદરતી સ્વરૂપમાં અભ્યાસ કરવામાં આવે છે.*
- *આ સંશોધનો વર્ણનાત્મક સ્વરૂપ ધરાવે છે. એકત્ર કરાતી માહિતી સંખ્યા કે આંકડા કરતાં વિશેષતઃ શાબ્દિક વર્ણનના સ્વરૂપમાં હોય છે.*
- *ગુણાત્મક સંશોધન એ માહિતીના ગુણાત્મક અર્થઘટનનું શાસ્ત્ર છે; કારણ કે અહીં અભ્યાસ હેઠળની ઘટનાનું સૂક્ષ્મ વર્ણન અને ઊંડાણપૂર્વકનુ અર્થઘટન કરવામાં આવે છે. અર્થ-સમજ એ ગુણાત્મક સંશોધનની અગત્યની લાક્ષણિકતા છે.*
- *આ પ્રકારનાં સંશોધન માટે સમગ્રલક્ષી અભિગમનો ઉપયોગ કરવામાં આવે છે, કારણ કે અહીં અભ્યાસ હેઠળની ઘટનાના સંદર્ભમાં ઘણીબધી બાબતોને આવરી લેવામાં આવે છે.*
- *અહીં વ્યક્તિની ક્રિયા-પ્રતિક્રિયાને તેના પોતાના સામાજિક સંદર્ભમાં સમજવામાં આવે છે. આ માટે વ્યક્તિના સામાજિક જીવનનાં વિવિધ પાસાંઓનું સૂક્ષ્મતમ અવલોકન કરવામાં આવે છે. તેમ જ તેમની સામાજિક ક્રિયાઓ અને કાર્યોના સંદર્ભમાં તપાસ કરવામાં આવે છે. આથી આ પ્રકારના અભ્યાસ એથ્નોગ્રાફી તરીકે પણ ઓળખાય છે.*
- *પૂરી અને ઊંડાણપૂર્વકની તપાસ કરવા માટે અહીં અભ્યાસ હેઠળની પરિસ્થિતિ, ઘટના કે લોકો સાથે સીધો અને ગાઢ (ખૂબ જ નજીકનો) સંપર્ક રાખવામાં આવે છે. આ માટે સહભાગી પરિપ્રેક્ષ્યનો ઉપયોગ મહત્ત્વનો બને છે.*

- આ પ્રકારનું સંશોધન માત્ર સિદ્ધાંત કે શાસ્ત્ર પર આધાર રાખતું નથી પરંતુ અનુભવનિષ્ઠ માહિતી પર આધાર રાખે છે. કેટલીક વાર અભ્યાસ હેઠળની બાબતના સંદર્ભમાં સંબંધિત સ્થળ પરની વિસ્તૃતનોંધ લેવાની હોવાથી ઘણી વાર આ પ્રકારના સંશોધનને 'ક્ષેત્રીય સંશોધન' પણ કહે છે.
- અહીં સંશોધન કરતી વખતે સંશોધક અને તપાસ હેઠળની ઘટના એમ બંનેનાં મૂલ્યો અને માન્યતાઓને ધ્યાનમાં લેવાનું જરૂરી બને છે. અહીં એવું મનાય છે. કે મૂલ્યમુક્ત વિજ્ઞાન જેવું હોતું
- ગુણાત્મક સંશોધન એ કોઈ એક સંશોધન પદ્ધતિ નથી, પરંતુ પદ્ધતિઓનો સમૂહ છે. અભ્યાસ હેઠળની ઘટનાની સમગ્રલક્ષી અને ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે વિવિધ પ્રકારની પદ્ધતિઓ અને માહિતી એકત્ર કરવાના વિવિધ રસ્તાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે (1) પ્રત્યક્ષ સહભાગી અવલોકન, (2) જરૂરી દસ્તાવેજોનું એકત્રીકરણ, (3) ઊંડાણપૂર્વકની વિસ્તૃત અનૌપચારિક મુક્ત મુલાકાત, વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.
- ગુણાત્મક સંશોધન બહુપાસીય અભિગમ ધરાવે છે, કારણ કે અહીં તપાસ હેઠળની સમસ્યાના સંદર્ભમાં ઘણી બધી બાબતો અંગેની માહિતી વિવિધ પદ્ધતિઓ દ્વારા મેળવવામાં આવે છે.

## 3.4 સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધન વચ્ચે તફાવતઃ

| તફાવત | સંખ્યાત્મક સંશોધન | ગુણાત્મક સંશોધન |
|---|---|---|
| લક્ષ્ય | આંકડાઓને માપવું, પ્રમાણ અને અનુમાન કરવું | અનુભવો અને મંતવ્ય સમજવું |
| ડેટા પ્રકાર | સંખ્યાબદ્ધ (આંકડાઓ) | વિશિષ્ટ (કહાણીઓ, અનુભવો, દૃષ્ટિ) |
| વિશ્લેષણ પદ્ધતિ | આંકડાશાસ્ત્ર, સીટિસ્ટિકલ મોડલિંગ | કોડિંગ, વિષય વિશ્લેષણ, અનુમાન |
| પરિણામો | સંખ્યાબદ્ધ પરિણામ, ગણનાત્મક અનુમાન | વર્ણનાત્મક, વિશ્લેષણાત્મક પરિણામ |
| પ્રયોગો/ઉદાહરણ | સર્વે, પ્રયોગો, પરીક્ષણ | ઇન્ટરવ્યૂ, કેસ અભ્યાસ, અવલોકન |

આ રીતે, બંને પદ્ધતિઓના વિશિષ્ટ ઉદ્દેશો અને પ્રક્રિયાઓ છે, પરંતુ તે પરિપ્રેક્ષ્ય, પદ્ધતિ અને અનુકૂળ પરિણામોને લગતા છે.

## 3.5 સારાંશ

સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધન એ સામાજિક વિજ્ઞાનમાં વિવિધ મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા માટે ઉપયોગમાં લેવાતા બે મુખ્ય ઍપ્રોચ છે. સંખ્યાત્મક સંશોધન ગણિતીય ડેટા અને આંકડાઓ પર આધારિત હોય છે, જેમાં ગતિશીલતા માપવા માટે સર્વે, પ્રયોગો અથવા આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિ ઠોસ, ઓબ્જેક્ટિવ ડેટા રજૂ કરે છે. અને મોટા પ્રમાણમાં નમૂનાને આવરી લે છે. વિપરીત રીતે, ગુણાત્મક સંશોધન શબ્દોથી આધારિત હોય છે. અને વ્યક્તિગત અનુભવ, ધારણાઓ અને માનવ વર્તનનું ઊંડાણપૂર્વકનું અવલોકન કરે છે. તે મુખ્યત્વે ઇન્ટરવ્યૂ, અવલોકન અને કેઝ સ્ટડી

જેવા પદ્ધતિઓનો સહારો લે છે. બંને પદ્ધતિઓના પોતાના ફાયદા અને મર્યાદાઓ છે, પરંતુ એક સાથે ઉપયોગ કરીને સંશોધનમાં વધુ સમગ્ર અને વ્યાપક પરિણામો મેળવવા સહાયરૂપ બને છે.

## 3.6 તમારી પ્રગતિ ચકાસો

1. સંખ્યાત્મક સંશોધનનું મુખ્ય લક્ષ્ય શું છે?
   a) માનસિક પરિપ્રેક્ષ્યનું વિશ્લેષણ
   b) આંકડાઓના માધ્યમથી સંજ્ઞાઓનું માપન
   c) લઘુત્તમ પ્રમાણમાં માહિતી મેળવનાં માટે
   d) એકવારજ ભવિષ્યવાણી કરવી.

2. ગુણાત્મક સંશોધન માટે કયો અભિગમ વધુ યોગ્ય છે?
   a) એનાલિટિકલ
   b) સ્ટેટિસ્ટિકલ
   c) સ્પષ્ટ અને વ્યાખ્યાયિત
   d) ભવિષ્યવાણી

3. સંખ્યાત્મક સંશોધનમાં કયું એકમો સામાન્ય રીતે પ્રયોગ કરવામાં આવે છે?
   a) ઈન્ટરવ્યૂ
   b) સર્વે
   c) પ્રવૃત્તિ
   d) કેસ અભ્યાસ

4. ગુણાત્મક સંશોધન કયા પ્રકારના ડેટા પર આધારિત હોય છે?
   a) આંકડાઓ અને આંકડાકીય પરીણામ
   b) શબ્દો, અનુભવ, અને માન્યતાઓ
   c) ભવિષ્યવાણી
   d) આલ્ગોરિધમ

5. સંખ્યાત્મક સંશોધનની સૌથી મોટી ખામી શું છે?
   a) સંપૂર્ણ અને સત્ય પરિણામ આપતું નથી
   b) આંકડાઓના અર્થને સમજી શકવું મુશ્કેલ છે
   c) ખૂબ ખર્ચીળ અને સમયસર નથી
   d) આડેધડ પરિણામ આપે છે.

6. ગુણાત્મક સંશોધનના મથાળાના પદ્ધતિનો ઉદ્દેશ શું છે?
   a) સામાજિક બાબતોને સંખ્યાબદ્ધ રીતે ગણવું
   b) લોકોના અભિપ્રાય, મંતવ્ય અને અનુભવોના સઘન મંથન વિશે સમજણ પ્રાપ્ત કરવી
   c) શોધક પરિપ્રેક્ષ્યનો વિસ્તૃત ઉપયોગ કરવો.
   d) નમૂનાઓનો અનુસંધાનિત કરવા.

7. *કયા સંશોધનમાં ક્ષેત્ર અધ્યયન* (Field Study) *વધુ વપરાય છે?*

a) *સંખ્યાત્મક સંશોધન*

b) *ગુણાત્મક સંશોધન*

c) *સર્વે સંશોધન*

d) *કોઈપણ નમૂના સંશોધન*

## 3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. b) *આંકડાઓના માધ્યમથી સંજ્ઞાઓનું માપન*
2. c) *સ્પષ્ટ અને વ્યાખ્યાયિત*
3. b) *સર્વે*
4. b) *શબ્દો, અનુભવ, અને માન્યતાઓ*
5. b) *આંકડાઓના અર્થને સમજી શકવું મુશ્કેલ છે*
6. b) *લોકોના અભિપ્રાય, મંતવ્ય અને અનુભવોના સઘન મંથન વિશે સમજણ પ્રાપ્ત કરવી*
7. b) *ગુણાત્મક સંશોધન*

## 3.8 ચાવીરૂપ શબ્દો

**સંશોધન** : *સંશોધન એ વિજ્ઞાનની શાખા છે, જે કંઈક નવા જ્ઞાનની શોધ, માહિતીના સંકલન અને પુરાવા આધારિત વિશ્લેષણ માટેની કાર્યપ્રણાલીને સંકેત આપે છે. તે વિવિધ મુદ્દાઓનું ઉકેલ લાવવા અથવા નવી સમજણ બનાવવા માટે નિયમિત અને સંયોજનબદ્ધ રીતે કરવામાં આવે છે.*

**પદ્ધતિ** : *સંશોધન માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે, જેમાં પ્રમાણભૂત માહિતી સંકલિત કરવા માટે આંકડાશાસ્ત્ર અને વિવેચનાત્મક અભિગમ સમાવિષ્ટ છે. મુખ્યત્વે બે પ્રકારની પદ્ધતિઓ, માત્રાત્મક (સંખ્યાત્મક) અને ગુણાત્મક પદ્ધતિઓ, વિસ્તૃત અભ્યાસ માટે વપરાય છે.*

**માત્રાત્મક સંશોધન** : *માત્રાત્મક સંશોધન આંકડાકીય ડેટા અને ગણિત પર આધારિત છે. તેમાં મૂલ્યાંકન માટે માપદંડો અથવા સ્કેલનો ઉપયોગ થાય છે. અને સર્વે, પ્રયોગો અથવા આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ વડે ભૌતિક ડેટાને વિશ્લેષિત કરવામાં આવે છે. આ પદ્ધતિ માપનને સુગમ બનાવે છે. અને મોટા નમૂનાને આવરી લે છે.*

**ગુણાત્મક સંશોધન** : *ગુણાત્મક સંશોધન શબ્દ પર આધારિત છે. અને માનવ અનુભવો, વિચારધારા અને ધારણાઓને ઊંડાણપૂર્વક સમજવામાં મદદ કરે છે. તે મૌખિક ઈન્ટરવ્યૂ, કેઝ સ્ટડી, અને અવલોકન જેવી પદ્ધતિઓ દ્વારા કરવામાં આવે છે, જે વ્યક્તિગત અભિગમ માટે પ્રખ્યાત છે.*

**આંકડાશાસ્ત્ર** : *એ ગણિતનો એક શાખો છે. જે ડેટાની સંગ્રહ, વિશ્લેષણ, વ્યાખ્યા, અને પરિપ્રેક્ષ્ય પર આધારિત નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે. આંકડાશાસ્ત્ર સામાન્ય રીતે સંખ્યાઓ અને આંકડાઓ સાથે સંકળાયેલું હોય છે. અને તેનો ઉપયોગ વિવિધ ક્ષેત્રોમાં થાય છે. જેમ કે સામાજિક વિજ્ઞાન, અભ્યાસ, આરોગ્ય, અર્થશાસ્ત્ર, એન્જિનિયરીંગ, વગેરે.*

**સિદ્ધાંત** : *સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની નિગમનાત્મક અને વ્યાપ્તિલક્ષી તાર્કિક વ્યવસ્થા છે. ઘટનાઓ વચ્ચે સંબંધ રજૂ કરે છે. તેના ઉપરથી કસોટી થઈ શકે તેવી ઉપકલ્પના મેળવી શકાય છે.*

**વર્ગીકરણ** : *વર્ગીકરણ એટલે વિવિધ ગુણધર્મો ધરાવતી વિસ્તૃત માહિતીને સામ્ય અને વિરોધ દર્શાવતા જુદા જુદા વર્ગોમાં ગોઠવવાની એવી પ્રક્રિયા, જેના દ્વારા માહિતીની અંદર રહેલા સમાન ગુણધર્મોને સાથે દર્શાવી શકાય છે. તથા અલગ ગુણધર્મોને અલગ વર્ગમાં દર્શાવી શકાય છે.*

## 3.9 સ્વાધ્યાયના પ્રશ્નો

1. . *ગુણાત્મક સંશોધનોની વ્યાખ્યાઓ આપી તેને સમજાવો.*

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..........................

2. *ગુણાત્મક સંશોધનોનાં લક્ષણો વર્ણવો.*

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..........................

3. *સંખ્યાત્મક સંશોધનોના સંદર્ભમાં ગુણાત્મક સંશોધનોનાં મહત્ત્વનાં ચાર લક્ષણો સ્પષ્ટ કરો.*

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..........................

4. *ગુણાત્મક સંશોધનનાં લક્ષણોની યાદી આપો.*

..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................
..............................................................................................

**3.9 સંદર્ભસૂચિ**


1. *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, ડી.કે.ઉચાટ, ડૉ.દિનેશચંદ્ર.એ.ઉચાડ પ્રકાશક- રાજકોટ*-2021
2. *સંશોધન પદ્ધતિ – પ્રા.ડૉ.એલ.આર.યાજ્ઞિક, પ્રા. ડૉ.બી.ડી.ઢીલા, પ્રા.ડૉ.કે.બી.ચોથાણી – અમદાવાદ અક્ષર પબ્લિકેશન –*2004
3. सामाजिक अनुसंधान एव सर्वेक्षण, प्रकाश नारायण नाटाली –पॉइंन्टर पबलिशर- 2007
4. *સંશોધન પદ્ધતિ શાસ્ત્ર* - Dr.R.S. Patel - *જય પબ્લિકેશન.* 2015
5. रिसर्च मेथोड़ोलोजी – डॉ.बी.एम्.जेन – रिसर्च पब्लिकेशन .
6. शोध प्रविधि,डॉ गणेश पायुडे, अरुला प्पुन्दे – राधा पब्लिकेशन – 2007

| એકમ-4 | સમાજકાર્ય સંશોધનના હેતુઓ અને ઉપકલ્પનાઓ |
|---|---|

-: રૂપરેખા :-

**4.1** પ્રસ્તાવના

**4.2** અધ્યયનના હેતુઓ

**4.3** સામાજિક કાર્ય સંશોધન

**4.4** સામાજિક કાર્ય સંશોધનનો અર્થ

**4.5** સામાજિક કાર્ય સંશોધનની વ્યાખ્યાઓ

**4.6** સામાજિક કાર્ય સંશોધનના ઉદ્દેશ્યો

**4.7** સામાજિક કાર્ય સંશોધનના લક્ષ્યો અને મર્યાદાઓ

**4.8** સામાજિક કાર્ય સંશોધન માટે માર્ગદર્શિકા

**4.9** ઉપકલ્પના

**4.10** ઉપકલ્પનાનો અર્થ

**4.11** ઉપકલ્પનાની સંકલ્પના

**4.12** ઉપકલ્પનાનાં લક્ષણો

**4.13** ઉપકલ્પનાના સ્ત્રોત

**4.14** તમારી પ્રગતિ ચકાસો

**4.15** ઉપસંહાર

**4.16** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**4.17** ચાવીરૂપ શબ્દો

**4.18** સ્વાધ્યાય લેખન

**4.19** પ્રવૃત્તિ

**4.20** કેસ સ્ટડી

**4.21** સંદર્ભ ગ્રંથો

## 4.1 પ્રસ્તાવનાઃ

*સંશોધન એ એક એવી પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિ કોઈ ઘટના વિશે અધિકૃત અને વિશ્વસનીય માહિતી મેળવે છે. તેને વ્યાપક રીતે “સામાજિક ઘટનાને સમજવા માટેની વ્યવસ્થિત તપાસ” તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. તે જ્ઞાન મેળવવા માટે વૈજ્ઞાનિક અભિગમને અનુસરે છે. આ અભિગમની સૌથી મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતા વસ્તુનિષ્ઠતા પર તેનો ભાર છે. વૈજ્ઞાનિક અભિગમનો ઉપયોગ કરીને*

*કરવામાં આવતું સંશોધન સમાજની સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે કેટલી હદે ઉપયોગી છે? આપણે માનવ અનુભવના વિવિધ પાસાઓ વિશે વિશ્વસનીય જ્ઞાન કેવી રીતે મેળવી શકીએ? વધુ ચોક્કસપણે કહીએ તો, સામાજિક ઘટનાઓને સમજવામાં વૈજ્ઞાનિક અભિગમ કેવી રીતે મૂલ્યવાન હોઈ શકે? આ એકમમાં સમાજકાર્ય સંશોધન, તેના હેતુઓઅને ઉત્કલ્પનાઓની ચર્ચા કરવામાં આવી છે. સામાજિક કાર્ય સંશોધનમાં સામાજિક સમસ્યાઓ અને તેમના કારણોનો અભ્યાસ, આ સમસ્યાઓની અસરો, હસ્તક્ષેપોનો સમાવેશ થાય છે. જેનો હેતુ તેમને સંભાળવાનો અને ઉકેલવાનો છે. તે નબળી અને વંચિત પરિસ્થિતિઓમાં લોકોની જરૂરિયાતો અને તેમને આપવામાં આવતી સહાયક સેવાઓની અસરકારકતાનો અભ્યાસ કરે છે.*

## 4.2 અધ્યયનના હેતુઓ:

- *વિદ્યાર્થી સમાજકાર્ય સંશોધનના હેતુઓઅને ઉપકલ્પનાઓ અંગેની સમજ કેળવશે.*
- *વિદ્યાર્થી સમાજકાર્ય સંશોધનના લક્ષ્યો અને મર્યાદાઓ વિશે સમજ કેળવશે.*
- *વિદ્યાર્થી સમાજકાર્ય સંશોધનનું મહત્ત્વ સમજશે.*
- *વિદ્યાર્થી સમાજકાર્ય સંશોધનની મદદથી ક્ષેત્ર કાર્યમાં સંશોધન અભ્યાસ કરતા શીખશે.*

## 4.3 સામાજિક કાર્ય સંશોધન (Social Work Research):

*સામાજિક કાર્ય સંશોધન એ સામાજિક કાર્યની એક પદ્ધતિ છે. સામાજિક કાર્યની અન્ય પદ્ધતિઓનો અભ્યાસ કરતી વખતે, સામાજિક કાર્યકર્તાએ પ્રેક્ટિસની અસરકારકતા માટે સામાજિક કાર્ય સંશોધન કરવું જરૂરી છે. આ સંશોધન પદ્ધતિ અમુક અંશે સામાજિક સંશોધનથી અલગ છે. આ પદ્ધતિ મોટાભાગે સામાજિક કાર્ય પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમ કે જ્ઞાન, કૌશલ્ય, હસ્તક્ષેપની વ્યૂહરચના, કાર્યનું મૂલ્યાંકન, ગ્રાહક અને કાર્યકરનું મૂલ્યાંકન, સામાજિક કાર્ય જ્ઞાનની માન્યતા અને તેના હસ્તક્ષેપ વગેરે. તેથી સામાજિક કાર્ય સંશોધન એ પરીક્ષણની પ્રક્રિયા છે. અથવા વર્તમાન પરિસ્થિતિમાં સામાજિક કાર્ય પદ્ધતિઓ, કૌશલ્યો, હસ્તક્ષેપની વ્યૂહરચના, સિદ્ધાંતોની લાગુ પડતી ચકાસણી. સામાજિક સંશોધન સમાજના સામાજિક પરિવર્તન અથવા જરૂરિયાતો અનુસાર સામાજિક કાર્ય પ્રેક્ટિસની પદ્ધતિઓ, હસ્તક્ષેપ વ્યૂહરચના વગેરેનું નવું જ્ઞાન ઉત્પન્ન કરવા સાથે પણ કામ કરે છે.*

*સંક્ષિપ્તમાં, આપણે કહી શકીએ કે સામાજિક કાર્ય સંશોધન એ સામાજિક કાર્ય જ્ઞાનની ચકાસણી કરવાની અને સામાજિક કાર્ય પ્રેક્ટિસ માટે નવું જ્ઞાન ઉત્પન્ન કરવાની પ્રક્રિયા છે. સામાજિક કાર્ય સંશોધનને સામાજિક કાર્ય કાર્યક્રમો અને પ્રથાઓના ઉદ્દેશ્યોથી સંબંધિત માહિતી પ્રદાન કરવા માટે સંશોધન વિભાવનાઓ, પદ્ધતિઓ, તકનીકો અને વ્યૂહરચનાઓનો વ્યવસ્થિત ઉપયોગ તરીકે ગણવામાં આવે છે.*

## 4.4 સામાજિક કાર્ય સંશોધનનો અર્થ (Meaning of Social Work Research):

*ખૂબ જ વ્યાપક અર્થમાં, સામાજિક કાર્ય સંશોધન એ સામાજિક કાર્યના વ્યવહારમાં સામાજિક કાર્યકર્તાઓ જે સમસ્યાઓનો સામનો કરે છે. તેને ઉકેલવા માટે સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ છે. તે એવી માહિતી પૂરી પાડે છે. જે સામાજિક કાર્યકરો દ્વારા નિર્ણયો લેતા પહેલા ધ્યાનમાં લઈ શકાય છે, જે તેમના ગ્રાહકો, કાર્યક્રમો અથવા એજન્સીઓને અસર કરે છે. જેમ કે વૈકલ્પિક હસ્તક્ષેપ તકનીકોનો ઉપયોગ અથવા કાર્યક્રમ/ગ્રાહક/ઉદ્દેશ્યોમાં ફેરફાર વગેરે.*

*નીચે કેટલીક પરિસ્થિતિઓ છે. જેમાં સામાજિક કાર્ય સંશોધન પદ્ધતિઓ અને તકનીકોનો ઉપયોગ કરવાની જરૂર પડે છે:*

1) *એક સામાજિક કેસવર્કર તેના ક્લાયન્ટની સમસ્યાની પ્રકૃતિ અને હદનું મૂલ્યાંકન કરવામાં રસ ધરાવે છે, જે વૈવાહિક ગેરસમજણનો સામનો કરી રહી છે. તેણીને ગ્રાહકની વાસ્તવિક અથવા સંભવિત અસરકારકતા વિશે માહિતી મેળવવામાં રસ હોઈ શકે છે. તે એ જાણવા માટે પણ ઉત્સુક હોઈ શકે છે. કે હસ્તક્ષેપ કેટલો અસરકારક રહેશે.*
2) *જૂથ કાર્યકર શાળામાં જતા બાળકોમાં માદક દ્રવ્યોના દુરૂપયોગનું જ્ઞાન વધારવામાં જૂથ ચર્ચા કરતાં ભૂમિકા ભજવવાની તકનીક કેટલી હદ સુધી અસરકારક છે. તેનું મૂલ્યાંકન કરવા માંગે છે.*
3) *સમુદાય આયોજક કાર્યક્રમ/ઉદ્દેશ્યોમાં ફેરફાર કરવાનો નિર્ણય લેતા પહેલા સમુદાયના મંતવ્યો જાણવા માંગે છે.*
4) *માનસિક રીતે વિકલાંગ બાળકો માટેની વિશેષ શાળાના નિર્દેશક એ જાણવા માગે છે. કે માનસિક રીતે વિકલાંગ બાળકોની અનુકૂલનક્ષમતા વધારવામાં જૂથ ઉપચાર વ્યક્તિગત ઉપચાર જેટલો અસરકારક છે. કે કેમ ?*
5) *સામાજિક કાર્ય વહીવટકર્તા શરૂ કરાયેલા નવા કાર્યક્રમના અમલીકરણની અસરકારકતા વિશે ચિંતિત હોય છે.*

## 4.5 સામાજિક કાર્ય સંશોધનની વ્યાખ્યાઓ (Definitions of Social Work Research):

**ફ્રિડલેન્ડર (1957) :** *"સામાજિક કાર્ય સંશોધન એ સામાજિક કલ્યાણ ક્ષેત્રના પ્રશ્નોની વ્યવસ્થિત, જટિલ તપાસ છે. જે સામાજિક કાર્યની સમસ્યાઓના જવાબો આપવાના હેતુથી અને સામાજિક કાર્યના જ્ઞાન અને વિભાવનાઓને વિસ્તૃત અને સામાન્ય બનાવવાના હેતુ સાથે છે".*

**મેકડોનાલ્ડ (1957) :** *"સામાજિક કાર્યમાં સંશોધનમાં એવા પ્રશ્નોને આવરી લેવામાં આવે છે. જે સામાજિક કાર્ય પ્રેક્ટિસમાં અથવા સામાજિક કાર્ય સેવાઓના આયોજન અથવા સંચાલનમાં આવે છે, જે સંશોધન દ્વારા ઉકેલી શકાય તેવા છે, અને જે સામાજિક કાર્યના આશ્રય હેઠળ તપાસ માટે યોગ્ય છે" .*

**ફ્લેચર (1949) :** *"સામાજિક કાર્યમાં સંશોધનને સામાજિક કાર્યના કાર્યો અને પદ્ધતિઓની માન્યતાના વૈજ્ઞાનિક પરીક્ષણ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે"*

*વિવિધ વ્યાખ્યાઓના વિશ્લેષણ પર, સામાજિક કાર્ય સંશોધનમાં ચોક્કસ મુદ્દાઓ છે:*

*સામાજિક કાર્ય સંશોધન એ પ્રયોજિય સંશોધન છે, જે સામાજિક કાર્યની પ્રેક્ટિસમાં આવતી વ્યવહારિક સમસ્યાઓનો સામનો કરે છે. સામાજિક કાર્ય સંશોધન સામાજિક કાર્યની પદ્ધતિઓ અને તકનીકોના જ્ઞાનને સામાન્ય બનાવવા માટે સામાજિક કાર્યકરને મદદ કરે છે. તે સામાજિક કાર્યકર્તાને પ્રેક્ટિસ કરતી વખતે સામાજિક કાર્ય પ્રેક્ટિસની વિવિધ પદ્ધતિઓ અને તેની અસરકારકતાનું પરીક્ષણ કરવાની તક પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે- વ્યક્તિ, જૂથ અથવા સમુદાયની હકીકતો જાણ્યા વિના વ્યક્તિ સારવાર માટે આયોજન કરી શકતું નથી. વ્યક્તિ અને સમુદાયને વધુ સારી રીતે સમજવા માટે, સામાજિક કાર્ય સંશોધનનો ઉપયોગ કરવામાં આવે છે. સારવારના ભાગ પર કોઈપણ નિર્ણય લેતા પહેલા, સંશોધન સમસ્યાઓના નિદાન માટે મદદ કરે છે. અને અલગ અલગ નિદાન યોજનાઓને અમલ મુકવામાં મદદ કરે છે.*

## 4.6 સામાજિક કાર્ય સંશોધનના ઉદ્દેશ્યો (Objectives of Social Work Research):

*સામાજિક કાર્ય એ એક વ્યવહારિક વ્યવસાય છે. જેમ કે, સામાજિક કાર્ય સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય હસ્તક્ષેપ સંબંધિત સામાજિક કાર્યમાં ઉત્પન્ન થયેલા પ્રશ્નોના જવાબો અથવા સારવારની અસરકારકતા શોધવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાજિક કાર્ય સંશોધન દરમિયાનગીરીઓ અથવા સારવારો વિશે જ્ઞાન પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે, જે ખરેખર સામાજિક કાર્યના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. અથવા અવરોધે છે. આ ઉપરાંત, તે સામાજિક કાર્યકરોને તેમના વ્યવસાયની પ્રેક્ટિસમાં આવતી સમસ્યાઓ અથવા મુશ્કેલીઓના જવાબો શોધવામાં પણ મદદ કરે છે. તે સામાજિક કાર્ય સિદ્ધાંત અને પ્રેક્ટિસ માટે જ્ઞાન આધાર બનાવવામાં મદદ કરે છે.*

*સામાજિક કાર્ય સંશોધનનો મુખ્ય ઉદ્દેશ સામાજિક કાર્યને અસરકારક રીતે પ્રેક્ટિસ કરવા માટે સામાજિક કાર્યકર માટે ક્ષેત્ર આધારિત અને વ્યવહારિક લક્ષી સાહિત્યનું નિર્માણ કરવાનો છે. સામાજિક કાર્યના ક્ષેત્રમાં પડકારોનો મજબૂત સામનો કરવા માટે સમાજની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સામાજિક કાર્યની પદ્ધતિઓ અને તકનીકોમાં સુધારો કરવાનો પણ તેનો હેતુ છે. ફ્લેચરે સમાજકાર્ય સંશોધનના નીચેના ઉદ્દેશ્યોનો ઉલ્લેખ કર્યો છે:*

- *નિદાન અને સારવારની તકનીકોને સુધારવા અને વિસ્તૃત કરવા કારણ કે તેનો ઉપયોગ સામાજિક કાર્ય પ્રેક્ટિસમાં થાય છે. કાર્યક્ષમતા વિકસાવવા અને સામાજિક કાર્ય એજન્સીના કાર્યોને તે માધ્યમ તરીકે વ્યાખ્યાયિત કરવા માટે કે જેના દ્વારા સામાજિક કાર્ય કરવામાં આવે છે.*
- *કાર્યક્ષમતા વિકસાવવા અને સામાજિક કાર્ય એજન્સીના કાર્યને તે માધ્યમ તરીકે વ્યાખ્યાયિત કરવા કે જેના દ્વારા સામાજિક કાર્ય કરવામાં આવે છે.*
- *સામાજિક કાર્ય સેવા માટે સમુદાયની જરૂરિયાતોનું મૂલ્યાંકન અને માપન કરવું.*
- *સામાજિક રોગવિજ્ઞાનના ઉદ્ભવના સામાન્ય જ્ઞાનમાં ઉમેરો કરવા માટે જેથી કરીને સામાજિક કાર્યને એવી સમસ્યાઓના નિવારણ તરફ નિર્દેશિત કરી શકાય કે જેને પાછળથી સામાજિક કાર્યની સારવારની જરૂર પડી શકે.*

## 4.7 સામાજિક કાર્ય સંશોધનના લક્ષ્યો અને મર્યાદાઓ (Goals and Limitations of Social Work Research):

*સામાજિક સંશોધન સામાજિક કાર્યકર્તાને સામાજિક કાર્ય પદ્ધતિઓને અસરકારક રીતે અમલમાં મૂકવાની તક પૂરી પાડે છે. વ્યવસાયની અસરકારકતા માટે, તેને વ્યક્તિગત જૂથ અથવા સમુદાયના જ્ઞાનની જરૂર છે, સંશોધન આ વિશે મૂળભૂત જ્ઞાન પ્રદાન કરે છે. તેથી, સામાજિક કાર્ય સંશોધનનો ઉદ્દેશ્ય હસ્તક્ષેપના ક્ષેત્રોનું મૂળભૂત જ્ઞાન પ્રદાન કરવાનો છે. જેથી સામાજિક કાર્યકર તેની યોજના બનાવી શકે અને તેનો અસરકારક રીતે અમલ કરી શકે. સામાજિક કાર્ય સંશોધનના તારણો હસ્તક્ષેપ અથવા કાર્ય યોજનાના વિકાસ માટેના પાયા છે. આમ, સામાજિક કાર્ય સંશોધન માનવતાવાદી ધ્યેયને પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે. સામાજિક કાર્ય માત્ર વિસ્તારોમાં હસ્તક્ષેપ સાથે સંકળાયેલું નથી પરંતુ તે દરમિયાનગીરી કરવાની પદ્ધતિમાં સતત સુધારો કરે છે. તે સામાજિક કાર્યની અસરકારકતા પર ભાર મૂકે છે, તેથી તે હસ્તક્ષેપની પદ્ધતિઓ અને તકનીકોને સમૃદ્ધ બનાવે છે. તે સામાજિક સંશોધનની પદ્ધતિ સમજાવે છે. અને સામાજિક કાર્યના ક્ષેત્રમાં તેના કાર્યક્રમોને સમજાવે છે. સામાજિક કાર્ય પ્રેક્ટિસનો એક મહત્ત્વપૂર્ણ ભાગ સૂક્ષ્મ સ્તરની પ્રેક્ટિસ સાથે સંબંધિત છે, જેમ કે વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાય સાથે*

કામ કરવું. સામાજિક કાર્ય સંશોધનમાં અભ્યાસ અને તકનીકોની સૂક્ષ્મ સ્તરની યોજનાની મર્યાદાઓને ધ્યાનમાં લેવી પડે છે.

સામાજિક કાર્ય સંશોધન મૂળભૂત રીતે પ્રેક્ટિસ-આધારિત સંશોધન છે. જેમાં મોટે ભાગે પ્રેરક તર્ક દ્વારા તેના અનુમાનો દોરવામાં આવે છે. એટલે કે, તે જૂથ/વર્ગના એક અથવા થોડા સભ્યોના પરિબળ જ્ઞાનમાંથી સમગ્ર જૂથ અથવા વિષયવસ્તુના વર્ગ વિશે કંઈક અનુમાન લગાવવું. આમ, વ્યવહાર આધારિત સંશોધનમાં પ્રેરક તર્ક આપણને હસ્તક્ષેપ/મૂલ્યાંકન દ્વારા અવલોકનથી સિદ્ધાંત તરફ લઈ જાય છે. ઉદાહરણ તરીકે, અવલોકન કરી શકે છે. કે ગુનેગારો નિમ્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા કુટુંબમાંથી આવે છે. નીચા સામાજિક-આર્થિક પરિવારોમાં માતાપિતા-બાળકનું બંધન નબળું હોય છે. અને આવા માતા-પિતાનું તેમના બાળકો પર ઓછું નિયંત્રણ હોય છે. તેવી ધારણાના આધારે, સંશોધનકર્તાઓ પ્રેરક રીતે નિષ્કર્ષ પર આવી શકે છે કે, નબળા માતાપિતા-બાળકનું બંધન અપરાધ તરફ દોરી જાય છે.

સામાજિક કાર્ય પ્રેક્ટિસનો એક મહત્ત્વપૂર્ણ ભાગ સૂક્ષ્મ સ્તર પ્રેક્ટિસ સાથે સંબંધિત છે, જેમ કે વ્યક્તિઓ, જૂથો અથવા સમુદાય સાથે કામ કરવું. પ્રેક્ટિસ આધારિત સંશોધનમાં સૂક્ષ્મ સ્તરની પ્રેક્ટિસની મર્યાદાઓને ધ્યાનમાં લેવી પડે છે. તદનુસાર, અભ્યાસ આધારિત સંશોધનમાં અભ્યાસ અને તકનીકોની વિશેષ રચના હોવી જોઈએ.

## 4.8 સામાજિક કાર્ય સંશોધન માટે માર્ગદર્શિકા (Guidelines for Social Work Research):

માર્ગદર્શિકા એ પ્રવૃત્તિઓને અસરકારક રીતે કરવા માટેની દિશાઓ છે. દરેક વિદ્યાશાખાની પોતાની માર્ગદર્શિકા હોય છે, જે અભ્યાસના ઉદ્દેશ્યો અને ધ્યેયોને ન્યાયી ઠેરવે છે. સામાન્ય રીતે, સામાજિક કાર્ય સંશોધન પ્રક્રિયાના દરેક તબક્કે, સંશોધક માર્ગદર્શિકાને અનુસરે છે. ઉદાહરણ તરીકે, જો તમે ઈન્ટરવ્યૂ પદ્ધતિનો ઉપયોગ કરો છો, તો ઈન્ટરવ્યૂ કેવી રીતે લેવા તે અંગે માર્ગદર્શિકા છે? ઈન્ટરવ્યુ લેતી વખતે શું સાવચેતી રાખવી જોઈએ? વગેરે આવા પ્રકારના માર્ગદર્શિકા સંશોધનના દરેક તબક્કામાં જોવા મળે છે. આ દિશાનિર્દેશોનો ઉદ્દેશ્ય સંશોધનની પ્રક્રિયા દરમિયાન રહેલી ખામીઓને ઘટાડીને વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ કરવાનો છે. આ સંદર્ભમાં રાફેલ અને રસેલે આ માર્ગદર્શિકાઓને બે શ્રેણીઓમાં વર્ગીકૃત કરી છે. જેમ કે વૈજ્ઞાનિક માર્ગદર્શિકા અને નૈતિક માર્ગદર્શિકા. વૈજ્ઞાનિક માર્ગદર્શિકા છે: (1) કોઈ ચોક્કસ પરિણામમાં વ્યક્તિગત રીતે રોકાણ કર્યા વિના પ્રયોગમૂલક વાસ્તવિકતા સામે વિચારોનું પરીક્ષણ કરો. (2) યોજના બનાવો અને વ્યવસ્થિત રીતે તપાસ કરો. (3)બધી પ્રક્રિયાઓનું દસ્તાવેજીકરણ કરો અને તેમને જાહેરમાં જાહેર કરો. (4)ઉત્કલ્પનાઓને સ્પષ્ટ કરો. (5) તમામ શરતોનો અર્થ સ્પષ્ટ કરો. (6)વર્તમાન જ્ઞાન પ્રત્યે સંશયાત્મક વલણ જાળવી રાખો અને સામાજિક સિદ્ધાંતનું નિર્માણ કરો. નૈતિક માર્ગદર્શિકામાં નૈતિકતાના આચાર માટેના ધોરણો છે, જે સ્વીકાર્ય અને અસ્વીકાર્ય વર્તનને અલગ પાડવામાં મદદ કરે છે. સામાજિક કાર્ય એ વ્યવસાય દ્વારા સ્થાપિત ચોક્કસ નીતિશાસ્ત્રને અનુસરે છે. સામાજિક કાર્ય સંશોધનમાં, વૈજ્ઞાનિક અભિગમ રાખવા માટે તેને નૈતિકતાની જરૂર છે. કારણ કે, તે સામાજિક પરિસ્થિતિઓ સાથે વ્યવહાર કરે છે. અને તે નીતિ ઘડતરમાં ફાળો આપે છે. તેથી, સંશોધક માટે નીતિશાસ્ત્રનું પાલન કરવું આવશ્યક છે.

## 4.9 ઉપકલ્પના (Hypothesis):

*સંશોધક સંશોધનને અંતે કેવાં પરિણામો પ્રાપ્ત થશે તેની આગાહી કરતાં વિધાનો રચે છે. રચાયેલા પ્રત્યેક હેતુને અનુરૂપ અભ્યાસના અંતે કયા પરિણામો ઉદ્દભવશે તે અંગેની તાર્કિક ધારણાઓ ઉત્કલ્પના દ્વારા સંશોધક રજૂ કરે છે. સામાન્યતઃ ઉત્કલ્પનામાં ચલો વચ્ચે કોઈને કોઈ અપેક્ષિત સંબંધની કલ્પના દર્શાવવામાં આવે છે. ઉત્કલ્પના રચતાં પહેલાં પસંદ કરેલી સમસ્યાને અનુરૂપ સૈદ્ધાંતિક સાહિત્યનું તેમ જ ભૂતકાળમાં થયેલાં સંબંધિત સંશોધનોનો બરાબર અભ્યાસ સંશોધકે કરવો જોઈએ. વિવિધ પ્રકારો પૈકી કયા પ્રકારની ઉત્કલ્પના રચવી યોગ્ય છે. તે નક્કી કરવા માટે સંશોધન પદ્ધતિશાસ્ત્રનાં પુસ્તકોનો પણ અભ્યાસ કરવો જોઈએ. રચાતી ઉત્કલ્પના સરળ શબ્દોમાં અને ચકાસી શકાય તેવા સ્વરૂપની હોવી જોઈએ.*

## 4.10 ઉપકલ્પનાનો અર્થ (Meaning of Hypothesis):

*ઉપકલ્પનાના અર્થની સ્પષ્ટતા કરતાં ગૂડે અને હટ્ટ લખે છે કે, ઉપકલ્પના એક એવું વિધાન છે. કે જેની યથાર્થતા તપાસવા માટે ચકાસણી પર મૂકી શકાય છે. વધુ સ્પષ્ટતા કરતાં આ લેખકો કહે છે કે, 'ઉપકલ્પના' એવો એક પ્રશ્ન છે. જેનો કોઈપણ પ્રકારનો જવાબ મેળવવાનો હજી બાકી હોય છે. ઉપકલ્પના લોકોના સામાન્ય મતને અનુરૂપ પણ હોઈ શકે અને વિરુદ્ધની પણ હોઈ શકે. ચકાસણીના અંતે ઉપકલ્પના સાચી પણ પુરવાર થાય અને ખોટી પણ પુરવાર થાય.*

**લુન્ડબર્ગ** *વ્યાખ્યા આપતાં કહે છે કે, "ઉપકલ્પના એક એવું કામચલાઉ સામાન્યીકરણ છે, જેની યથાર્થતા ચકાસવાની હજી બાકી હોય છે."*

**બ્લેક** *કહે છે કે, "ઉપકલ્પના એવું એક વિધાન છે, જે ચોક્કસપણે સાચું છે. કે ખોટું તે આપણે જાણતા નથી, પરંતુ તેની સત્યતા નિર્ધારિત કરવા માટે તેની ચકાસણી કરવાની હોય છે."*

**વેબ્સ્ટર** *શબ્દકોશમાં કહેવામાં આવ્યું છે કે, "વિજ્ઞાનમાં ઉપકલ્પના એટલે ઘટનાઓ વચ્ચેના સંબંધ અંગે અથવા ઘટનાનાં કારણો અંગેની કામચલાઉ અટકળ'*

## 4.11 ઉપકલ્પનાની સંકલ્પનાઃ

*સંશોધન અભ્યાસના હેતુઓઅંગે અને શીર્ષક નક્કી કર્યા બાદ સંશોધક પોતાની સમસ્યાના સંદર્ભમાં કામચલાઉ જવાબો કે ઉકેલો રચે છે, જેને ઉપકલ્પના તરીકે ઓળખવામાં આવે છે.*

*અંગ્રેજીમાં,*

HYPOTHESIS = HYPO THESIS

| | HYPO | THESIS |
|---|---|---|
| | ↓ | ↓ |
| | Less Than | Established Fact |
| | ↓ | ↓ |
| | *ના કરતા ઊતરતું* | *પ્રસ્થાપિત હકીકત* |

*= પ્રસ્થાપિત હકીકત કરતા ઊતરતું*

*આમ, પ્રસ્થાપિત હકીકત કરતા ઊતરતું એટલે ઉપકલ્પના.*
*સમસ્યા અંગે કાળજીપૂર્વક ઉત્કલ્પનાઓ તૈયાર કરવાથી :*

- *સમસ્યાનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.*
- *સંશોધન કેન્દ્રિત બને છે.*
- *સંશોધનકાર્ય સરળ બને છે.*
- *સંશોધન પદ્ધતિ અંગેનો ખ્યાલ મળે છે.*
- *માહિતી એકત્રીકરણનાં સાધનો અંગેની જાણકારી મળે છે.*
- *માહિતી પૃથક્કરણની પ્રયુક્તિ કેવી હોવી જોઈએ તેનો ખ્યાલ મળે છે.*

*ઉપકલ્પના સંશોધકને કાર્ય કરવાની દિશા સૂચવે છે; પરંતુ તજ્ઞો દ્વારા ઉપકલ્પના રચવા સામે મુખ્ય બે મર્યાદાઓ દર્શાવવામાં આવી છે.*

1. *ઉપકલ્પના સંશોધકને પૂર્વગ્રહિત બનાવે છે. ઉપકલ્પના રચવાથી સંશોધક પોતે કલ્પેલાં પરિણામો પ્રાપ્ત કરવા તરફ ઢળે છે. વળી તે ઓછી ઉત્કલ્પના પણ રચે છે.*
2. *સંશોધન દરમિયાન પ્રાપ્ત થતી નવી કે અજાણી માહિતીને સંશોધક અવગણે છે. ઉપકલ્પના રચવાને કારણે અચાનક મળતી માહિતીનો ઉપયોગ સંશોધક દ્વારા કરી શકાતો નથી. એટલે કે આવી માહિતીનો સંશોધન સમસ્યામાં સમાવેશ થઈ શકતો નથી. અણધારી મળેલી માહિતીને કારણે ઘણાં ઉપયોગી સંશોધનો અને તેનાં પરિણામો ભૂતકાળમાં પ્રાપ્ત થયાં છે.*

*ઉપકલ્પનામાંથી જન્મતી નિષ્પત્તિઓને* (consequencies), *શક્યતાઓને સંશોધક હકીકતને આધારે ચકાસે છે. જેમ કે, સમાજ પ્રત્યેનું વલણ ઊંચું હોય તો શું શું નિષ્પત્તિઓ ઉદ્દભવે, તેની ચકાસણી સંશોધક કરે. જો નિષ્પત્તિઓ હકીકતોના આધારે તર્કપૂર્ણ રીતે સાચી ઠરે તો જ સંશોધક ઉત્કલ્પનાને સ્વીકારે છે.*

## 4.12 ઉપકલ્પનાનાં લક્ષણો (Characteristics of Hypothesis):

*વિજ્ઞાનમાં ઉપયોગી બની શકે એવી ઉપકલ્પનાનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો ગૂડે અને હટ્ટ નામના લેખકોએ નીચે મુજબનોંધ્યાં છે. :*

*આ લક્ષણોને સારી ઉપકલ્પનાના માપદંડ તરીકે પણ ઓળખાવી શકાય :*

- **ખ્યાલાત્મક સ્પષ્ટતા (Conceptual Clarity):** *ઉપકલ્પના ખ્યાલાત્મક રીતે સ્પષ્ટ હોવી જોઈએ. 'ખ્યાલો' સ્પષ્ટ રીતે પરિભાષિત તે થયેલા હોવા જોઈએ એ બાબત આપણે આગળના પ્રકરણમાં ભારપૂર્વક જણાવી ગયા છીએ. = ગૂડે અને હદ કહે છે કે, અહીં ફરીથી એ જ બાબત પર ભાર મૂકીનેનોંધવું જરૂરી છે. કે ઉપકલ્પનામાં વપરાયેલા ખ્યાલો સ્પષ્ટ હોવા જોઈએ, સંદિગ્ધ અને અસ્પષ્ટ નહીં હોવા જોઈએ. એટલું જ નહીં પણ ખ્યાલો એવી રીતે પરિભાષિત કરવા જોઈએ કે જેથી સામાન્યપણે તેનો સ્વીકાર થાય અને તેનું સંવાહન શક્ય બની શકે.*
- **અનુભવજન્ય સંદર્ભ (Empirically Testable):** *ઉપકલ્પનાઓનો અનુભવજન્ય સંદર્ભ હોવો જરૂરી છે. અગાઉ આપણે જોઈ ગયા કે વૈજ્ઞાનિક ખ્યાલો આખરે તો અનુભવજન્ય સંદર્ભ સાથે સંકળાયેલા હોય છે. આનો અર્થ એ થયો કે વિજ્ઞાનમાં ઉપયોગી બની શકે એવી ઉપકલ્પનાઓને મૂલ્ય-નિર્ણયોથી (નૈતિક -મૂલ્યોથી) દૂર રાખવી જોઈએ. દા.ત., 'વેપારીઓ કરતાં ગુનેગારો વધુ*

*ખરાબ નથી.', 'મૂડીવાદીઓ હંમેશા શોષણખોર જ હોય છે.' વગેરે વિધાનો મૂલ્યનિર્ણયયુક્ત છે, જેથી આવાં વિધાનો ઉપયોગી ઉપકલ્પના બની શકે નહીં. અહીં ધ્યાનમાં રાખવાની બાબત એ છે. કે ઉપકલ્પનાઓ લોકોના મૂલ્યનિર્ણયોનો અભ્યાસ કરે છે. પણ ઉપકલ્પનાના નિર્માણમાં વિજ્ઞાનીઓએ પોતાના અંગત મૂલ્યનિર્ણયો ભેળવવા જોઈએ નહીં.*

- **ચોકસાઈપૂર્ણ:** *ઉપકલ્પનાઓ ચોકસાઈપૂર્ણ હોવી જરૂરી છે. ઉપકલ્પના અસ્પષ્ટ અને સામાન્ય* (General) *નહીં હોવી જોઈએ. વધુ પડતી સામાન્ય ઉપકલ્પનાથી સંશોધન કરી શકાતું નથી. કારણ કે તેનાથી સંશોધનનું ચોક્કસ ક્ષેત્ર સૂચિત થતું નથી. બીજી રીતે કહીએ તો, ઉપકલ્પના ખૂબ જ સ્પષ્ટ હોવી જોઈએ. ઉપકલ્પના દ્વારા જે સંશોધન-ક્રિયા અને ભાવિ કથનો સૂચિત થતાં હોય તે બધાં સ્પષ્ટ રીતે વ્યક્ત કરવાં જોઈએ. આમ કરીને ઉપકલ્પનાની ચકાસણી શક્ય બનાવી શકાય. ટૂંકમાં કહીએ તો, ઉપકલ્પના સંશોધનક્ષેત્ર ચોકસાઈપૂર્વક સૂચિત કરે એવી હોવી જોઈએ.*
- **ઉપલબ્ધ પ્રયુક્તિઓ સાથે સંબંધિત (Hypothesis should be related to available techniques):** *ઉપકલ્પના ઉપલબ્ધ પ્રયુક્તિઓ સાથે સંબંધિત હોય તે જરૂરી છે. સિદ્ધાંત અને પદ્ધતિ પરસ્પર વિરોધી નથી, બંને વચ્ચે ગાઢ સંબંધ છે. આથી જે સિદ્ધાંતશાસ્ત્રી* (Theorist) *પોતાની ઉપકલ્પનાની ચકાસણી માટે કંઈ પ્રયુક્તિ ઉપલબ્ધ છે. એ બાબત જાણતો નથી તે ઉપયોગી ઉપકલ્પનાઓ રચી શકતો નથી. આનો અર્થ એ થયો કે પોતાની ઉપકલ્પનાની ચકાસણી કરી શકાય એવી પ્રયુક્તિઓ વર્તમાનમાં ઉપલબ્ધ હોવી જોઈએ. જે ઉપકલ્પનાઓ વર્તમાન પ્રયુક્તિઓ વડે ચકાસી શકાય તેમ ન હોય તેવી ઉપકલ્પનાઓ સામાન્ય રીતે નહીં રચવી જોઈએ. દા.ત., માકર્સની સામાજિક- આર્થિક ઉપકલ્પનાઓ માહિતી વડે ચકાસવામાં આવી નહોતી. તેની ચકાસણી કરવા માટેની પ્રયુક્તિઓ માર્ક્સના સમયમાં ઉપલબ્ધ નહોતી અને આજે પણ ઉપલબ્ધ નથી. આમ છતાં માર્ક્સવાદી સંદર્ભમાળખું આજે ચોકસાઈપૂર્ણ રીતે ચકાસી શકાય એવી અનેક નાની નાની ઉપકલ્પનાઓના સ્ત્રોત તરીકે ઉપયોગી બનેલ છે. તે જ રીતે આપઘાત અંગે અને સામાજિક એકતા અંગે દુર્ખિમે કરેલાં વિધાનો પણ વિવિધ ઉપકલ્પનાઓના સ્ત્રોત તરીકે આજે ઉપયોગી બન્યા છે. આ બંને સમાજશાસ્ત્રીઓએ રજૂ કરેલા વિચારો તેમના સમયમાં ઉપલબ્ધ પ્રયુક્તિ વડે ચકાસી શકાય તેમ નહોતા. તેમ છતાં તેમના વિચારો આજે સમાજશાસ્ત્રમાં અત્યંત મહત્ત્વના ગણાય છે.*
- **પૂર્વસ્થાપિત સિદ્ધાંત સાથે સંબંધિત:** *ઉપકલ્પનાઓ અગાઉ સ્થપાયેલા કોઈ સિદ્ધાંત સાથે સંબંધિત હોય તે આવશ્યક છે. પ્રવર્તમાન સિદ્ધાંતના સંદર્ભમાં જ નવાં સંશોધનો આગળ વધારીને વિજ્ઞાનનો વિકાસ સાધી શકાય. જે બધા અભ્યાસો-સંશોધનો છૂટાંછવાયાં સર્વેક્ષણ સ્વરૂપનાં જ હોય તો વિજ્ઞાનનો વિકાસ થઈ શકે નહીં.*

## 4.13 ઉપકલ્પનાના સ્ત્રોત (Sources of Hypothesis):

*જે ઘટકોમાંથી ઉપકલ્પનાઓ જન્મે છે. કે ઉદ્દભવે છે. એ ઘટકોને ઉપકલ્પનાના સ્ત્રોત* (Sources) *તરીકે ઓળખાવી શકાય. બીજી રીતે કહીએ તો, ઉપકલ્પનાનાં ઉદ્ભાવક તત્ત્વોને તેના સ્ત્રોત કહેવાય.*

*ગૂડે અને હટ્ટ કહે છે કે, ઉપકલ્પનાઓને જન્માવતા કુલ ચાર સ્ત્રોતને એકબીજાથી ભિન્ન પાડી શકાય. આવા ચાર સ્ત્રોત તેઓ નીચે મુજબ દર્શાવે છે. :* (1) *સામાન્ય સંસ્કૃતિ* (2) *વિજ્ઞાન* (3) *ઉપમા* (4) *વિજ્ઞાનીના વ્યક્તિગત અનુભવો. ઉપકલ્પનાના આ ચારેય સ્ત્રોત આપણે જરા વિગતે સમજીએ:*

**(1) સામાન્ય સંસ્કૃતિ (General Culture)**

*સમાજનાં વિવિધ સાંસ્કૃતિક તત્ત્વો ઉપકલ્પનાઓ ઉત્પન્ન કરવામાં મહત્ત્વનાં સ્ત્રોત તરીકે ભાગ ભજવે છે. પશ્ચિમી સંસ્કૃતિમાં વિજ્ઞાનનો વિપુલ વિકાસ થયો તે કેવળ અકસ્માત નથી, પરંતુ તે પશ્ચિમી સંસ્કૃતિનું કાર્ય* (Function) *છે. એટલે કે પશ્ચિમના સમાજમાં વિજ્ઞાનને વિકસાવવામાં પશ્ચિમી સંસ્કૃતિએ મહત્ત્વનો ફાળો આપ્યો છે.*

*સમાજશાસ્ત્ર એક નવું વિજ્ઞાન છે. અને તેનો વિકાસ મહદ્અંશે અમેરિકા, ઈંગ્લૅન્ડ અને ફ્રાંસમાં થયો. એનો અર્થ એ થાય છે. કે ત્યાં જે કાંઈ ઉપકલ્પનાઓનું નિર્માણ થયું અને તેના આધારે જે સંશોધનો કરવામાં આવ્યાં તેનો સંબંધ તે દેશોની સંસ્કૃતિ સાથે રહેલો હોવાનું જોવા મળે છે.*

**(2) વિજ્ઞાન (Science)**

*ઉપકલ્પનાઓ જન્માવનારા એક સ્ત્રોત તરીકે વિજ્ઞાન નીચે મુજબ બે રીતે ભાગ ભજવે છે. :* (i) *વિજ્ઞાનમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો* (ii) *વિજ્ઞાનના શિક્ષણ દ્વારા થતું સમાજીકરણ.*

**(i) વિજ્ઞાનમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો :** *પ્રત્યેક વિજ્ઞાનમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો ઘણી ઉપકલ્પનાઓ જન્માવે છે. પ્રસ્થાપિત વૈજ્ઞાનિક સિદ્ધાંત ઉપકલ્પનાના નિર્માણનો સ્ત્રોત કઈ રીતે બને છે. તે સમજવા એક ઉદાહરણ લઈએ : 'સમાજનાં વિભિન્ન અંગો પરસ્પર સંબંધિત છે.'-આ એક પ્રસ્થાપિત સમાજશાસ્ત્રીય સિદ્ધાંત છે. આ = સ્ત્રજ્ઞાનો પર સિદ્ધાંતમાંથી સમાજશાસ્ત્રમાં બીજી અનેક નવી ઉપકલ્પનાઓ જન્મી છે. જેમ કે, 'શાતિ પુસ્તકોને અને સંયુક્ત કુટુંબ પરસ્પર સંબંધિત છે' એવી ઉપકલ્પના રચાઈને તેના પર વિવિધ અભ્યાસો અભ્યાસો થયા છે. તેવી જ રીતે સમાજની રચનાના ભાગો તરીકે શિક્ષણ અને રાજ્ય વચ્ચેના, ધર્મ અને અર્થવ્યવસ્થા વચ્ચેના સંબંધો અંગે પણ નવા અભ્યાસો વિકસી રહ્યા છે. ટૂંકમાં, આવી ઉપકલ્પનાઓ સમાજશાસ્ત્રમાં પ્રસ્થાપિત થયેલા રચના-કાર્યવાદી સિદ્ધાંતમાંથી ઉદ્દભવી છે. આમ, જે હકીકતો વિજ્ઞાનની જાણમાં હોય છે. તે જાણકારી અથવા વિજ્ઞાનમાં અગાઉ સ્થાપિત થઈ ચૂકેલો સિદ્ધાંત નવી ઉપકલ્પનાઓ જન્માવે છે.*

**(ii) વિજ્ઞાનના શિક્ષણ દ્વારા થતું સમાજીકરણઃ** *વિજ્ઞાન શીખવાથી સમાજીકરણની જે પ્રક્રિયા થાય છે. તે પણ ઉપકલ્પનાઓ જન્માવનારો સ્ત્રોત બને છે. શિક્ષકો તેમના વિદ્યાર્થીઓને વિજ્ઞાનનું શિક્ષણ આપીને તેમનું સમાજીકરણ કરે છે. શિક્ષકો તેમના વિદ્યાર્થીઓને શીખવે છે. કે સંશોધનની દષ્ટિએ ક્યાં ક્ષેત્રો મહત્ત્વનાં છે, પર્યાપ્ત પદ્ધતિઓ કઈ છે, કયા વિદ્વાનો ચઢિયાતા અને કયા વિદ્વાનો ઊતરતી કોટિના છે. વગેરે બાબતનું વિદ્યાર્થીઓ શિક્ષકો પાસેથી શિક્ષણ મેળવે છે. આમ, વિદ્યાર્થીઓને વિજ્ઞાનનું જે શિક્ષણ મળે છે. તે વિવિધ ઉપકલ્પનાઓનો સ્ત્રોત બને છે.*

**(3) ઉપમા**

*કેટલીક વખત જુદાં જુદાં વિજ્ઞાનોની ઘટનાઓ વચ્ચે સામ્ય જોવા મળે છે. આમ, જ્યારે જુદી જુદી ઘટનાઓ વચ્ચે સામ્ય જોવા મળતું હોય ત્યારે ઉપમાનો ઉપયોગ કરીને નવી ઉપકલ્પનાઓ નિર્માણ કરવામાં આવે છે. આ રીતે 'ઉપમા' પણ ઉપકલ્પનાઓનો સ્ત્રોત બને છે. દા.ત., જીવશાસ્ત્રમાં જૈવિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત સ્થપાયો છે. પરંતુ કેટલાક વિદ્વાનોને જૈવિક ઉત્ક્રાંતિ જેવી ઘટના માનવસમાજમાં પણ જોવા મળી. આથી આ ઉપમાનો ઉપયોગ કરીને માનવસમાજમાં પણ ઉત્ક્રાંતિ થાય છે, એવી ઉપકલ્પના તેમણે વિકસાવી. આમાંથી સમાજશાસ્ત્રમાં સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત વિકસ્યો. શરીરનાં જુદાં-જુદાં*

*અંગો વચ્ચેના પારસ્પરિક સંબંધોની ઉપમાનો ઉપયોગ ષરીને માનવસમાજની રચના અને કાર્યો વચ્ચેના પારસ્પરિક સંબંધો અંગેનો અભ્યાસ કરવા માટે અનેક ઉપકલ્પનાઓ ઉદ્દભવી . આમ, જ્યાં જુદી જુદી ઘટનાઓ વચ્ચે કંઈક સમાનતા જોવા મળે છે. ત્યાં ઉપમાનો ઉપયોગ કરવામાં આવે છે. અને આવી ઉપમા નવી ઉપકલ્પનાઓને ઉત્પન્ન કરે છે.*

**(4) વિજ્ઞાનીના વ્યક્તિગત અનુભવો**

*જેમ સંસ્કૃતિ, વિજ્ઞાન અને ઉપમા ઉપકલ્પનાઓને ઉત્પન્ન કરે છે. તેમ આ ત્રણે તરફ વ્યક્તિ જે પ્રતિક્રિયા કરે છે. તે પણ ઉપકલ્પનાઓના નિર્માણ માટેનું એક પરિબળ બને છે. આથી વિજ્ઞાનીના વ્યક્તિગત અનુભવો ઉપકલ્પનાઓના સ્વરૂપમાં ફાળો આપે છે. ટૂંકમાં કહીએ તો, વિજ્ઞાનીના કે સંશોધકના વ્યક્તિગત અનુભવો નવી ઉપકલ્પનાઓનો સ્ત્રોત બને છે. વિજ્ઞાનનો ઈતિહાસ એવાં અનેક ઉદાહરણોથી ભરપૂર છે, જેમાં કેટલીક વ્યક્તિઓએ પોતાના વિશિષ્ટ જીવન- ઈતિહાસના કારણે, પોતાની વિશિષ્ટ તર્કશક્તિ અને વિચારશક્તિના કારણે યોગ્ય રીતે નિરીક્ષણ કરીને અનેક નવી શોધો કરી છે. દા.ત., ડાર્વિનનો જૈવિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત તેમના વિશિષ્ટ વ્યક્તિગત અનુભવોના આધારે શોધાયો હતો. તે જ રીતે 'દક્ષિણ ભારતના કુર્ગ લોકોમાં ધર્મ અને સમાજ' નામના અભ્યાસમાં જાણીતા ભારતીય સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસના નિરીક્ષણમાં સંસ્કૃતીકરણની પ્રક્રિયા જોવા મળી. જ્ઞાતિમાં આંતરિક પરિવર્તન સૂચવતી આ પ્રક્રિયાનું નિરીક્ષણ એ શ્રીનિવાસનો વિશિષ્ટ વ્યક્તિગત અનુભવ હતો, અને આ અનુભવના આધારે સંશોધન કરીને તેમણે સંસ્કૃતિકરણનો સિદ્ધાંતો તારવ્યો.*

---

**4.14 તમારી પ્રગતિ ચકાસોઃ**

---

1. *સામાજિક કાર્ય સંશોધન એ ______________ની એક પદ્ધતિ છે.*

   a. *સેવાની* b. *સામાજિક કાર્ય*
   c. *સમાજિક સંસ્થા* d. *સામાજિક ઉદ્દેશ્ય*

2. *"સામાજિક કાર્યમાં સંશોધનને સામાજિક કાર્યના કાર્યો અને પદ્ધતિઓની માન્યતાના વૈજ્ઞાનિક પરીક્ષણ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે" - આ વ્યાખ્યા કોને આપી છે?*

   a. *ફ્લેચર* b. *મેકડોનાલ્ડ*
   c. *ફ્રિડલેન્ડર* d. *ગુડે અને હટ*

3. ____________________*નો મુખ્ય ઉદ્દેશ સામાજિક કાર્યને અસરકારક રીતે પ્રેક્ટિસ કરવા માટે સામાજિક કાર્યકર માટે ક્ષેત્ર આધારિત અને વ્યવહારિક લક્ષી સાહિત્યનું નિર્માણ કરવાનો છે.*

   a. *ઉપકલ્પના* b. *સામાજિક સેવા*
   c. *સમાજિક સંસ્થા* d. *સામાજિક કાર્ય સંશોધન*

4. _______________ *એવું એક વિધાન છે, જે ચોક્કસપણે સાચું છે. કે ખોટું તે આપણે જાણતા નથી, પરંતુ તેની સત્યતા નિર્ધારિત કરવા માટે તેની ચકાસણી કરવાની હોય છે.*

   a. *ઉપકલ્પના* b. *ચલ*
   c. *સંશોધન* d. *સામાજિક કાર્ય સંશોધન*

5. *ઉપકલ્પનાના સ્ત્રોત ક્યા ક્યા છે?*

   a. *સામાન્ય સંસ્કૃતિ* b. *વિજ્ઞાન*

   c. *ઉપમા* d. *આપેલ તમામ*

## 4.15 ઉપસંહાર:

*સામાજિક કાર્ય સંશોધન એ જ્ઞાનની શોધમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ છે, જેમાં વૈકલ્પિક પ્રેક્ટિસ અને હસ્તક્ષેપ તકનીકોના જ્ઞાનનો સમાવેશ થાય છે, જેનો સીધો ઉપયોગ સામાજિક કાર્ય વ્યવસાય માટે થશે અને આમ સામાજિક કાર્ય પદ્ધતિઓની પ્રેક્ટિસમાં વધારો થશે. સામાજિક કાર્ય સંશોધન વર્તણૂકના પાસાઓ અને વર્તન ફેરફારોની વૈકલ્પિક પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અથવા તેને મર્યાદિત કરે છે. સામાજિક કાર્ય સંશોધન વ્યક્તિગત, જૂથ, સમુદાય અને સામાજિક સ્તરે સામાજિક કાર્યક્ષમતા વધારવાના માર્ગો અને માધ્યમો શોધવામાં મદદ કરે છે. સમાજકાર્ય સંશોધન પ્રક્રિયાનો અર્થ અને સોપાનો તપાસતા જણાય છે. કે સંશોધન અભ્યાસનું શીર્ષક નક્કી કર્યા બાદ સંશોધક અભ્યાસને અનુરૂપ ઉત્કકલ્પનાઓ રચે છે. સામાન્ય રીતે જોઈએ તો ઉત્કલ્પાના એ સમસ્યાનો સૂચવાયેલો ઉકેલ છે, પ્રાપ્ત પુરાવાઓ પર આધારિત એવું અનુમાનિત વિધાન છે. કે જેને સંશોધક પોતાના અભ્યાસ દ્વારા ચકાસે છે.*

## 4.16 તમારી પ્રગતિ ચકાસોના જવાબો:

Answer: (1) b, (2) a, (3) d, (4) a, (5)d

## 4.17 ચાવીરૂપ શબ્દો:

| | | |
|---|---|---|
| **હેતુ** | : | *ઉદ્દેશ્ય, ધ્યેય, પ્રયોજન* |
| **વિજ્ઞાન** | : | *વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન* |
| **સ્ત્રોત :** | | *જેને અંગ્રેજીમાં* sources *કહેવામાં આવે છે. સ્ત્રોત એટલે મૂળ પ્રાપ્તિ સ્થળ* |
| **પ્રેક્ટિસ (Practice)** | : | *વ્યવહાર, અભ્યાસ, પ્રણાલી, મહાવરો, અમલમાં મુકવું* |
| **હસ્તક્ષેપ** | : | *જેને અંગ્રેજીમાં* "Intervention" *કહેવાય છે. 'હસ્તક્ષેપ' શબ્દનો મૂળ અર્થ છે: વચ્ચે પ્રવેશ કરવો અથવા વચ્ચે દખલ કરવી. જ્યારે કોઈ વ્યક્તિગત, અથવા સંસ્થા બે અથવા વધુ પક્ષો વચ્ચેની પ્રવૃત્તિઓ, વિચારધારાઓ, સંવાદ, અથવા વિવાદમાં પ્રવેશ કરે છે. અને તે વિશે કોઈ પ્રકારની દખલ કરે તે વિશેનો નિર્ણાયક પ્રયાસ કરે છે, ત્યારે તેને 'હસ્તક્ષેપ' કહેવામાં આવે છે. આ શબ્દનો ઉપયોગ ઘણીવાર રાજનીતિક, સામાજિક, ન્યાયિક, અથવા વ્યક્તિગત સંજોગોમાં થાય છે.* |

## 4.18 સ્વાધ્યાય લેખન:

1. *સામાજિક કાર્ય સંશોધન વિશે વિસ્તૃતમાં ચર્ચા કરો.*

   ...........................................................................................

   ...........................................................................................

   ...........................................................................................

.............................................................................

.............................................................................

*સામાજિક કાર્ય સંશોધનની વ્યાખ્યા, ઉદ્દેશ્યો અને લક્ષ્યો જણાવો.*

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

*સામાજિક કાર્ય સંશોધનનો અર્થ આપી તેની માર્ગદર્શિકા જણાવો.*

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

*ઉપકલ્પનાનો અર્થ આપી તેના લક્ષણો અને સ્ત્રોત જણાવો.*

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 4.19 પ્રવૃત્તિઃ

- *સમાજકાર્ય સંશોધનમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે. તેની યાદી બનાવો.*
- *ઉપકલ્પના રચતા પહેલા શું કરવું જોઈએ? તેનીનોંધ તૈયાર કરો.*
- *સંશોધનના દસ વિષયની યાદી તૈયાર કરી તેની ઉત્કલ્પનાઓ બનાવો.*

## 4.20 કેસ સ્ટડીઃ

*સમાજકાર્ય સંશોધનના હેતુઓઅને ઉપકલ્પનાઓ સમજવા માટે વિદ્યાર્થીઓ નીચે મુજબના વિષયો પર કેસ સ્ટડી કરોઃ*

**1. જાતીય સમાનતા અને મહિલા સશક્તિકરણઃ**

- *હેતુઃ સમાજમાં જાતીય ભેદભાવને ઘટાડવો અને મહિલાઓને સ્વતંત્રતા અને સશક્તિકરણ આપવું.*
- *ઉપકલ્પનાઃ કિસ્સા અભ્યાસમાં મહિલાઓની આવક, શિક્ષણ, અને સ્વસંરક્ષણ કૌશલ્યમાં વધારા પર ધ્યાન કેન્દ્રિત કરવું.*

**2. વ્યસનમુક્તિ કેન્દ્રો અને પુનર્વસનઃ**

- *હેતુઃ વ્યસન મુક્તિ માટેનું સંવેદનશીલ કાર્ય અને સમુદાય સપોર્ટ.*
- *ઉપકલ્પનાઃ વ્યસનમુક્તિ કેન્દ્રોમાંના લોકોના મનોવૈજ્ઞાનિક અને સામાજિક ચિંતાઓ અંગેના કિસ્સાઓનો અભ્યાસ.*

**3. બાળકોની સંરક્ષણ અને કલ્યાણ યોજનાઓઃ**

- *હેતુઃ બાળકોના હક્કોની સુરક્ષા અને શિક્ષણ સુનિશ્ચિત કરવું.*
- *ઉપકલ્પનાઃ બાળ મજૂરી, બાળ વિમુક્તિ, અથવા બાળ શિક્ષણ યોજનાઓ પર આધારિત કિસ્સા અભ્યાસ કરવો.*

## 4.21 સંદર્ભ ગ્રંથોઃ


1) *સામાજિક સંશોધન પધ્ધતિઓ - પ્રો. એ .જી. શાહ,પ્રો. જે.કે. દવે*
2) *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર – ડી. એ. ઉચાટ*
3) Practice of Social Research: Social Work Perspective (Second Edition)–D. K. Lal Das
4) Social Work Research Methods and Techniques– Dr. Sheikh Nazir Jabbar
5) Research M[a]hodology: Methods and Techniques– C. R. Kothari
6) Foundations of Social Work Research - Rebecca L. Mauldin
7) 7. Research Methods for Social Work - Suresh Chandra Ghosh

| એકમ-5 | સંશોધન સમસ્યાનો અર્થ અને આવશ્યકતાઓ |
|---|---|

-: રૂપરેખા :-

**5.1 પ્રસ્તાવના**

**5.2 અધ્યયનના હેતુઓ**

**5.3 સંશોધન સમસ્યાનો અર્થ**

**5.4 સંશોધન સમસ્યાની વ્યાખ્યાઓ**

**5.5 સંશોધન સમસ્યાનાં લક્ષણો**

**5.6 સંશોધન સમસ્યાઓની આવશ્યકતાઓ**

**5.7 સંશોધન સમસ્યાના માપદંડો**

**5.8 સંશોધન સમસ્યાના પ્રકારો**

**5.9 સંશોધન સમસ્યાના સ્ત્રોતો**

**5.10 સંશોધન સમસ્યા પસંદગી કેવી રીતે થઈ શકે?**

**5.11 તમારી પ્રગતિ ચકાસો**

**5.12 ઉપસંહાર**

**5.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**5.14 ચાવીરૂપ શબ્દો**

**5.15 સ્વાધ્યાય લેખન**

**5.16 પ્રવૃત્તિ**

**5.17 કેસ સ્ટડી**

**5.18 સંદર્ભ ગ્રંથો**

## 5.1 પ્રસ્તાવના:

*સંશોધન પ્રક્રિયામાં પ્રથમ પગલું એ સંશોધક દ્વારા પસંદ કરેલા ક્ષેત્રમાંથી યોગ્ય સમસ્યાની પસંદગી છે. શિક્ષણના દરેક ક્ષેત્રમાં અને સમાજમાં ઘણી સમસ્યાઓ અસ્તિત્ત્વમાં છે. જે શુદ્ધ, લાગુ અથવા ક્રિયા સંશોધનના સંદર્ભમાં હોઈ શકે છે. યોગ્ય સમસ્યાની પસંદગી અને રચના એ સંશોધક માટે સૌથી મુશ્કેલ કાર્યોમાંનું એક છે, ખાસ કરીને જો તે/તેણી શિખાઉ હોય. એવા ઘણા સ્ત્રોતો છે. કે જેમાં સંશોધક યોગ્ય સંશોધન સમસ્યા માટે જઈ શકે છે, અથવા જેમાંથી તે/તેણી સમસ્યા જાગૃતિની ભાવના વિકસાવી શકે છે. સારી સંશોધન સમસ્યાની વિશેષતાઓ તેની છે:* (1) *મહત્ત્વ* (2) *મૌલિકતા અને* (3) *વ્યવ્હારક્ષમતા.*

*તમે, એક સંશોધક તરીકે, તમારી ક્ષમતા અને વ્યાવસાયિક અનુભવ, માહિતીની ઉપલબ્ધતામાં સંભવિત મુશ્કેલીઓ, નાણાકીય અને ક્ષેત્રની મર્યાદાઓ અને સમયની મર્યાદાઓના પ્રકાશમાં સૂચિત સમસ્યાનું મૂલ્યાંકન કરવું જોઈએ. વ્યાપક સંશોધન સમસ્યાનું મૂલ્યાંકન કર્યા પછી તમારે તેને અત્યંત*

*ચોક્કસ સંશોધન સમસ્યા સુધી સાંકડી કરવી પડશે. તમે ચોક્કસ પ્રશ્નો જણાવીને સમસ્યા ઘડી કાઢો છો, જેના માટે તમે વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગ દ્વારા જવાબો મેળવશો. શરૂઆતમાં, દરેક સંશોધક સારી સંશોધન સમસ્યાને ઓળખવા, પસંદ કરવા અને ઘડવામાં મુશ્કેલીનો સામનો કરે છે. આ એકમ આ સંબંધિત પ્રશ્નોના જવાબ આપશે.*

## 5.2 અધ્યયનના હેતુઓઃ

1. *વિદ્યાર્થીઓ સંશોધન સમસ્યાઓની પસંદગી અંગે સમજ કેળવશે.*
2. *વિદ્યાર્થીઓ સંશોધન સમસ્યાઓની પસંદગી અથવા ઓળખ માટે મહત્ત્વપૂર્ણ સ્ત્રોતો વિશે જાણશે.*
3. *વિદ્યાર્થીઓ સંશોધન સમસ્યાઓની પસંદગી કરવા અંગે જાણકારી પ્રાપ્ત કરશે.*
4. *વિદ્યાર્થીઓ સંશોધન સમસ્યાઓની આવશ્યકતા, પ્રકારો અને માપદંડો અંગે સમજ કેળવશે.*

## 5.3 સંશોધન સમસ્યાનો અર્થ (Meaning of Research Problem):

*સંશોધન પ્રક્રિયામાં, પ્રથમ અને અગ્રણી પગલું સંશોધન સમસ્યાને પસંદ કરવાનું અને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવાનું છે. સંશોધકે સમસ્યા શોધીને તેને ઘડવી જોઈએ જેથી તે સંશોધન માટે સંવેદનશીલ બને. તબીબી ડૉક્ટરની જેમ, સંશોધકે યોગ્ય રીતે નિદાન કરી શકે તે પહેલાં સમસ્યાને લગતા તમામ લક્ષણો (તેમને રજૂ કરેલા અથવા તેમના દ્વારા અવલોકન કરાયેલ)ની તપાસ કરવી જોઈએ. સમસ્યાને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવા માટે, સંશોધકે જાણવું જોઈએઃ સમસ્યા શું છે?*

- **સંશોધન સમસ્યા શું છે? (What is a Research Problem?)**

*સંશોધન સમસ્યાના ઘટકોને નીચે પ્રમાણે જણાવી શકીએ છીએઃ*

(i) *કોઈ વ્યક્તિ અથવા જૂથ હોવું જોઈએ જેને કોઈ મુશ્કેલી અથવા સમસ્યા હોય.*

(ii) *હાંસલ કરવાના કેટલાક ઉદ્દેશ્યો હોવા જોઈએ.*

(iii) *વ્યક્તિ જે ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માંગે છે, તે પ્રાપ્ત કરવા માટે વૈકલ્પિક માધ્યમો (અથવા ક્રિયાના અભ્યાસક્રમો) હોવા જોઈએ. આનો અર્થ એ છે. કે સંશોધક માટે ઓછામાં ઓછા બે માધ્યમો ઉપલબ્ધ હોવા જોઈએ કારણ કે જો તેની પાસે કોઈ વિકલ્પ ન હોય, તો તેને કોઈ સમસ્યા ન હોઈ શકે.*

(iv) *વિકલ્પોની પસંદગીને લઈને સંશોધકના મનમાં થોડી શંકા રહેવી જોઈએ. આનો અર્થ એ છે. કે સંશોધને સંભવિત વિકલ્પોની સંબંધિત કાર્યક્ષમતા સંબંધિત પ્રશ્નનો જવાબ આપવો જોઈએ..*

(v) *અમુક વાતાવરણ એવું હોવું જોઈએ જેનાથી મુશ્કેલી સંબંધિત હોય.*

*આમ, સંશોધન સમસ્યા એ છે. કે જેમાં સંશોધકને આપેલ સમસ્યા માટે શ્રેષ્ઠ ઉકેલ શોધવાની જરૂર હોય છે, એટલે કે, આપેલ પર્યાવરણના સંદર્ભમાં કયા કાર્યના માર્ગ દ્વારા ઉદ્દેશ્ય શ્રેષ્ઠ રીતે પ્રાપ્ત કરી શકાય છે. તે શોધવા માટે. એવા ઘણા પરિબળો છે. જે સમસ્યાને જટિલ બનાવી શકે છે. દાખલા તરીકે, ક્રિયાના અભ્યાસક્રમોની કાર્યક્ષમતા અથવા પરિણામોના મૂલ્યોને અસર કરતા પર્યાવરણ બદલાઈ શકે છે; ક્રિયાના વૈકલ્પિક અભ્યાસક્રમોની સંખ્યા ખૂબ મોટી હોઈ શકે છે; નિર્ણય લેવામાં સામેલ ન હોય તે વ્યક્તિઓ તેનાથી પ્રભાવિત થઈ શકે છે. અને તેના પર સાનુકૂળ અથવા પ્રતિકૂળ પ્રતિક્રિયા આપી શકે*

*છે. સંશોધન સમસ્યાના સંદર્ભમાં આવા તમામ તત્ત્વો (અથવા ઓછામાં ઓછા મહત્ત્વના) વિશે વિચારવામાં આવી શકે છે.*

## 5.4 સંશોધન સમસ્યાની વ્યાખ્યાઓ (Definitions of Research Problem):

*"સંશોધન સમસ્યા એ એક ભેદી, મુશ્કેલીજનક વિસ્તાર અથવા વિષય છે. જેને વધુ સારી રીતે સમજવા અથવા અંતિમ ઉકેલ મેળવવા માટે તપાસની જરૂર છે." ઉદાહરણ તરીકે, ભારતમાં સ્ત્રી ભ્રૂણ હત્યાનો ઉકેલ એ વર્તમાન સમયનો એક ભેદી અથવા મુશ્કેલીજનક વિષય હોઈ શકે છે, અને તે મહત્ત્વપૂર્ણ સંશોધન સમસ્યાઓમાંની એક બની શકે છે; જો કે, આવી ઘણી વધુ સમસ્યાઓ હોઈ શકે છે. જેનો અભ્યાસ સંશોધનકર્તા વિચાર કરી શકે છે.*

**કર્લિંગરના મતે,** *"સમસ્યા એ પૂછપરછવાળું વાક્ય અથવા નિવેદન છે. જે પૂછે. છે. કે બે અથવા વધુ ચલો વચ્ચે શું સંબંધ છે. પ્રશ્નોના જવાબ સંશોધનમાં શું માંગવામાં આવ્યું છે. તે પ્રદાન કરશે."*

*"સંશોધન સમસ્યા એ ચિંતાના ક્ષેત્ર, સુધારવાની સ્થિતિ, દૂર કરવાની મુશ્કેલી, અથવા વિદ્વતાપૂર્ણ સાહિત્યમાં, સિદ્ધાંતમાં અથવા વ્યવહારમાં અસ્તિત્ત્વમાં રહેલા મુશ્કેલીજનક પ્રશ્ન વિશેનું નિવેદન છે. જે અર્થપૂર્ણ સમજણ અને ઈરાદાપૂર્વકની તપાસની જરૂરિયાત તરફ નિર્દેશ કરે છે. કેટલીક સામાજિક વિજ્ઞાન શાખાઓમાં સંશોધન સમસ્યા સામાન્ય રીતે પ્રશ્નના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. સંશોધન સમસ્યા કંઈક કેવી રીતે કરવું તે જણાવતી નથી, અસ્પષ્ટ અથવા વ્યાપક દરખાસ્ત પ્રસ્તુત કરતી નથી અથવા મૂલ્ય પ્રશ્ન રજૂ કરતી નથી."*

*સંશોધન સમસ્યા એ એક પ્રશ્ન છે. જેનો સંશોધક જવાબ આપવા માંગે છે. અથવા સમસ્યા કે જે સંશોધક ઉકેલવા માંગે છે. સંશોધન સમસ્યાની ઓળખ અને રચના એ સંશોધન પ્રક્રિયાનું પ્રથમ પગલું છે. જો કે, તે કોઈપણ સંશોધન પ્રોજેક્ટના સૌથી પડકારરૂપ અને મુશ્કેલ તબક્કાઓમાંના એક તરીકે ગણવામાં આવે છે. એવું માનવામાં આવે છે. કે સારી સંશોધન સમસ્યાની પસંદગી પોતે જ એક શોધ છે. સંશોધન સમસ્યાની પસંદગી અનેક પરિબળો પર આધાર રાખે છે, જેમ કે સંશોધકનું જ્ઞાન, કૌશલ્ય, રસ, નિપુણતા, પ્રેરણા અને પૂછપરછના વિષયના સંદર્ભમાં સર્જનાત્મકતા. વધુમાં, સંશોધકને એ સુનિશ્ચિત કરવાની જરૂર છે. કે પસંદ કરેલી સમસ્યા તેના વ્યવસાય માટે ઉચ્ચ મહત્ત્વ અને સૂચિતાર્થ ધરાવે છે. તેમજ તે યોગ્ય, શક્ય, પરીક્ષણ કરી શકાય તેવી અને ઉકેલી શકાય તેવી સંશોધન સમસ્યા હોવી જોઈએ. એવું માનવામાં આવે છે. કે મોટાભાગના સારા સંશોધન અભ્યાસોને સંશોધન સમસ્યાની પસંદગી માટે ઘણો સમય જોઈએ છે.*

*"સંશોધન સમસ્યા"* (Research Problem) *એ સંશોધન પ્રક્રિયાનો મુખ્ય ભાગ છે. તે એક નિશ્ચિત મુદ્દો અથવા પ્રશ્ન છે. જેને સંશોધક પોતાના અભ્યાસ દરમિયાન સમજવા, સમજાવવાની અથવા ઉકેલવાની કોશિશ કરે છે. સંશોધન સમસ્યા એ અભ્યાસ માટેનું ધ્યેય નિર્ધારિત કરે છે. અને તે સમગ્ર સંશોધન પ્રક્રિયાને દિશા આપે છે.*

- **સંશોધન સમસ્યા શોધવા માટેના પગલાંઃ**

  1. **વિષયનું પસંદગી અને સમજૂતીઃ** *એ વિષય પસંદ કરો જે પર તમે સંશોધન કરવા માંગો છો અને તે વિષયના વિવિધ પાસાઓનો અભ્યાસ કરો.*
  2. **સંબંધિત સાહિત્યનું સમીક્ષણઃ** *વિષય પર થયેલા પૂર્વ સંશોધનોનું વિશ્લેષણ કરો. આ દ્વારા તમે સમજી શકશો કે ક્યાં ક્ષેત્રોમાં વધુ સંશોધન જરૂરી છે.*
  3. **અવકાશની ઓળખઃ** *તમારી પસંદગીના વિષયમાં ક્યા મુદ્દાઓમાં ઊંડાણથી અભ્યાસ કરવાની જરૂર છે. તે નિશ્ચિત કરો.*
  4. **સ્પષ્ટ અને સ્પષ્ટીકૃત પ્રશ્નો પ્રસ્તુત કરોઃ** *સંશોધન પ્રશ્નો ખૂબ જ સ્પષ્ટ અને સ્પષ્ટીકૃત હોવા જોઈએ જેથી તે તમારી સંશોધન પ્રક્રિયાને દિશા આપી શકે.*
  5. **વિવિધ અભિગમો અને પદ્ધતિઓનો ઉપયોગઃ** *પ્રશ્નોને ઉકેલવા માટે કયા અભિગમો અને પદ્ધતિઓ ઉપયોગી સાબિત થશે તે વિચારો.*
  6. **પ્રાથમિક અને દ્વિતીયક માહિતીની ઉપલબ્ધતાઃ** *ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરીને સમસ્યાને ઉકેલવા માટે યોગ્ય અભિગમ નિશ્ચિત કરો.*

## 5.5 સંશોધન સમસ્યાનાં લક્ષણોઃ

*સંશોધન અને વૈજ્ઞાનિક પદ્ધતિ એ બે બાબતો એકબીજામાં પરિવર્તિત થઈ શકે છે. બીજી રીતે વિચારીએ તો કોઈ સમસ્યાના અભ્યાસમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને સંશોધન થઈ શકે છે, એટલે કે અર્થપૂર્ણ સમસ્યામાં વ્યક્ત થયેલા પ્રશ્નોના જવાબો મેળવવા માટે સંશોધન એ એક એવો વ્યવસ્થિત પ્રયાસ છે. કે જે વૈજ્ઞાનિક પ્રવિધિઓનો ઉપયોગ કરે છે. સંશોધન એ અનાત્મલક્ષી, બિનપક્ષપાતી, માહિતીજન્ય અને તાર્કિક પૃથક્કરણ ધરાવતી એવી પ્રક્રિયા છે. કે જેના દ્વારા સામાન્યીકરણો, સિદ્ધાંતો કે થિયરી ઉદ્ભવે છે. કે વિકાસ પામે છે.*

*સંશોધનના આ ખ્યાલને ધ્યાનમાં રાખીને સંશોધન માટે હાથ ધરાતી સમસ્યાનાં લક્ષણો નીચે પ્રમાણે હોઈ શકે :*

- **સંશોધન સમસ્યામાં બે કે તેથી વધુ ચલો વચ્ચેના સંબંધ અંગેની સ્પષ્ટતા હોવી જોઈએ.**

*સામાન્ય રીતે સંશોધન માટેની સમસ્યામાં કોઈ બે કે તેથી વધુ ચલો અંગેની વાત હોય છે. કોઈ એક ચલની અસર બીજા ચલ પર શી થાય છે. તે તપાસવાનું હોય છે. પોતાના અભ્યાસમાં કેટલાં ચલો છે. અને તે પૈકીનાં કેટલાં સ્વતંત્ર ચલો છે, કેટલાં પરતંત્ર ચલો છે, કેટલાં નડતરરૂપ ચલો છે, કેટલાં ચલો પર અંકુશ લાવી શકાય તેમ છે. વગેરે બાબતો સમસ્યા હાથ ધરતી વખતે સ્પષ્ટ થવી જોઈએ. આ સ્પષ્ટતા પરથી જ કઈ સંશોધન પદ્ધતિનો ઉપયોગ થશે; માહિતી એકત્ર કરવાનું સાધન કેવા પ્રકારનું હશે, કઈ પૃથક્કરણ પ્રયુક્તિનો ઉપયોગ કરવો પડશે વગેરે બાબતોનો ખ્યાલ મળી શકે છે.*

- **સામાન્યતઃ સમસ્યાકથન કેટલાક પ્રશ્નોના સ્વરૂપમાં રજૂ થઈ શકવું જોઈએ.**

*સંશોધન માટેની સમસ્યાને સ્પષ્ટ અને અસંદિગ્ધ પ્રશ્નોરૂપે રજૂ કરવાથી તે સારી રીતે સમજી શકાય છે. પ્રશ્નો એ સમસ્યાને વ્યક્ત કરવાનું સીધું* (direct) *અને સરળ સ્વરૂપ છે. જેમ કે 'રેશનકાર્ડ કઢાવવામાં લોકોને શી મુશ્કેલીઓ પડે છે. ?' જો સંશોધન સમસ્યા પ્રશ્નો રૂપે રજૂ થાય તો સંશોધનને અંતે પ્રાપ્ત થતાં*

*પરિણામો તેના જવાબરૂપે મળે છે. આ કારણે સંશોધન સમસ્યાને, કાર્યપદ્ધતિને અને પરિણામોને સારી રીતે સમજી શકાય છે. સંશોધન પ્રશ્નોને વર્ણન-પ્રશ્નો, સંબંધ-પ્રશ્નો કે તફાવત-પ્રશ્નો રૂપે રજૂ કરી શકાય છે. સામાન્યતઃ વર્ણન-પ્રશ્નો સર્વેક્ષણ યોજનામાં વ્યક્ત થતાં હોય છે. જેમ કે, 'ગ્રામ્ય વિસ્તારમાં ક્યાં ક્યાં ક્ષેત્રોમાં રોજગારીની વિશેષ તકો છે. ?' સંબંધ-પ્રશ્નો સહસંબંધ યોજનામાં બે કે તેથી વધુ ચલો વચ્ચેના સંબંધ તપાસવા માટે રજૂ થતાં હોય છે. જેમ કે, 'લોકોની સામાજિક-આર્થિક સ્થિતિ અને ધાર્મિક વલણ વચ્ચે શો સંબંધ છે. ?' તફાવત- પ્રશ્નો ખાસ કરીને, કારણ—તુલનાત્મક કે પ્રાયોગિક યોજનામાં વિવિધ જૂથોની તુલના કરવા માટે યોજાતા હોય છે. જેમ કે, 'ગ્રામ્ય અને શહેરી વિસ્તારના લોકોની ચિંતાતુરતામાં કોઈ તફાવત છે?', 'શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં જૂથ-અધ્યાપન પદ્ધતિ ચડિયાતી છે?'*

- **સંશોધન માટેની સમસ્યાને માહિતીજન્ય તપાસ વડે ચકાસી (Emperical Testibility) શકાતી હોવી જાઈએ.**

*સંશોધન સમસ્યાને માહિતીજન્ય તપાસ વડે ઉકેલી શકાતી હોવી જોઈએ, એટલે કે સમસ્યાને સંશોધન દ્વારા ઉકેલવા માટે તેમાં સમાયેલાં ચલોનું માપન યોગ્ય ઉપકરણો વડે કરીને માહિતીનું એકત્રીકરણ થઈ શકતું હોવું જોઈએ. તેમ જ મેળવેલ માહિતીનું પૃથક્કરણ કરીને અર્થઘટનો અને તારણો મેળવી શકાતાં હોવાં જોઈએ.*

- **સંશોધન માટેની સમસ્યા નૈતિક પરિસ્થિતિઓને રજૂ કરતી ન હોય તે ઈચ્છનીય છે.**

*વલણો, સિદ્ધિઓ કે કૌશલ્યોને લગતા પ્રશ્નો કરતાં આદર્શો કે મૂલ્યોને લગતાં પ્રશ્નોનો અભ્યાસ કરવો મુશ્કેલ બને છે. ઉદાહરણ તરીકે, 'શું લોકો પોતાની લાગણીઓને સંતાડે છે. ?', 'શું પરીક્ષામાં ચોરી કરીને જવાબો આપવા યોગ્ય છે. ?', 'બધા જ ધર્મો સમાન રીતે માનવસેવાની પ્રેરણા જગાડે છે?' આવા પ્રશ્નોના અભ્યાસથી સંશોધકે સામાન્ય રીતે દૂર રહેવું જોઈએ, કારણ કે આમાંની ઘણી બાબતોનું માપન શક્ય હોતું નથી. વળી પ્રાપ્ય માહિતી પૂરતી આધારભૂત હોતી નથી. આ ઉપરાંત કેટલાક પ્રશ્નોના પ્રત્યુત્તરમાં લોકો સાચા જવાબોને બદલે સમાજમાન્ય અભિપ્રાયો દર્શાવે છે.*

## 5.6 સંશોધન સમસ્યાઓની આવશ્યકતાઓઃ

*સંશોધન સમસ્યાની આવશ્યકતાઓ કઈ પણ સંશોધન પ્રક્રિયાની સફળતા માટે મહત્ત્વપૂર્ણ છે. એક સંશોધન સમસ્યાની સફળતા માટે નીચે આપેલ આવશ્યકતાઓ હોવી જોઈએ:*

1. **સ્પષ્ટતા અને ચોકસાઈઃ** *સંશોધન સમસ્યા સાફ અને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત હોવી જોઈએ. તે અસ્પષ્ટ અથવા ભ્રમજનક હોવી જોઈએ નહીં.*
2. **માપનીયતાઃ** *સંશોધન સમસ્યાનો અભ્યાસ અને માપ કરવાનો યોગ્ય માપદંડ હોવો જોઈએ, જેથી તે સંખ્યાત્મક અથવા ગુણવત્તાત્મક રીતે માની શકાય.*
3. **પ્રસંગિકતાઃ** *સંશોધન સમસ્યા પ્રાસંગિક હોવી જોઈએ અને તે સંશોધકના ક્ષેત્રમાં જ્ઞાનને આગળ વધારવાની ક્ષમતા ધરાવવી જોઈએ.*
4. **સંપૂર્ણતા અને પુનઃવચનઃ** *તે સમસ્યાના તમામ પાસાઓને આવરી લેવી જોઈએ અને આ સિવાયનું કંઈ બાકી ન હોવું જોઈએ.*

5. **નવપ્રવર્તન અને મૂળભૂતત્ત્વઃ** *સંશોધન સમસ્યા નવીન હોય અને તે જ પ્રકારના વર્તમાન સંશોધનમાં કંઈક નવું ઉમેરે તેવી હોવી જોઈએ.*
6. **સમયબદ્ધતાઃ** *સમસ્યા અભ્યાસ માટે યોગ્ય સમય ફ્રેમ ધરાવતી હોવી જોઈએ.*
7. **અર્થપૂર્ણતાઃ** *તે એવી સમસ્યા હોવી જોઈએ જેના પરિણામો અર્થપૂર્ણ અને લાગુ કરી શકાય તેવા હોવા જોઈએ.*

*આ આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને, સંશોધન સમસ્યાની રચના કરવી અનિવાર્ય છે. જેથી સંશોધન પ્રક્રિયા યોગ્ય દિશામાં આગળ વધે.*

## 5.7 સંશોધન સમસ્યાના માપદંડોઃ

*સંશોધન સમસ્યાના માપદંડો કિસ્સાઓને સમજવા અને યોગ્ય રીતે વિશ્લેષણ કરવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સંશોધન સમસ્યા સચોટ, સ્પષ્ટ અને માપવામાં યોગ્ય હોવી જોઈએ. અહીં સંશોધન સમસ્યાના કેટલાક મહત્ત્વપૂર્ણ માપદંડો આપવામાં આવ્યા છે:*

1. **સ્પષ્ટતા (Clarity):** *સંશોધન સમસ્યા સ્પષ્ટ અને ગૂંચવણમુક્ત હોવી જોઈએ. તે સંશોધનના હેતુને યોગ્ય રીતે દર્શાવવી જોઈએ જેથી સંશોધક અને અન્ય લોકો સરળતાથી તેને સમજી શકે.*
2. **માપવાપણું (Measurability):** *સંશોધન સમસ્યાને એ રીતે રચવી જોઈએ કે તે માત્ર સચોટ રીતે માપવામાં અને વિશ્લેષણ કરવામાં સરળ બને.*
3. **ઉપયોગિતા (Relevance):** *સંશોધન સમસ્યાનો વૈજ્ઞાનિક અથવા વ્યવહારુ મૂલ્ય હોવો જોઈએ, જે સંશોધનના ક્ષેત્ર સાથે જોડાયેલ હોય અને નવી જ્ઞાન અથવા ઉકેલો મેળવવામાં મદદ કરે.*
4. **સમયની સીમાઓ (Time-bound):** *સંશોધન સમસ્યા સમયની સીમાઓ સાથે સુસંગત હોવી જોઈએ. લાંબા સમય સુધી તાળવું પડતું હોય તેવા સંશોધનને ટાળવું જોઈએ.*
5. *સંપૂર્ણતા* (Complateness): *સંશોધન સમસ્યાનો વિચાર સંપૂર્ણ હોવો જોઈએ અને તે મુખ્ય મુદ્દાઓ અને પરિબળોને આવરી લેવી જોઈએ.*
6. **ઉપલબ્ધ ડેટા (Availability of Data):** *તે શક્ય છે. કે સંશોધન માટે જરૂરી માહિતી ઉપલબ્ધ અથવા સંગ્રહ કરી શકાય.*
7. **પરિક્ષણક્ષમતા (Testability):** *સંશોધન સમસ્યા એવી હોવી જોઈએ કે તે પરિક્ષણ અને તપાસ માટે યોગ્ય હોઈ શકે.*

*આ માપદંડો સંશોધન પ્રક્રિયાને અસરકારક બનાવવામાં અને સંશોધકને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.*

## 5.8 સંશોધન સમસ્યાના પ્રકારોઃ

*સંશોધન હાથ ધરવા માટે કેવા પ્રકારની સમસ્યા હોઈ શકે તે અંગેના આધારોની ચર્ચા અત્રે રજૂ કરી છે.*

1. **સિદ્ધાંતને પ્રમાણિત કરવા કે સ્પષ્ટ કરવા માટે સંશોધનઃ** *કેટલીક વાર સૈદ્ધાંતિક બાબતોને સ્પષ્ટ કરવા માટે સંશોધન હાથ ધરાતું હોય છે. કોઈક સિદ્ધાંત કે થીઅરીમાં કેટલીક વિસંગતતા પણ જોવા મળે છે. ક્યારેક કેટલીક બાબતો અનુત્તર પણ હોય છે. આથી ચોક્સાઈપૂર્વક સિદ્ધાંતને સમજાવી શકાય તે માટે સંશોધન કરવું જરૂરી બને છે. ઉદાહરણ તરીકે; ''ઘરમાં ટેલિવિઝન હોવાને કારણે બાળકના*

*અભ્યાસમાં હાનિકારક અસર ઉદ્દભવે છે." અહીં કેટલાયે પ્રશ્નો ઉદ્દભવી શકે તેમ છે. જેમ કે, 'કેટલો સમય રોજ ટેલિવિઝન જોવામાં આવે તો નુકસાન થાય છે. ?', 'કેવા કાર્યક્રમોથી આવી અસર ઉદ્દભવે છે?", "ખાસ કરીને કયા વિષયના અભ્યાસમાં આવું બનવાનો વધુ સંભવ છે. ?', 'ટેલિવિઝનના કોઈ કાર્યક્રમથી અભ્યાસમાં મદદરૂપ અસર થતી નહીં હોય?', 'રમતો રમવાને બદલે ટેલિવિઝન જુએ તો કેવી અસર થાય ?' આ બધા પ્રશ્નો સંશોધન સમસ્યા માટે આધાર બની શકે છે. કે જેનાં પરિણામો ટેલિવિઝન જોવાથી બાળકના અભ્યાસમાં થતી અસરને બરાબર સમજાવી શકશે.*

2. **વિરોધી પરિણામોને ચકાસવા માટે સંશોધનઃ** *જ્યારે વિવિધ સંશોધનોનાં પરિણામોમાં વિરોધ જોવા મળે ત્યારે ક્યાં અસંગતતા રહેલી છે. કે ખરેખર સાચું પરિણામ કયું છે, તેની તપાસ કરવા માટે સંશોધન હાથ ધરવામાં આવે છે. ઉદાહરણ તરીકે; વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ સાથે તેના માતા-પિતાના અભ્યાસ અને વ્યવસાયની કક્ષાના સંબંધો અંગેનાં પરિણામોમાં વિરોધ જોવા મળે છે. આથી સાચો સંબંધ મેળવવા માટે પ્રથમ પૂર્વે થયેલાં વિવિધ સંશોધનોની ડિઝાઈન, પદ્ધતિ, ચલોનું માપન, નમૂનો, પૃથક્કરણ પ્રવિધિ વગેરે તપાસવામાં આવે છે. ત્યાર બાદ યોગ્ય ડિઝાઈન રચીને, વિવિધ ચલોની અસર જોઈ શકાય તે માટે પ્રતિનિધિરૂપ મોટા નમૂના પર વિશાળ અને ઊંડાણપૂર્વક સંશોધન હાથ ધરવામાં આવે છે.*

3. **ખામીયુક્ત પદ્ધતિને સુધારવા માટે સંશોધનઃ** *ખામીભરેલી સંશોધન ડીઝાઈન પર આધારિત સંશોધન પરિણામોને ચકાસવા માટે પણ સંશોધન હાથ ધરી શકાય છે. ઉદાહરણ તરીકે એક સંશોધનનું પરિણામ આ પ્રમાણે છે. : "પછાતવર્ગની છોકરીઓ કરતાં પછાતવર્ગના છોકરાઓ ઓછા બુદ્ધિશાળી છે." આ સંશોધનમાં ખામી એ છે. કે નમૂનામાં શાળામાં ભણતાં પછાત વર્ગનાં છોકરાં અને છોકરીઓ લીધેલ હતાં. સામાન્યતઃ પછાતવર્ગની હોશિયાર છોકરીઓ શાળામાં ભણવા માટે આવતી હોય છે, જ્યારે નબળી છોકરીઓનું શાળામાં ભણવા આવવાનું પ્રમાણ ઓછું હોય છે. છોકરાઓ માટે આવું બનવાનું પ્રમાણ ઓછું હોય છે. આ નમૂનાની ખામીને કારણે એમ ન કહી શકાય કે પછાતવર્ગની છોકરીઓ (ભણતી અને ન ભણતી) પછાતવર્ગના છોકરા (ભણતા અને ન ભણતા) કરતાં વધુ બુદ્ધિશાળી છે.*

4. **આંકડાશાસ્ત્રના અનુચિત ઉપયોગને સુધારવા સંશોધનઃ** *યોગ્ય રીતે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ ન થયો હોય ત્યારે ઘણી વાર મહત્ત્વનાં સંશોધનોનાં પરિણામો કેટલાક પ્રશ્નો ઊભા કરે છે. આવાં સંશોધનો વધુ યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરીને ફરી વાર થવા જોઈએ. ઉદાહરણ તરીકે; ધૂમ્રપાન કરવાથી ફેફસાંનું કેન્સર થાય છે. કે કેમ તે તપાસવા માટે પિવાતી સિગારેટની રોજની સંખ્યા અને ફેફસાંનાં કેન્સરનો ફેલાવો એ બે વચ્ચેના સહસંબંધાંક ઉપરથી ચોક્કસપણે કહી શકાય નહીં કે સિગારેટ પીવાથી કૅન્સર થાય છે, કારણ કે સહસંબંધાંક એ કાર્યકારણ* (causality) *સૂચવતું નથી. જો સંશોધન અગત્યનું હોય તો વધુ યોગ્ય આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરીને ફરી વાર સંશોધન હાથ ધરી શકાય.*

5. **પરસ્પર વિરોધી મંતવ્યોના નિવારણ અર્થે સંશોધનઃ** *પાઠ્યપુસ્તકો, સામયિકો, સંશોધન અહેવાલો અને અન્ય સાહિત્યમાં વિવિધ જગ્યાએ રજૂ થયેલાં વિરોધી મંતવ્યોના નિવારણ અર્થે પણ સંશોધન હાથ ધરી શકાય છે.*

## 5.9 સંશોધન સમસ્યાના સ્ત્રોતોઃ

*સંશોધન સમસ્યાના સ્ત્રોતો એટલે કે* Research Problem Sources *એવા તત્ત્વો છે. જ્યાંથી સંશોધન માટેના પ્રશ્નો ઊભા થાય છે. સંશોધન સમસ્યાના સ્ત્રોતો દ્વારા સંશોધકને તે મુદ્દાઓ વિશે વિચારવાની પ્રેરણા મળે છે. જે પર સંશોધન કરવું યોગ્ય લાગે. અહીં કેટલીક મુખ્ય સંશોધન સમસ્યાના સ્ત્રોતો આપવામાં આવ્યા છે:*

1. **સાહિત્ય સમીક્ષા (Literature Review):** *અગાઉના સંશોધનની સમીક્ષા કરીને તેમાં રહેલા ગેપ્સ* (Gaps) *અથવા સવાલો શોધી શકાય છે.*
2. **વાસ્તવિક સમસ્યાઓ (Practical Problems):** *પ્રાથમિક અને દૈનિક જીવનમાં આવતા વિવિધ સમસ્યાઓ પરથી સંશોધન માટે વિષયો ઊભા થાય છે.*
3. **નવું જ્ઞાન અને ટેક્નોલોજી (New Knowledge and Technology):** *નવી શોધ, શોધ અથવા ટેક્નોલોજીમાં નવીનતા સંશોધન માટે નવી દિશાઓનું માર્ગદર્શન આપે છે.*
4. **અનુમાન અને થિયરી (Hypotheses and Theories):** *કોઈ ચોક્કસ સમસ્યા અથવા પરિણામ અંગેના અનુમાન અને નજીક થિયરી દ્વારા સંશોધન સમસ્યાઓ ઊભી થાય છે.*
5. **સામાજિક અને સાંસ્કૃતિક ફેરફારો (Social and Cultural Changes):** *સમાજમાં થતાં પરિવર્તન અને પ્રકરણો સંશોધન માટે પ્રેરણાત્મક બની શકે છે.*
6. **અનુભવી અને નિષ્ણાતોની સલાહ (Expert Opinions):** *તજજ્ઞો દ્વારા આપવામાં આવેલી સલાહ અથવા વિચાર સંશોધન માટે દિશા દેખાડી શકે છે.*
7. **વિમર્શ અને ડિબેટ (Debate and Discussion):** *સમકાલીન મુદ્દાઓ પરની ચર્ચા અને વિમર્શ પણ સંશોધન માટે પ્રશ્નો ઊભા કરે છે.*

*આ બધા સ્ત્રોતો સંશોધકને તે સમસ્યાની ઓળખ કરવામાં મદદ કરે છે, જેના પર તેઓ આગળના સંશોધન માટે કામ કરી શકે.*

## 5.10 સંશોધન સમસ્યા પસંદગી કેવી રીતે થઈ શકે? :

*સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે કેટલાક મહત્ત્વપૂર્ણ પગલાં અને પરિબળો પર ધ્યાન આપવું જરૂરી છે. નીચે સંશોધન સમસ્યાની પસંદગી માટેના કેટલીક રીતે આપેલી છે:*

**1. રુચિ અને ઉત્સાહઃ**

- *પસંદ કરેલી સંશોધન સમસ્યા વિષય ક્ષેત્રમાં તમારી ખુદની રસ અને ઉત્સાહ હોવો જોઈએ. વિષયમાં તમારી મજબૂત રસ હશે તો તમે સંશોધનના પ્રયાસમાં વધુ પડતાં જોડાઈ શકશો.*

**2. વિષય ક્ષેત્ર અને વિષયની સગવડતાઃ**

- *તમારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે તમારી સંશોધન સમસ્યા એના વિષય ક્ષેત્રમાં અર્થપૂર્ણ છે. અને તે ક્ષેત્ર સાથે સારું સંકળાયેલું છે.*

**3. ઉપલબ્ધ સંશોધન સામગ્રીઃ**

- *તમારી સંશોધન સમસ્યા સાથે સંબંધિત પૂરતી સામગ્રી ઉપલબ્ધ છે. કે નહીં તે ચકાસવું જરૂરી છે. તે માટે પુસ્તકો, લેખો, અન્વેષણ પેપર, રિપોર્ટ્સ વગેરેનો સહારો લઈ શકાય છે.*

**4. સમસ્યા નિવારણ અને મૂલ્યઃ**

- *સંશોધન સમસ્યાનો અભ્યાસ વ્યક્તિગત, સામાજિક, શૈક્ષણિક અથવા વ્યાવસાયિક કક્ષાએ કોઈ પ્રકારના મૂલ્યમાં વધારો કરતો હોવો જોઈએ.*

**5. અવકાશ અને સમયના મર્યાદાઓઃ**

- *તમારી સંશોધન સમસ્યા એવરી રીતે નક્કી કરવી જોઈએ કે તમે આપેલા સમયગાળામાં સંશોધન પૂર્ણ કરી શકો અને તેના માટે પૂરતા સંસાધનો ઉપલબ્ધ છે. કે નહીં.*

**6. સૌમ્ય અને સાક્ષરતાઃ**

- *સંશોધન માટેની સમસ્યા એવરી રીતે નક્કી કરવી જોઈએ કે તે અતિ કઠણ અથવા અત્યંત સરળ ન હોય. તે ઉપાય સંભવ અને સાક્ષર બંને હોવી જોઈએ.*

**7. નવયોગ્યતા (Novelty) અને વૈવિધ્યતા (Originality):**

- *સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે, એ વિચારવું જોઈએ કે તે સંશોધનના ક્ષેત્રમાં નવું કંઈક ઉમેરશે કે નહીં.?*

*આ પરિબળો ધ્યાનમાં રાખીને, તમે યોગ્ય રીતે સંશોધન સમસ્યાની પસંદગી કરી શકશો.*

---

**5.11 તમારી પ્રગતિ ચકાસોઃ**

---

1. *સંશોધન પ્રક્રિયામાં ___________પગલું એ સંશોધક દ્વારા પસંદ કરેલા ક્ષેત્રમાંથી યોગ્ય સમસ્યાની પસંદગી છે.*

   a. *પ્રથમ* b. *દ્વિતીય*

   c. *તૃતીય* d. *ચતુર્થ*

2. *સંશોધન સમસ્યાના મહત્ત્વપૂર્ણ માપદંડો ક્યા છે?*

   a. *સ્પષ્ટતા* b. *ઉપયોગિતા*

   c. *સમયની સીમાઓ* d. *આપેલ તમામ*

3. *સંશોધન સમસ્યાના સ્ત્રોતો ક્યા ક્યા છે?*

   a. *સાહિત્ય સમીક્ષા* b. *સામાજિક અને સાંસ્કૃતિક ફેરફારો*

   c. *અનુભવી અને નિષ્ણાતોની સલાહ* d. *આપેલ તમામ*

4. _________*એ પૂછપરછવાળું વાક્ય અથવા નિવેદન છે. જે પૂછે. છે. કે બે અથવા વધુ ચલો વચ્ચે શું સંબંધ છે. પ્રશ્નોના જવાબ સંશોધનમાં શું માંગવામાં આવ્યું છે. તે પ્રદાન કરશે*

   a. *ઉત્કલ્પના* b. *ઉપયોગિતા*

   c. *સમસ્યા* d. *ચલ*

5. *સંશોધન સમસ્યાના પ્રકારો ક્યા છે?*
   a. *સિદ્ધાંતને પ્રમાણિત કરવા કે સ્પષ્ટ કરવા માટે સંશોધન*
   b. *વિરોધી પરિણામોને ચકાસવા માટે સંશોધન*
   c. *આંકડાશાસ્ત્રના અનુચિત ઉપયોગને સુધારવા સંશોધન*
   d. *આપેલ તમામ.*

## 5.12 ઉપસંહારઃ

*‘સંશોધન સમસ્યા’ એ સંશોધન પ્રક્રિયામાં તે મુદ્દા અથવા પ્રશ્નને કહેવામાં આવે છે. જેનું સમાધાન અથવા અભ્યાસ કરવા માટે સંશોધન કરવામાં આવે છે. સંશોધન સમસ્યા એ કોઈ ચોક્કસ વિષય, ઘટના, અથવા સમસ્યા પર કેન્દ્રિત હોય છે. જેના પર સંશોધક વધુ જાણકારી મેળવવા, સમજણ વિકસાવવા, અથવા નવા નિચોડ લાવવા માગે છે. સંશોધન સમસ્યા એક સ્વચ્છ, સ્પષ્ટ, અને સંક્ષિપ્ત નિવેદન હોવું જોઈએ, જે સંશોધનના ઉદ્દેશ્યો અને હેતુઓને જોતાં રસપ્રદ અને જરૂરી હોય. આ કારણે, સંશોધન પ્રક્રિયામાં સંશોધન સમસ્યાને ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરવી મહત્ત્વપૂર્ણ છે. સંશોધન સમસ્યા* (Research Problem) *એ સંશોધનનો મુખ્ય મુદ્દો અથવા પ્રશ્ન છે, જેને ઉકેલવા માટે સંશોધક કામ કરે છે. તે કોઈ વિશિષ્ટ વિષય, વિસંગતિ, વિષયમાં ખોટ અથવા અધ્યયનક્ષેત્રમાં નિશ્ચિત ઉદ્દેશ સાથે સંકળાયેલ હોઈ શકે છે. સંશોધન સમસ્યાનો અર્થ એ છે. કે તે મુદ્દો છે. કે જ્યાં સંશોધકની પ્રવૃત્તિ કે આશય કેન્દ્રિત રહે છે. અને તે પ્રશ્ન કે મુશ્કેલી છે. જેને ઉકેલવાની કોશિશ કરવામાં આવે છે.*

## 5.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબોઃ

Answer: (1)a, (2) d, (3) d, (4) c, (5) d

## 5.14 ચાવીરૂપ શબ્દોઃ

**સમસ્યા (Problem)** : *સમસ્યા એવી કોઈપણ પરિસ્થિતિ છે. જે વ્યક્તિ, જૂથ અથવા સમાજના સામાન્ય કાર્ય કરવાની ક્ષમતાને અવરોધે છે. સમાજકાર્યમાં, સમસ્યાઓ વ્યક્તિગત, પરિવારિક, સમુદાય અથવા સામાજિક સ્તરે હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, ગરીબી, બેરોજગારી, અપરાધ, વ્યસન, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વગેરે. સમાજકાર્યકર્તાઓ આ સમસ્યાઓનું નિદાન કરીને અને તેના ઉકેલો શોધવા માટે કામ કરે છે.*

**સામાજિક વિઘટન (Social Disorganization)** : *સામાજિક વિઘટન એવી સ્થિતિ છે. જ્યાં સામાજિક સંસ્થાઓ અને સંબંધો ધીમે ધીમે તૂટી પડે છે. આના કારણે સામાજિક નિયમો અને મૂલ્યો નબળા પડે છે. અને સમાજમાં અરાજકતા ફેલાય છે. સામાજિક વિઘટનના કારણોમાં ગરીબી, અસમાનતા, ભેદભાવ, શહેરીકરણ, પરિવારના વિઘટન વગેરેનો સમાવેશ થાય છે. સામાજિક વિઘટનના પરિણામ સ્વરૂપે અપરાધ, હિંસા, વ્યસન જેવી સમસ્યાઓ વધે છે.*

**પીડા (Suffering)** : *પીડા એ માનસિક અથવા શારીરિક દુઃખની એક સ્થિતિ છે. સમાજકાર્યમાં, પીડા વ્યક્તિગત અનુભવો, સામાજિક અન્યાય અથવા જીવનની મુશ્કેલ પરિસ્થિતિઓને કારણે થઈ શકે છે. પીડા ઘણીવાર સમસ્યાઓ અને*

*સામાજિક વિઘટન સાથે સંકળાયેલી હોય છે. સમાજકાર્યકર્તાઓ પીડા અનુભવતા લોકોને સાંત્વના આપવા અને તેમને  સમસ્યાઓનો સામનો કરવામાં મદદ કરવા માટે કામ કરે છે.*

**સાહિત્ય સમીક્ષા** : *સાહિત્ય સમીક્ષા એ સાહિત્યના વિવિધ સ્વરૂપો, જ્ઞાન, અને અભિવ્યક્તિના અંદાજોને સમજવા માટેનું મહત્ત્વપૂર્ણ સાધન છે. આ પ્રક્રિયા દરમ્યાન કોઈ પણ સાહિત્યિક કૃતિને ખોલી પાડવામાં આવે છે, તેની મૂળભૂત સમજણ, ભાવ, અને લેખકના મનોભાવોને જાણવા પ્રયત્ન કરવામાં આવે છે.*

*વ્યાખ્યા* (Definition): *નિરૂપણ* (Explanation), *વિવરણ* (Description), *શબ્દાવલિ* (Terminology)

## 5.15 સ્વાધ્યાય લેખનઃ

1. *સંશોધન સમસ્યાનો અર્થ આપી, તેના લક્ષણો સમજાવો.*
2. *સંશોધન સમસ્યાની વ્યાખ્યા આપી, તેની આવશ્યકતાઓ અને માપદંડો જણાવો.*
3. *સંશોધન સમસ્યાના પ્રકારો વિસ્તૃતમાં ચર્ચા કરો.*
4. *સંશોધન સમસ્યાના સ્ત્રોતો જણાવો.*

## 5.16 પ્રવૃત્તિઃ

- *તમારા ક્ષેત્ર કાર્ય દમિયાન કઈ કઈ સમસ્યાઓ જોવા મળી તેની યાદી તૈયાર કરો.*
- *સમાજકાર્ય સંશોધનમાં તમે કઈ કઈ સમસ્યાઓ પર સંશોધન કરી શકો તેનીનોંધ તૈયાર કરો અને તેના આધારે સંશોધન માટે પંદર વિષય તૈયાર કરો.*

## 5.17 કેસ સ્ટડીઃ

*વિદ્યાર્થીઓ સંશોધન સમસ્યાના અર્થ અને તેની આવશ્યકતાને સમજવા માટે નીચેની રીતે કેસ સ્ટડી કરોઃ*

1. **વિભાગ વિશે કેસ સ્ટડીઃ** *કોઈ ખાસ વિષય અથવા વિસ્તારનો એક ઉદાહરણ કે કેસ પસંદ કરી, જ્યાં તે સમસ્યા સંશોધન માટે મહત્ત્વની છે. આ વિમર્શ માટે, વિદ્યાર્થીઓ હાલની સમસ્યાઓ, ઈતિહાસ, અને પરિણામોનું અભ્યાસ કરી શકે.*
2. **પ્રોજેક્ટ આધારિત અભ્યાસઃ** *વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ સંશોધન પ્રોજેક્ટ આપવામાં આવે, જેમાં તેઓને કેસ પર આધારિત પ્રશ્નોના જવાબ શોધવા અને સખાવત સાથે માહિતી એકત્ર કરવી જોઈએ.*
3. **વિશ્વવિદ્યાલય અથવા સંશોધન સંસ્થાનની સાઈટ્સઃ** *ઘણા યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ કિસ્સા અભ્યાસ માટે ઓનલાઈન માહિતી પ્રદાન કરે છે. આ વેબસાઈટ્સની મદદથી વિદ્યાર્થીઓ એમના પ્રોજેક્ટ માટે જરૂરી કેસ સ્ટડીઓ મેળવી શકે છે.*

## 5.18 સંદર્ભ ગ્રંથોઃ


1. *સામાજિક સંશોધન પધ્ધતિઓ  - પ્રો. એ .જી. શાહ, પ્રો. જે.કે. દવે*
2. *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર– ડી. એ. ઉચાટ*

3. Practice of Social Research: Social Work Perspective (Second Edition) –D. K. Lal Das Social Work Research Mªhods and Techniques– Dr. Sheikh Nazir Jabbar
4. Research Mªhodology: Methods and Techniques– C. R. Kothari
5. Foundations of Social Work Research - Rebecca L. Mauldin
6. Research Mªhods for Social Work - Suresh Chandra Ghosh

| એકમ-6 | સર્વેક્ષણનો અર્થ, પ્રકાર અને મર્યાદાઓ |
| --- | --- |

**-: રૂપરેખા :-**

**6.0** ઉદ્દેશો

**6.1.** પ્રસ્તાવના

**6.2** સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ

**6.3.** સર્વેક્ષણના પ્રકારો

**6.4** સર્વેક્ષણની મર્યાદાઓ

**6.5** સારાંશ

**6.6.** ચાવીરૂપ શબ્દો

**6.7.** તમારી પ્રગતિ ચકાસો.

**6.8.** સંદર્ભ સૂચિ

## 6.0 ઉદ્દેશો

*વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે....*

- *સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ સમજી શકશો.*
- *સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા વિશે સમજશો.*
- *સર્વેક્ષણના તબક્કાઓ વિશે માહિતગાર થશો.*
- *સર્વેક્ષણનું આયોજન જાણશો.*
- *સર્વેક્ષણના પ્રકારો વિશે સમજશો.*
- *સર્વેક્ષણની મર્યાદાઓ જાણશો.*

## 6.1. પ્રસ્તાવના

*'સર્વે' શબ્દનો ઉપયોગ જ્ઞાનની ઘણી શાખાઓમાં થાય છે. જેમ કે ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર, એન્જિનિયરિંગ અને સામાજિક વિજ્ઞાન. આ શબ્દનો ઉપયોગ વિવિધ વિજ્ઞાનમાં અલગ-અલગ સંદર્ભમાં થતો આવ્યો છે. કોઈપણ શાસ્ત્રના ઉદ્દભવ અને વિકાસમાં સંશોધન પદ્ધતિઓની મહત્ત્વની ભુમિકા કહી શકાય. દરેક શાસ્ત્રને વિજ્ઞાનનું સ્વરૂપ આપનાર સંશોધન પદ્ધતિઓ હોય છે. સંશોધનના માધ્યમથી સર્જન પામતું જ્ઞાન કે તથ્યો વિજ્ઞાનની પાયાની લાક્ષણીકતા છે. સંશોધન પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત કરેલ તારણો કે તથ્યો જેતે વિજ્ઞાનના વિકાસની મહત્ત્વની બાબત છે. ભૂગોળમાં, આ શબ્દનો ઉપયોગ સપાટીની લાક્ષણિકતાઓ જાણવા માટે, ભૂસ્તરશાસ્ત્રમાં સપાટી પર દટાયેલી વસ્તુઓની તપાસ કરવા માટે અને સિવિલ એન્જિનિયરિંગમાં જમીન માપણી વગેરે માટે થાય છે. સામાજિક વિજ્ઞાનમાં સર્વે શબ્દનો પ્રારંભિક ઉપયોગ ઓગણીસમી અને વીસમી સદીમાં ઘણી સામાજિક સમસ્યાઓના સંદર્ભમાં થયો, ખાસ કરીને ગરીબી અભ્યાસ (સમાજશાસ્ત્ર), આધુનિક અભિપ્રાય મતદાન (રાજકીય વિજ્ઞાન), શહેર આયોજન (જાહેર વહીવટ), માર્કેટ રિસર્ચ (બિઝનેસ મેનેજમેન્ટ), આ સિવાય યુનિવર્સિટીઓ અને*

*કેન્દ્રીય અને પ્રાંતીય સરકારો દ્વારા પ્રમોટ કરાયેલા ઘણા સંશોધન પ્રોજેક્ટ્સમાં તે વિવિધ અર્થમાં કરવામાં આવ્યું છે. ભારતની વસ્તી ગણતરી ઉપરાંત, વિભાગ સામાજિક જીવનના ઘણા વિષયો પર 'નેશનલ સેમ્પલ સર્વે'નું આયોજન કરતું રહે છે.*

## 6.2 સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ

*સરળ શબ્દોમાં, સર્વેનો અર્થ થાય છે. કે ઘટના વિશે જાતે નિરીક્ષણ કરીને માહિતી મેળવવી. સર્વેક્ષણ શબ્દ અંગ્રેજી શબ્દ સર્વેનું હિન્દી સંસ્કરણ છે. અંગ્રેજી શબ્દ સર્વે બે શબ્દોથી બનેલો છેઃ સર્વે એ બે શબ્દોનું સંયોજન હોય તેવું લાગે છે. — 'સર'* (sur or sor) *તથા વિયર* (veeir or vor)™ku *બનેલો છે. 'સર' ઉપર અને વિયર એટલે જોવું. તેથી સર્વેનો અર્થ થાય છે. 'જુઓ' અથવા બહારથી જોવું. આમ, સર્વેનો શાબ્દિક અર્થ ઉપરછલ્લી રીતે જોવાનો છે. તેથી, સર્વેક્ષણનો અર્થ એ છે. કે ઉપરથી અથવા બહારથી કોઈપણ ઘટના અથવા પરિસ્થિતિને જોવી અથવા તેનું અવલોકન કરવું અથવા તેની ઝાંખી કરવી. ચોક્કસ હેતુ માટે અવલોકન, તપાસ અથવા બારીકાઈથી નિરીક્ષણ કરવાની પ્રક્રિયાને સર્વેક્ષણ કહેવામાં આવે છે.*

*"ચોક્કસ હેતુ માટે અવલોકન કરવાની, તપાસવાની અથવા બારીકાઈથી નિરીક્ષણ કરવાની પ્રક્રિયાને સર્વેક્ષણ કહેવામાં આવે છે." - ઓક્સફર્ડ યુનિવર્સલ ડિક્શનરી (*1955:2092*)*

**વ્હીટની (F.L. Whitney) અનુસાર-** *"સામાજિક સંશોધન હેઠળ, સર્વે શબ્દનો ઉપયોગ વિશેષ અર્થમાં થાય છે. આ સંદર્ભમાં, સર્વેક્ષણ એ એક સહયોગી પ્રક્રિયા છે. જેમાં એક અથવા વધુ સંશોધન પદ્ધતિઓ દ્વારા વિવિધ સાધનોની મદદથી તથ્યો અને ડેટા એકત્રિત કરવામાં આવે છે."*

**ઈ.ઉ. બર્ગેસ (1916)** *એ સર્વેક્ષણની વ્યાખ્યા કરતી વખતે લખ્યું છે કે, "સર્વેક્ષણ એ સમુદાયની પરિસ્થિતિઓ અને જરૂરિયાતોનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. જે સામાજિક પ્રગતિનો રચનાત્મક કાર્યક્રમ બનાવવાના હેતુથી હાથ ધરવામાં આવે છે."*

*સર્વેક્ષણનો ઉપયોગ એટલા વ્યાપક સ્તરે કરવામાં આવ્યો છે. કે તેની કોઈ સાર્વત્રિક વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. ઉપર દર્શાવેલ વ્યાખ્યાઓ પરથી તે સ્પષ્ટ છે. કે સર્વેક્ષણ એ માત્ર સમસ્યા સાથે સંબંધિત તથ્યોનો સંગ્રહ છે.*

### 6.2.1.સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા

**પી.વી. યંગ** - *"સર્વે સમાજની વર્તમાન અને તાત્કાલિક સમસ્યાઓના સુધારણા અને સારવાર માટે રચનાત્મક યોજનાઓની રચના સાથે સંબંધિત છે, જેની ચોક્કસ ભૌગોલિક મર્યાદાઓ છે. અને તેની ચોક્કસ સામાજિક અસર અને મહત્ત્વ છે. આ પરિસ્થિતિઓને માપી શકાય છે. અને તુલના આદર્શ તરીકે સ્વીકારી શકાય તેવી પરિસ્થિતિઓ સાથે કરી શકાય છે."*

*"સામાજિક સર્વેક્ષણ એ એક પ્રક્રિયા છે. જેના દ્વારા સમુદાયની રચના અને પ્રવૃત્તિઓના સામાજિક પાસા અંગે તથ્યો એકત્રિત કરવામાં આવે છે." -* **અબ્રામ્સ**

*"સામાજિક સર્વેક્ષણ, ટૂંકમાં, વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત રીતે ચોક્કસ હેતુઓ માટે ચોક્કસ સામાજિક પરિસ્થિતિ અથવા સમસ્યા અથવા વસ્તીનું વિશ્લેષણ કરવાની માત્ર એક પદ્ધતિ છે." - મોર્સ*

**6.2.2.સર્વેક્ષણમાં તબક્કાઓ**

*સર્વેક્ષણની પ્રક્રિયા એ વૈજ્ઞાનિક સંશોધનની વિવિધ પ્રવૃત્તિઓની વ્યાપક યોજના છે. સર્વેક્ષણની આ યોજનાને 'સર્વે ડિઝાઈન' કહેવામાં આવે છે. આ ડિઝાઈનના ઘણા તબક્કાઓ છે. જેનું સામાજિક સંશોધનના પ્રકરણમાં વિગતવાર વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જે નીચે મુજબ છે.*

❖ *મોઝર અને કાલ્ટને સર્વેક્ષણ આયોજનના ત્રણ મુખ્ય તબક્કાઓનું વર્ણન કર્યું છે:*

1. *પ્રારંભિક અભ્યાસ*
2. *મુખ્ય આયોજન વિચારણા*
3. *પૂર્વ-પરીક્ષણ અને પૂર્વ-મોજણી.*

*મોર્સ, પાર્ટન અને ઓપેનહેમ વગેરે જેવા કેટલાક અન્ય લેખકોએ પણ સર્વેની પ્રક્રિયા અથવા આયોજનને પોતપોતાની રીતે વર્ણવ્યું છે. આ બધાના વર્ણનના આધારે, સર્વેક્ષણ પ્રક્રિયાને ચાર તબક્કામાં વિભાજિત કરવામાં આવેલ છે.*

a) *સર્વેક્ષણ હાથ ધરવું*
b) *ફિલ્ડ વર્ક (તથ્યોનો સંગ્રહ)*
c) *તથ્યોનું વર્ગીકરણ અને વિશ્લેષણ*
d) *સામાન્યીકરણ અને અહેવાલ લેખન,*

❖ *સિન પાઓ યાંગે સર્વેક્ષણની સમગ્ર પ્રક્રિયામાં ચાર મુખ્ય પગલાં આપ્યા છે:*

1. *સર્વેક્ષણનું આયોજન,*
2. *તથ્યોનો સંગ્રહ,*
3. *તથ્યોનું વિશ્લેષણ અને*
4. *રજૂઆત તારણો.*

*તદઉપરાંત તેમણે સર્વેક્ષણ યોજનામાં નીચેની સાત બાબતોનો સમાવેશ કર્યો હતો.*

i. *હેતુ નક્કી કરો*
ii. *સર્વેક્ષણ આયોજન ટીમની રચના*
iii. *ક્ષેત્ર નક્કી કરો*
iv. *કામનું સમયપત્રક અને બજેટ બનાવવું*
v. *અભ્યાસ પદ્ધતિઓની પસંદગી*
vi. *કર્મચારીઓ અને ફિલ્ડ કામદારોની પસંદગી અને તાલીમ*
vii. *સર્વેક્ષણ માટે સમુદાયને તૈયાર કરવું.*

**6.2.3.સર્વેક્ષણનું આયોજન**

*સર્વેક્ષણ કરવા માટે નીચેની પ્રક્રિયાઓનોંધપાત્ર છે-*

**1. સમસ્યા અથવા વિષયની પસંદગી**

*સામાજિક સર્વેક્ષણનું આ સૌથી અગત્યનું પાસું છે. સંશોધકે અભ્યાસ માટે સમસ્યા કે વિષય પસંદ કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે-*

- *સમસ્યાની પસંદગી સર્વેક્ષણ કરનારની રુચિ અનુસાર હોવી જોઈએ જેથી કરીને તે સંપૂર્ણ સમર્પણ અને સખત મહેનત સાથે કામ કરે.*
- *સર્વેક્ષણ કરનારને સમસ્યા અંગે પર્યાપ્ત જ્ઞાન હોવું જોઈએ. વિષયની જાણકારી સાથે જ આયોજનબદ્ધ રીતે સર્વે કરી શકાય છે.*
- *સમસ્યાની પસંદગી સામાજિક પરિસ્થિતિઓ અને સંસાધન મર્યાદાઓને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ.*
- *સૈદ્ધાંતિક હેતુઓ તેમજ વ્યવહારિક ઉપયોગિતા અથવા જાહેર હિતના સંદર્ભમાં સમસ્યાની પસંદગી કરવી જોઈએ.*
- *અભ્યાસ વિષયની પસંદગી કર્યા પછી, સર્વેક્ષણના હેતુઓ નક્કી કરવા જરૂરી બને છે. સ્પષ્ટ હેતુઓના આધારે જ સર્વેક્ષણની રચના શક્ય છે. અભ્યાસ માટેના સાધનો, કાર્યપદ્ધતિ વગેરે અંગેના નિર્ણયો હેતુઓ અનુસાર જ લઈ શકાય છે.*

**2. ક્ષેત્ર નક્કી કરવું**

*સર્વેક્ષણની કામગીરી શરૂ કરતા પહેલા, તે નક્કી કરવું જરૂરી છે. કે કયા ક્ષેત્રમાંથી માહિતી એકત્રિત કરવાની છે. એવું જરૂરી નથી કે સર્વે માત્ર વિશાળ વિસ્તાર પર જ કરવામાં આવે. વિસ્તાર નક્કી કરવા માટે ઘણા આધારો હોઈ શકે છે, જેમ કે આર્થિક, ભૌગોલિક, વસ્તી વિષયક, વહીવટી, સામાજિક, સાંસ્કૃતિક, પ્રાણીશાસ્ત્ર વગેરે. વિસ્તારની પસંદગી હકીકતોની પ્રકૃતિ, સ્થાનિક લાક્ષણિકતાઓ વગેરે જેવા ઘણા પરિબળો પર આધાર રાખે છે.*

**3. તથ્યો આધારિત માહિતી**

*સંશોધન વિષયના વિવિધ એકમો અથવા પાસાઓ કે જેના વિશે તથ્યો એકત્રિત કરવાના છે. તે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવા જોઈએ. યોગ્ય વ્યાખ્યાના અભાવને લીધે, આવશ્યક પાસાઓ છોડી દેવામાં આવે અથવા બિનજરૂરી પાસાઓનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે. સર્વેક્ષણ સંબંધિત એકમો અથવા શરતોને સ્પષ્ટ અને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરીને જ સાચી હકીકતો અને માહિતી એકત્રિત કરી શકાય છે.*

**4. પૂર્વ તૈયારી કરવી**

*અભ્યાસ માટે એકમોની પસંદગી કરી તેને વ્યાખ્યાયિત કર્યાબાદ વિસ્તાર નક્કી થઈ ગયા પછી પ્રારંભિક તૈયારીઓ ખૂબ જરૂરી છે. વિષય સંબંધિત ઉપલબ્ધ સાહિત્યનો અભ્યાસ કરવો અને તથ્યોથી*

*વાકેફ થવાથી મોજણીકર્તાને યોગ્ય પદ્ધતિઓ પસંદ કરવામાં મદદ મળી શકે છે. પ્રારંભિક તૈયારી ઊભી થઈ શકે તેવી મુશ્કેલીઓ અંગે આગોતરી જાણકારી આપશે અને તેને ઉકેલવામાં સરળતા રહેશે. આ ઉપરાંત, નિષ્ણાતો અને ક્ષેત્રના અન્ય લોકો સાથે અનૌપચારિક સંપર્ક કરવો અને તેમના દ્રષ્ટિકોણને જાણવું પણ મદદરૂપ થઈ શકે છે. આ માહિતીના સ્ત્રોતો વિશે પણ માહિતી આપે છે. પ્રાથમિક તૈયારીઓ વિના સર્વેક્ષણની કામગીરીની સફળતા શંકાસ્પદ છે.*

### 5. નમૂનાની પસંદગી

*નમુનાની પસંદગી સર્વેક્ષણ હાથ ધરવાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. મર્યાદિત સંસાધનો અને સમય સાથે, સમુદાય એકમોનું સર્વેક્ષણ કરવું શક્ય નથી. અભ્યાસની સફળતા માટે નમૂનાના સિદ્ધાંત અનુસાર પ્રતિનિધિ એકમોની પસંદગી કરવી જરૂરી છે. નમૂના એવો હોવો જોઈએ કે તે સમગ્ર સમુદાયનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરી શકે. નમૂનામાં એકમોની સંખ્યા પૂરતી હોવી જોઈએ જેથી કરીને નમૂના પ્રતિનિધિ બની શકે.*

### 6. સંશોધન પદ્ધતિની પસંદગી

*અભ્યાસને ધ્યાનમાં રાખીને યોગ્ય સંસોધન પદ્ધતિની પસંદગી કરવી ખૂબ જરૂરી છે. કોઈપણ અભ્યાસમાં, અભ્યાસની પદ્ધતિઓ, તકનીકો અને સાધનો જેટલા વધુ યોગ્ય હશે, તેટલા વધુ તારણો ઉદ્દેશ્યોને અનુરૂપ હશે. તેમની પસંદગી અભ્યાસ વિષય, ક્ષેત્ર, સમય, પૈસા અને કુશળ કામદારો પર આધારિત છે. અભ્યાસ માટે કઈ પદ્ધતિ યોગ્ય છે. તે અભ્યાસની પ્રકૃતિ, તેના અવકાશ અને માહિતી આપનારાઓ પર આધાર રાખે છે.*

### 7. સાધનોની(પ્રયુક્તિ) પસંદગી

*સર્વેક્ષણમાં વસ્તુઓ એકત્રિત કરવા માટે કયા સાધનો (દા.ત. પ્રશ્નાવલિ, ઈન્ટરવ્યુ, અનુસૂચિ વગેરે)નો ઉપયોગ કરવામાં આવશે તે નક્કી કર્યા પછી, તે સાધનો તૈયાર કરવામાં આવે છે. અભ્યાસમાં આ સૂચિત સાધનોનો ઉપયોગ કરતા પહેલા, પૂર્વ-પરીક્ષણ દ્વારા સાધનોની યોગ્યતાની પુષ્ટિ કરવી જરૂરી છે. પૂર્વ-પરીક્ષણ પછી, અભ્યાસના સાધનોમાં જરૂરિયાત મુજબ ફેરફાર કરીને અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે.*

## 6.3 સર્વેક્ષણના પ્રકારો

### 1. સેન્સસ સર્વે

*આ સર્વે દેશમાં વસ્તી સંબંધિત માહિતી મેળવવા માટે કરવામાં આવે છે. આપણા દેશમાં સરકાર દર દસ વર્ષે આ પ્રકારનો સર્વે કરે છે.*

### 2. એડહોક સર્વેક્ષણ

*જ્યારે કોઈ સમસ્યા અંગે તાત્કાલિક માહિતી મેળવવાની જરૂરિયાત અનુભવાય છે, આ પ્રકારના સર્વે હાથ ધરવામાં આવે છે.*

**3. નમૂના સર્વેક્ષણ**

*આ સર્વે ત્યારે હાથ ધરવામાં કરવામાં આવે છે. જ્યારે સર્વેનો વિસ્તાર કે સમુદાય ખૂબ મોટો હોય. ત્યારે તે વિસ્તાર કે સમુદાયમાંથી કેટલાક પ્રતિનિધિ એકમોની નમૂના તરીકે પસંદગી કરીને સર્વે કરવામાં આવે છે.*

**4. માત્રાત્મક સર્વેક્ષણ –**

*વર્તમાન સમયમાં, માત્રાત્મક સર્વેક્ષણો વધી રહ્યા છે. આ પ્રકારના સર્વેક્ષણમાં સંખ્યાત્મક (આંકડાકીય) માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નો પૂછવામાં આવે છે. આ પ્રકારના સર્વેક્ષણમાં સામાન્ય રીતે સંખ્યાઓ, જથ્થાઓ, ગુણાંકો અથવા દરો અને આંકડાઓનો ઉપયોગ કરીને માહિતી એકત્રિત કરવામાં આવે છે.*

**5. ગુણાત્મક સર્વેક્ષણ**

*આ પ્રકારના સર્વેક્ષણમાં સંશોધક વ્યક્તિના અભિપ્રાય, અનુભવ, લાગણીઓ, વિચારો અને વલણોની ઊંડાણથી માહિતી મેળવવાનો પ્રયાસ કરે છે.*

**6. સરકારી સર્વેક્ષણ**

*સરકારી સર્વેક્ષણ સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ અનેક ક્ષેત્રોમાં ચોક્કસ, વિશ્વસનીય અને કાર્યક્ષમ માહિતી મેળવવાનો છે, જે પરિસ્થિતિઓ અને જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ બને. સરકાર તેના સ્વતંત્ર સર્વે વિભાગ દ્વારા અથવા તેના કોઈપણ વિભાગ હેઠળ સર્વે કરે છે.*

**7. બિન-સરકારી સર્વેક્ષણ**

*વ્યક્તિઓ અને બિન-સરકારી સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણને બિન-સરકારી સર્વેક્ષણ કહેવામાં આવે છે. આ સર્વે અત્યંત મર્યાદિત વિસ્તારમાં કરવામાં આવે છે. આ પ્રકારના સર્વેક્ષણો સરકાર સિવાયની સંસ્થાઓ, એજન્સીઓ, ઉદ્યોગો, સંશોધકોએ, અથવા નફો અને સામાજિક કાર્ય માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવે છે.*

**8. પાયલોટ સર્વે**

*આ સર્વે મોટા પ્રમાણમાં સંપૂર્ણ સર્વે શરૂ કરતાં પહેલાં એક નમૂના* (sample) *અથવા નાના ગ્રૂપ પર પરીક્ષણ તરીકે કરવામાં આવે છે. જ્યારે કોઈ યોજનાને અમલમાં મૂકતા પહેલા પ્રયોગ તરીકે તેનું સર્વેક્ષણ કરવામાં આવે છે, ત્યારે તેને પાયલોટ સર્વે કહે છે.*

**9. પુનરાવર્તિત સર્વે –**

*ક્ષેત્ર, વિષય, અથવા સંદર્ભ પર સમય આધારિત એકથી વધુ વાર સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. સામાજિક ઘટનાઓ ગતિશીલ છે. તેથી, એક જ ઘટનાનો એકથી વધુ વખત સર્વે કરવો જરૂરી બને છે. આમ, એક જ ઘટનાનું અનેક વખત સર્વેક્ષણને પુનરાવર્તિત સર્વેક્ષણ કહેવાય છે.*

## 6.4 સર્વેક્ષણની મર્યાદાઓ

*સર્વેક્ષણની કેટલીક ખામીઓ છે. જે નીચે પ્રમાણે છે.*

**1. નાણા અને સમયની મર્યાદા**

*સર્વેક્ષણ પદ્ધતિમાં ઘણા નાણા ખર્ચવામાં આવે છે. સર્વેક્ષણમાં માહિતી એકત્રિત કરવા માટે, ઈન્ટરવ્યુઅરનું મહેનતાણું, મુસાફરી ભથ્થું, સાધનસામગ્રીની પ્રિન્ટીંગ જેમ કે પ્રશ્નાવલિનું સમયપત્રક વગેરે અને અન્ય તકનીકી સામગ્રી, સ્ટેશનરી વગેરે પર નાણાં ખર્ચવાના રહેશે. આ પદ્ધતિમાં સર્વેક્ષણ કાર્યનો વ્યાપ વિશાળ છે. સર્વેક્ષણોમાં ઘણો સમય લાગે છે. કારણ કે સમગ્ર પ્રક્રિયા લાંબી અને જટિલ હોય છે. આમ, સર્વેક્ષણમાં નાણા અને સમયની વધુ જરૂર પડતી હોય છે. તેથી સર્વેક્ષણમાં વિશ્વસનીયતા જોવા મળતી નથી.*

**2. મર્યાદિત ક્ષેત્ર**

*સામાજિક સર્વેક્ષણ હેઠળ અભ્યાસ કરવામાં આવેલ ઘટનાઓ અને સમસ્યાઓનો અવકાશ મર્યાદિત છે. (અભ્યાસનું મર્યાદિત ક્ષેત્ર). આના દ્વારા બહુપક્ષીય સમસ્યાઓનો અભ્યાસ કરી શકાતો નથી. તેવી જ રીતે અમૂર્ત અને ભાવનાત્મક ઘટનાઓનો અભ્યાસ પણ આ પદ્ધતિ દ્વારા શક્ય નથી. સર્વેયર દ્વારા દરેક સામાજિક સમસ્યા અથવા ઘટનાને લગતી હકીકતો એકત્રિત કરવા પર ભાર મૂકવામાં આવે છે. આ સ્થિતિમાં સામાજિક સર્વેક્ષણની ઉપયોગિતા આપોઆપ ઘટી જાય છે. ઉદાહરણ તરીકે, રાજકીય પરિસ્થિતિઓનો સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવતો નથી. આ પદ્ધતિ મોટે ભાગે તબીબી સમસ્યાઓ સુધી મર્યાદિત છે. આમ આ પદ્ધતિનો વ્યાપ વિશાળ નથી.*

**3. સપાટી પરની માહિતીઓ**

*સામાન્ય રીતે સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતી ઉપરછલ્લી કે છીછરી હોય છે. તેના આધારે ગહન માહિતીઓ પ્રાપ્ત થઈ શકતી નથી. આથી જ કરલિંગર (2000)* fnu Au "Survey information ordinarily does not penetrate very deeply below the surface* *સર્વેક્ષણ સંશોધન વિસ્તૃત ભલે હોય પરંતુ ગહન નથી હોતું. પરંતુ આ પ્રકારની મર્યાદા દરેક સર્વેક્ષણમાં નથી પણ જોવા મળતી.*

**4. સર્વેક્ષણ સાધનોની રચનાની મુશ્કેલી**

*સર્વેક્ષણ સંશોધનની એક મુશ્કેલી એ પણ છે. કે તેમાં સર્વેક્ષણ સાધન તરીકે પ્રશ્નાવલિ તથા અનુસૂચિની રચના કરવાની હોય છે. એક સારી પ્રશ્નાવલિ કે અનુસૂચિની રચના કરવી એક કઠિન કાર્ય છે. તેના માટે ટેક્નિકલ જ્ઞાન હોવું જરૂરી છે. તેના વગર સારી પ્રશ્નાવલિ કે અનુસૂચિની રચના શક્ય નથી.*

**5. કુશળ સર્વેક્ષણ સંશોધકનો અભાવ**

*સર્વેક્ષણ સંશોધનમાં એક વ્યાવહારિક મુશ્કેલી એ પણ છે. કે આ સંશોધનને યોગ્ય રીતે સંચાલિત કરવા માટે કુશળ તથા સક્ષમ સંશોધનકર્તાની જરૂર પડે છે. કારણ કે અહીં પ્રશ્નાવલિ તથા અનુસૂચિની રચના કરવાની હોય છે. મુલાકાતનો ઉપયોગ કરવાનો હોય છે. તથા માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવાનું હોય છે. આથી સર્વેક્ષક માટે જરૂરી છે. કે તે કસોટી-રચનાના સિદ્ધાતોથી પરિચિત*

*હોય, મુલાકાતના વિવિધ પાસાથી માહિતગાર હોય તથા માહિતીના વિશ્લેષણ માટે પ્રાચલિય તથા અપ્રાચલિય આંકડાશાસ્ત્રીય પધ્ધતિથી પરિચિત હોય. પરંતુ આ પ્રકારના કુશળ તથા સમર્થ સંશોધનકર્તા બહુ ઓછા હોય છે. આવી સ્થિતિમાં સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતીઓની વિશ્વસનીયતા સહજ રીતે ઘટી જાય છે. તથા ભવિષ્યવાણી યથાર્થતા સીમિત બની જાય છે.*

**6. નિમ્ન વિશ્વસનીયતા અને માન્યતા**

*સામાજિક સર્વેક્ષણમાં નમૂના લેવાનું પક્ષપાતી છે. તેથી, પસંદ કરેલ એકમો સમગ્ર બ્રહ્માંડનું પ્રતિનિધિત્ત્વ કરતા નથી. કેટલાંય અભ્યાસો* (Cartwright, 1949; withey, 1952) *થી સાબિત થયું છે. કે સર્વેક્ષણ સંશોધનની વિશ્વસનીયતા ઓછી જોવા મળે છે. જુદા-જુદા સમયે કોઈ ઘટના કે વિષય સાથે સંબંધિત સર્વેક્ષણ માહિતીઓમાં સ્થિરતા તથા સુસંગતતા બહુ ઓછી જોવા મળે છે. આ રીતે સર્વેક્ષણ સંશોધનથી પ્રાપ્ત માહિતીઓના આધારે ભવિષ્યવાણી અથવા આગાહી કરવી કઠિન હોય છે. કારણ એ છે. કે તેમાં ભવિષ્યવાણી યથાર્થતા અથવા આગાહી સૂચક યથાર્થતા બહુ ઓછી જોવા મળે છે.*

## 6.5 સારાંશ

*સમાજ જીવનનો અભ્યાસ કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિ ખૂબજ ઉપયોગી નીવડે છે. સામાજિક વિજ્ઞાન હોય કે પ્રાકૃતિક વિજ્ઞાન બનેમાં સંશોધનો સમાજના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. સર્વેક્ષણના ઉપયોગથી ભૂતકાળ, વર્તમાન તેમજ ભવિષ્યને લગતી ભૌગોલિક ઘટનાઓનો ખ્યાલ મેળવી શકાય છે; કોઈ પણ પ્રદેશમાંની વિવિધ પ્રાકૃતિક તથા સાંસ્કૃતિક બાબતોને યોગ્ય પ્રમાણમાપના નકશા કે આકૃતિઓમાં તેમનાં સાચાં સ્થાનો પર દર્શાવવાની પદ્ધતિ એ સર્વેક્ષણ છે. સામાજિક વિજ્ઞાનોમાં સંશોધન માટે સર્વેક્ષણની જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે તો સંશોધના હેતુઓ વધારે તથ્યાત્મક બની રહે છે. સંશોધનની મર્યાદાઓને ઘટાડવા માટે સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બંને પદ્ધતિઓનો ઉપયોગ કરવાથી સંશોધન સમાજ ઉપયોગી બની રહે છે.*

## 6.6 ચાવીરૂપ શબ્દો

**સર્વે** : *સર્વેનો અર્થ થાય છે. કે ઘટના વિશે જાતે નિરીક્ષણ કરીને માહિતી મેળવવી.*

**સર્વેક્ષણ** : *ચોક્કસ હેતુ માટે અવલોકન, તપાસ અથવા બારીકાઈથી નિરીક્ષણ કરવાની પ્રક્રિયા એટલે સર્વેક્ષણ.*

**સામાજિક સર્વેક્ષણ** : *સામાજિક સર્વેક્ષણ એ વ્યાખ્યાયિત હેતુઓ માટે સામાજિક પરિસ્થિતિ, સમસ્યા અથવા વસ્તીનું વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત વિશ્લેષણ કરવાની પદ્ધતિ છે.*

## 6.7 તમારી પ્રગતિ ચકાસો.

**સ્વાધ્યાય માટેના પ્રશ્નો**

1. *સર્વેક્ષણની વ્યાખ્યા અને અર્થ સમજાવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

*સામાજિક સર્વેક્ષણની વ્યાખ્યા આપો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. *સર્વેક્ષણના તબક્કાઓ જણાવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. *સર્વેક્ષણનું આયોજન સમજાવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

4. *સર્વેક્ષણના પ્રકારો દર્શાવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

5. *સર્વેક્ષણ પદ્ધતિની મર્યાદાઓ સમજાવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 6.8 સંદર્ભ સૂચિ


1. Ackoff, R.L, The Design of Social Research, University of Chicago Press.
2. JHON SCOTT AND GORDAN MARSHALL(2009) Oxford Dictionary of sociology, Oxford University Press, New York.
3. Jupp Victor (2006) The Sage Dictionary Social Research M[a]hods, SAGE Publication, London.
4. Work Ruth , Meryer Michal (2009) M[a]hod of Critical Discourse Analysis, SAGE.
5. Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.
6. Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.
7. Gilbert Nigel (2006) From Postgraduate to Social Scientist: A guide to key Skills, SAGE.
8. Young Pauline V. (1956) Scientific Social Surveys and Research, Prentice-Hall of India Private Limited, New Delhi. (Third edition)
9. Clough Peter and Nutbrown Cathy (2002) a student's guide to METHODOLOGY Justifying Enquiry, SAGE Publication, London.
10. सामाजिक सर्वेक्षण एवं अनुसंधान (Social Survey and Research) राम आहूजा 2020 रावत पब्लिकेशन्स जयपुर नई दिल्ली बैंगलोर गुवाहाटी कोलकाता
11. रिसर्च मैथ्डोलॉजी तकनीक तथा उपकरण Research Methodology Techniques and Tools 2018 डॉ. देवेन्द्र पाल सिंह तोमर विश्वभारती पब्लिकेशन्स नई दिल्ली-110 002
12. *રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લીકેશન,*

# એકમ-7 સમાજકાર્ય સંશોધનમાં સમષ્ટિનો અર્થ, નિદર્શ અને નિદર્શન

-: રૂપરેખા :-


**7.0** ઉદ્દેશ્યો

**7.1** પ્રસ્તાવના

**7.2** નિદર્શ

**7.3** નિદર્શન

**7.4** સમષ્ટિ; અર્થ અને વ્યાખ્યા

**7.5** સમષ્ટિના પ્રકારો

**7.6** સારાંશ

**7.7** તમારી પ્રગતિ ચકાસો

**7.8** ચાવીરૂપ શબ્દો

**7.9** સંદર્ભ સૂચિ


## 9.0 ઉદ્દેશ્યો

*વિદ્યાર્થી મિત્રો આ એકમના અભ્યાસ બાદ તમે…*

- *નિદર્શનો અર્થ સમજી શકશો.*
- *નિદર્શની પ્રક્રિયા વિશે જાણશો.*
- *નિદર્શનનો અર્થ સમજી શકશો.*
- *નિદર્શનના પ્રકારો વિશે જાણશો.*
- *સમષ્ટિનો અર્થ અને તેના પ્રકારો વિશે જાણકારી મેળવશો.*

## 7.1 પ્રસ્તાવના

*જો અભ્યાસ હેઠળ સમષ્ટિના તમામ એકમોનો અભ્યાસ કરવો શક્ય ન હોય તો, સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતા કેટલાક એકમોને પસંદ કરીને અભ્યાસ કરવામાં આવે છે, જેને નિદર્શ કે સેમ્પલ અભ્યાસ કહેવામાં આવે છે. આવા અભ્યાસના તારણોને અભ્યાસ હેઠળની સમગ્ર સમષ્ટિને લાગુ પડતા હોય છે. જેને સામાન્યીકરણ કહેવામાં આવે છે. નિદર્શનો ખ્યાલ સામાજિક સર્વેક્ષણ પદ્ધતિ સાથે જોડાયેલ છે. જ્યારે સમષ્ટિના તમામ એકમો પાસેથી માહિતી મેળવીને અભ્યાસ હાથ ધરવામાં આવે છે. ત્યારે તેને સેન્સસ સર્વે કહેવામાં આવે છે, પરંતુ અમુક સંજોગોમાં સમય અને નાણાંના અભાવે અભ્યાસ હેઠળની સમગ્ર સમષ્ટિ માંથી અમુક એકમોને નિદર્શન તરીકે પસંદ કરવામાં આવે છે. અને અભ્યાસના તારણો સમગ્ર સમષ્ટિને લાગુ પડે છે. આવા અભ્યાસને નિદર્શ કે સેમ્પલ સર્વેક્ષણ કહેવામાં આવે છે.*

## 7.2 નિદર્શ

*નિદર્શ એટલે સમષ્ટિના એકમોનો અમુક ભાગ. નિદર્શ પસંદ કરવાની સમગ્ર કાર્યપ્રણાલીને 'નિદર્શન' કહેવામાં આવે છે. નિદર્શનનો હતુ સમષ્ટિના ભાગરૂપ અમુક એકમોને નમૂના તરીકે લઈને*

*તેના અભ્યાસ દ્વારા સમષ્ટિની લાક્ષણિકતાઓ જાણવાનો છે. એટલે કે 'ભાગ' ના અભ્યાસ દ્વારા 'સમગ્ર' (Whole) વિશે જાણકારી મેળવવી તે નિદર્શનનો મુખ્ય હેતુ છે. નિદર્શ પાછળ રહેલી સમજ સામાન્ય બુદ્ધિનો જ એક ભાગ છે. અને આપણા રોજબરોજના જીવનમાં આપણે જાણ્યે-અજાણ્યે અનેક વખત નિદર્શનનો ઉપયોગ કરીએ છીએ. દા.ત., રાંધવા મૂકેલ ખીચડી ચઢી ગઈ છે. કે નહીં તે જાણવા માટે ગૃહિણીઓ ખીચડીનો નમૂનો તપાસે છે; બજારમાં ચોખાની ખરીદી કરવા ગયેલાં ગ્રાહક ચોખાના કોથળામાંથી નમૂનો તપાસે છે. – આ બંને દ્રષ્ટાંતો રોજબરોજના અનુભવમાં આપણે જાણ્યે-અજાણ્યે નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરતા હોવાનું દર્શાવે છે. આવી જ રીતે આપણા સામાજિક જીવનમાં પણ અજાણપણે નિદર્શનનો ઉપયોગ થતો હોય છે.*

### 7.2.1 નિદર્શનો અર્થ

*"સમગ્ર અભ્યાસ માટે જરૂરી લક્ષણોનું પ્રતિનિધિત્ત્વ ધરાવતો નાનો ભાગ, સમગ્રમાંથી પ્રતિનિધિત્ત્વ રહે તે રીતે કેટલાક એકમો પસંદ કરવાની પદ્ધતિ. આ બંનેને નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. સમગ્રના બધા એકમોનો અભ્યાસ કરવાને બદલે કેટલાક પ્રતિનિધિત્ત્વરૂપ એકમોનો અભ્યાસ કરવાથી સમય, શક્તિ તથા ખર્ચ બચે છે. નિદર્શન અભ્યાસના તારણો સમગ્રને લાગુ પડે છે". (જોષી વિધુત:2016:71)*

**ગુડે અને હટ્ટ કહે છે, સમષ્ટિનું પ્રતિનિધિત્ત્વ ધરાવતો નાનો નમૂનો એટલે નિદર્શ.**

*દા.ત. એક વર્ગખંડમાં 100 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અહીં 100 વિદ્યાર્થીઓનો બનેલો વર્ગખંડ એક સમગ્ર છે. તેમાંથી અભ્યાસ માટે પદ્ધતિસર રીતે 40 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવે તો અહીં આ 40 વિદ્યાર્થીઓ 100 વિદ્યાર્થીઓના બનેલા વર્ગખંડ જેવા સમગ્રનું નાનું પ્રતિનિધિત્ત્વ સૂચિત કરે છે, જેને નિદર્શ કહેવાય. એટલે અહીં નિદર્શ 40 વિદ્યાર્થીરૂપ એકમોનું બનેલું છે.*

### 7.2.2 નિદર્શની પ્રક્રિયા

*નિદર્શ પદ્ધતિથી થતા અભ્યાસોમાં નિદર્શ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા ગણી મહત્ત્વની છે. યોગ્ય રીતે નિદર્શની પસંદગી કરવામાં ન આવે તો અભ્યાસમાં ઘણી સમસ્યાઓ સર્જાય છે, માટે અભ્યાસના તથ્યો કે વાસ્તવિક તારણો સુધી પહોચવાની પ્રક્રિયામાં નિદર્શન પસંદગી ઘણી મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. નિદર્શન યોગ્ય કદ અને સમષ્ટિનું પ્રતિનિધિત્ત્વ કરતું હોવું જોઈએ. આમ યોગ્ય નિદર્શ પસંદગી માટે નિદર્શનની યોગ્ય પ્રક્રિયામાંથી પસાર થવું અનિવાર્ય છે. યોગ્ય નિદર્શ પ્રાપ્ત કરવા માટે નિદર્શન પ્રક્રિયાના ત્રણ તબક્કાઓમાંથી પસાર થવું પડે, એક સમષ્ટિ, બીજું સેમ્પલ ફ્રેમ અને ત્રીજું નિદર્શ. ઉદાહરણ તરીકે સુરત શહેરી વિસ્તારની સરકારી શાળાઓના શિક્ષકોનો અભ્યાસ કરવો હોયતો સર્વ પ્રથમ તેની સમષ્ટિ નક્કી કરવી પડે, ત્યારબાદ એની વિશેષતાઓને ધ્યાનમાં રાખી સેમ્પલિંગ ફ્રેમ નક્કી કરવી અને અંતિમ તબક્કામાં યોગ્ય કદવાળું નિદર્શ પસંદ કરી અભ્યાસ હાથ ધર્યો કહેવાય.*


❖ *નિદર્શ (Sample)માં સામાન્ય રીતે નીચે દર્શાવેલી બાબતોનો સમાવેશ થઈ શકે છે.*

- *વ્યક્તિઓ (સ્ત્રીઓ, પુરુષો, બાળકો વગેરે)*
- *એકમો (સંસ્થાઓ, પાનના ગલ્લા વગેરે)*
- *ઘટનાઓ (અકસ્માત, આત્મહત્યા, બળાત્કાર વગેરે)*

❖ *નિદર્શન પ્રક્રિયામાં ત્રણ પગથિયા મહત્ત્વના છે.*

1. Population
2. Sampling Frame
3. Sample

*ઉદાહરણ તરીકે.....*




*આકૃતિ પ્રમાણે જોઈએ તો, સુરત શહેરી વિસ્તારની માધ્યમિક શાળાઓમાં દસ હજાર શિક્ષકોનોકરી કરે છે. આ દસ હજાર આપણા અભ્યાસની સમષ્ટિ થઈ. આ અભ્યાસની સમષ્ટિમાંથી અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી એક હજાર શિક્ષકોની એક સેમ્પલિંગ ફ્રેમ તૈયાર કરી તેમાંથી* 50 *ટકા એટલેકે* 500 *શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ કરી શકાય. આ* 500 *શિક્ષકો પાસેથી અભ્યાસને અનુરૂપ માહિતી પ્રાપ્ત કરી જે તારણો આવે તેને અભ્યાસની સમષ્ટિના સર્વે દસ હજાર શિક્ષકોને લાગુ પાડી સામાન્યીકરણ કરી શકાય છે.*

## 7.3 નિદર્શન

*કોઈપણ સંશોધક સમગ્ર સમાજ, સમુદાય અથવા સમગ્રનો અભ્યાસ કરી શકતો નથી. તેથી, કેટલાક ભાગો અને સમગ્રના એકમો પસંદ કરવા જરૂરી બને છે. અને વૈજ્ઞાનિક સંશોધનમાં આ કાર્યને શક્ય બનાવે છે. તે પગલાને સેમ્પલિંગ કહેવામાં આવે છે. સેમ્પલિંગ ટેકનિકનો ઉપયોગ કરીને, સંશોધક માત્ર અમુક એકમો અથવા સંપૂર્ણ ભાગને પસંદ કરીને તેના સમય અને નાણાંની બચત કરે છે. જે સમગ્રનું પ્રતિનિધિત્વ કરે છે, પરંતુ સમગ્ર અભ્યાસ પણ ઓછા પ્રયત્નો સાથે કરવામાં આવે છે.*

### 7.3.1 નિદર્શનનો અર્થ

*નિદર્શન એ સમગ્રનો એક નાનો ભાગ અથવા અપૂર્ણાંક છે. જે સમગ્રનું પ્રતિનિધિત્વ કરે છે. અને જેમાં સમગ્રની મૂળભૂત લાક્ષણિકતાઓ જોવા મળે છે. આપણે રોજિંદા જીવનમાં નિદર્શનનો ઉપયોગ કરીએ છીએ, જ્યારે આપણે ચોખા, ઘઉં કે અન્ય કોઈ વસ્તુ ખરીદવા બજારમાં જઈએ છીએ, ત્યારે આપણે સૌ પ્રથમ તેનો નમૂનો જોઈએ છીએ. તે નમૂના પરથી જ આપણે ચોખા, ઘઉં કે અન્ય*

*વસ્તુઓની આખી થેલીની ગુણવત્તાનો અંદાજ લગાવી શકીએ છીએ. આ નમૂનાને જ નિદર્શન કહેવામાં આવે છે. તેથી, સેમ્પલિંગ એ એવી ટેકનિક છે. કે જેના દ્વારા સમગ્રના માત્ર એક ભાગને અવલોકન કરીને સમગ્ર ભાગને જાણી શકાય છે.*

*ફેરચાઈલ્ડે સમાજશાસ્ત્રના જ્ઞાનકોશમાં નિદર્શનની વ્યાખ્યા આપતા જણાવે છે કે, " નિદર્શન (આંકડાકીય) એ પ્રક્રિયા અથવા પદ્ધતિ છે. જેના દ્વારા ચોક્કસ વસ્તીમાંથી ચોક્કસ સંખ્યામાં વ્યક્તિઓ, વિષયો અથવા અવલોકનો કાઢવામાં આવે છે."*

*સી.આર. કોઠારીનોંધે છે. તેમ સમષ્ટિમાંથી પસંદ કરેલાં ઉત્તરદાતાઓ (કિસ્સાઓ) નિદર્શ રચે છે. અને પસંદ કરવાની પ્રક્રિયાને નિદર્શન કહેવાય. આ નિદર્શના સર્વેક્ષણને 'સેમ્પલ સર્વે' કહેવામાં આવે છે.*

### 7.3.2 નિદર્શનના પ્રકારો

*સામાજિક સંશોધનમાં નિદર્શનના મુખ્ય બે પ્રકારો દ્વારા સમજવામાં આવે છે.*

1. *સંભાવનાત્મક નિદર્શન*
2. *બિનસંભાવનાત્મક નિદર્શન*

**નિદર્શનના પ્રકારો**

| | |
|---|---|
| *સંભાવનાત્મક નિદર્શન* | *બિનસંભાવનાત્મક નિદર્શન* |
| *સાદું યર્દચ્છ નિદર્શન* | *હેતુપૂર્વકનું નિદર્શન* |
| *ઝૂમખાં યર્દચ્છ નિદર્શન* | *સ્નો બોલ ટેકનિક* |
| *સ્તરિત યર્દચ્છ નિદર્શન* | *અકસ્માતે પ્રાપ્ત થતું નિદર્શન* |
| *સુવ્યવસ્થિત યર્દચ્છ નિદર્શન* | *ક્વૉટા નિદર્શન* |

### 1. સંભાવનાત્મક નિદર્શન

*અભ્યાસ હેઠળની સમષ્ટિનાં તમામ એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક આપતી નિદર્શન પ્રાપ્તિની પ્રક્રિયા એટલે સંભાવનાત્મક નિદર્શનની રીતઉ.હ.. લકી ડ્રો થાય છે. ત્યારે ડ્રોની તમામ ટિકિટોમાંથી કેટલાકની પસંદગી થાય છે. પરંતુ ટિકિટ લેનારા સૌને નસીબવંતા બનવાની સમાન તક મળે છે. પરંતુ આ પ્રકારના નિદર્શનમાં વ્યક્તિઓ કે એકમોની સંપૂર્ણ અને સારી યાદી હોય તો જ* Sampling Frame*માંથી પ્રતિનિધિયુક્ત નિદર્શ પ્રાપ્ત થઈ શકે. સંભાવનાત્મક નિદર્શનની રીતે અભ્યાસને અનુરૂપ નિદર્શ એકમો પ્રાપ્ત કરવાની કેટલીક રીતો કે પ્રકારો નીચે મુજબ છે.*

**I. સાદું યર્દચ્છ નિદર્શન (Simple random sampling)**

*નિદર્શ કે નમૂનો પસંદ કરવાની આ સાદી પણ સ્વીકૃત રીત છે. સંશોધન માટે પસંદગી પામેલ સમષ્ટિનાં તમામ એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક આપતી હોય તેને સાદું યદચ્છ નિદર્શન કહેવામાં આવે છે. અહી સમષ્ટિનાં તમામ એકમોને નંબર આપી તેની ચિઠ્ઠી બનાવવામાં આવે છે, 1, 2, 3, 4, 5, 6, 7 એમ દરેકને નંબર આપવામાં આવે છે. પછી અહીં સંશોધક બધી જ સ્લીપોને ભેળવી દે છે. પછી તેમાંથી જેટલા ઉત્તરદાતાઓની પસંદગી કરવાની હોય તેટલી સ્લીપો-કાપલીઓ ઉપાડે છે. કાપલીમાં જે નંબર આવે છે. તે નંબરની ઉત્તરદાતા તરીકે પસંદગી કરવામાં આવે છે. જે નિદર્શ બને છે. સાદું યર્દચ્છ નિદર્શન મેળવવા માટે 'લકી-ડ્રો' ની રીતે પણ નિદર્શ મેળવી શકાય છે.*

**II. ઝૂમખાં યર્દચ્છ નિદર્શન (cluster random Sampling)**

*સામાન્ય રીતે ઝુમખો એટલે કાયમી જૂથ. આ જૂથ રાજ્ય, જીલ્લો, તાલુકો, ગામ, શહેર કે વોર્ડ પણ હોઈ શકે છે. આ જૂથ શાળા, ઓફિસ, મિલ કે કારખાનું હોઈ શકે છે. ઉ.હ. જો અમદાવાદ શહેરના સંયુક્ત કુટુંબોનો અભ્યાસ કરવો હોય તો અમદાવાદ શહેર કેટલા વોર્ડમાં વહેંચાયેલું છે. તેની યાદી તૈયાર કરવામાં આવે છે. વોર્ડએ ઝુમખું છે. વોર્ડની યાદીમાંથી સાદા કે પદ્ધતિસરના નિદર્શન વડે ઝૂમખાંની પસંદગી કરવામાં આવે છે.*

**III. સ્તરિત યર્દચ્છ નિદર્શન(Stratified random Sampling)**

*'સ્તરિત' એટલે સમષ્ટિમાં જોવા મળતા વિવિધ સ્તરો કે વિભાગોની ગોઠવણી. ઉ.હ. કૉલેજના* 5000 *વિદ્યાર્થીઓને જ્ઞાતિ, ધર્મ કે લિંગના આધારે જુદા જુદા સ્તરોમાં વિભાજન કરવું. એ.સી, એસ.ટી, ઓબીસી કે સામાન્ય શ્રેણીઓમાં વિદ્યાર્થીઓને વિભાજન કરી પ્રત્યેક સ્તરમાંથી સમાન પ્રમાણમાં (*10 *ટકા) નિદર્શની યર્દચ્છ પસંદગી કરવી. આમ કરવાથી અભ્યાસ હેઠળના વિદ્યાર્થીઓ કે સમષ્ટિની જ્ઞાતિ આધારિત વિવિધતાને નિદર્શમાં સમાવી શકાય. તેને કારણે આપણું નિદર્શન પૂર્વગ્રહરહિત, પ્રતિનિધિત્ત્વવાળું તેમજ ચોક્કસ બની શકશે.*

**IV. સુવ્યવસ્થિત યર્દચ્છ નિદર્શન (Systematic random sampling)**

*સાદું યદરછ નિદર્શન ઉપયોગી હોવા છતાં તેમાં કેટલીક મર્યાદાઓ છે. તેમાં માનવીય ભૂલોને કારણે સમષ્ટિનું પ્રતિનિધિત્વ જળવાઈ ના શકે એવું બને. વળી તેમાં તમામ એકમોને સમાન તક ના પણ મળે. આ કારણે નિદર્શ પૂર્વગ્રહવાળું બની શકે. આ પ્રકારના નિદર્શનમાં જે ઉત્તરદાતાની પસંદગી કરવાની છે. તેને નંબર આપી દેવામાં આવે છે. દા.ત. એક કંપનીમાં* 1000 *(એક હજાર) કર્મચારીઓ છે. આ કર્મચારીઓ* 100 *કર્મચારીઓની પસંદગી કરવાની છે. તો તે સમયે કર્મચારીઓની યાદીમાંથી 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10, 11, 12, એમ બધા કર્મચારીઓની યાદીમાંથી દરેક દસમું નામ એટલે 10મું, 20મું, 30મું નામ પસંદ કરીને કુલ ઉત્તરદાતાની પસંદગી કરી શકાય.*

**2. બિનસંભાવનાત્મક નિદર્શન**

*સંશોધક અભ્યાસ માટેના નિદર્શની પસંદગી યર્દચ્છ રીતે ના કરતાં પોતાની રીતે હેતુપૂર્વક કરે તેને બિન સંભાવનાત્મક નિદર્શન કહેવાય. સમષ્ટિના બધા એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક ન મળતી હોય ત્યારે તેવા નિદર્શનને બિન સંભાવનાત્મક નિદર્શન કહેવામાં આવે છે. આ પ્રકારના*

*નિદર્શનમાં સામાન્ય રીતે મોટી સંખ્યાના ઉત્તરદાતાઓ કે નિદર્શ પસંદ કરવાની આવશ્યકતા હોતી નથી. બીજા સંદર્ભમાં જોઈએ તો મોટા પાયા પરના સર્વેક્ષણ કે જેમાં સેંકડો હજારોની સંખ્યામાં નિદર્શ લેવાના હોય ત્યાં બિનસંભાવનાત્મક નહીં પરંતુ સંભાવનાત્મક નિદર્શનની અનિવાર્યતા રહે છે. બિનસંભાવનાત્મક નિદર્શનમાં નીચે મુજબના પ્રકારોનો સમાવેશ થાય છે, જેની વિગતે ચર્ચા નીચે મુજબ કરવામાં આવી છે.*

**I. હેતુપૂર્વકનું નિદર્શન (Purposive Sampling)**

*આ પદ્ધતિના નામ પ્રમાણે તેમાં હેતુ કેન્દ્રસ્થાને રહેલ છે. સામાજિક સંશોધનમાં માહિતી મેળવવા માટે ઉત્તરદાતાની પસંદગી જ્યારે હેતુપૂર્વક (અભ્યાસના હેતુને ધ્યાનમાં રાખી) કરવામાં આવે તેને હેતુપૂર્વકનું નિદર્શન કહેવામાં આવે છે. એક ઉદાહરણ દ્વારા તેને સમજીએ. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ભણવામાં પડતી મુશ્કેલીઓ અંગે અભ્યાસ કરવો હોય અને આપણા વર્ગમાં અનુસૂચિત જનજાતિના 40 વિદ્યાર્થીઓ હોય તો એમાંથી કોઈ પણ પાંચ છોકરાઓ અને પાંચ છોકરીઓને ઉત્તરદાતા બનાવીએ ત્યારે આ પસંદગીને હેતુપૂર્વકની પસંદગી કે નિદર્શન કહેવાય. આ રીતે નિદર્શન કરવાથી સમૂહનું પ્રતિનિધિત્ત્વ જળવાય (છોકરાઓ અને છોકરીઓ બંનેનો સમાવેશ) અને પસંદગી પણ સરળ અને યદૃચ્છ થઈ શકે. આ પદ્ધતિમાં ઉત્તરદાતાની પસંદગી અને તેની વિશ્વસનીયતા ખૂબ મહત્ત્વની છે.*

**II. સ્નો બોલ ટેકનિક (Snowball techniqe)**

*'સ્નો બોલ' એટલે બરફનો ગોળો. જેમ બરફના ટુકડાઓ એકબીજામાં ભેગા થઈ એક ગોળાનું સ્વરૂપ લઈ લે છે. તેમ સ્નોબોલ ટેકનીકથી પ્રાપ્ત કરવામાં આવતું નિદર્શ પણ અભ્યાસના હેતુઓને તપાસવામાં ઘણું ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓ સમુદાયમાં રહેતા હોવા છતાં એમની વિશિષ્ટ લાક્ષણિકતાઓને કારણે સરળતાથી શોધી શકાય તેમ ન હોય ત્યારે સ્નોબોલ ટેકનિકથી નિદર્શ મેળવી શકાય છે.*

**III. અકસ્માતે પ્રાપ્ત થતું નિદર્શન (Accidental Sample)**

*બિન સંભાવનાત્મક નિદર્શનમાં નિદર્શની સંખ્યા પ્રમાણમાં મયાર્દિત હોય છે. સંશોધક કોઈ સંશોધન પ્રશ્ન અંગે વિચારી રહ્યો હોય અને અચાનક આકસ્મિક પરિસ્થિતિમાં તેને અભ્યાસને અનુરૂપ એકમ કે ઉત્તરદાતા પ્રાપ્ત થાય અને એની પાસેથી માહિતી મેળવી અભ્યાસ કરેતો આ રીતે" મેળવેલ નિદર્શની રીતને આકસ્મિક નિદર્શનની રીત કહેવામાં આવે છે.*

**IV. ક્વૉટા નિદર્શન (Quata Sample)**

*અંગ્રેજી શબ્દ 'ક્વૉટા'નો અર્થ થાય છે. 'પ્રમાણ', સંશોધક જ્યારે કોઈ સંશોધન માટે સરખા પ્રમાણમાં નિદર્શ પ્રાપ્ત કરે તેને ક્વોટા નિદર્શન કહેવાય. ચોક્કસ પ્રમાણમાં ઉત્તરદાતાઓ કે એકમોને પસંદ કરીએ તેને 'ક્વૉટા નિદર્શન' કહેવાય. જેમકે ઈતિહાસના 20 વિદ્યાર્થીઓ અને 20 વિદ્યાર્થિનીઓ નિદર્શ તરીકે પસંદ કરે તેમ દરેક વિષયોમાંથી વીસ- વીસ વિદ્યાર્થીઓ પસંદ કરી અભ્યાસ કેરે તેને ક્વોટા નિદર્શ કહેવામાં આવે છે,*

## 7.4 સમષ્ટિ; અર્થ અને વ્યાખ્યા

*સમષ્ટિ ત્રણ બાબતો પર આધાર રાખે છે. એક ભૌગોલિક, બીજું એકમો, જૂથો કે વ્યક્તિઓ અને ત્રીજું એકમોની ખાસિયતો. સમષ્ટિના દરેક એકમોનો અભ્યાસ ઘણો સમય અને નાણા માંગી લે છે, આવા સંજોગોમાં સંશોધન શક્ય બનાવવા નિદર્શની પસંદગી કરી અભ્યાસ કરવામાં આવે છે, જેમાં સમષ્ટિના કદને સીમિત કરી તેમાંથી મેળવેલા તારણો સમગ્ર સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે. જેને સામાન્યીકરણ કહેવામાં આવે છે.*

*સમષ્ટિ એટલે જે ભૌગોલિક વિસ્તારના એકમોનો અભ્યાસ કરવાનો હોય તે તેમામ એકમો અભ્યાસની સમષ્ટિ કહેવાય છે. સમષ્ટિનો ખ્યાલ સેન્સસ સર્વેના ખ્યાલ સાથે સંકળાયેલ છે. ભારતમાં દર દશ વર્ષે થતી વસ્તીગણતરીમાં ભારતના દરેક કુટુંબો પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે. આ અભ્યાસમાં દરેક ભારતીય કુટુંબો અભ્યાસની સમષ્ટિ કહેવાય છે. આમ અભ્યાસ હેઠળના તમામ એકમો એટલે અભ્યાસની સમષ્ટિ,*

Oxford Dictionary of Sociology *મુજબ 'સમષ્ટિમાં કુલ ઉત્તરદાતાઓ એટલે કે નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં રહેતા એકમોને સમષ્ટિમાં સમાવેશ થાય છે. સમષ્ટિનો ખ્યાલ વસ્તીશાસ્ત્રીય અને આંકડાકીય છે. નિદર્શ દ્વારા થતા અભ્યાસોને આધારે તેના તારણો સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે, એટલેકે સામાન્યીકરણ કરવામાં આવે છે." (*JOHN SCOTT AND GORDON MARSHALL:2009:579)

## 7.5 સમષ્ટિના પ્રકારો

*સમષ્ટિના પ્રકારો નીચે મુજબ છે.*

**1. ગ્રામીણ અને શહેરી સમષ્ટિ.**

*ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને ગ્રામીણ અને શહેરી સમષ્ટિ એવા બે પ્રકારો પાડી શકાય છે. જેમકે ગ્રામીણ સમાજમાં ગરીબ કુટુંબોનો અભ્યાસ જેવા અભ્યાસોની સમષ્ટિ ગ્રામીણ સમષ્ટિ તરીકે ઓળખી શકાય. તેવી જ રીતે સુરત શહેરમાં વસવાટ કરતા ભિક્ષુકોનો અભ્યાસ આવા અભ્યાસોની સમષ્ટિ શહેરી સમષ્ટિ તરીકે ઓળખી શકાય છે.*

**2. લિંગ અથવા જાતિને આધારે સમષ્ટિ**

*વિશાળ ક્ષેત્રમાં સંશોધન કરવા માટે ઉત્તરદાતાઓની જાતિને ધ્યાનમાં રાખીને સમષ્ટિના પ્રકાર પાડી શકાય છે. અભ્યાસના ઉત્તરદાતાઓ મહિલાઓ કે પુરુષો છે. તેના આધારે સમષ્ટિના પ્રકારો પાડી શકાય. જેમકે અમદાવાદ શહેરમાં કઈ જાતિના લોકો સૌથી વધુ વસવાટ કરે છે. તેને જાતિ આધારિત સમષ્ટિ મુજબ પ્રકારો પાડી શકાય.*

**3. વયજૂથને આધારે સમષ્ટિના પ્રકારો**

*સંશોધક પોતાના અભ્યાસના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખી વયજૂથ મુજબ સમષ્ટિના પ્રકારો પાડી શકે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, આધુનિક સમયમાં તરુણોની સમસ્યાઓના અભ્યાસો, યુવાનો અને વૃધ્ધોની સમસ્યાના અભ્યાસો વગેર વયજૂથને કેન્દ્રમાં રાખીને સમષ્ટિના પ્રકારો પાડી શકાય છે.*

**4. ગુણાત્મક અને સંખ્યાત્મક સમષ્ટિ.**

*ગુણાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસની સમષ્ટિનું સ્વરૂપ ગુણાત્મક સમષ્ટિ તરીકે ઓળખાય છે. જેમકે પ્રેમ, હુંફ, લાગણી, દયા- ભાવના, સહકાર, મુલ્યો, સંસ્કારો, વગેરેની સમષ્ટિ ગુણાત્મક સમષ્ટિનો પ્રકાર છે. તેવી જ રીતે સંખ્યાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસોની સમષ્ટિનું સ્વરૂપ સંખ્યાત્મક સમષ્ટિ તરીકે ઓળખી શકાય. જેમકે વયજૂથ, ઉંમર, આવક-જાવક, બુદ્ધિઆંક, વજન વગેરે સંખ્યાત્મક માહિતી મેળવવાના હેતુથી થતા અભ્યાસોની સમષ્ટિ સખ્યાત્મક સમષ્ટિનો પ્રકાર કહી શકાય.*

## 7.6 સારાંશ

*જ્યારે કોઈપણ સંશોધક કોઈપણ ક્ષેત્રમાં અભ્યાસ હાથ ધરતો હોય છે, ત્યારે તેને કેટલીક પદ્ધતિઓની પસંદગી કરવી ખૂબજ આવશ્યક બની રહે છે. કયા સમયે કઈ પદ્ધતિ ઉપયોગી બની શકશે તેનું જ્ઞાન પણ તેની પાસે હોવું જરૂરી છે. કેમકે સમય, શ્રમ અને પૈસાની દ્રષ્ટીએ સમગ્રનો અભ્યાસ કરવો સંશોધક માટે શક્ય ના હોય તેવા સંજોગોમાં તેણે જુદી જુદી ટેકનિક, પદ્ધતિનો ઉપયોગ કરીને અભ્યાસ કરવાનો હોય છે. કેટલું સેમ્પલ પસંદ કરવું, કેવી રીતે કરવું તેની પ્રાથમિક જાણકારી સંશોધક પાસે હોવી ખૂબ જરૂરી છે. પ્રસ્તુત એકમમાં આપણે નિદર્શ, નિદર્શન અને સમષ્ટિ વિશે વિસ્તૃત માહિતીનો અભ્યાસ કર્યો. જે નવા સંશોધકોને જુદા જુદા ક્ષેત્રોમાં અભ્યાસ કરવા માટે ઉપયોગી બની રહે છે.*

## 7.7 તમારી પ્રગતિ ચકાસો

1. *નિદર્શનો અર્થ સમજાવો.*

   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................

2. *નિદર્શની પ્રક્રિયા સમજાવો.*

   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................

3. *નિદર્શનનો અર્થ સમજાવી તેના પ્રકારોની સવિસ્તૃત સમજૂતી આપો.*

   ......................................................................
   ......................................................................
   ......................................................................
   ......................................................................

.................................................................................

.................................................................................

4. *સમષ્ટિનો અર્થ આપી તેના પ્રકારો સમજાવો.*

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 7.8 ચાવીરૂપ શબ્દો

**નિદર્શ** : *નિદર્શ એટલે સમષ્ટિના એકમોનો અમુક ભાગ.*

**નિદર્શન** : *સમગ્ર સમુદાયમાંથી આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી પસંદ કરેલા નાના સમૂહોના ઘટકોનો અભ્યાસ કરી તે વડે સમગ્ર સમુદાય વિશે તારણો કાઢવાની રીત તે નિદર્શન.*

**સમષ્ટિ** : *સમષ્ટિ એટલે જે ક્ષેત્રની જે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય તે ક્ષેત્રમાં સમાવિષ્ટ થતી એ બધી જ ઘટનાઓનો સમગ્ર જથ્થો.*

## 7.9 સંદર્ભ સૂચિ


1. Olvier Paul, (2010) Understanding The Research Process, SAGE.
2. Olvier Paul, (2008) Writing your Thesis, SAGE.
3. *જોષી વિદ્યુત (*1997*) પારિભાષિક કોશઃ સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*
4. *શુક્લ દિનેશ, સમાજ વિજ્ઞાનો 'નીતિવિજ્ઞાનો બનશે?, અર્થાત, જાન્યુઆરી-માર્ચ,અપ્રિલ-જૂન* 2001*, ગ્રંથ-*20*: અંક;* 1-2*, (લેખ-પેજ નંબર-*20 *થી* 25*) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત.*
5. *રાવત હરિકૃષ્ણ (*2202*) સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, જયપુર. (હિન્દી)*
6. *સામાજિક સંશોધન પદ્ધતિઓ : એ.જી. શાહ અને જે. કે. દવે, અનડા પ્રકાશન, અમદાવાદ-*2008-09
7. *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર : ડી.એ. ઉચાટ, સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. અમદાવાદ-*2009
8. *સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર : ડો. આર. એસ. પટેલ, જય પબ્લિકેશન, અમદાવાદ-*2015


**LINK**

*ગુજરાતી વિશ્વકોષ*

https://gujarativishwakosh.org/%E0%AA%A8%E0%AA%BF%E0%AA%A6%E0%AA%B0%E0%AB%8D%E0%AA%B6%E0%AA%A8-%E0%AA%B8%E0%AA%BF%E0%AA%A6%E0%AB%8D%E0%AA%A7%E0%AA%BE%E0%AA%82%E0%AA%A4-theory-of-sampling-%E0%AA%85%E0%AA%A8%E0%AB%87-%E0%AA%A8/

**સમાજકાર્યમાં અનુસ્નાતક (Master of Social Work - MSW)**

**MSW – 301 સામાજિક સંશોધન પદ્ધતિઓ અને સમાજકાર્ય (Social Research Methods and Social Work)**

**વિભાગ – 2 સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ**


**નિર્દેશન (Direction)**

| | |
|---|---|
| **પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય** | *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**સહ-સંપાદક (Co-Editor)**

| | |
|---|---|
| **શ્રી આશિષ વસાવા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. જયેશ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. શિલ્પા રાજ્યગુરુ** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **શ્રી કરણસિંહ પરમાર** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય તથા પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ. સંજય પટેલ** | BSW & MSW *કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, પારુલ યુનિવર્સિટી, વડોદરા* |
| **પ્રો.(ડૉ.) ભાવના મહેતા** | *અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા* |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | BSW & MSW *કોર્સ સભ્ય સચિવ અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| **ડૉ. મુકેશભાઈ પ્રજાપતિ** | *પ્રિન્સીપાલ,બાબુભાઈ એમ.શાહ મહાવિદ્યાલય, ઝીલીયા, ગાંધી આશ્રમ ઝીલીયા* |

**લેખન (Writing)**

| | |
|---|---|
| **ડૉ. રીનાબેન રાઓલ** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર* |
| **શ્રી આશિષ વસાવા** | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **ડૉ.શીતલબેન હિરસકર** | *એકેડેમિક કાઉન્સેલર, અધ્યાપન (સ્જીઉ) ફિલ્ડવર્ક સુપરવાઈઝર, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી* (IGNOU), *સરખેજ - ગાંધીનગર હાઈવે રોડ, અમદાવાદ* |

**ભાષા પરામર્શન (Language Review)**

| | |
|---|---|
| **પ્રિ. ઘનશ્યામ ગઢવી** | *નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કોલેજ, મહેસાણા* |



**પ્રકાશક (Publisher)**

| | |
|---|---|
| **કુલસચિવ** | *ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| **પ્રકાશન વર્ષ :** | 2024 (*પ્રથમ આવૃત્તિ*) |

978-93-5598-723-5

**ISBN NO:** 978-93-5598-723-5



**:સર્વાધિકાર સુરક્ષિત : આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# MSW - 301 વિભાગ – 2 સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ

## વિભાગીય પરિચય

*વિદ્યાર્થીમિત્રો, સમાજકાર્યમાં સંશોધન એ સામાજિક સમસ્યાઓના વિશ્લેષણ અને ઉકેલ માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ છે. તેનો ઉદ્દેશ્ય સમાજના નબળા વર્ગોને અસરકારક સહાય પ્રદાન કરવા માટે તથ્યાધારિત દૃષ્ટિકોણ વિકસાવવાનો છે. સંશોધનની પદ્ધતિઓમાં ક્વોલિટેટિવ, ક્વાંટિટેટિવ અને મિશ્ર પદ્ધતિઓનો સમાવેશ થાય છે, જે માહિતી સંકલન, વિશ્લેષણ અને મૂલ્યાંકન માટે ઉપયોગી છે. આથી સંશોધનકારો સમાજના વિવિધ પ્રશ્નો, જેમ કે ગરીબી, બેરોજગારી, આરોગ્ય કે શિક્ષણની સમસ્યાઓને ઊંડાણપૂર્વક સમજીને અસરકારક નીતિઓ અને કાર્યક્રમોની રચના કરી શકે છે. સમાજકાર્ય સંશોધન વ્યવહારને આધારભૂત બનાવી, નબળા વર્ગોના સશક્તિકરણ અને સામાજિક ન્યાય પ્રદાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમાજકાર્ય વિષયને વૈજ્ઞાનિક દ્રષ્ટીએ સમજવા માટે સ્જીઉ પાઠ્યક્રમ- 301માં 'સામાજિક સંશોધન પદ્ધતિઓ અને સમાજકાર્ય'નો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠ્યક્રમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં પ્રથમ વિભાગ સામાજિક વિજ્ઞાનોમાં સમાજકાર્ય સંશોધનમાં એકમ – 1 થી 7નો સમાવેશ કરવામાં આવ્યો છે અને બીજો ભાગ સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓમાં એકમ – 8થી 14નો સમાવેશ કરવામાં આવેલ છે. સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિઓ - મુલાકાત અને પ્રશ્નાવલી જેની ચર્ચા આઠમાં એકમમાં કરવામાં આવેલ છે. સંશોધનમાં સાહિત્ય સમીક્ષા અને તેની જરૂરિયાત જેની વિગતવાર માહિતી નવમા એકમમાં આપેલ છે. માહિતીનો અર્થ, તેના સ્રોતો અને પ્રકારો. સમજૂતીનું વર્ણન દસમાં એકમમાં કરેલ છે. આ ઉપરાંત સમાજકાર્ય સંશોધનમાં ક્ષેત્રકાર્ય પદ્ધતિ ચર્ચા અગિયારમાં એકમમાં આપેલ છે.*

*વિદ્યાર્થીમિત્રો, સમાજકાર્ય સંશોધનમાં ગ્રંથાલય જેની ચર્ચા બારમાં એકમમાં કરેલ છે. સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્ર તેરમાં એકમમાં સમજાવેલ છે. સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખન ચૌદમાં એકમમાં કરવામાં આવેલ છે. સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ વૈજ્ઞાનિક અભિગમ દ્વારા માહિતી સંકલન, વિશ્લેષણ અને મૂલ્યાંકન માટે વપરાય છે, જે સમજૂતી, નિદાન અને સમાધાન માટે સહાયરૂપ બને છે. આ પદ્ધતિઓમાં મુખ્યત્વે વર્ણનાત્મક પદ્ધતિ, સંખ્યાત્મક પદ્ધતિ, ગુણાત્મક પદ્ધતિ અને મિશ્ર પદ્ધતિઓનો સમાવેશ થાય છે. કેસ સ્ટડી પદ્ધતિ વિશિષ્ટ કેસના ગહન અભ્યાસ પર કેન્દ્રિત છે, જ્યારે સંખ્યાત્મક પદ્ધતિ ડેટાનું આંકડાકીય વિશ્લેષણ કરે છે. ગુણાત્મક પદ્ધતિ સંવેદનાત્મક અને વ્યાખ્યાત્મક માહિતી પ્રદાન કરે છે, જ્યારે મિશ્ર પદ્ધતિ આ બે અભિગમનું સંકલન છે. આ પદ્ધતિઓથી સંશોધનકારો સમાજના વાસ્તવિક પ્રશ્નોને ઊંડાણપૂર્વક સમજવા અને અસરકારક નીતિઓ વિકસાવવા સક્ષમ બને છે. જેનો અભ્યાસ આ પુસ્તકમાંથી કરી શકશો.*

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## MSW-301

## સામાજિક સંશોધન પદ્ધતિઓ અને સમાજકાર્ય

(Social Research Methods and Social Work)

## વિભાગ-2 : સમાજકાર્યમાં સંશોધન પદ્ધતિઓ


એકમ--8: સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિઓ - મુલાકાત અને પ્રશ્નાવલી 78

એકમ -9: સંશોધનમાં સાહિત્ય સમીક્ષા અને તેની જરૂરિયાત 104

એકમ -10: માહિતીનો અર્થ, તેના સ્ત્રોતો અને પ્રકારો. 113

એકમ--11: સમાજકાર્ય સંશોધનમાં ક્ષેત્રકાર્ય પદ્ધતિ 120

એકમ -12: સમાજકાર્ય સંશોધનમાં ગ્રંથાલય 132

એકમ --13: સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્ર 142

એકમ -14: સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખન 151

એકમ-8

# સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિઓ - મુલાકાત અને પ્રશ્નાવલી

-: રૂપરેખા :-


**8.0 હેતુઓ**

**8.1 પ્રસ્તાવના**

**8.2 સમાજકાર્ય સંશોધનનો અર્થ, વ્યાખ્યા**

**8.3 સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ - મુલાકાત**

**8.4 સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ - પ્રશ્નાવલિ**

**8.5 ઉપસંહાર**

**8.6 તમારી પ્રગતિ ચકાસો**

**8.7 ચાવીરૂપ શબ્દો**

**8.8 સ્વાધ્યાય લેખન**

**8.9 કેસ સ્ટડી**

**8.10 સંદર્ભ ગ્રંથ**


## 8.0 હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *સમાજ અને સમુદાય જીવનમાં અમાજકાર્ય સંશોધન વિશેની ઉપયોગિતા વિધાર્થી સમજશે.*
- *સમાજકાર્યના વિદ્યાર્થીઓને સંશોધન વિશેની સમજણ પ્રાપ્ત થશે.*
- *વિદ્યાર્થીઓમાં સંશોધન વિશેની સિદ્ધાંતિક સમજણ ઊભી થશે.*
- *સમાજકાર્ય ના વિદ્યાર્થીઓને સામાજિક સંશોધન વિશે પાયાનો ખ્યાલ સ્પષ્ટ થશે.*

## 8.1 પ્રસ્તાવના :-

*સામાજિક સંશોધન એ ખૂબ જ મહત્ત્વનું કાર્ય શરૂ કરતાં પહેલાં તે શું છે. તે સમજવું અત્યંત જરૂરી છે. સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે સામાજિક સંશોધનો ખ્યાલ સ્પષ્ટ હોય અને સંશોધનના મારફતે સમગ્ર કાર્યને બરાબર સમજતો હોય તો પોતાની જે નવીનતમ કામ હાથ ભરવાનું હોય તે સમાજના હિતમાં કાર્ય કરવામાં સરળતા રહે છે. સમાજમાં વ્યક્તિ જ્યારે સમસ્યા અનુભવે છે. ત્યારે તેના ઉકેલ મેળવવા માટે તે પ્રયત્નશીલ રહે છે. સમસ્યાનો નિરાકરણ મેળવવાના ઘણા રસ્તાઓ છે. જે પૈકી સમાજકાર્યમાં સંશોધનનો ઉપયોગ કરીને સમાજકાર્યકર તરીકે સમુદાયની સમસ્યાઓ નિવારણમાં સરળતા રહે છે.સમાજકાર્ય સંશોધનએ સમાજકાર્યની સવિશેષ મહત્ત્વ એવી ગૌણ પદ્ધતિમાની એક સર્વોપરી પદ્ધતિ માનવામાં આવે છે. વર્તમાન સમયમાં સમાજકાર્ય સંશોધનએ સમાજ જીવન તેમજ સમુદાય સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંકળાયેલ સૌથી અગત્યની પદ્ધતિ માનવામાં આવે છે. જેમા મુલાકાત અને પ્રશ્નાવલિ એક એવું ઉપકરણ છે. કે જેમાં સંશોધક પાત્ર સાથે રૂબરૂ વાર્તાલાપ કરીને*

*અભ્યાસના હેતુ અનુસાર જરૂરી માહિતી મેળવવામા આવે છે. સામાજિક સંશોધનમાં એક પ્રમુખ સાધન તરીકે વિચારીએ તો મુલાકાત અને પ્રશ્નાવલિ એટલે સમગ્ર સંશોધન પ્રક્રિયામાં પોતાનું એક અગત્યનું સ્થાન ધરાવતું માધ્યમ છે. જેના ઉપયોગ દ્વારા સરળતાથી સામાજિક સંશોધનની પ્રક્રિયા હાથ ધરી શકાય છે.*

## 8.2 સમાજકાર્ય સંશોધનનો અર્થ, વ્યાખ્યા :-

**અર્થ :-**

*સંશોધન એ એવી પદ્ધતિસરની તાર્કિક અને અનાત્મલક્ષી પ્રક્રિયા છે. તે જેમાં અભ્યાસ માટે પસંદ કરાયેલી સમસ્યામાં આવેલાં ચલોને અનુરૂપ રચવામાં આવેલી ઉત્કલ્પનાઓની તકાસણી માટે યોગ્ય ઉપકરણ વડે મેળવેલી વ્યવસ્થિત માહિતીનું ઉચિત રીતે પૃથક્કરણ કરીને સામાન્યકરણ કે સિદ્ધાંતો ઠરાવવામાં આવે છે. કે જેને પરિણામે થિયરીનો ઉદ્દભવ કે વિકાસ થાય છે.*

*ગ્રીનલના મતે, સમાજકાર્ય સંશોધન એક વ્યવસ્થિત પદ્ધતિસરની તપાસ છે. જેમાં માનવ સમસ્યાઓનો ઉકેલ અને તેની પ્રેક્ટિસ કરવામાં નવા જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે.*

*ફ્લેચરના મતે, સમાજકાર્યના કાર્યો અને તેની પદ્ધતિઓની પ્રામાણિકતા અને તેની જરૂરિયાતોની ચકાસણી કરવી એટલે સમાજકાર્ય સંશોધન.*

*ફ્રીડલેન્ડના મતે, સમાજકાર્યનું જ્ઞાન, કુશળતાઓ, પદ્ધતિઓ, વિભાવનાઓ, સિદ્ધાંતોની તપાસ સામાન્યકરણ અને તેનો વિસ્તાર કરવા માટે સમાજકાર્યની પદ્ધતિઓનો ટીકાત્મક તપાસ પૂછપરછ અને વૈજ્ઞાનિક પરીક્ષણ એટલે સમાજકાર્ય સંશોધન.*

*નેશનલ એસોસિએશન ઓફ સોશિયલ વર્ક, સમાજકાર્ય સંશોધન અંતર્ગત એવા પ્રશ્નો, સમસ્યાઓની તપાસ કરવામાં આવે છે. કે જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન, સમાજકાર્ય વહીવટ દરમિયાન, સમાજકાર્યની સેવાઓ દરમિયાન જે પ્રશ્નો ઉદ્દભવે છે. તેને સંશોધનના માધ્યમથી ઉકેલ પ્રયાસ હોય છે.*


*મેકડોનાલ્ડના મતે, સમાજકાર્ય સંશોધનમાં એવા પ્રશ્નો સમસ્યાઓ પર કામ કરવામાં આવે છે. કે જે સમાજકાર્ય કરતી વખતે અથવા તો સમાજ સેવાના આયોજન દરમિયાન અને વહીવટ દરમિયાન જે સમસ્યા ઉદ્દભવે છે. જેને સંશોધનના માધ્યમથી ઉકેલવામાં આવે છે. તથા સમાજકાર્યના મૂળ તત્ત્વોને ધ્યાનમાં રાખીને તેનું વિશ્લેષણ અને પૃથક્કરણ કરવામાં આવે છે.*

## 8.3 સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ - મુલાકાત

- **મુલાકાતનો અર્થ :-**

*મુલાકાત એટલે એવી મૌખિક પ્રશ્નાવલિ કે અનુસૂચિ જેમાં પાત્રો રૂબરૂ જરૂરી માહિતી આપે છે. મુલાકાત એટલે ચોક્કસ પ્રકારની માહિતી એકત્ર કરવા માટે બે વ્યક્તિઓ વચ્ચેનું રૂબરૂ વાર્તાલાપ. જેમાં સંશોધક રૂબરૂ જઈને બીજી વ્યક્તિ પાસેથી સીધે સીધી માહિતી એકત્રિત કરી શકે છે.*

- **મુલાકાતના પ્રકારોઃ-** *સંશોધનના હેતુ અને સંદર્ભે મુલાકાતના મુખ્ય બે પ્રકાર છે.*




**1 નિયંત્રિત મુલાકાતઃ-**

*અગાઉથી પ્રમાણભૂત થયેલા પ્રશ્નો વાળી આ મુલાકાતમાં ચોક્કસ પ્રશ્નો દ્વારા માહિતી મેળવવામાં આવે છે. એક સરખા પ્રશ્નો, એક જ ક્રમે અને એક જ રીતે બધા પાત્રોને પૂછવામાં આવે છે. મુલાકાતનો સમગ્ર દોર મુલાકાત લેનારના હાથમાં હોય છે. આ પ્રકારની મુલાકાત દ્વારા એકત્રિત કરાયેલી માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનનું કાર્ય ખૂબ જ સરળ પડે છે. અને વિવિધ પાત્રોના ઉત્તરોની તુલના કરવી સહેલી બને છે.*

**2. અનિયંત્રિત મુલાકાતઃ-**

*અનિયંત્રિત મુલાકાત નિયંત્રિત મુલાકાતની જેમ એક સરખા પ્રશ્નો એક જ ક્રમે અને એક જ રીતે પૂછવાના હોતા નથી. પરંતુ પરિસ્થિતિ અને ઉત્તરદાતાની ધ્યાનમાં રાખીને પ્રશ્નોમાં બાંધ છોડ કરવાની હોય છે. પરિસ્થિતિ પ્રમાણેનું અનુકૂલન સાધવું, તે આ મુલાકાતનું લક્ષણ છે.અણધારી મુલાકાતને સ્પષ્ટ કરવા માટે બીજા પૂરક પ્રશ્નો યોજી શકાય છે. મુલાકાતનો દોર મુલાકાત આપનારના હાથમાં હોય છે.*

- **સફળ મુલાકાત માટેની આવશ્યકતાઓઃ-**

*સંશોધનના સાધન તરીકે મુલાકાતનો સફળ ઉપયોગ કરવો હોય તો કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. જે નીચે મુજબ છે. ઉત્તરદાતાની મુલાકાત લેતા પહેલા નીચેની બાબતો અંગેની જાણકારી મેળવી લેવી જોઈએ.*

1. *મુલાકાતનો હેતુ અને કેવા પ્રકારની માહિતી જોઈએ છે. તે પહેલાં સ્પષ્ટ કરી લેવું જોઈએ.*
2. *સંશોધનના હેતુઓને અનુરૂપ મુલાકાતનો પ્રકાર નક્કી કરવો જોઈએ.*
3. *પાત્રોની કક્ષા અને સંખ્યા અગાઉથી નક્કી કરવી જોઈએ.*
4. *તૈયાર કરેલા પ્રશ્નો ઉપર તજજ્ઞો પાસેથી સમીક્ષા કરાવવી જોઈએ.*
5. *પૂર્વ સંમતિથી અને પાત્રની સગવડ પ્રમાણે મુલાકાતનો સમય ગોઠવવો જોઈએ.*
6. *પ્રાપ્ત માહિતીનીનોંધ કઈ રીતે લેવાની છે. તે અંગે પૂરતી પૂર્વ તૈયારી કરી લેવી જોઈએ.*

- **મુલાકાત દરમિયાન ઉચિત સંચાલનઃ-**

*પ્રાપ્ત માહિતીની સાતત્યતાનો આધાર મુલાકાત લેનારના કૌશલ્ય ઉપર છે. તેના માટે કેટલાક સૂચનો ધ્યાનમાં રાખવાના છે. તે નીચે મુજબ છે.*

1. *ઉત્તરદાતાનો સહકાર અને વિશ્વાસ પ્રાપ્ત કરવો એ સૌથી અગત્યનું છે. આ માટે પાત્ર સાથે તાદાત્મક કેળવવું જોઈએ. મુલાકાત લેવા માટે યોગ્ય પોશાક ભાષા અને ઉચિત વર્તન આવશ્યક છે. મુલાકાત લેનારે ખુશ મિજાજ સરળ કુશળ રહેવા ઉપરાંત થોડા ગંભીર પણ રહેવું જોઈએ. પોતે જ સર્વજ્ઞ છે. ચતુર છે. એવી લાગણી ન દર્શાવી જોઈએ. અભિનય અને મૈત્રીપૂર્ણ વર્તનથી જવાબો મેળવવા માટેનો પ્રયાસ કરવો જોઈએ.*
2. *મુલાકાત લેનારે મુલાકાતની દિશા પોતાના હાથમાં રાખવી જોઈએ. મુલાકાતના હેતુઓસાથે અસંબધિત હોય તેવી વાતચીતને તારવવાનું કૌશલ્ય મુલાકાત લેનાર માટે જરૂરી છે.*
3. *એક સમયે માત્ર એક જ પ્રશ્ન પૂછવો જોઈએ જો પાત્ર કોઈ પ્રશ્ન બરાબર ન સમજો હોય તો પ્રશ્નને ભાર દઈને બીજી વાર કહેવું જોઈએ.*
4. *ઉત્તરદાતાના જવાબો શાંતિથી અને રસપૂર્વક સાંભળવા જોઈએ તેમના ઉત્તરો પ્રત્યે આશ્ચર્ય કે અસમતિ દર્શાવી જોઈએ નહીં . ઉત્તરદાતા જવાબ આપતો હોય તે વખતે ચહેરાના હાવ તેમજ અવાજની તીવ્રતાને પણ અવલોકનમાં મુકવા જોઈએ.*
5. *ઉત્તરદાતાના જવાબ આપવા માટે પૂરતો સમય આપવો જોઈએ સંભવિત જવાબો પ્રત્યે સૂચનો દર્શાવવા જોઈએ નહીં.*
6. *ઉત્તરદાતાના પાસેથી વિશિષ્ટ, સાચા અને પુરા જવાબ મેળવવાની આવડત સંશોધકના પક્ષે આવશ્યક છે. કેટલાક લોકો અસ્પષ્ટ જવાબો આપે, વિચારીને જવાબો આપવાને બદલે ‘જાણતો નથી’ તેવા જવાબો આપે, પ્રશ્નનો અર્થઘટન જુદું જ કરે વગેરે પરિસ્થિતિ હલ કરતા સંશોધકે આવડવું જોઈએ. સાચી અને પૂરી માહિતી મેળવવા માટે પૂરક પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય પણ સંશોધકે કેળવવું જોઈએ.*
7. *સામાન્ય પ્રશ્નોની શરૂઆત કરીને નાજુક અને જટીલ પ્રશ્નો પૂછતા જવું જોઈએ.*
8. *મુલાકાત દરમિયાન નાજુક કે વિવાદ આસપાસ બાબતોના સંદર્ભમાં કુદરતી વલણ દાખવવો જોઈએ.*
9. *મુલાકાત આપનારને કંટાળો લાગે ત્યારે મુલાકાત પડતી મૂકવી જોઈએ.*

- **મુલાકાત દરમિયાન પ્રાપ્ત થતી માહિતીની વ્યવસ્થિતનોંધઃ-**

*માહિતી એકત્ર કરવા માટે સંશોધનના આ સાધનમાં પાત્ર જે કંઈ માહિતી આપે છે. તેની કાળજીપૂર્વકનોંધ કરવી તે સવિશેષ ધ્યાનમાં રાખવાની બાબતો છે. કારણ કે મુલાકાત આપનારની વાત ધ્યાનપૂર્વક સાંભળતી વખતે તેનીનોંધ કરવી મુશ્કેલ છે. આ માટે કેટલાક સૂચનો વિચારી શકાય.*

1 *પ્રશ્નો અને તેમના સંભવિત ઉત્તરોની યાદી પ્રથમથી બનાવેલી હોય તો પાત્રોના જવાબો નિશાની કરીનેનોંધી શકાય છે. જો અગાઉથી આ શક્ય ન બન્યું હોય તો પાત્રોના જ શબ્દોમાંનોંધ થવી જોઈએ.*

2 *પાત્રોના જવાબો સીધા જનોંધવા જોઈએ ટૂંકાણ કરવું, સંશોધકના શબ્દોમાં સારાંશ હર્વાો જોઈએ નહીં*

3 *પ્રશ્ન પૂછ્યા પછી તરત જ કે જવાબો આપવાનું ચાલુ હોય ત્યારેનોંધ કરવી નહીં.*

4 જવાબોનીનોંધ કરવા માટે બની શકે તો ટેપ રેકોર્ડનો ઉપયોગ કરવો.

- **મુલાકાત દરમિયાન મુલાકાત લેનાર દ્વારા ઉદ્દભવતી ખામીઓ :-**

માહિતી એકત્રીકરણમાં મુલાકાત લેનારનો સક્રિય ફાળો છે. તેને ફાળો પોતાના પાત્રોના સહકાર મેળવવામાં લેવાનો છે. જો મુલાકાત નિયંત્રિત હોય તો મુલાકાત લેનારે પ્રશ્નો કેમ પૂછવા તેમજ મળતા જવાબો સાચા છે. અને તે પુરા છે. તેનોંધવા તાલીમ અપાય છે. અનિયંત્રિત મુલાકાત માટે વધુ ઘનિષ્ઠ તાલીમની જરૂર છે. મુલાકાત પ્રક્રિયામાં નીચે મુજબની કેટલીક ક્ષતિઓ રહેવા પામે છે.

**1 પ્રશ્ન પૂછવામાં રહેતી ખામીઃ-**

સંશોધક અને પાત્ર બની જ્યારે શબ્દોના અર્થ જુદા જુદા સમજે છે. ત્યારે આ પ્રકારની ભૂલો ઉદ્દભવે છે. પ્રશ્નો કેવી રીતે પૂજાય છે. તેના પર જવાબનો આધાર રહેલો છે. નિયંત્રિત મુલાકાત લેવામાં એ બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે સંશોધન સમસ્યા પરત વે પારિભાષિક શબ્દોમાં સંશોધક અને પાત્ર વચ્ચે સમાનતા હોવી જોઈએ જ્યારે બંને વચ્ચે અસમાનતા હોય ત્યારે અનિયંત્રિત મુલાકાત ઉપયોગી બને છે.

**2 . સ્પષ્ટ અને પૂરા ઉત્તરો મેળવવામાં રહેતી ખામીઓઃ-**

સંશોધક પાત્રને જવાબ આપવામાં પૂરતો સમય ન આપવામાં આવે અથવા તો મળતા જવાબની અગાઉથી ધારણા બાંધી લેવામાં આવે ત્યારે આ પ્રકારની ખામી ઉદ્દભવે છે. ઉપરાંત પાત્ર એ આપેલા જવાબમાં રહેલી સંગીતતાની જરૂરી સ્પષ્ટતા મેળવવા માટે સંશોધક નિષ્ફળ જાય ત્યારે આપ પ્રકારની ભૂલ ઉભી થાય છે. આ પ્રકારની ક્ષતિ ન ઉદ્દભવે તે માટે મુલાકાત લેનારે મળતા જવાબ વિશે અગાઉથી અટકળ ન બાંધવી અને પાત્ર જવાબ આપવામાં પૂરતા સક્ષમ નથી તેવી માન્યતા પણ ન રાખવી.

**3. ઉત્તરદાતાને પ્રેરવામાં રેહતી ખામીઓઃ-**

ઉત્તરદાતાને જવાબ આપવા માટે પ્રેરવામાં પણ ક્ષતિ ઊભી થાય છે. પાત્રને ખુલ્લા મને નિખાલસતાથી સ્પષ્ટ અને સાચા જવાબો આપવામાં પ્રેરવામાં સંશોધક નિષ્ફળ નીકળે તો મળતા જવાબો આધારભૂત હોતા નથી. પાત્રને પ્રેરણા આપવાનું કામ એક અગત્યની બાબત છે. કેટલાક સંશોધનમાં પાત્રોની બે કે તેથી વધુ વાર મુલાકાત લેવાની જરૂર પડતી હોય છે. આ સમયે પ્રથમ મુલાકાત પાત્રને કંટાળાજનક અથવા તો અણગમતી લાગે તો બીજીવાર મુલાકાત આપવાનું ટાળે છે. સામાન્યતઃ મુલાકાત લેનાર પાત્રને એવો અનુભવ કરાવે છે. કે તે મૈત્રીપૂર્વક અને હાર્દિક રીતે પાત્ર અને તેની માન્યતાઓમાં રસ દાખવે છે. તો ઉત્તરદાતાને મુલાકાત આપવામાં ઉત્સાહ આવે છે. અને બીજી વાર મુલાકાત આપવામાં પૂરેપૂરો અનુકૂળ રહે છે.

**4 જવાબોનોંધવામાં રહેતી ખામીઓઃ-**

ઉત્તરદાતાના જવાબો વ્યવસ્થિત રીતેનોંધવામાં ઘણીવાર ખામી રહે છે. સામાન્યતઃ આ ભૂલો ઈરાદાપૂર્વકની હોતી નથી કેટલીક વાર મુલાકાત લેનાર તાલીમ પામેલ હોતા નથી. ચાલુ મુલાકાત દરમિયાન માહિતીનોંધમાંનોંધવાથી માહિતી મેળવવામાં કૃત્રિમતા આવે છે. મુલાકાત બાદ તરત જ યાદદાસથી બધી જ માહિતીનોંધવા જઈએ તો અધૂરી અને પાત્રના શબ્દ અને પૂર્વગ્રહોથી બંધાયેલી માહિતી મળે છે. ટેપ રેકોર્ડર ના ઉપયોગથી આ ખામીઓ દૂર થાય છે. પણ સંશોધન દ્વારા જણાવ્યું છે. કે

*માઈક્રોફોનના ઉપયોગથી મુલાકાત લેનાર નર્વસ બને છે. તેના ઉપયોગ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવા માટે લેખિત સ્વરૂપમાં ઉતારવાનું કાર્ય કઠિન અને સમય માંગનારું છે.*

- **મુલાકાતનું મૂલ્યાંકનઃ-**

*મનોવૈજ્ઞાનિક કસોટીઓની જેમ સંશોધન ઉપકરણ તરીકે મુલાકાત પ્રક્રિયાનું પણ મૂલ્યાંકન થઈ શકે છે. આ માટે કસોટી પ્રાપ્તાંકોની જેમ મુલાકાતનોંધનો ઉપયોગ થાય છે. મુલાકાતનું મૂલ્યાંકન કરવા માટે મુલાકાત દરમિયાન મળતી માહિતીની વિશ્વસનીયતા, વસ્તુલક્ષીતા અને પ્રામાણિકતા નક્કી કરવામાં આવે છે. મુલાકાતની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા એ મુલાકાત લેનારનું કૌશલ્ય વ્યક્તિગત ગુણો અને ઉત્તરદાતાની માહિતી આપવાની ઈચ્છા અને શક્તિ ઉપર અવલંબે છે.*

**1 મુલાકાતનોંધણી વિશ્વસનીયતાઃ-**

*મુલાકાતનોંધણી હતા એટલે મળતી માહિતીનું સ્થાયિત્ત્વ.મુલાકાતનોંધની સ્થિરતા ચકાસવા માટે એક જ મુલાકાત લેનારા, એકના એક પાત્રને એક સરખા જ પ્રશ્ન જુદા જુદા સમયે બે વાર પૂછીને બે વાર માહિતી મેળવે છે. બંને મુલાકાતનોંધ વચ્ચેનો સહસંબંધ મેળવવાથી મુલાકાતની વિશ્વાસનિયતા જાણી શકાય છે.*

**2.મુલાકાતનોંધની વસ્તુલક્ષીતાઃ-**

*મુલાકાત પ્રક્રિયા દ્વારા મળતી માહિતીનું વર્ગીકરણ કરવામાં બે કે વધુ કરતાં કેટલા પ્રમાણમાં સહમત થાય છે. અથવા તેમની વચ્ચે વર્ગીકરણ કરવાથી કેટલું અંતર છે. તેના પર મુલાકાતની વસ્તુલક્ષિતાનો આધાર છે. કોઈ એક પ્રશ્ન દ્વારા મળતી એક માહિતીનું વર્ગીકરણ બે વ્યક્તિઓ જુદું જુદું કરે તો તેનો અર્થ એ કે કાં તો બે ગુણાંકન કરતાઓમાં તફાવત છે. કાં તો મુલાકાતનોંધ અસ્પષ્ટ છે.*

**3. મુલાકાતનોંધની પ્રમાણભૂતતાઃ-**

*મુલાકાતનોંધની વિશ્વસનીયતાની તુલનામાં પ્રમાણભૂતતા નક્કી કરવી કઠિન છે. મુલાકાત પ્રક્રિયા દ્વારા મળેલી અને આધારભૂત ફાઈલોમાંથી મળતી માહિતી વચ્ચે રહેલા સમાનતાના માપને પ્રમાણભૂતનું માપ ગણી શકાય પરંતુ જ્યારે વલણો કે અભિપ્રાયો મેળવવાના હોય ત્યારે મળતી માહિતીની સત્યતા ચકાસવા માટે કોઈ આધારભૂત માપદંડ મેળવવો કઠિન છે. આ સમયે મળતી માહિતી જેમ છે. તેમ સ્વીકારીને તેને કઠિન અભિપ્રાયો તરીકે પણ ઓળખવામાં આવે છે.*

- **મુલાકાત પર અસર કરતા પરિબળોઃ-**

*મુલાકાત લેનારે માત્ર આપેલી માહિતી જનોંધવાની હોતી નથી પરંતુ તેણે પ્રશ્નોની રજૂઆત અસરકારક રીતે કરવાની હોય છે. આથી બંને વચ્ચે આંતરક્રિયા થાય છે. આ આંતર ક્રિયાની અસર મુલાકાતની વિશ્વસનીયતા અને પ્રમાણ ભૂતકાળ થાય છે. ઉત્તરદાતા પાસેથી મળતા જવાબોની પ્રમાણભૂતતા પર મુલાકાત લેનારના વ્યક્તિગત લક્ષણો અસર કરે છે. આથી પ્રમાણભૂત માહિતી મેળવવા માટે મુલાકાત લેનારની પસંદગી અને તાલીમ, એ બે બાબતો ખૂબ જ અગત્યની છે. મુલાકાત પ્રક્રિયા દરમિયાન મળતા જવાબ ઉપર અસર કરતા પરિબળો કેટલાક નીચે મુજબ છે.*

**1. જાતિઃ-**

*પુરુષ કરતાં સ્ત્રી મુલાકાત લેનાર તરીકે વધુ યોગ્ય છે. પુરુષ કરતાં સ્ત્રી મુલાકાતીઓને ઓછી ના સાંભળવી પડે છે,ઓછી અવરોધ આવે છે. અને વધુ પ્રમાણમાં મુલાકાત પૂર્ણ કરી શકાય છે.*

**2. ઉંમરઃ-**

26 *થી* 50 *વર્ષની વ્યક્તિઓ મુલાકાતિઓ તરીકે વધુ યોગ્ય છે. મુલાકાત લેનાર એટલા યુવાન ન હોવા જોઈએ, જેથી પાત્રની સર્વેક્ષણ ગંભીર ન લાગે.*

**3. જ્ઞાતિ :-**

*મુલાકાત લેનાર અને આપનાર સમાજ જ્ઞાતિના હોય તો બંને વચ્ચે તાકાતમાં ઊંચું ઉદ્દભવે છે*

**4. ભાષાઃ-** *મુલાકાત આપનારની માતૃભાષામાં વાતચીત કરી શકે, તે ભાષામાં મુલાકાત લેવી જોઈએ તો થોડી ભાષા કરતા વિવેકી ભાષા ખૂબ આવકાર્ય બને છે.*

**5. દેખાવઃ-** *મુલાકાત લેનારનો દેખાવ ખૂબ આકર્ષક ન હોય તો પણ બેડોળ ન હોવો જોઈએ. સારો દેખાવ ધરાવનાર વ્યક્તિ મુલાકાત પ્રક્રિયાનો દર ઊંચો લાવી શકે છે.*

**6. શૈક્ષણિક કક્ષા :-** *મુલાકાત લેનાર વ્યક્તિ સ્નાતક હોય તે જરૂરી છે. તેમ છતાં મુલાકાત લેનાર વ્યક્તિ ખૂબ ભણેલી હોય તો તે પાત્ર સાથે સામાજિક અંતર અનુભવે છે. જેની અસર પાત્રના સહકાર પર પડે છે.*

**7. અનુભવઃ-** *મુલાકાત લેવાનો અનુભવ જેમ જેમ વધારે તેમ ચોકસાઈ વધુ આવે છે. તેમ છતાં, શૈક્ષણિક કક્ષામાં પણ મુલાકાત લેવાનો વધુ અનુભવ એ જવાબદારી બની જાય છે;*

**8. વ્યક્તિત્ત્વઃ-** *અંતરમુખી વ્યક્તિ કરતાં બહિર્મુખ વ્યક્તિ, મુલાકાત તરીકે સફળ નીકળે છે. બહિર મૂર્ખ વ્યક્તિ વધુ વાંચન વધુ સામાજિક, વધુ જીજ્ઞાસુ હોય છે. આવી વ્યક્તિને લોકોના જીવનને અને માન્યતાઓને જાણવામાં રસ હોય છે.*

**9. માહિતી સભરતાઃ-** *સફળ મુલાકાતી માટે આવશ્યક બાબત એ છે. કે જાહેર જીવનના કામકાજ, બનાવો તેમજ ચર્ચા પદ મુદ્દાઓનું જ્ઞાન એની પાસે હોય. વર્તમાનપત્રો, સામાયિકો તેમજ ટીવીના ઉપયોગ વડે જ્ઞાનથી સમૃદ્ધ થયો હોય, તે સામાજિક જૂથો અને સ્વૈચ્છિક મંડળોનો સભ્ય હોય તે પણ જરૂરી છે.*

**10. કાર્ય પ્રેરિતતાઃ-**

*મુલાકાત લેનાર માટેનું કાર્ય વિશિષ્ટ છે. લોકો પાસેથી સાચી અને પૂરી માહિતી કઢાવવાનું કાર્ય એ અઘરું છે. વળી આ કાર્યમાં ઉત્સાહ, સહકાર અને જાણકારને થાન છે. આથી મુલાકાત લેનારની કાર્યપ્રેરિતા ઊંચી હોવી ખૂબ જ જરૂરી છે.*

- **મુલાકાતના લાભઃ-**

1. *યોગ્ય પ્રત્યુત્તરો મેળવવા માટે મૈત્રીભર્યું અને વિશ્વાસયુક્ત વાતાવરણ સર્જી શકાય છે. જેથી પાત્ર પાસેથી ખાનગી કે અંગત માહિતી મેળવી શકાય છે. કાગળ ઉપર આપવાનું કોઈ પસંદ કરતું ન હોય.*
2. *કોઈપણ માહિતી કે પ્રશ્ન પ્રત્યે પાત્રની શંકા કે ખાનગી પણું લાગતું હોય તો સંશોધક રૂબરૂ જ ખુલાસો કરી શકે છે. કોઈ ઘેર સમજણ થતી હોય તો દૂર કરી શકાય છે. આથી મળતા જવાબો પૂર્વગ્રહ યુક્ત હોતાં નથી.*
3. *જવાબોની ગુણવત્તા ઊંચી હોય છે. ઊંડાણ વાળી માહિતી મેળવી શકાય છે.*
4. *નાના બાળકો અભણ કે મર્યાદિત બુદ્ધિવાળા લોકો પાસેથી માહિતી મેળવી શકે છે.*
5. *ઉત્તરદાતાની લાગણીઓ ભાવો માન્યતાઓનો અભ્યાસ થઈ શકે છે. પાત્રની જવાબ આપવાની સ્થાયી સૂઝનો પણ ખ્યાલ આવી શકે છે.*
6. *ઉત્તરદાતાના થાકી થવાનો કે કટાળો આવવાનો સંભવ ઓછો હોય છે.*
7. *ખરાબ હસ્તાક્ષર ટાળી શકાય છે. કારણ કે એની મુલાકાત લેનાર પોતે જ માહિતી ભરે છે*
8. *ઉત્તરદાતાના સાથે રૂબરૂ મળવાનું હોવાથી તેના જીવન વ્યવહારની નજીક જવાનો મોકો મળે છે. . જેથી કોઈપણ જવાબ પાછળનું કારણ સમજી શકાય છે.*

- **મુલાકાતની મર્યાદાઓઃ-**

1. *કેટલાક કારણોસર ઉત્તરદાતા મુલાકાત આપવાની ના પાડી દે છે. ખૂબ જ કામમાં હોય ત્યારે મુલાકાત કાઢતા હોય છે. ઉત્તરદાતાના હિતને નુકસાન થશે એમ માનતા હોય છે. આવા પ્રકારની મુલાકાત આપવી હિત ભરી નથી એવું માનતા હોય છે. જેથી આવા પાત્રો પાસેથી માહિતી મેળવી શકાતી નથી.*
2. *ખૂબ જ સમય માંગી લે તેવી પ્રક્રિયા છે.*
3. *સંશોધકની હાજરીથી કેટલીકવાર પૂર્વગ્રહયુક્ત માહિતી મળે પોતાના વિચારોને બદલે સંશોધક શું ગમશે તે ધ્યાનમાં રાખીને જવાબો આપે.*
4. *મુલાકાત લેનાર ખૂબ જ નિષ્ણાત, અનુભવી અને પીઢ હોવાં જોઈએ તે અનાત્મલક્ષી, સૂક્ષ્મદ્રષ્ટિવાન અને લાગણીશીલ જોઈએ. સામાન્ય સંશોધકમાં આવા ગુણો પૂરતા પ્રમાણમાં હોઈ શકે નહીં.*
5. *ખૂબ જ ખર્ચાળ પદ્ધતિ છે. ટપાલ દ્વારા મોકલાતી પ્રશ્નાવલિની સરખામણીમાં પણ મુલાકાત ખર્ચાળ છે. કારણ કે માહિતી મેળવવા માટે ફિલ્ડ કાર્યકરો રોકવા પડે છે. તેને તાલીમ આપવી પડે છે. વગેરે બાબતો ખૂબ જ ખર્ચાળ છે. .*

## 8.4 સમાજકાર્ય સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ - પ્રશ્નાવલિ

- **અર્થઃ-**

*સંશોધન અભ્યાસના હેતુઓને અનુરૂપ જરૂરી માહિતી મેળવવા માટે નમૂનાના પાત્રોને આપવામાં આવતા વ્યવસ્થિત પ્રશ્નોના સમૂહને પ્રશ્નાવલિ કહે છે.*

*માહિતી એકત્ર કરવાનું આ એક એવું ઉપકરણ છે કે, જેમાં માહિતી આપનાર માહિતી ભરે છે. પ્રશ્નાવલિ અને કસોટી બંને વચ્ચે ભેદ છે. કસોટીના પ્રશ્નોના ઉત્તર સાચા કે ખોટા પડી શકે છે. જ્યારે*

પ્રશ્નાવલિના ઉત્તરો પ્રશ્નોના પ્રતિચારો સાચા કે ખોટા હોતા નથી. કારણ કે પ્રશ્નાવલિમાં ઉત્તરદાતા એ પોતાના અભિપ્રાયો અનુસાર ઉત્તરો આપવાના હોય છે. પ્રશ્નાવલિને પ્રશ્નોત્તરી કહી શકાય નહીં કારણ કે આ સાધનમાં માત્ર પ્રશ્નો હોય છે. ઉત્તરો હોતા નથી. ઉત્તરો તો બાદમાં. મેળવવામાં આવે છે. સામાજિક વિજ્ઞાનમાં થતાં સંશોધનોમાં જરૂરી માહિતી મેળવવા માટે આ સાધનોનો ઉપયોગ થાય છે.

- **પ્રશ્નાવલિ આપવાની રીતો :-**

માહિતી મેળવવા માટે પાત્રને પ્રશ્નાવલિ બે રીતે આપી શકાય છે.


1 રૂબરૂ
2 ટપાલ

આ બંને રીતોના ગુણદોષ છે. ઉત્તરાદાતાને રૂબરૂ પ્રશ્નાવલિ આપવાથી વ્યવસ્થિત પૂરા અને સાચા જવાબો મળી શકે છે. સાચા જવાબ આપવાની પ્રેરણા પણ આપી શકાય છે. જવાબો આપતી વખતે કંઈક પૂછવું જાણવું હોય તો તે તક પણ રહેલી હોય છે.

રૂબરૂ પ્રશ્નાવલિ આપવાની કેટલીક મર્યાદાઓ પણ હોય છે. જેમ કે, સમય અને આર્થિક રીતે ખર્ચાળ છે. ઓછા ઉત્તરાદાતાને લઈ શકાય છે. અને દૂરના બહાર ગામના ઉત્તરાદાતાને આપવાનું ખૂબ જ મુશ્કેલ પડે છે.

ઉત્તરદાતાની ટપાલ દ્વારા પ્રશ્નાવલિ મોકલવા માટે બહાર ગામના પાત્રો આવરી લેવામાં આવતા હોય છે. પરંતુ આ રીતની કેટલી ખામીઓ છે. જેમ કે મોકલેલી દરેક પ્રશ્નાવલિ ભરાઈને પરત આવતી નથી. કેટલીક પ્રશ્નાવલિઓ અધૂરી ભરાઈને પણ આવે સાથે માહિતી આપનારને કોઈ પ્રશ્નના સંબંધમાં પૂછવું હોય તો તેના માટે અહીં કોઈ તક નથી જવાબ ન આપનાર વર્ગ વિશિષ્ટતા ધરાવતો હોય તો પ્રાપ્ત પરિણામોનું પ્રમાણને ભૂતકાળ પણ જોખમાય છે.

- **પ્રશ્નાવલિના સ્વરૂપોઃ-**



**1. નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિ :-**

*આ પ્રકારની પ્રશ્નાવલિમાં ચોક્કસ પ્રશ્નો અને તેમના ઉત્તરો આપવા માટે શક્ય વિકલ્પો આપવામાં આવ્યા હોય છે. પાત્ર પોતાના મંતવ્ય અનુસાર કોઈ એક વિકલ્પની યોગ્ય નિશાની વડે પસંદગી કરે છે. પસંદગી અનુસાર ક્રમ આપે છે. કેટલીકવાર એક કે બે શબ્દોમાં પણ માહિતી આપવામાં આવે છે.*

*આ પ્રકારની પ્રશ્નાવલિ માહિતી આપવા માટે ઉત્તરદાતાને ખૂબ જ સરળતા રહે છે. સમય ઓછો જાય છે. માહિતી આપનારનું ધ્યાન કેન્દ્રિત રહે છે. પૃથક્કરણ અને અર્થઘટનનું કાર્ય સહેલું બને છે. આ પ્રકારની પ્રશ્નાવલિનો ઉપયોગ કરવાથી ઊંડાણવાળી માહિતી મળી શકે નહીં. માહિતીદાતાનું મન કળી શકાય નહીં ચોક્કસ અભિપ્રાય ન હોય તો પણ આપેલા વિકલ્પો પૈકી ગમે તે એક વિકલ્પ પસંદ કરીને ઉત્તર આપે, તેવું પણ બને આ પ્રકારની પ્રશ્નાવલિ રચવામાં વધુ સમય જાય છે. નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિ સારી રીતે રચી શકાય તે માટે, પ્રશ્નના સંદર્ભમાં સત્ય વિકલ્પો ઉપરાંત ઉપરમાંથી એક પણ વિકલ્પ ઉમેરી નહીં શકાય કેટલીક વાર વિકલ્પો ઉપરાંત અન્ય માહિતી આપવા માટે ખાલી જગ્યા પણ આપી શકાય.*

**2 મુક્ત જવાબી પ્રશ્નાવલિઃ-**

*અહીં પ્રશ્નો હોય છે. પરંતુ ઉત્તર પસંદ કરવા માટે વિકલ્પો હોતાં નથી. અહીં પ્રશ્ન એવો પ્રકારનો હોય છે. કે જેના માટે પાત્ર, પોતાના શબ્દોમાં મુક્ત રીતે જવાબ આપે છે. પ્રત્યેક પ્રશ્ન બાદ ઉત્તર આપવા માટે જરૂરી હોય એટલી ખાલી જગ્યા આપવામાં આવે છે. આ પ્રકારની પ્રશ્નાવલિ રચવામાં સહેલી છે. વળી, જવાબો આપવામાં પણ કોઈ બંધન હોતું નથી. તેથી પાત્ર પોતાના અભિપ્રાયો છૂટથી આપી શકે છે. જેના કારણે છુપાયેલી માહિતી મળી શકે છે. તેમ જ પાત્રના મનોવલણો પણ જાણી શકાય છે. અહીં ઉત્તર આપવામાં માર્ગદર્શન મળતું ન હોવાને કારણે મહત્ત્વની માહિતી આપવાની રહી જાય છે. અપૂરતી માહિતી મળે છે. અપ્રસ્તુત માહિતી મળે છે. વૈવિધ્ય અને જટિલતા પૂર્વકની માહિતી મળે છે. જેના કારણે સમજવાનું કામ ખૂબ જ મુશ્કેલ બને છે. પ્રાપ્ત માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણનું કામ અઘરું બને છે.*

- **ચિત્રાત્મક પ્રશ્નાવલિ :-**

*આ પ્રકારની માહિતીમાં પ્રશ્નો શાબ્દિક સ્વરૂપમાં હોવાને બદલે ચિત્રો કે ફોટાઓના રૂપે હોય છે. પાત્ર તેમાંથી પસંદગી કરીને પ્રતિભાવ આપે છે. જરૂરી સૂચનો મૌખિક અપાય છે. તાત્ત્વિક રીતે જોઈએ તો પ્રશ્નાવલિનો આ સ્વરૂપ નિશ્ચિત પ્રશ્નાવલિનું જવાબભર્યું પ્રશ્નાવલિનો એક ભાગ ગણાય. આ પ્રકારની પ્રશ્નાવલિ દ્વારા નાના બાળકો અભણ વ્યક્તિઓ પાસેથી માહિતી મેળવી શકાય. લખાણ કરતા ચિત્રો વધુ આકર્ષી શકતા હોવાથી જવાબ આપવાની વૃત્તિ ઉત્તેજાય છે. વળી પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનનું કાર્ય સરળ બને છે. આ પ્રકારની પ્રશ્નાવલિ રચવાનું ખૂબ મુશ્કેલ છે. તેમાં દૃશ્ય સ્વરૂપમાં વ્યક્ત થઈ શકે તેવી પરિસ્થિતિઓ જ આવરી લેવાની હોય છે. આથી તેનો ઉપયોગ કરવો ખૂબ જ સીમિત હોય છે.*

- **પ્રશ્નાવલિની સંરચના □**

*સંશોધન માટે જરૂરી માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિ સારી રીતે કેમ રચી શકાય તે અંગેનું એક વ્યવહારી મોડલ વિકસાવવામાં આવ્યું છે. પ્રશ્નાવલિ રચવા માટે સોપાનો હોતા નથી પરંતુ, નવા*

*સંશોધકોને પ્રશ્નાવલિ રચવા માટેનું એક માર્ગદર્શન મળી રહે, તે માટેના સૂચનો અહીં દર્શાવવામાં આવ્યા છે*

**1 હેતુઓની સ્પષ્ટતાઃ-**

*સારી પ્રશ્નાવલિ રચવા માટે સૌપ્રથમ, સંશોધકે માહિતી મેળવવાના સંદર્ભમાં હેતુઓની સ્પષ્ટતા કરી લેવી જોઈએ. જેમાં સંશોધન સાહિત્યનો અભ્યાસ કરવો જેમની પાસેથી માહિતી મેળવવાની છે. તે પાત્રો સાથે કેટલાક પ્રશ્નો પૂછીને ચર્ચા કરવી, તજજ્ઞો પાસેથી માર્ગદર્શન મેળવવું વગેરે..*

**2. પૂર્વ તૈયારીઃ-**

*અહીં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.*

**1. સાહિત્યિક અભ્યાસઃ-**

*સંશોધકે નીચેના પ્રકારના સાહિત્યનો ઊંડો અભ્યાસ કરવો જોઈએ. સંશોધન સમસ્યા અંગેનું સંબંધી સાહિત્ય પ્રશ્નાવલિ કેમ રચાય છે, તે અંગેના સંશોધનશાસ્ત્રના પુસ્તકો અને સારી પ્રશ્નાવલિ*

**2. મુક્ત મુલાકાતોઃ-**

*પ્રશ્નાવલિની કલમોનું વિષયવસ્તુ સ્પષ્ટ કરવા માટે તજજ્ઞ સંશોધકો સાથે, મિત્રો તથા પાત્રો સાથે, મુક્ત મુલાકાત યોજવી જોઈએ. જેને પરિણામે સંશોધકને પ્રશ્નોનું વિષયવસ્તુ સ્પષ્ટ બને, સાથે સાથે પ્રશ્નો અને તેના સત્ય વિકલ્પો કયા હોઈ શકે તેની જાણકારી પણ મળે.*

**3. કલમોના પ્રકારનો અભ્યાસઃ-**

*પ્રશ્નાવલિની કલમો ઉચિત હોવી જોઈએ આ માટે કલમોના વિવિધ પ્રકારો સંશોધકોએ જાણી લેવા જોઈએ.*

*જેમ કે..*

**અ નિશ્ચિત જવાબી કે મુક્ત જવાબી કલમો :-**

*પ્રશ્નાવલિની રચના નિશ્ચિત જવાબી કલમોમાં 'હા' 'ના', સાચું - ખોટું, બહુવિકલ્પો ક્રમ આપવા કે એક બે શબ્દોમાં જવાબ આપવાના હોય છે. જ્યારે મુક્ત જવાબી કલમોમાં માત્ર પોતાના શબ્દોમાં મુક્ત રીતે માહિતી આપે છે.*

**બ . સીધા કે આડકતરા પ્રશ્નોઃ-**

*જરૂરી માહિતી સીધા પ્રશ્નો કે આડકતરી રીતે પ્રશ્નો પૂછીને મેળવવામાં આવે છે. જેમ કે..*
*તમને તમારો વ્યવસાય ગમે છે? ( સીધો પ્રશ્ન)*
*તમે તમારા વ્યવસાય માટે શું ધારો છો ?( આડકતરો પ્રશ્ન)*

**ક. જેમ કે વિધાન સ્વરૂપની કલમોઃ-**

*પ્રશ્નાવલિની કલમ પ્રશ્ન સ્વરૂપની કે વિધાન સ્વરૂપની હોઈ શકે છે. જેમ કે,..*

*શાળામાં જાતીય શિક્ષણ આપવું જોઈએ? હા/ ના( પ્રશ્ન સ્વરૂપ)*
*શાળામાં જાતીય શિક્ષણ આપવું જરૂરી છે. સહમત/ અસંમત( વિધાન સ્વરૂપ)*

**4. કલમોની રચનાઃ-**

*આ તબક્કામાં સંશોધક સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને જરૂરી માહિતી મેળવવા માટે નક્કી થયા મુજબના પ્રકારોની કલમની રચના કરે છે. પ્રશ્નાવલિની રચનામાં આ ખૂબ જ અગત્યનું અને ખૂબ જ શ્રમ માંગી લે તેવું કાર્ય છે. ઉત્તરદાતા પાસેથી સાચી અને પૂરી માહિતી મેળવવાનો આધાર પ્રશ્નાવલિની કલમો કેવી છે. તેના પર છે. પ્રશ્નાવલિની કલમો શુ સ્પષ્ટ ઉચિત અને ક્ષતિરહિત રચાય તે માટે કેટલાક માર્ગદર્શક સૂચનો આ પ્રમાણે છે.*

1 *પ્રશ્નોની ભાષા સરળ સ્પષ્ટ અને સચોટ હોવી જોઈએ, તળપદા શબ્દોનો પ્રયોગ ન કરવો જોઈએ.*
2 *જેમાં સહેલાઈથી જુદાં જ અર્થઘટન થાય તેવા શબ્દોને વ્યાખ્યાયિત કરવા કે સ્પષ્ટ કરવાં જોઈએ.*
3 *સાચા ઉત્તર મળે તે રીતે પ્રશ્ન / કલમની રચના કરવી જોઈએ .*
4 *અધૂરા વિકલ્પો આપવા નહીં*
5 *પ્રશ્નમાં સંકીર્ણપણું ઓછું કરવું.બે બાબતોના જવાબો માટે એક જ પ્રશ્નની રજૂઆત કરતા બે જુદા જુદા પ્રશ્નો રચવા.*
6 *ખાસ શબ્દ નીચે લીટી કરવી.*
7 *તુલના અથવા ક્રમ માપનમાં આધાર આપવો.*
8 *અભ્યાસ હેઠળના વ્યાપ્ત વિશ્વના પ્રત્યેક પાત્રને લાગુ પડે તે રીતે પ્રશ્નોની રચના કરવી.*
9 *જવાબ માટે વ્યવસ્થિત અને પૂરતા વિકલ્પો આપવા.*
10 *ઉત્તરદાતા પાસે જે અંગે માહિતી હોય અથવા તો પાત્ર જે અંગે અભિપ્રયોગ આપી શકે તેમ હોય તેવી બાબતને જ લગતા પ્રશ્નો પૂછવા.*
11 *પ્રશ્ન એવી રીતે રચવા કે જેથી મળતા ઉત્તરોનું પૃથક્કરણ સહેલાઈથી થઈ શકે.*
12 *પ્રશ્નો વિવેકી ભાષામાં લખાયેલા હોવાં જોઈએ. જેમ કે, આપો નહીં, પણ આપશો દર્શાવિશો વગેરે.*

- **પ્રાસ્તાવિક પત્રની રચનાઃ-**

*પ્રત્યેક પ્રશ્નાવલિમાં તેની અંદર જ પ્રાસ્તાવિક પત્ર હોય છે. જેમાં નીચેની કેટલીક બાબતો પ્રતિબદ્ધ થવી જોઈએ*

1 **અભ્યાસનો હેતુ :-** *માહિતી દાતાની બૌદ્ધિકતા સંતોષાય, તે માટે અભ્યાસનો હેતુ સ્પષ્ટ રીતે દર્શાવાય છે.*
2 **માહિતીની ગુપ્તતા :-** *આપેલી માહિતીનું ખાનગીપણું જળવાઈ રહે, તેમજ મળતી માહિતીનો માત્ર સંશોધન હેતુસર જ ઉપયોગ થશે. તેમજ માહિતી આપનારની ઓળખ ગુપ્ત રહેશે તેવી ખાતરી પ્રાસ્તાવિક પત્રમાં સ્પષ્ટ રીતે હોવી જોઈએ.*
3 **અભ્યાસ માટે સમર્થન સંસ્થા :-** *અભ્યાસની પાછળ માન્ય સંસ્થા કોણ છે? તે જાણવાથી પાત્રને પૂરો વિશ્વાસ બેસે છે. યુનિવર્સિટી કૉલેજ કે અન્ય પ્રતિષ્ઠિત સંસ્થા જે કોઈ હોય તેનો ઉલ્લેખ કરવો જોઈએ પીએચ.ડી કે અન્ય કોઈ પદ મેળવવા માટે અભ્યાસક્રમ હોય તો માર્ગદર્શકનું નામ*

*દર્શાવવું જોઈએ. કોઈ સંસ્થાના અનુદાનથી અભ્યાસ ક્રમ ચાલતો હોય તો તેનો ઉલ્લેખ ઉચિત રીતે કરવો જોઈએ.*

4 **સંશોધકની કાયદેસરતા :-** *સંશોધક કોણ છે. શું કરે છ? તે જણાવવું જોઈએ. સંશોધકના સ્થાન સાથે યોગ્યતાનો ઉલ્લેખ થવો જોઈએ.*

5 **સહકાર માટેની વિનંતી** *માહિતીદાતાને સહકાર આપવાની અપીલ સંશોધકે કરવી જોઈએ. માહિતી આપીને સાથ સહકાર આપવો જોઈએ. જવાબ આપવામાં ઘણીવાર પાત્રને પણ લાભ થતો હોય છે. જો આમ હોય તો તેનો ઉલ્લેખ કરવો જોઈએ.*

6 **ખાસ સૂચનાઓ :-***જવાબ આપવા અંગે કોઈ ખાસ રીત હોય તો, તે અંગેની સૂચના ઉદાહરણ સાથે દર્શાવવી જોઈએ પ્રશ્નાવલિ પૂરેપૂરી ભરાય અને સાચી ભરાય તે માટે જરૂરી સૂચનાઓ સ્પષ્ટ રીતે આપવી જોઈએ.*

7 **પ્રશ્નાવલિ પરત :-***પરત પ્રશ્નાવલિ ભરીને કોને મોકલવાની છે? તેની વિગત સ્પષ્ટ રીતે આપવી જોઈએ.*

- **પ્રશ્નાવલિનું માળખું અને પ્રશ્નાવલિના પ્રાથમિક સ્વરૂપની રચના :-**

*ઉપરયુક્ત માર્ગદર્શન સૂચનો ધ્યાનમાં રાખીને પ્રશ્નો તેમજ પ્રાસ્તાવિક પત્રની રચના થઈ ગયા બાદ ઉચિત માળખામાં સમગ્ર પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવે છે. માળખાની રીતે જોઈએ તો કોઈપણ પ્રશ્નાવલિમાં કેટલીક બાબતો આવશ્યક છે. જેમ કે,*

1 *પ્રશ્નાવલિનું શીર્ષક*
2. *સંશોધક માર્ગદર્શક અને સંસ્થાના નામો*
3. *પ્રાસ્તાવિક પત્ર*
4. *માહિતી દાતા અંગેની સામાન્ય માહિતી અને કલમો.*
5. *અભ્યાસના હેતું અનુસાર, વિવિધ વિભાગમાં પ્રશ્નો, પ્રત્યેક વિભાગ માહિતીઓને અનુરૂપ આવશ્યક માહિતી મળે તેવા પ્રશ્નો.*
6. *પ્રત્યેક પ્રશ્નના ઉત્તર આપવા માટે જરૂરી જગ્યા*
7. *પ્રત્યેક પ્રશ્ન બીજા પ્રશ્નોથી જુદો પડે છે. તે માટે જરૂરી જગ્યા.*

*સારું પરિણામ મેળવવા માટે પ્રશ્નાવલિમાં પ્રશ્નોની ગોઠવણી અને તેના દેખાવનું મહત્ત્વ છે. પ્રશ્નાવલિનું માળખું જોવામાં આકર્ષક આંખોની શકે તેટલું સરળ અને એક પ્રશ્નથી બીજા પ્રશ્ન તરફ જવામાં અને જવાબ આપવામાં ઓછા આવશે મુશ્કેલી પડે તેવું હોવું જોઈએ.*

- **તજજ્ઞો દ્વારા સમીક્ષા અને દ્વિતીય સ્વરૂપની રચના:-**

*રચાયેલી પ્રશ્નાવલિ ના પ્રાથમિક સ્વરૂપને કેટલાક તજજ્ઞોને સમીક્ષા કરવા માટે આપવી જોઈએ. સાથે સાથે સંશોધન અભ્યાસના હેતુઓપણ જણાવવા જોઈએ. તજજ્ઞોએ આ પ્રમાણેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખીને પ્રશ્નોની રચના સંબંધે સુધારાવધારા કરવા જોઈએ જેમકે ;*

1 *પ્રશ્નની ભાષા સરળ છે કે કેમ ?*
2 *વિકલ્પો બરાબર પૂરતા છે કે કેમ ?*
3 *માહિતી આપનાર પ્રશ્નોને બરાબર સમજી શકશે કે કેમ ?*

4 બિનજરૂરી કે અપ્રસ્તુત પ્રશ્ન છે કે કેમ ?
5 ઉમેરવાના ખૂટતા પ્રશ્નો
6 અભ્યાસના હેતુઓને અનુરૂપ પ્રશ્નાવલિ ના વિભાગો.

- **પ્રિટેસ્ટ અને અંતિમ સ્વરૂપની રચનાઃ-**

રચાયેલ દ્વિતીય સ્વરૂપની પ્રશ્નાવલિની ચકાસણી માટે પ્રિટેસ્ટ કરવું આવશ્યક છે. જેની પાસેથી માહિતી મેળવવાની હોય તેના નમૂનાના પાત્રને રૂબરૂ મુલાકાત વડે પૂર્વક્ષણ કરવામાં આવે છે. તેમને પ્રશ્નાવલિના પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપવાનું કહેવામાં આવે છે.

2 પૂર્વે ક્ષણથી નીચેની કેટલીક બાબતોના સંદર્ભમાં સુધારા કરવાના સૂચનો મળે છે.
3 અસ્પષ્ટ પ્રશ્નો સુધારીને સ્પષ્ટ કરી શકાય છે.
4 અધૂરા પ્રશ્નો પૂર્ણ કરી શકાય છે.
5 બિનજરૂરી પ્રશ્નો એકસરખા જવાબો આવે તેવા પ્રશ્નો કે જવાબ ન આવે તેવા પ્રશ્નો પડતા મૂકવાનું ખ્યાલ આવી શકે છે.
6 પાત્રો પ્રશ્નોનું અર્થઘટન કેવું કરે છે. તેના પરથી ભાષા રચનામાં સુધારા કરી શકાય છે.
7 કંટાળાજનક કે હિચકીચાટ અનુભવાય તેવા પ્રશ્નો જાણી શકાય છે.
8 ખૂટતા પ્રશ્નો ઉમેરી શકાય છે
9 પ્રશ્નો પરત્ત્વેનું પાત્રોનું મન જાણી શકાય છે.
10 મુક્ત જવાબી પ્રશ્નોની બહુવિકલ્પ પ્રશ્નોમાં ફેરવી શકાય છે.
11 બહુવિકલ્પ પ્રશ્નોના વિકલ્પોના ક્રમ વિશે પણ જાણી શકાય છે.
12 મુક્ત જવાબી પ્રશ્નોનો ઉત્તર આપવા માટે પૂરતી જગ્યા વિશે ખ્યાલ આવે છે.
13 પ્રશ્નાવલિના પ્રત્યેક વિભાગના પ્રશ્નોના જવાબો આપવામાં લાગતા સમય વિશે અંદાજ મળે છે.
14 કાગળનો રંગ પાત્રની જાતિ કે ઉંમરની અસર વિશે અનુમાન મેળવી શકાય છે.
15 શરૂઆતના વાસ્તવિક પત્રમાં જરૂરી સુધારા વધારા કરવા માટે સૂચનો મળે છે.

ઉપરયુક્ત બાબતોના સંદર્ભમાં જે કાંઈ ઉચિત સુચનો મળે તેમને ધ્યાનમાં લઈને પ્રશ્નાવલિમાં સુધારા કરીને પ્રશ્નાવલિનું આકૃતિ સ્વરૂપ તૈયાર કરવામાં આવે છે. જો ઘણા સુધારા કર્યા હોય તો તે ફરી પૂર્વે ક્ષણ કરવું જરૂરી બને છે.

- **પ્રશ્નાવલિની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતનું નિર્ધારણઃ-**

રચાયેલી મનોવૈજ્ઞાનિક કસોટીની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા નક્કી કરવાનું કામ જેટલું સુગમ છે, તેટલું પ્રશ્નાવલિ માટે સરળ નથી. કારણ કે સામાન્યતઃ પ્રશ્નાવલિમાં માહિતીદાતા પોતાના મંતવ્યો અનુસાર પ્રતિભાવ આપે છે. જેનો ઉત્તર સાચો કે ખોટો હોતો નથી. માત્ર અભિપ્રાયો હોય છે, તેમ છતાં પ્રશ્નાવલિની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા સ્થાપિત કરવા માટે કેટલાક પ્રશ્નો થાય છે. પ્રશ્નાવલિ દ્વારા મળતી માહિતીની વિશ્વસનીયતા ચકાસવા માટે પદ્ધતિઓ નીચે પ્રમાણે છે.

**1. સ્થિરતા આંક :-**

*આ આંક મેળવવા માટે એકને એક પ્રશ્નાવલિ એકના એક પાત્ર પર થોડા સમયને અંતરે બે વાર અજમાવવામાં આવે છે. આ બંને વખતના જવાબોનો સહબંધાકને સ્થિરતાના અંગ તરીકે ગણવામાં આવે છે. વચ્ચેનો સમયગાળો તથા તે દરમિયાન પાત્રોના વલણો અભિપ્રાયો કે માન્યતાઓમાં ખરેખર કેટલો ફેરફાર થઈ શકે, તેના પર સ્થિરતા અંગેનો આધાર છે. જેમ સમયગાળો વધારે તેમ સ્થિરતા આંક નીચો હોવાનો સંભવ હોય છે.*

**2. સમાનતા આંક**

*આ પ્રકારની વિશ્વસનીયતા ચકાસવા માટે અહીં પ્રશ્નાવલિના બે પ્રકારના સમાંતર સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે. એક જ પાત્ર જૂથને આ બંને પ્રકાર આપવામાં આવે છે. આ બંને પ્રકારની પ્રશ્નાવલિઓ પર પાત્રોના જવાબો કેટલી સમાનતા ધરાવે છે. તે તપાસવામાં આવે છે.*

**3. આંતરિક એક વાક્યતા- સમાંગતાઃ-**

*અહીં પ્રશ્નાવલિની પ્રાપ્તાંકો, કુલ પ્રાપ્તાંક સાથે સહસંબંધાંક શોધવામાં આવે છે. ઉપરાંત કલમોનો એકબીજા સાથેનો સહસંબંધાક મેળવીને પણ આંતરિક એક વાત કહેતા ચકાસી શકાય છે. પ્રશ્નાવલિની યથાર્થતા માટે ખાસ જરૂરી છે કે, પ્રશ્નાવલિનો પ્રત્યેક પ્રશ્ન તપાસી મુળની બાબત સાથે જ પૂરેપૂરો સંબંધિત હોવું જોઈએ. પ્રશ્નાવલિની યથાર્થતા એટલે તેના દ્વારા મળતી માહિતીની સત્યતાની ચોક્સાઈથી ચકાસણી કરવી મુશ્કેલ છે. તેમ છતાં નિષ્ણાત સૂચવે છે, પ્રશ્નાવલિ ભરાઈ ગયા બાદ પ્રશ્નોની વિગતના સંદર્ભમાં કેટલાક પાત્રોનું વર્તનનું અવલોકન લઈને, પાત્રોને આપેલી માહિતી સચ્ચાઈથી ચકાસી શકાય છે.*

- **પાત્રો સાથે સાયુજ્ય :-**

*પ્રશ્નાવલિ દ્વારા મળતી માહિતી પૂરી અને સાચી મળે તે બાબતની કાળજી રાખવી ખાસ જરૂરી છે. આ માટે જવાબ આપનાર એટલે કે માહિતી રાધા સાથે સાહિત્ય સ્થાપવો ખૂબ જ જરૂરી છે. પાત્રો સાથે થયું છે. સ્થાપવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.*

1. *સંશોધન વિશે પૂરેપૂરી અગત્યતા ધરાવતો હોવો જોઈએ.*
2. *માહિતી આપવામાં ઉત્તરદાતાનો સહકાર ખૂબ જ જરૂરી છે.*
3. *ઉત્તરદાતા દ્વારા અપાતી માહિતીની ગુપ્તાની ખાતરી આપવી જોઈએ. મળતી માહિતીનું માત્ર સંશોધનના હેતુ અર્થે જ ઉપયોગ થશે તેવી ઉત્તરદાતાને સ્પષ્ટતા થવી જોઈએ.*
4. *જે સંસ્થાના ઉપક્રમે સંશોધન કાર્ય હાથ ધરાયું હોય તેની વિગતો દર્શાવી જોઈએ.*
5. *પ્રશ્નાવલિ ભરાવવામાં જેમ બને તેમ ઓછો સમય થવો જોઈએ.*
6. *પ્રશ્નાવલિ ભરવા માટે યોગ્ય અધિકારીને વિશ્વાસમાં લઈને, તેમને સાથે રાખીને ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવવી જોઈએ.*

- **સંશોધકી પોતાની જાતને પૂછવાના પ્રશ્નો :-**

*માહિતી એકત્ર કરવાના સાધન તરીકે પ્રશ્નાવલિનો ઉપયોગ કરતી વખતે સંશોધકી, નીચેના પ્રશ્નો પોતાની જાતને પૂછવા જોઈએ.*

1 અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી એકઠી કરવા માટે,અન્ય સાધન કરતાં પ્રશ્નાવલિ એ વધુ યોગ્ય સાધન છે?
2 પ્રશ્નાવલિ માના પ્રશ્નોના જવાબો પાત્રોએ શા માટે આપવા જોઈએ ?અભ્યાસ કેટલો અર્થ પૂર્ણ છે?
3 પ્રશ્નોના જવાબો આપવા માટે પૂરતી માહિતી ઉત્તરદાતા પાસે છે?
4 અન્ય કોઈ જગ્યાએથી દસ્તાવેજો સાહિત્ય રેકોર્ડ રિપોર્ટ વગેરે) આધારભૂત માહિતી મળી શકે તેવી માહિતી તો માંગી નથી ને?
5 મારી ધારણા કરતાં જુદાં જ અર્થઘટન થાય તે રીતે તો પ્રશ્ન પૂછ્યા નથી ને?
6 પ્રશ્નાવલિ એટલી લાંબી તો નથીને કે જવાબો આપવામાં કંટાળો આવે.
7 પાત્રો પાસેથી જવાબ આપવાનો સમય ઓછો હોય ત્યારે પ્રશ્નાવલિ મોકલાય છે?

ઉપયુક્ત પ્રશ્નોના જવાબો સંતોષકારક લાગે તો જ સાધન તરીકે પ્રશ્નાવલિનો ઉપયોગ કરવો જોઈએ.

- **સારી પ્રશ્નાવલિ ના લક્ષણોઃ**

પ્રશ્નાવલિ યોગ્ય રીતે રચાય તે માટે સારી પ્રશ્નાવલિના કેટલાક મહત્ત્વના લક્ષણો ધ્યાનમાં રાખવાં જોઈએ

1 તે અર્થપૂર્ણ સમસ્યા ધરાવતી હોવી જોઈએ પ્રશ્નાવલિ પોતે જ અથવા તેની સાથેના પ્રાસ્તાવિક પત્રમાં તેની અગત્યતા દર્શાવેલી હોવી જોઈએ.
2 અન્ય કોઈ રીતે માહિતી મળી શકે તેમ ન હોય તેવી જ માહિતી તેના દ્વારા મેળવવામાં આવે છે.
3 શક્ય તેટલી ટૂંકી તેમ છતાં જરૂરી માહિતી મળી શકે તેવો વ્યાપક અને સ્પષ્ટ પ્રયત્ન હોવો જોઈએ.
4 તે દેખાવમાં આકર્ષક સુઘડ રીતે ગોઠવાયેલી હોવી જોઈએ.
5 જવાબો આપવામાં તેમાં પૂરેપૂરી સ્પષ્ટ સૂચનાઓ હોય છે. અગત્યની કલમોની સમજૂતી હોય છે.
6 પ્રત્યેક પ્રશ્ન માત્ર એક જ બાબત સાથે સંકળાયેલ હોય છે.
7 તેમાં ઈચ્છિત જવાબોને અનુરૂપ સૂચનો ન હોય તેવા અનાત્મલક્ષી પ્રશ્નો હોય છે.
8 તેમાં ઉત્તરદાતા નિયમમાં મુકાતા હોય તેવા પ્રશ્નો ના હોવા જોઈએ.
9 પ્રશ્નનું સ્વરૂપ એવું હોવું જોઈએ કે જેથી તેના દ્વારા મળતી માહિતી સહેલાઈથી તારવી શકાય રજૂ કરી શકાય પૃથક્કરણ અને અર્થઘટન કરી શકાય.
10 તેમાં નીચેની બાબતોની સ્પષ્ટતા હોવી જરૂરી છે..

why - અભ્યાસનો હેતુ

who - અભ્યાસ હાથ ધરનાર સંસ્થા અને વ્યક્તિ

whom - માહિતી આપનાર ઉત્તરદાતા અને તેની કક્ષા

wht - પ્રશ્નાવલિનું વિષયવસ્તુ

when - પ્રશ્નાવલિ ભરવામાં લાગતો જરૂરી સમય

how - પ્રશ્નાવલિમાં જવાબો આપવાની રીત

- **પ્રશ્નાવલિ ભરાઈને પરત આવે તે માટેના સૂચનોઃ-**

*ટપાલ દ્વારા પ્રશ્નાવલિ મોકલાય છે. ત્યારે બધી જ પરત આવતી નથી. વધુમાં વધુ પ્રશ્નો પરત આવે તે માટે સંશોધક કે વિવિધ પ્રવૃત્તિઓ જ માનવી પડે છે. આ માટે કેટલાક વ્યવહારૂ ઉપાય નીચે પ્રમાણે છે.*

1 *વાસ્તવિક પત્ર જે રીતે લખાયેલો હોવો જોઈએ.*
2 *સમગ્ર પ્રશ્નાવલિની ભાષા વિવેકી હોવી જોઈએ જવાબ આપનારના અહમની વ્યાજબી રીતે સંતોષે તે રીતે માહિતી મેળવવાની રીત હોવી જોઈએ.*
3 *તમારા સરનામાવાળું અને ટપાલ ટિકિટ ચોંટાડેલું કવર એની સાથે હોવું જોઈએ.*
4 *પ્રશ્નાવલિ મોકલ્યા બાદ જવાબ ન આપનારાઓને આજે બે અઠવાડિયા બાદ પત્ર લખો આ સ્મૃતિ પત્રમાં બે ત્રણ રંગની શાહી વાપરો. આ જ સ્મૃતિપત્રમાં સંશોધનની અગત્ય અને પાત્રો ના જવાબ કેટલા ઉપયોગી છે. તે દર્શાવો.*
5 *ટેલીફોન દ્વારા વિનંતી કરો જરૂર જણાય તો તાર/ ફેક્સ કરો.*
6 *બહારગામના મિત્ર સંબધી તેમને રૂબરૂ મળે અને અભ્યાસની અગત્ય અને પાત્રના સહકારનું મહત્ત્વ.*
7 *સમજાવીને પ્રશ્નાવલિ ભરાવા વિનંતી કરે એનું ગોઠવો.*
8 *અન્ય એક નકલમાં પ્રશ્નાવલિની કેટલીક વિગતો ઉત્તરદાતાને ધ્યાનમાં રાખીને જાતે ભરો અને પાત્રને મોકલો.*
9 *સાથે જણાવો કે તે ભરેલી વિગતો તપાસી જાય ઉપરાંત બાકીની વિગતો ભરી આપવા વિનંતી કરો.*
10 *હજુપણ જવાબ ન આપનારનો આકસ્મિક રીતે નમૂનો પસંદ કરી તેમને રૂબરૂ મુલાકાત લઈ, માહિતી પ્રશ્નાવલિમાં તૈયાર કરો ત્યારબાદ જવાબ આપનારની પ્રત્યેક કલમ સાથે તેને તપાસો.*

- **પ્રશ્નાવલિની સમીક્ષા :-**

*સામાજિક વિજ્ઞાનમાં થતા સંશોધનોમાં પ્રશ્નનાવલી વધારે પ્રમાણમાં વપરાતું સાધન છે. આથી તે વધુમાં વધુ ઉપયોગમાં આવતું અને તેને કારણે સંશોધન એના લાભ અને ગેરલાભ બંને સાથે સંકળાયેલું એક પરિબળ છે.*

- **પ્રશ્નાવલિની ઉપયોગિતાઃ**

1 *સર્વેક્ષણ પ્રકારના સાધનમાં ખાસ ઉપયોગી છે.*
2 *ભરીને મોકલવામાં સરળ અને ઝડપી છે.*
3 *દૂરના પાત્રોને આવરી શકાય છે.*
4 *નમૂનો મોટો લઈ શકાય છે.*
5 *પાત્રો વિચાર કરીને નિરાંતે જવાબ આપી શકે, જે માહિતી યાદ ન હોય તે પોતાનીનોંધ પરથી ચકાસીને ભરી શકાય છે.*
6 *એક સાથે મોટા નમૂના પાસેથી માહિતી મેળવીને નિરાંતે પૃથક્કરણ થઈ શકે છે.*
7 *મળતી માહિતીનું કોડિંગ વર્ગીકરણ સંક્ષિપ્તકરણ વગેરે સરળ બનાવી શકાય છે, અને એની મદદ પણ લઈ શકાય છે.*

8 મુલાકાતના પ્રમાણમાં ઓછી ખર્ચાળ છે.

- **પ્રશ્નાવલિની મર્યાદાઓ**

1. બાળકો તથા અભણ વ્યક્તિઓ પાસેથી આ રીતે માહિતી ન મેળવી શકાય
2. સમય ન હોય તેવા અથવા જવાબ ન આપવાની ઈચ્છાવાળા પાત્રો કેટલીક માહિતી ભરી ન આપે અધૂરી આપે કે આપે જ નહીં
3. પાત્રોની રસ હોય તો ગંભીરતાથી જવાબ ન આપે
4. કેટલીક બાબતો લેખિત પ્રશ્નમાં ન પણ મૂકી શકાય
5. કેટલીક માહિતી લેખિત સ્વરૂપે ઉત્તરદાતાને ન આપવાનું પણ ગમે
6. તેવા જવાબો મળવાની શક્યતા છે, કેટલાક પોતાની માન્યતા પ્રમાણે અને અનુકૂળ ન આવે તેવા જવાબો પણ આપે છે.
7. કેટલાક સંશોધકને શું ગમશે તે આધારે જવાબો આપે છે.
8. ટપાલ દ્વારા મોકલાયેલી બધી પ્રશ્નાવલિ ભરીને પરત કરનારાઓ ન કરનારાઓ તાત્ત્વિક રીતે જુદા પડતા હોય તો પ્રાપ્ત પરિણામની પ્રમાણ ભૂતકાળ પર અસર પડે.

## 8.5 ઉપસંહારઃ-

મુલાકાત અને પ્રશ્નાવલિ સંશોધનમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ છે. બંને પદ્ધતિઓની પોતાની વિશિષ્ટતાઓ છે. સંશોધનની જરૂરિયાત મુજબ તેનો ઉપયોગ થાય છે.જેમાં મુલાકાત એક સક્રિય અને પ્રતિસ્પર્ધી માહિતી મેળવવાની પદ્ધતિ છે, જેમાં સંશોધક અને પ્રતિવાદી વચ્ચે સીધી વાતચીત થાય છે. આ પદ્ધતિ વધુ લવચીક છે, જેમાં સંશોધક પાસે સવાલોને અનુરૂપિતાનુસાર ઢાળવાની અને નવા સવાલો ઉમેરવાની ક્ષમતા હોય છે.તેમજ પ્રશ્નાવલિ પ્રશ્નાવલિ એ એક સ્ત્રી, પ્રમાણભૂત અને વ્યાપક માહિતી એકત્રિત કરવાની પદ્ધતિ છે. મુલાકાત અને પ્રશ્નાવલિ બન્ને પદ્ધતિઓમાં માહિતી મેળવવા માટે મક્કમ જગ્યાઓ છે. મુલાકાત ગહન અને વૈશ્વિક માહિતી માટે યોગ્ય છે, જ્યારે પ્રશ્નાવલિ પ્રમાણભૂત અને વ્યાપક માહિતી માટે વધુ ઉપયોગી છે. સંશોધનના ઉદ્દેશ્ય, સમય, અને સંસાધનોના આધારે, આ પદ્ધતિઓમાંથી યોગ્ય પદ્ધતિ પસંદ કરવી જોઈએ.

## 8.6 તમારી પ્રગતિ ચકાસો :-

1 મુલાકાત પદ્ધતિ શું છે?

a) ડેટા એકત્ર કરવાની પદ્ધતિ
b) ડેટાનું વિશ્લેષણ કરવું
c) એક ઔપચારિક રિપોર્ટ
d) એક દસ્તાવેજ બનાવવો

2 મુલાકાત પદ્ધતિ ક્યાં યોગ્ય છે?

a) જ્યારે વધુ માહિતી અને ઊંડાણપૂર્વકની સમજ જરૂરી હોય
b) જ્યારે ડેટા ક્વૉન્ટિટેટિવ હોવો જોઈએ
c) જ્યારે માત્ર એક પત્રકાર ઉપયોગ કરે
d) ફક્ત લાઈબ્રેરી સંશોધનમાં

3 મુલાકાતના પ્રકારમાં સામેલ છે:

a) વ્યક્તિગત અને ગ્રુપ મુલાકાત

b) ટેલિફોનિક અને મેલ આધારિત

c) કોમ્પ્યુટર આધારિત

d) ઉપરના બધા

4 મુલાકાતમાં જે મુખ્ય તત્ત્વ છે. તે શું છે?

a) પ્રશ્નો

b) ઈન્ટરવ્યૂયર

c) જવાબો

d) ઉપરના બધા

5 કઈ સિદ્ધિ ઉપલબ્ધ નથી, મુલાકાત પદ્ધતિમાં?

a) ગોઠવણીની સુવિધા

b) પ્રતિનિધિત્ત્વની સિદ્ધિ

c) વિસ્તૃત જવાબો

d) બિનમૌલિક જવાબો

6 મુલાકાત પદ્ધતિમાં શું સમસ્યા હોઈ શકે?

a) બાયસ

b) કાલ્પનિક જવાબો

c) સમયની મર્યાદા

d) ઉપરના બધા

7 મુલાકાત દરમિયાન ઉદ્દેશ્ય પૂરું કરવા માટે શું મહત્ત્વપૂર્ણ છે?

a) સમય મેનેજમેન્ટ

b) ઈન્ટરવ્યૂયરનો વ્યાવસાયિક અભિગમ

c) પ્રતિભાવી ઈન્ટરવ્યૂ લેવા

d) ઉપરના તમામ

8 મુલાકાત પદ્ધતિ ક્યારે વધુ અસરકારક નથી?

a) જ્યારે નમૂનો મોટો હોય

b) જ્યારે નમૂનો નાનો હોય

c) જ્યારે વ્યક્તિગત જવાબો આવકાર્ય હોય

d) જ્યારે સંપર્ક મુશ્કેલ હોય

- **તમારી પ્રગતિ ચકાસો.**

1. મુલાકાતનો અર્થ વિગતે સ્પષ્ટ કરો.

   ......................................................................

   ......................................................................

   ......................................................................

……………………………………………………………………………
…………………………
2. મુલાકાતની સફળતાનો આધાર શેના પર છે?
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
…………………………………………………………………………
3. નિયંત્રિત મુલાકાત એટલે શું?
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
…………………………………………………………………………
4. અનિયંત્રિત મુલાકાતનો અર્થ સ્પષ્ટ કરો.
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
…………………………………………………………………………
5. નિયંત્રિત અને અનિયંત્રિત મુલાકાત વચ્ચેનું ભેદ સ્પષ્ટ કરો.
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
…………………………
6 મુલાકાત લેનારની જાતિ - જ્ઞાતિ, ઉંમર શી રીતે અસર કરે છે?
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………
7 સફળ મુલાકાત માટે, મુલાકાત લેનારની ભાષા, શૈક્ષણિક કક્ષા, તથા દેખાવની કઈ અગત્યતા છે?
……………………………………………………………………………
……………………………………………………………………………
……………………………………………………………………………

..................................................................................

..................................................................................

8 *મુલાકાત લેનારની માહિતી સભરતા એટલે શું?*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 8.7 ચાવીરૂપ શબ્દોઃ-

**મુલાકાત** : *મુલાકાત એ એવી પદ્ધતિ છે, જેમાં સંશોધક અને પ્રતિવાદી વચ્ચે સીધી વાતચીત દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે. મુલાકાતમાં સામાન્ય રીતે પૂર્વનિર્ધારિત પ્રશ્નો પૂછીને પ્રતિવાદીના જવાબો મેળવવામાં આવે છે, જે સંશોધન માટે ઉપયોગી હોય છે.*

**નિયંત્રિતઃ-** : *'નિયંત્રિત' એટલે એવી સ્થિતિ કે પ્રક્રિયા, જેમાં કોઈ પણ પરિબળો અથવા પરિસ્થિતિઓને નક્કી કરીને સંભાળવામાં આવે છે, જેથી તેના પરિણામો પર અસર ન પડે. સંશોધનમાં, નિયંત્રિત પરિસ્થિતિઓમાં કરવામાં આવેલી કસોટીઓ અને તજવીજને કારણે ચોક્કસ પરિણામ મેળવવામાં સહાયમળે છે.*

**મૂલ્યાંકન** : *મૂલ્યાંકન એ એવી પ્રક્રિયા છે, જેમાં કોઈ ચોક્કસ વસ્તુ, સેવાઓ, પ્રક્રિયા અથવા ફલિતાને તેમના ગુણ, ઉપયોગિતા, અસરકારકતા અથવા મૂલ્યના આધાર પર કરવામાં આવે છે. આ દ્વારા તેની પ્રભાવશીલતા અને સુધારાની તકો નક્કી કરવામાં આવે છે.*

**વસ્તુ લક્ષીતા** : *વસ્તુલક્ષિતા એ એવી દ્રષ્ટિ છે, જેમાં કોઈપણ વસ્તુને આલેખન અને મૂલ્યાંકન કરતી વખતે વ્યક્તિગત ભાવનાઓ, અભિપ્રાયો કે પૂર્વગ્રહો પ્રભાવિત ન કરે. તે તટસ્થ દ્રષ્ટિકોણ છે, જેમાં માત્ર તથ્યો અને વાસ્તવિકતાઓનો આધાર લેવાય છે.*

**સમીક્ષા** : *સમીક્ષા એ કોઈ વિષય, દસ્તાવેજ, પ્રોજેક્ટ અથવા કાર્યની વિગતવાર તપાસ અને વિશ્લેષણ કરવાની પ્રક્રિયા છે. સમીક્ષાનો ઉદ્દેશક એ છે. કે તે વસ્તુને ઊંડાણપૂર્વક સમજવી અને તેના ગુણધર્મો અને ખામીઓને ચિહ્નિત કરવી.*

## 8.8 સ્વાધ્યાય લેખનઃ-

1. *મુલાકાત પર મુલાકાત લેનારના સંદર્ભમાં અસર કરતાં પરિબળો જણાવો.*

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. *મુલાકાત પ્રક્રિયા દરમિયાન મુલાકાત લેનારના પક્ષે કઈ કઈ ખામીઓ ઉદ્દભવી શકે છે?*

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

3. *ઉત્તરદાતા પાસેથી ઉત્તરો મેળવવાના સંદર્ભમાં સંશોધકના પક્ષે રહેતી ખામીઓ સ્પષ્ટ કરો.*

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

4. *ઉત્તરદાતા પાસેથી મળતી માહિતીનોંધવામાં રહેતી ખામીઓ સમજાવો.*

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

5. *મુલાકાતનોંધની વિશ્વસનીયતા એટલે શું?*

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

6. *મુલાકાતનોંધની વસ્તુલક્ષિતાનો અર્થ સમજાવો.*

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

7. *મુલાકાતનોંધણી પ્રમાણભૂતતાનો અર્થ સ્પષ્ટ કરો.*

…………………………………………………………………………………………

…………………………………………………………………………………………

..........................................................................

..........................................................................

..........................................................................

8. *મુલાકાત ના ગુણદોષ સમજાવો.*

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**પ્રશ્નાવલિ :-**

- **તમારી પ્રગતિ ચકાસો**

1 *પ્રશ્નાવલિ પદ્ધતિ શું છે?*
   a) *મૌખિક ઈન્ટરવ્યૂ* b) *લેખિત પ્રશ્નોત્તરી*
   c) *ટેલિફોનિક ઈન્ટરવ્યૂ* d) *સંપર્ક વિના ડેટા એકત્રિત કરવું*

2 *પ્રશ્નાવલિ કઈ રીતે વપરાય છે?*
   a) *ઈમેઈલ દ્વારા* b) *પોસ્ટ દ્વારા*
   c) *પ્રત્યક્ષ મુલાકાત દ્વારા* d) *ઉપરના બધા*

3 *પ્રશ્નાવલિ પદ્ધતિ ક્યારે વધુ પ્રભાવશાળી છે?*
   a) *જ્યારે નમૂનો નાનું હોય*
   b) *જ્યારે નમૂનો મોટું હોય*
   c) *જ્યારે સંબંધિત માહિતી એકત્ર કરવાની હોય*
   d) *જ્યારે ટેલિફોન પર ઈન્ટરવ્યૂ લેવામાં આવે*

4 *પ્રશ્નાવલિમાં પ્રશ્નો કયા પ્રકારના હોઈ શકે છે?*
   a) *બંધ અથવા બંધિત* b) *ખુલ્લા અંતનાં*
   c) *બંને* d) *ન તો ખુલ્લા, ન તો બંધ*

5 *પ્રશ્નાવલિમાં શું અઘરું હોઈ શકે છે?*
   a) *જવાબની ઉચ્ચ ગુણવત્તા મેળવવી* b) *લોકો સુધી પહોંચવું*
   c) *બધાને સમાન પ્રશ્નો પૂછવા* d) *પ્રશ્નોને શીખવવા*

6 *પ્રશ્નાવલિ પદ્ધતિની મુખ્ય બાધા કઈ છે?*
   a) *ઓછો પ્રતિસાદ દર* b) *સમય મર્યાદા*
   c) *મૌખિક સ્પષ્ટીકરણની મર્યાદા* d) *વિધિવત પ્રશિક્ષણની જરૂર*

7 *પ્રશ્નાવલિ કેવી રીતે બનાવવી જોઈએ?*
   a) *સરળ અને સ્પષ્ટ* b) *ટૂંકા અને મુક્ત પ્રશ્નો સાથે*
   c) *વિષય સાથે સંબંધિત* d) *ઉપરના બધા*

8 પ્રશ્નાવલિ કઈ રીતે જવાબદારોને પ્રભાવિત કરી શકે છે?

a) પ્રશ્નોના શબ્દો અને ભાષા દ્વારા b) ઈન્ટરવ્યૂયરના સ્વભાવ દ્વારા

c) સમય મર્યાદા દ્વારા d) આવક સ્તર દ્વારા

9 પ્રશ્નાવલિમાં કઈ રીતના પ્રશ્નો ઓછા મથામણના હોય છે?

a) બંધપ્રકારના પ્રશ્નો b) ખુલ્લા અંતનાં પ્રશ્નો

c) અપર્યાપ્ત પ્રશ્નો d) એજન્ડા આધારિત પ્રશ્નો

10 પ્રશ્નાવલિનો મુખ્ય લાભ શું છે?

a) ઓછો ખર્ચ b) ઝડપી ડેટા એકત્રણ

c) વિશાળ નમૂનાના જવાબો મેળવવા d) ઉપરના બધા

- **તમારી પ્રગતિ ચકાસો**

11 પ્રશ્નાવલિ એટલે શું?

12 પ્રશ્નાવલિ અને કસોટી વચ્ચે શો ભેદ છે?

13 પ્રશ્નાવલિને શા માટે પ્રશ્નોત્તરી ન કહી શકાય?

14 પ્રશ્નાપવલીના વિવિધ સ્વરૂપો જણાવો

15 પ્રશ્નાવલિ રચવા માટે હેતુઓસ્પષ્ટ કરવા માટે સંશોધકી શું કરવું જોઈએ?

16 પ્રશ્નાવલિમાં દર્શાવિવાથી કલમો ના પ્રકાર જણાવો

17 પ્રશ્નાવલિનું માળખું સમજાવો

18 પ્રશ્નાવલિની સંરચનામાં પૂર્વેક્ષણની ભૂમિકા સ્પષ્ટ કરો

19 પ્રશ્નાવલિની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા શી રીતે ચકાસી શકાય

- **સ્વાધ્યાય લેખનઃ-**

1 પ્રશ્નાવલિની કલમો કયા કયા પ્રકારની હોઈ શકે? સારી કલમો રચવા માટેના સૂચનો જણાવો.

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

2 પૂર્વે ક્ષણનું મહત્ત્વ વિગતે સ્પષ્ટ કરો

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

3 *સંશોધન માટે જરૂરી માહિતી મેળવવાના સંદર્ભમાં પ્રશ્નાવલિનો ઉપયોગ કરતી વખતે સંશોધકી કઈ કઈ બાબતો વિચારવી જોઈએ વિગતે સ્પષ્ટ કરો?*

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

4. *સારી પ્રશ્નાવલિ ના લક્ષણો જણાવો.*

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

……………………………………………………………………………………

………………………………………………………………………………………

5. *ટપાલ દ્વારા મોકલાતી પ્રશ્નાવલિ ભરાઈને પરત ન મળે તો તે માટે સંશોધક શું શું કરી શકે?*

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

6. *સંશોધનના સાધન તરીકે પ્રશ્નાવલિના ગુણદોષ જણાવો.*

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

………………………………………………………………………………………

……………………………………………………………………………………

## 8.9 કેસ સ્ટડી :-

1. *મહિલા સશક્તિકરણ યોજનાઓનો પ્રભાવઃ સ્થાનિક સ્તરે મહિલાઓની જીવનશૈલીમાં પરિવર્તન પર કેસ સ્ટડી કરો.*
2. *ગ્રામીણ વિસ્તારના વૃદ્ધોમા એકલતાનો અનુભવ પર કેસ સ્ટડી કરો.*

## 8.10 સંદર્ભ ગ્રંથ :-


1. *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્રઃ ડી. એ. ઉચાટ, સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. અમદાવાદ* - 2009
2. Kothari, C. R. (2004). Research Methodology: Methods and Techniques. New Age International Publishers.

3. Ghosh, B. N. (1999). Scientific Method and Social Research. Sterling Publishers Pvt. Ltd.
4. Sarantakos, S. (2005). Social Research. Palgrave Macmillan.
5. Bryman, A. (2016). Social Research Methods. Oxford University Press.
6. Patton, M. Q. (2002). Qualitative Research & Evaluation Mªhods. SAGE Publications.
7. Goode, W. J., & Hatt, P. K. (1952). Methods in Social Research. McGraw-Hill.
8. Best, J. W., & Kahn, J. V. (2006). Research in Education. Pearson Education India.
9. Creswell, J. W. (2014). Research Design: Qualitative, Quantitative, and Mixed Mªhods Approaches. SAGE Publications.
10. Singh, K. (2007). Quantitative Social Research Mªhods. SAGE Publications India.
11. Yin, R. K. (2018). Case Study Research and Applications: Design and Mªhods. SAGE Publications.

# એકમ-9 સંશોધનમાં સાહિત્ય સમીક્ષા અને તેની જરૂરિયાત

-: રૂપરેખા :-

**9.0 હેતુઓ**

**9.1 પ્રસ્તાવના**

**9.2 સાહિત્ય સમીક્ષાનો અર્થ અને લક્ષણિકતાઓ**

**9.3 સાહિત્ય સમીક્ષાના પ્રકાર**

**9.4 સાહિત્ય સમીક્ષાની જરૂરિયાત**

**9.5 સારાંશ**

**9.6 તમારી પ્રગતિ ચકાસો**

**9.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**9.8 ચાવીરૂપ શબ્દો**

**9.9 સંદર્ભસૂચિ**

## 9.0 હેતુઓ

*આ એકમના અભ્યાસ કર્યા બાદ તમે.*

- *સાહિત્ય સમીક્ષા એટલે શું? તે સમજી શકશો.*
- *સાહિત્ય સમીક્ષાની લાક્ષણિક્તાઓ અને તેના પ્રકારો સમજી શકશો.*
- *સાહિત્ય સમીક્ષાની જરૂરિયાત વિશે જાણી શકશો.*

## 9.1 પ્રસ્તાવના

*સાહિત્ય સમીક્ષાએ સંશોધનનું મહત્ત્વપૂર્ણ અંગ છે. જે સંશોધક જે સમસ્યાની સંશોધન માટે પસંદગી કરે છે. તે અભ્યાસ હેઠળની સમસ્યા સાથે સબંધિત સાહિત્યનું વાંચન એ અભ્યાસ માટે મહત્ત્વનું અંગ બની રહે છે. સંશોધકે સમસ્યા સંબંધી વિશેષ માહિતી મેળવવા માટે સાહિત્યિક સમીક્ષા કરવી જરૂરી છે. પ્રવર્તમાન સમયમાં સમસ્યા સંબંથી પુષ્કળ સાહિત્ય છે. ઈન્ટરનેટ, ઈ-મેઈલ અને વોટ્સએપના આ જમાનામાં માહિતી મેળવવાનું કામ ખૂબ જ સરળ બની ગયેલ છે. ટેકનોલોજીના આ સમયમાં વિશ્વના કોઈપણ પૂર્વથી વ્યક્તિ માહિતી મેળવી શકે છે. જ્ઞાનનું વિશ્વ આજે ઘણું વ્યાપક બન્યું છે. આજે નેટ ઉપર જઈને આપણે સર્ચ કરીએ તો માહિતી માટેના હજારો સ્ત્રોત આપણી સામે આવી જાય છે. સંશોધકે સંદર્ભ સાહિત્યની સમીક્ષા દરમ્યાન પોતે જ વિષય ઉપર અભ્યાસ હાથ ધર્યો છે. તે અંગેનું સાહિત્ય શોધી તેનું અધ્યયન કરવું જોઈએ. સાહિત્યની સમીક્ષા, સંશોધનને એક નવી રાહ પુરી પાડે છે.*

## 9.2 સાહિત્ય સમીક્ષાનો અર્થ અને લક્ષણિકતાઓ

- *"સાહિત્ય સમીક્ષા એ ચોક્કસ વૈજ્ઞાનિક યોજનાનો ઉપયોગ કરી નક્કી કરેલ સમસ્યાના સંદર્ભમાં તમામ સાહિત્ય એકત્ર કરી તેનું સમન રીતે મૂલ્યાંકન, પૃથક્કરણ અને સંયોગીકરણની પ્રક્રિયા છે. "*

- *સાહિત્ય સમીક્ષામાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત માહિતી ધરાવતા દસ્તાવેજોની સુઆયોજિત રીતે ઓળખ, સ્ત્રોત અને નિશ્ચયન અને વિશ્લેષણનો સમાવેશ થાય છે." - મે અને એરાજિયન* (2000)
- *"સંશોધક પોતાના અભ્યાસની યોજનાની વિગતો તૈયાર કરતાં પહેલાં પોતાની સંશોધન સમસ્યા અંગે શું લખાયેલું છે. તે જાણવા માટે સાહિત્યની ઊંડી તપાસ કરે છે. તે માટે નિષ્ણાતોના અભિપ્રાયો અને અન્ય સંશોધન અભ્યાસોના અહેવાલનું વાચન કરે છે. આ વાચનને સાહિત્ય સમીક્ષા કહેવામાં આવે છે." -મેકિમલન અને સુમેકર* (2001)

*આમ, સાહિત્ય સમીક્ષા એ ચોક્કસ વૈજ્ઞાનિક યોજનાનો ઉપયોગ કરીને નક્કી કરેલી સમસ્યાના સંદર્ભમાં સંચન રીતે મૂલ્યાંકન અને સંયોગીકરણની પ્રક્રિયા છે.*

*ટૂંકમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત સૈદ્ધાંતિક અને સંશોધનાત્મક સાહિત્ય શોધવું, વાંચવું અને મૂલવવું એટલે સંબંધિત સાહિત્ય સમીક્ષા. સમસ્યાના સંદર્ભમાં સમસ્યાના મૂળ સાહિત્યમાં કેટલે સુધી પોલાં છે. તેમાં વધુ સંશોધન અને તલસ્પર્શી અભ્યાસ જરૂરી છે, તેવું સમજાવવા, સમીક્ષા કરવા માટે રિસર્ચ જર્નલ, મેગેઝીન, સંશોધન સારાંશ, પીસીસ-ડિઝર્ટેશનમાંથી સબંધિત સંશોધન સમસ્યાની માહિતીનો ઉપયોગ કરવો જોઈએ. અગાઉ થયેલાં સંશોધનની સમીક્ષાથી સંશોધક દર્શાવી શકે છે. કે પોતે પ્રસ્તુત સંસોધન સમસ્યાના સંદર્ભે કેટલું કામ થયું છે, કેટલું ઊંડાણમાં કામ થયું છે, કેટલું કામ હજી બાકી છે. ? તેમાં સંશોધનને કેટલો અવકાશ છે. તેની જાણકારી સંસોધકને પ્રાપ્ત કરવાની હોય છે. ભૂતકાળમાં થયેલાં સંશોધન કાર્યની સમીક્ષાથી હાલ જે કામ થઈ રહ્યું છે. તે કાર્યનું પુનરાવર્તન તો નથી થતું ને? તેના વિશેની જાણકારી સંશોધકને પ્રાપ્ત થઈ શકે છે.*

*આમ, સંદર્ભ સાહિત્યની સમીક્ષાએ ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરીને નક્કી કરેલી સમસ્યાના સંદર્ભમાં પ્રાપ્ય તમામ સાહિત્યનું સંવન રીતે મૂલ્યાંકન અને સંયોગીકરણ છે. સાહિત્ય સમીક્ષા માટે કોઈ રાજમાર્ગ નથી. સામાન્ય રીતે સંશોધન સમસ્યાની ખોજ અને દિશા નક્કી કરવાના સોપાન દરમ્યાન સંબંધિત સાહિત્યની સમીક્ષાની જરૂરિયાત ઊભી થાય છે. સબંધિત સાહિત્ય હોવું તે સંદર્ભે સંશોધકની ચોક્કસ સમજણ હોવી જરૂરી છે. સબંધિત સાહિત્ય હોવું તે અંગેના માપદંડો અને સમીક્ષાનો અર્થ અસ્પષ્ટ હોય ત્યારે વાસ્તવિક સ્વરૂપમાં સાહિત્યની સમીક્ષા થતી નથી. અથવા આ સાહિત્ય સમીક્ષા સંશોધને તેમજ સંશોધનકર્તાને  કોઈપણ સોપાને મદદરૂપ થતી નથી.*

*પ્રવર્તમાન સમયમાં સંશોધનના પ્રત્યેક ક્ષેત્રમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય પ્રકાશિત થાય છે. અનેક વિદ્વાનોની સૈદ્ધાંતિક ચર્ચા, મંતવ્યો જુદાં-જુદાં સામયિકોમાં પ્રકાશિત થાય છે. અસંખ્ય સંશોધનો હાથ ધરાય છે. આજના યુગએ  માહિતી અને ટેકનોલોજીનો યુગ છે. ત્યારે ઈન્ટરનેટના માધ્યમથી આજે દરેક સંશોધક માટે સરળતાથી પ્રાપ્ય બન્યા છે. ત્યારે સમાજકાર્ય સંશોધનને વધારે અસરકારક બનાવવા માટે સંદર્ભ સાહિત્યની સમીક્ષા ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે.*

- **સૈદ્ધાંતિક સાહિત્યની ભૂમિકા :**

*આ મુદ્દામાં તમારા સંશોધન શીર્ષકને અનુરૂપ સૈદ્ધાંતિક સાહિત્ય કયું છે, પારિભાષિક શબ્દોને અનુરૂપ કયા સાહિત્યનીનોંધ કરી છે, તેની વિગતો અહીં દર્શાવવાની હોય છે. શીર્ષકમાં આવતાં મનોવૈજ્ઞાનિક પારિભાષિક શબ્દો કે તાંત્રિક પારિભાષિક શબ્દોને ધ્યાનમાં રાખી સમસ્યા વિધાનને*

*અનુરૂપ સૈદ્ધાંતિક સાહિત્યની ભૂમિકા રજૂ કરવાની છે. કોઈ મનોવૈજ્ઞાનિક શબ્દ હોય તો તેની વ્યાખ્યાઓ કે તેની વિસ્તૃત સમજ આપી શકાય છે. જેના દ્વારા સંશોધનમાં આવતા બધા જ સૈદ્ધાંતિક શબ્દોને વાચક સરળતાથી સમજી શકે. આ વિભાગમાં માત્ર પુસ્તકમાંથી ઉતારા કરવાને બદલે સંશોધનના શિર્ષકને અનુરૂપ જેટલી જરૂરી બાબતો છે. તે જ લેવી જોઈએ. જેથી બિનજરૂરી પાનાઓની સંખ્યા વધે નહીં.*

- **સાહિત્ય સમીક્ષાના તબક્કાઓ :**

**1. સૈદ્ધાંતિક સાહિત્યની સમીક્ષા :**

*સૈદ્ધાંતિક ભૂમિકાને અનુરૂપ સંશોધકે સૈદ્ધાંતિક સાહિત્યની સમીક્ષા પોતાના શબ્દોમાં રજૂ કરવાની છે. સૈદ્ધાંતિક બાબતોમાં સંશોધક પોતે શું સમજ્યા છે. તથા પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં તેની વ્યવહારિકતા કઈ છે. તેને આધારે સૈદ્ધાંતિક સમીક્ષા કરવાની છે.*

**2. પૂર્વે થયેલા સંબંધિત સંશોધનોનાં સારાંશ :**

*આ વિભાગમાં પૂર્વે થયેલાં સમસ્યા વિધાનને અનુરૂપ અભ્યાસોના સારાંશો રજૂ કરવામાં આવે છે. આ સારાંશોમાં સામાન્ય રીતે સંશોધનનું શીર્ષક, સંશોધનનું વર્ષ, અભ્યાસકનું નામ, યુનિવર્સિટીનું નામ જેવી સામાન્ય બાબતો પ્રથમ ભાગમાં સમાવવામાં આવે છે, ત્યારબાદ તરત જ સંશોધનના હેતુઓ, ઉત્કલ્પનાઓ કે અભ્યાસપ્રશ્નો, અભ્યાસની મર્યાદાઓ, અભ્યાસ પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નિદર્શ, અભ્યાસનું ઉપકરણ, માહિતી એકત્રીકરણની રીત, માહિતી વિશ્લેષણની આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ અને અભ્યાસના મહત્ત્વના તારણોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે આવા સારાંશો એમ.એડ્. ડિઝર્ટેશનમાં ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ 10 હોઈ શકે છે. વધુ પડતાં સારાંશો મૂકી પ્રકરણને બિનજરૂરી લંબાવવાની જરૂર નથી.*

**3. પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા :**

*પૂર્વે થયેલા અભ્યાસોની સાહિત્યિક સમીક્ષા ત્રણ સ્વરૂપે કરી શકાય છે.* (1) *વર્ણનાત્મક સમીક્ષા,* (2) *સંયોજનાત્મક સમીક્ષા અને* (3) *અધિવિશ્લેષણ સમીક્ષા. સામાન્ય રીતે ઉપર* 2.3*માં જણાવેલા મુદ્દાઓ પ્રમાણે સારાંશોની રજૂઆત કરવાથી વર્ણનાત્મક સમીક્ષા પુરી થાય છે. ત્યારબાદ પૂર્વે થયેલા સમાન પ્રકારના સંશોધનોમાંથી તેના કાર્યસોપાનોને ધ્યાનમાં રાખી આવશ્યક માહિતીને સારણીરૂપે દર્શાવવામાં આવે તો તે સંયોજનાત્મક સમીક્ષા ગણાય છે. આ પ્રકારની સમીક્ષા માટે વિદ્યાર્થીએ ઉપર દર્શાવેલા બધા જ અભ્યાસોને સારણી સ્વરૂપે દર્શાવવાના હોય છે. જે કૌશલ્ય માંગી લે છે.*

*ત્રીજું સોપાન અધિવિશ્લેષણાત્મક સમીક્ષા કે જેના દ્વારા ઉપરના સંબંધિત અભ્યાસક્ષેત્રના જ્ઞાનનું એક ચિત્ર તૈયાર કરવામાં આવે છે. આ સૌથી કઠિન કાર્ય છે. જે મોટા ભાગના સંશોધકો કરવાનું ટાળે છે. સારાંશો તૈયાર કરવાનું તેમજ તેના પરથી સમીક્ષાનોંધ તૈયાર કરવામાં સંશોધકને પોતાના અભ્યાસક્ષેત્રને લગતા જ્ઞાનની સમજ પ્રાપ્ત થઈ હોય છે. જે અન્ય વાચકોને હોતી નથી. પોતાને પ્રાપ્ત થયેલી આ સમજને સંશોધકે પોતાની રજૂઆત દ્વારા અન્ય વાચકોને કરવાની હોય છે. આ પ્રકારની સમીક્ષા કરતી વખતે પ્રત્યેક મુદ્દો અને પ્રત્યેક સંદર્ભ એવી રીતે લખવો જોઈએ કે જેથી વાચકને તેની પ્રસ્તુતા સરળતાથી સમજાઈ જાય. આ ઉપરાંત જે તે વિભાગોમાં રજૂ કરેલા સંશોધન સારાંશો પરથી તેના સારરૂપ સામાન્ય બાબતો અહીં દર્શાવવાની હોય છે. પ્રત્યેક વિભાગની સમીક્ષા અલગ રજૂઆત દ્વારા દર્શાવવી જોઈએ. આ પ્રકારની સમીક્ષામાં જો તેના તારણોને યોગ્ય રીતે સમજવામાં આવે તો, અંતિમ પ્રકરણમાં*

*અભ્યાસના તારણો લખવામાં તેનો ઉપયોગ કરી શકાય છે. આ સમીક્ષા કરતી વખતે વિષયવસ્તુને ધ્યાનમાં રાખી પૂર્વે થયેલાં સંશોધનના પરિણામો પરથી પ્રસ્તુત સમસ્યાક્ષેત્ર અંગે હાલનું ચિત્ર દર્શાવી શકાય છે. પ્રવર્તમાન આ ક્ષેત્રના જ્ઞાનનું દર્શન કરાવી શકાય છે. આ પ્રકારની સમીક્ષા લખવી થોડી કઠિન છે. પરંતુ, સારો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો આવી સમીક્ષા લખી શકાય છે.*

○ **સાહિત્ય સમીક્ષા હાથ ધરવાનાં પગલાં :**

1. *ચાવીરૂપ શબ્દોને ઓળખવા.*
2. *સંશોધન અહેવાલોમાંથી લેખો કે પુસ્તકોને ઓળખવા.*
3. *વિષયના સંબંધિત સાહિત્યનું સંકલન કરવું.*
4. *સાહિત્યનો એક નકશો કે ડિઝાઈન બનાવવી.*
5. *સંબંધિત લેખોનો મુસદ્દો સારાંશ સ્વરૂપે તૈયાર કરવું.*
6. *સાહિત્યની સમીક્ષા લખો અને મહત્તરની વિભાવનાઓ દ્વારાં ગોઠવવું.*

○ **સાહિત્ય સમીક્ષા માટે સંશોધક પાસે જરૂરી કૌશલ્યો, ક્ષમતાઓ અને ગુણ :**

1. *વાચન શિલ્પ*
2. *નોંધ લેખન કૌશલ્ય*
3. *લેખન કૌશલ્ય*
4. *કમ્પ્યુટર વડે ઓનલાઈન મને ઓફલાઈન માહિતી મેળવવાનું કૌશલ્ય*
5. *પૃથક્કરણની ક્ષમતા સંયોગીકરણની ક્ષમતા*
6. *સતત પ્રયત્નશીલતા*

○ **સાહિત્ય સમીયાની લાક્ષણિકતાઓ :**

*વિદ્વાનો-વિચારકોએ આપેલ વ્યાખ્યા ઉપરથી સંદર્ભ સાહિત્યની સમીક્ષાની નીચે મુજબ લાક્ષણિકતાઓને તારવી શકાય છે.*

- *સાહિત્ય સંમીક્ષા યોજનાબદ્ધ છે. તેમાંથી માત્ર સુસંગત સંદર્ભ જ સમીક્ષા માટે પસંદ કરવામાં આવે છે.*
- *હેતુઓ નક્કી કરવા, પદ્ધતિ વિષયક અને સૈદ્ધાંતિક પાસાંઓને તપાસવા માટે સંદર્ભ સાહિત્ય જરૂરી છે.*
- *પદ્ધતિ અને તારણ પુનઃ રજૂ થઈ શકે છે. સંદર્ભો મેળવીને તેનું હેતુ અનુસાર પૃથક્કરણ અને સંયોગીકરણ કરવાથી નિશ્ચિત તારણો મળે છે. પ્રક્રિયા સ્પષ્ટ અને પારદર્શક છે. કે તે પ્રક્રિયાને અનુસરીને બે સંસોધકો તે સાહિત્યની સમીક્ષા સ્વતંત્ર રીતે કરે તો પણ સમાન તારણો મળે સંશોધક સંબંધિત સંદર્ભોને પોતાના અભ્યાસ સાથે તાર્કિક રીતે જોડે છે.*

## 9.3 સાહિત્ય સમીક્ષાના પ્રકાર

*સમસ્યા સંબંધિત તમામ પ્રકાશિત અને અમકાલિત સાહિત્ય સામગ્રી એકઠી કરી તેની સમીક્ષા કરવી જરૂરી છે. સામાન્ય રીતે બે પ્રકારના સાહિત્યની સમીક્ષા કરવામાં આવે છે.*

**સાહિત્ય સમીક્ષાના પ્રકાર :**

1. *સંકલ્પનાત્મક સાહિત્ય*
2. *સંશોધન સાહિત્ય સમીક્ષા*

- **સંકલ્પનાત્મક સાહિત્ય**

*સંકલ્પનાત્મક સાહિત્યમાં લેખો, પુસ્તકી, અભિપ્રાયો, અનુભવો સિદ્ધાંતો ઉપરાંત, સમસ્યાને સંભવિત સારું-ખરાબ, ઈચ્છનીય કે અનિચ્છનીય બનાવોનો સમાવેશ થાય છે. સંશોધકને અભ્યાસ કરવા માટેના વિવેચનાત્મક પ્રશ્નોની જાણકારીનો સમાવેશ થાય છે. જેના દ્વારા સંશોધકને પોતાના અભ્યાસની ઉપયોગિતા શું છે? તેના વિશેનો ખ્યાલ આવી શકે છે.*

*જ્યારે, સંશોધન સાહિત્યમાં પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં પૂર્વે થયેલાં સંશોધનની સમીક્ષાનો આ વિભાગમાં સમાવેશ થાય છે. દા.ત. : એક સંશોધકે સેઝમાં જમીન સંપાદન થયેલો ખેડુતોના જીવનની સ્થિતિ અને પ્રશ્નો અંગેનો અભ્યાસ કરવાનું વિચારેલ છે. તો આ સંશોધકે સંશોધન સાહિત્યની સમીક્ષામાં ઉપરોક્ત વિષય પસંદ કરતાં પહેલાં ઉપરોક્ત વિષય સંલગ્ન અન્ય ક્યા-ક્યા અભ્યાસો થયેલ છે. તે અંગેનું સાહિત્ય પ્રાપ્ત કરી તે સાહિત્યનો અભ્યાસ કરવો જરૂરી છે. આ અભ્યાસના અંતે સંશોધકે વિષયપ્રવેશ અને સંશોધન પ્રક્રિયા વિશેનો ખ્યાલ આવી શકે છે. આમ, સાહિત્ય સમીક્ષાના આધારે સંશોધનની સફળતાની સીમાઓ ખુલી જાય છે.*

**સંશોધન સાહિત્યની સમીક્ષા શા માટે ?**

*સામાન્ય રીતે, સંશોધકે પોતાનું સંશોધનકાર્ય હાથ પરતાં પહેલાં પુરોગામી અભ્યાસનું અધ્યયન કરે તે જરૂરી છે. ઊંડાણપૂર્વકની સમજશે તથા આંતરસૂઝ તથા અભ્યાસની ચોક્કસ દિશા જાણવા માટે સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરવી જરૂરી છે. સંશોધન સાહિત્યની સમીક્ષા કરવા માટેના જુદાં-જુદાં હેતુઓ રહેલાં છે, જે નીચે મુજબ છે;*

**1. એક સૈદ્ધાંતિક ફ્રેમવર્કની સ્થાપનાઃ**

*સાહિત્યની સમીક્ષા સંશોધકોને સમાન વિષયો પર લાગુ કરવામાં આવેલ સિદ્ધાંતો, મોડલ્સ અને માળખાને સમજવામાં મદદ કરે છે, જે તેમના પોતાના કાર્યના વૈચારિક માળખાને માર્ગદર્શન આપે છે. વર્તમાન સિદ્ધાંતોનું મૂલ્યાંકન કરીને, સંશોધકો તેમની પૂર્વધારણાઓ અને સંશોધન પ્રશ્નો માટે પાયો બનાવી શકે છે.*

**2. સંશોધન અંતરની ઓળખ**

*સાહિત્યની સમીક્ષા કરવાથી સંશોધકોને વધુ સંશોધનની જરૂર હોય તેવા જ્ઞાન અથવા ક્ષેત્રોમાં અંતરને નિર્ધારિત કરવાની મંજૂરી મળે છે. શું ખૂટે છે. તે ઓળખીને, સંશોધકો તેમના કાર્યમાં મૌલિકતા અને સુસંગતતા ઉમેરીને, આ અંતરાલોને દૂર કરવા માટે તેમના અભ્યાસને ફ્રેમ કરી શકે છે.*

**3. કામની નકલ ટાળવી**

*સંશોધન અગાઉના જ્ઞાન પર આધારિત છે. સંપૂર્ણ સાહિત્યની સમીક્ષા એ સુનિશ્ચિત કરે છે. કે સંશોધક નિરર્થક સંશોધનને ટાળવા માટે હાલના અભ્યાસોથી વાકેફ છે, તેના બદલે અનન્ય આંતરદૃષ્ટિ અથવા તાજા પરિપ્રેક્ષ્યો ઉમેરતા યોગદાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.*

**4. સંશોધન ડિઝાઈન અને પદ્ધતિની માહિતી આપવી**

*ભૂતકાળના અભ્યાસોમાં ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓને સમજવાથી સંશોધકોને યોગ્ય સંશોધન ડિઝાઈન, સાધનો અને પદ્ધતિઓ પસંદ કરવામાં મદદ મળે છે. ઉદાહરણ તરીકે, જો અગાઉના અભ્યાસો દર્શાવે છે. કે અમુક પદ્ધતિઓ વધુ અસરકારક છે, તો સંશોધકો તેને અપનાવી શકે છે. અથવા વધુ સારા પરિણામો માટે તેમાં સુધારો કરી શકે છે.*

**5. સંદર્ભિક પૃષ્ઠભૂમિ પ્રદાન કરવી**

*સાહિત્યની સમીક્ષા વ્યાપક શૈક્ષણિક સંદર્ભમાં સંશોધનને સ્થિત કરે છે, જે વાચકોને ક્ષેત્રના ઉત્ક્રાંતિની સમજ આપે છે. અને અભ્યાસ તેની અંદર કેવી રીતે બંધ બેસે છે. આ સંદર્ભીકરણ અભ્યાસની વિશ્વસનીયતા અને ચાલુ શૈક્ષણિક ચર્ચાઓ માટે સુસંગતતા વધારે છે.*

**6. પુરાવા સાથે તારણોનું સમર્થન**

*સાહિત્યની સમીક્ષા કરીને, સંશોધકો તેમના તારણોને વર્તમાન અભ્યાસો સાથે જોડી શકે છે, સુસંગતતા અથવા વિરોધાભાસ દર્શાવે છે. આ તારણોની માન્યતાને મજબૂત બનાવે છે. અને ભવિષ્યના અભ્યાસ માટે આધાર પૂરો પાડે છે.*

**7. વિશ્વસનીયતા અને વિદ્વતાપૂર્ણ કઠોરતા વધારવી**

*સારી રીતે રચાયેલ સાહિત્ય સમીક્ષા ક્ષેત્રની વ્યાપક સમજને પ્રતિબિંબિત કરે છે, જે અભ્યાસની વિશ્વસનીયતા વધારે છે. તે દર્શાવે છે કે, સંશોધક વર્તમાન જ્ઞાન સાથે સંપૂર્ણ રીતે સંકળાયેલા છે, જે વિદ્વતાપૂર્ણ કઠોરતા પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવે છે.*

**8. માર્ગદર્શક પૂર્વધારણા અને સંશોધન પ્રશ્નો**

*અગાઉના સાહિત્યનું વિશ્લેષણ સંબંધિત સંશોધન પ્રશ્નો અને પૂર્વધારણાઓ ઘડવામાં મદદ કરે છે. અગાઉના અભ્યાસોના તારણો અને ચર્ચાઓને સમજીને, સંશોધકો અર્થપૂર્ણ પ્રશ્નો પૂછી શકે છે. જે આગળ શૈક્ષણિક પ્રવચન કરે છે.*

*સાહિત્ય સમીક્ષા એ માત્ર એક શૈક્ષણિક આવશ્યકતા નથી પરંતુ, એક સાધન છે. જે સંશોધન અભ્યાસની ઊંડાઈ, ગુણવત્તા અને યોગદાનને વધારે છે. તે એક આવશ્યક પ્રક્રિયા છે. જે સમગ્ર સંશોધન પ્રવાસને સ્પષ્ટતા, માળખું અને વિશ્વસનીયતા પ્રદાન કરે છે.*

- **સાહિત્ય સમીક્ષાના હેતુઓ:**

1. *સંશોધનનાં વિવિધ ક્ષેત્રોથી પરિચિત થવું.*
2. *પૂર્વે થયેલાં સંશોધનની સમીક્ષા દ્વારા નિદર્શ પસંદગી, માહિતી મેળવવાના સાધનની પસંદગી, તેની રચના, સંશોધન યોજના, માહિતી એકત્રીકરણની રીત, માહિતી વિશેનો ખ્યાલ આવી શકે.*
3. *સંશોધનના નવીન પ્રવાહો વિશેનો ખ્યાલ આવી શકે છે.*
4. *સાહિત્ય સમીક્ષા સંશોધકને દિશાસૂચન અને માર્ગદર્શન પૂરું પાડે છે.*

5. સંશોધકને પૂર્વ અભ્યાસ, પોતાના અભ્યાસની નબળાઈ અને ક્ષતિ તરફ ધ્યાન દોરી કંઈક વિશેષ કરવા પ્રેરે છે.
6. સંશોધકને નવું દષ્ટિબિંદુ મળે છે.
7. પ્રસ્તુત સંસોધનમાં પુનરાવર્તન ટાળી શકાય છે.
8. સમસ્યાનું ચોક્કસ સ્વરૂપ નક્કી કરી શકાય છે.
9. યોગ્ય ઉત્કલ્પના નિર્માણમાં સાહિત્યની સમીક્ષા ઉપયોગી બને છે.
10. સમસ્યા સાથે સંકળાયેલા મુખ્ય ચલો વિશેની સૈદ્ધાંતિક સમજણ મળે છે.

## 9.4 સંશોધનમાં સાહિત્ય સમીક્ષાની જરૂરિયાત

સંશોધનમાં સાહિત્ય સમીક્ષા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સંશોધન પ્રક્રિયામાં, સાહિત્ય સમીક્ષા સંશોધકને તેમના વિષય સાથે સંબંધિત અગાઉના અભ્યાસો, સિદ્ધાંતો, અને શોધ વિશે સમજ આપે છે. સાહિત્ય સમીક્ષા કેવી રીતે ઉપયોગી છે. તે અહીં વિગતવાર સમજાવું છું:

1. વિષયની સમજણ: તે સંશોધકને તેમના સંશોધન વિષય સાથે સંકળાયેલા તથ્યો, અભ્યાસ અને તારણોની સમજણ આપે છે.
2. પ્રવૃત્તિઓની ઓળખ: તે બતાવે છે. કે તે વિષય પર અત્યાર સુધી કેટલું કામ થઈ ચૂક્યું છે. અને કઈ જગ્યાએ હજુ વધારે સંશોધન કરવાની જરૂર છે.
3. અગાઉના અભ્યાસોની ખામીઓ: જૂના અભ્યાસોની ખામીઓ શોધવામાં મદદ કરે છે. આને કારણે સંશોધક તેની રીત અને ઢાંચામાં સુધારા કરી શકે છે.
4. સિદ્ધાંતો અને મોડેલોનો આધાર: સંશોધન માટે યોગ્ય સિદ્ધાંતો અને મોડલ્સનો આધાર આપે છે, જેનાથી સંશોધન વધુ મજબૂત બને છે.
5. નવો દ્રષ્ટિકોણ: તે સંશોધન માટે નવો દ્રષ્ટિકોણ અપનાવવાની તક આપે છે, જેનાથી નવા વિષયો અથવા પ્રશ્નો ઊભા થાય છે.
6. ફક્ત પ્રક્રિયા: સાહિત્ય સમીક્ષા દ્વારા જુદા જુદા અભિગમો અને પદ્ધતિઓની તુલના કરી શકવામાં આવે છે, જે સંશોધન માટે યોગ્ય પદ્ધતિ પસંદ કરવામાં મદદરૂપ થાય છે.
7. સંદર્ભ માટે આધાર: સંશોધનમાં સાહિત્ય સમીક્ષા સંશોધનના પરિણામોની માન્યતા માટે આધારરૂપ બની છે.

આ રીતે, સંશોધનમાં સાહિત્ય સમીક્ષા મૂળભૂત અને અનિવાર્ય તબક્કો છે, જે સંશોધન કાર્યને માર્ગદર્શન અને ગુણવત્તા આપે છે. સાહિત્ય સમીક્ષા એ સંશોધન પ્રક્રિયાનો પાયાનો ભાગ છે. અને અભ્યાસને આકાર આપવામાં ઘણી નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

## 9.5 ઉપસંહાર

સાહિત્ય સમીક્ષાએ સંશોધનનું મહત્ત્વનું સોપાન છે. સંશોધન સમસ્યાની શોષ અને દિશા નક્કી કરવા માટે સાહિત્યની સમીક્ષા કરવાની જરૂરિયાત ઊભી થાય છે. ઘણાં સંશોયકો સંદર્ભ સાહિત્યની સમીક્ષાના મુઈને ગંભીરતાપૂર્વક લેતા નથી. જેના પરિણામે સંશોધન સમીશા પાછળનો મૂળ હેતુ બહાર આવતો નથી. સંશોધકે સંશોધનકાર્ય હાથ ધરતાં પહેલાં સબંધિત સંદર્ભ સાહિત્યની ભૂમિકાને બરાબર સમજી લેવી જોઈએ.

## 9.6 તમારી પ્રગતિ ચકાસો.

1........ *એ સંશોધનનું મહત્ત્વપૂર્ણ અંગ છે.*

A. *ઈમેલ* B. *ઈન્ટરનેટ*

C. *સાહિત્ય સમીક્ષા* D. *વોટ્સઅપ*

2. *સાહિત્યની સમીક્ષા સંશોધનને શું પૂરી પાડે છે. ?*

(A) *નવી ઉર્જા* (B) *નવી દિશા*

(C) *નવી રાહત* (D) *નવી માહિતી*

3. *સાહિત્ય સમીક્ષાના કેટલા પ્રકાર છે?*

(A) *એક* (B) *બે*

(C) *ત્રણ* (C) *ચાર*

4. *સંદર્ભ સાહિત્યના સ્ત્રોતોનું વર્ગીકરણ કેટલા ભાગમાં કરવામાં આવે છે?*

(A) *ચાર* (B) *ત્રણ*

(C) *બે* (D) *એક*

5. PERIC*નું પૂરું નામ શું છે. ?*

(A) Impect Research Information Center
(B) Education Research Impect Center
(C) Education Research Institute of Center Information Center
(D) Education Resources Information Cotier

## 9.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) *સાહિત્ય સમીક્ષા*

2. (A) *નવી રાહ*

3. (B) *બે*

4. ( B) *ત્રણ*

5. (D) Education Resources Information Cotier

## 9.8 ચાવીરૂપ શબ્દો

**યોજનાબદ્ધ** : *એટલે પદ્ધતિસર.... વૈજ્ઞાનિક ઢબે ચોક્કસ આયોજન મુજબ.*

**SEZ** : Special Economic Zon (SEZ) *કહેવામાં આવે છે. ગુજરાતીમાં ખાસ આર્થિક વિસ્તાર' તરીકે ઓળખવામાં આવે છે.*

**નિરીક્ષણ** : *વિજ્ઞાનમાં આંખથી જોવું એટલે નિરીક્ષણ, સંશોધન વિષયના અનુસંધાનમાં સહેતુક જોવું એટલે નિરીક્ષણ.*

**સાહિત્ય** : *સંશોધન માટે સાહિત્યની ઘણી ઉપયોગિતા છે. સંશોધક પોતાના અભ્યાસની*

*ચીજનાને ચોક્કસ સ્વરૂપ આપવા માટે સંબંધિત સાહિત્યનો આધાર લે છે.*

**સમીક્ષા** : *સમીક્ષા એટલે કોઈ ચોક્કસ વિષય પરત્વે કે વધુ પ્રકાશનોનું સંયોગીકરણ કરી તારણો મેળવવા*

**ઉપકરણ** : *ઉપકરણ એટલે સાધન અભ્યાસના હેતુઓને અનુરૂપ આવશ્યક અને પુરી માહિતી મેળવવા માટે યોગ્ય ઉપકરણનો ઉપયોગ કરવો જરૂરી છે.*

## 9.9 સ્વાધ્યાય લેખન

1. *સાહિત્ય સમીક્ષાનો અર્થ સ્પષ્ટ કરી, સાહિત્ય સમીક્ષાની વિસ્તૃત વિભાવના સમજાવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
..............................

2. *સાહિત્ય સમીક્ષાના પ્રકારો જણાવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
..............................

3. *સાહિત્ય સમીક્ષાની જરૂરિયાત વિશે સમજાવો.*

.............................................................................
.............................................................................
.............................................................................
.............................................................................
..............................

## 9.10 સંદર્ભસૂચિ


1. *સંશોધન પદ્ધતિ શાસ્ત્ર* - Dr. R.S. Patel - *જય પબ્લિકેશન.* 2015.
2. *સમાજકાર્ય સંશોધન અને આંકડાશાસ્ત્ર – ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ.*
3. सामाजिक अनुसंधान एव सर्वेक्षण, प्रकाश नारायण नाटाली –पॉइंन्टर पबलिशर– 2007
4. रिसर्च मेथोड़ोलोजी –डॉ. बी. एम्. जेन –रिसर्च पब्लिकेशन .
5. शोध प्रविधि,डॉ गणेश पायुडे, अरुला प्पुन्दे –राधा पब्लिकेशन –2007
6. https://gu.eferrit.com

## એકમ-10 | માહિતીનો અર્થ, તેના સ્ત્રોત અને પ્રકારો

-: રૂપરેખા :-

**10.0 હેતુઓ**

**10.1 પ્રસ્તાવના**

**10.2 માહિતી એટલે શું?**

**10.3 માહિતીના પ્રકાર**

**10.4 ગૌણ માહિતીના સ્ત્રોતો**

**10.5 દસ્તાવેજોમાં સમાવિષ્ટ બાબતો**

**10.6 ઉપસંહાર**

**10.7 તમારી પ્રગતિ ચકાસો**

**10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**10.9 ચાવીરૂપ શબ્દો**

**10.10 સ્વાધ્યાય લેખન**

**10.11 કેસ સ્ટડી**

**10.12 સંદર્ભ ગ્રંથ**

### 10.0 હેતુઓ:-

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે…*

- *વિદ્યાર્થીને સમાજકાર્ય સંશોધનમાં માહિતી એટલે શું ? તેની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થશે.*
- *વિદ્યાર્થી સંશોધનમાં માહિતીના ઉપયોગિતા વિશે ઊંડાણપૂર્વક ખ્યાલ મેળવશે.*
- *વિદ્યાર્થીને સંશોધનમાં ગૌણ માહિતી અને ગૌણ માહિતીના સ્ત્રોતો વિશે સમજણ પ્રાપ્ત થશે.*
- *વિદ્યાર્થી સંશોધનમાં પ્રાથમિક માહિતી એટલે શું? પ્રાથમિક માહિતીના સ્ત્રોતની જાણકારી મેળવશે.*
- *વિદ્યાર્થીને સમાજકાર્ય સંશોધનમાં માહિતીના અસરકારક ઉપયોગ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.*
- *વિદ્યાર્થીને માહિતીની રજૂઆત અને તેના વિવિધ વર્ગીકરણ વિશે જાણકારી મેળવશે.*
- *વિદ્યાર્થી માહિતીના વિવિધ પ્રકાર અને સ્વરૂપ વિશેની જાણકારી મેળવશે.*

### 10.1 પ્રસ્તાવના :-

*દરેક પ્રકારના સંશોધનમાં માહિતીનું ઘણું જ મહત્ત્વ હોય છે. એમાં પણ જ્યારે સમાજકાર્ય સંશોધનમાં માહિતીની વાત કરીએ તો સમાજ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ માહિતી એ સંશોધનમાં ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિઓને જે તે વિષયને અનુરૂપ તારણો સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે. સંશોધન જેવું મહત્ત્વનું કાર્ય કરતાં પહેલા વિસ્તૃત વિભાગને સમજવા માટે સચોટતાપૂર્વકની માહિતી*

*વગર આગળ વધવું   અશક્ય છે. સમાજકાર્ય સંશોધન એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. જ્યારે પણ કોઈ વૈજ્ઞાનિક પ્રક્રિયાની વાત થાય ત્યારે તેની પ્રક્રિયા આરંભથી અંત સુધી નિશ્ચિત હોય છે. સમાજકાર્ય સંશોધનએ  અનેક રીતે તબક્કાઓ સાથે  સંકળાયેલ છે. જેમ પ્રથમ તબક્કો એ સંબોધન ક્ષેત્રનો છે. બીજો તબક્કો પસંદ કરેલ અભ્યાસ માંથી એટલે કે ક્ષેત્રમાંથી શું શોધવાનું છે. તે પ્રશ્નો સબંધિત છે. ત્રીજો તબક્કો અભ્યાસના હેતુઓઅને અંતિમ  તબક્કો  શીર્ષકની  પસંદગી સાથે  સંકળાયેલ છે. આ તબક્કાઓમાંથી પસાર થવા માટે જુદા જુદા સાહિત્યનું વાંચન કરવું જરૂરી થઈ પડે છે.સમાજકાર્ય સંશોધનના ક્ષેત્રે  વિષયની પસંદગી કર્યા પછી સંબંધિત ક્ષેત્રના સૈદ્ધાંતિક તેમજ સંશોધનાત્મક સાહિત્યનો ઊંડાણથી અભ્યાસ કરવો જરૂરી છે. વિદ્યાર્થી તરીકે પોતાના અભ્યાસમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો જોઈએ તે વિશેની સ્પષ્ટતા, સંશોધન સંબંધિત માહિતીના લીધે થાય છે. જેના પરિણામે સંશોધન કાર્ય સરળતા પૂર્વક હાથ ધરી શકાય છે. આ તમામ પ્રક્રિયામાં માહિતી કેન્દ્રસ્થાને છે.*

## 10.2 માહિતી એટલે શું?

*સંશોધન પ્રક્રિયામાં માહિતીનું સ્થાન સમજવું ખૂબ જ અગત્યનું છે. અભ્યાસના હેતુ સ્પષ્ટ કરી સંશોધક સંશોધન સમસ્યાનું નિર્ધારણ કરે છે. ત્યારબાદ ઉત્કલ્પનાઓ રચે છે. માહિતી મેળવવા માટે ઉપકરણ પસંદ કરે છે. નવા ઉપકરણની રચના કરે છે. ઉચિત નમૂનો પસંદ કરીને માહિતી મેળવે છે. ત્યારબાદ રચાયેલી ઉત્કલ્પનાઓની ચકાસણી માટે અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને મેળવેલી માહિતી પર અર્થઘટન અને તારણો મેળવે છે.*

- **માહિતીનો અર્થ આ પ્રમાણે આપી શકાય.**

*કેટલાકના મતે માહિતી સંપાદન, વર્ગીકરણ અને સારણીકરણનો સંપુટ છે. જ્યારે માહિતી પૃથક્કરણમાં વિવિધ માહિતી જૂથોમાં પ્રવર્તતા તફાવત તો તપાસવા માટે ચોક્કસ માપો પર ગણતરીઓ કરવાની બાબતને પૃથક્કરણ કહેવામાં આવે છે. .માહિતી માટે અંગ્રેજીમાં શબ્દ “ડેટા”  છે. સામાન્ય રીતે હકીકતો, આંકડાઓ બનાવો કે અનુભવોની માહિતી તરીકે ઓળખવામાં આવે છે.*

**પોલિનયંગના** *કહેવા પ્રમાણે, “અભ્યાસ અને વિશ્લેષણના આધાર તરીકે કામમાં આવતી, સંશોધન વિષયને આનુંસાંગિક બધી જ ભૂતકાલીન અને વર્તમાનકાલીન વિગતોને માહિતી કહેવાય”*


*ઉપરોક્ત બાબતો સિવાય  વ્યક્તિના લક્ષણો, વલણો, વિચારો,  પ્રવૃત્તિઓ, માન્યતાઓ સામાજિક ધોરણો કે મૂલ્યો પણ હોઈ શકે છે.*

*ટૂંકમાં માહિતી એટલે સંશોધન માટે ઉપયોગી અભ્યાસ સામગ્રી.*

*આ સામગ્રીમાં સંશોધન વિષયક તમામ પ્રકારની માહિતીનું સમાવેશ થાય છે. જુદા જુદા પ્રકારના સંશોધનમાં અભ્યાસના હેતુઓને અનુરૂપ જુદા જુદા પ્રકારની માહિતી ઉપયોગમાં લેવામાં આવે છે. જેમ કે, ઐતિહાસિક સંશોધન હોય તો, જે તે સમસ્યાના સંદર્ભની ઐતિહાસિક બાબતો વિશેની માહિતીનો અભ્યાસ કરવો જરૂરી છે. વૈદિક અધ્યયન સ્વરૂપનો અભ્યાસ કરવો હોય તો વ્યક્તિના જીવન વિષય સ્થિતિનું કાર્ય કરે અભ્યાસ કરવો પડે. આ બધા જ પ્રકારના સંશોધનોનું કામ માહિતી વગર શક્ય નથી.તુલનાત્મક પ્રકારના સંશોધનોમાં પ્રથમ અભ્યાસમાં કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેનો પુનઃ તપાસ કરતા  પહેલાં, પોતાની પાસે માહિતી હોવી જરૂરી છે. મૂળ સંશોધન વિશેની માહિતી*

*સંશોધક પાસે હોય તો, તુલનાત્મક અભ્યાસો, વધારે પ્રમાણિત સ્વરૂપમાં થઈ શકે છે. તુલનાત્મક અભ્યાસ મહેનત માંગી લે તેવું કામ છે. જેમાં પહેલાની અને હાલની સ્થિતિ સાથે સરખામણી કરવામાં આવે છે.*

## 10.3 માહિતીના પ્રકાર





*સંશોધનમાં સવિશેષ ઉપયોગમાં લેવાતી માહિતીના બે પ્રકાર પાડવામાં આવે છે.*

**1. પ્રાથમિક માહિતી**

*ટૂંકમાં પ્રત્યક્ષ રીતે લેવામાં આવતી માહિતીને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે. દા.ત કોઈ સંશોધક બેરોજગારીની સમસ્યાઓનો ભોગ બનેલા યુવાઓનો અભ્યાસ હાથ ધરે છે. તો તેમની પાસેથી લેવામાં આવતી માહિતીને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે.*

*સંશોધનના ઉદ્દેશની અનુરૂપ સમાજકાર્યના ક્ષેત્રને અનુરૂપ મેળવેલ માહિતીને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે.*

**પ્રાથમિક માહિતી મેળવવાના સ્ત્રોતો**



**2. ગૌણ માહિતી એટલે શું ?**

*દ્વિતીય કક્ષાની માહિતીને ગૌણ માહિતી તરીકે ઓળખવામાં આવે છે.*

***પ્રો. રોબર્ટસન અને રાઈના*** *જણાવ્યા પ્રમાણે, "અન્ય હેતુ માટે એકઠી કરવામાં આવેલી, પરંતુ સંશોધન હેતુ માટે ઉપયોગમાં લેવાયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય."*

***પોલિંગ યંગના મતે,*** *" મૂળ સ્ત્રોતમાંથી સંપાદિત થયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય. આવી માહિતીનું પ્રકાશન કરનાર વ્યક્તિ તેમજ એકઠી કરનાર વ્યક્તિ જુદી જુદી હોય છે."*

*ટૂંકમાં ગૌણ માહિતી એ અગાઉથી એકત્રિત સ્વરૂપે મળતો એક દસ્તાવેજ છે. જેમાં વસ્તી ગણતરીના આંકડા પ્રાથમિક માહિતી છે. પરંતુ, તે આંકડાઓ સંશોધનના હેતુ માટે ઉપયોગમાં લેવાય ત્યારે તે ગૌણ બની જાય છે.*

## 10.4 ગૌણ માહિતીના સ્ત્રોતો :-

*ગૌણ માહિતી મુખ્યત્વે દસ્તાવેજી સ્ત્રોતમાંથી મળી રહે છે. બધા જ પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ લખાણોને દસ્તાવેજો કહેવામાં આવે છે. દસ્તાવેજો લેખિત સ્વરૂપમાં હોય છે, તે મેળવવા માટે સંશોધકી અભ્યાસ ક્ષેત્રમાં જવાની જરૂર નથી. દસ્તાવેજોને માહિતીના પરોક્ષ સ્ત્રોત તરીકે પણ ઓળખી શકાય.*

## 10.5 દસ્તાવેજોમાં સમાવિષ્ટ બાબતો :-

*સરકારી અહેવાલો, વર્તમાનપત્રો, હસ્તપ્રતો, આત્મકથાઓ, નિયમો, સામાયિકો, બિનસરકારી અહેવાલો, કાયદાઓ, ચલચિત્રો, આંકડાઓ, ડાયરી વગેરે આમ ગૌણ માહિતીના વિવિધ સ્ત્રોત છે. સંશોધન સમસ્યા અંગેની સંશોધન યોજનાની શરૂઆતથી જ સંશોધકે સમસ્યા સંબંધીત સાહિત્યનું અધ્યયન કરવું પડે છે. અને વિષય સંબંધિત મુદ્દાઓની સ્પષ્ટતા માટે ગૌણ માહિતીનો ઉપયોગ કરવાનો રહે છે. સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં ગૌણ માહિતીનું વિશેષ મહત્ત્વ છે. પ્રસ્તુત સંશોધન અંગે વિષયને અનુરૂપ કયા કયા અભ્યાસો થયેલ છે, તે અંગેનું અધ્યયન એ સંશોધક માટે દિશા અને નિર્દેશનનું કામ કરે છે. સંશોધન યોજનાને અનુરૂપ કામ કરવા માટે ગૌણ માહિતી પાયાનું કામ કરે છે.*

## 10.6 ઉપસંહારઃ-

*સામાજિક સંશોધનોમાં માહિતી સવિશેષ મહત્ત્વ ધરાવે છે. સંશોધન માટે ક્યાં ક્યાંથી માહિતી એકત્ર કરવામાં આવશે અને આ માહિતીનું સ્વરૂપ કેવું હશે તેમજ તે માહિતી કેવી રીતે મેળવવામાં આવશે તે બાબતોને ઝીણવટપૂર્વક વિચારવાનું, એક સંશોધક તરીકેનું કાર્ય ચીવટતા માંગી લે છે. જેમાં પ્રાથમિક અને ગૌણ માહિતી બંને પ્રકારની આ માહિતીનું એક આગવું મહત્ત્વ અને મૂલ્ય રહેલું છે. સંશોધક પોતાના અભ્યાસની જરૂરિયાતની મુજબ માહિતી મેળવી સંશોધનમાં તેનું અસરકારક રીતે ઉપયોગ કરવાની કુશળતા કેળવે છે.*

## 10.7 તમારી પ્રગતિ ચકાસો.

**1. માહિતીના મુખ્ય પ્રકારો જણાવો.**

*(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ*

**2. પ્રાથમિક માહિતી મેળવવાના માધ્યમો જણાવો.**

*(અ) નિરીક્ષણ* *(બ) અનુસૂચિ*

*(ક) મુલાકાત* *(ડ) ઉપરોક્ત તમામ*

**3. "અન્ય હેતુ માટે એકઠી કરવામાં આવેલી પરંતુ સંશોધન હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવેલી માહિતીને *ગૌણ* માહિતી કહેવાય." આ વ્યાખ્યા કોણે આપી છે.**

*(અ) ડેનિશ (બ) સ્ટીફન (ક) રોબર્ટસન (ડ) ઉપરોક્ત માંથી એક પણ નહીં.*

**4. પ્રાથમિક માહિતી__________________________ રીતે લેવામાં આવે છે.**

*(અ) પ્રત્યક્ષ* *(બ) પરોક્ષ*

*(ક) 'અ' અને 'બ' બંને (ડ) ઉપરોક્ત તમામ*

**5. જેની પાસેથી માહિતી લેવામાં આવે તેને કઈ માહિતી કહેવાય?**

*(અ) ઉપયોગી માહિતી* *(બ) બિન ઉપયોગી માહિતી*

*(ક) ગૌણ માહિતી* *(ડ) પ્રાથમિક માહિતી*

**6. ' મૂળ સ્ત્રોતમાંથી સંપાદિત થયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય આ વિધાન કોણે આપ્યું**

*(અ) ફ્રીડલેન્ડર* *(બ) પોલિન યંગ*

*(ક) ડોક્ટર વિલિયમ (ડ) ઉપરોક્ત માંથી એક પણ નહીં*

7. *ગૌણ માહિતીને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?*

*(અ) પ્રથમ કક્ષાની (બ) ઉચ્ચ કક્ષાની*

*(ક) દ્વિતીય કક્ષાની (ડ) ઉત્તમ કક્ષાની*

## 10.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1 *(અ) બે*
2 *(ડ) ઉપરોક્ત તમામ*
3 *(ક) રોબર્ટસન*
4 *(અ) પ્રત્યક્ષ*
5 *(ડ) પ્રાથમિક માહિતી*
6 *(બ) પોલિન યંગ*
7 *(ક) દ્વિતીય કક્ષાની*

## 10.9 ચાવીરૂપ શબ્દોઃ-

**માહિતી** : *માહિતી એ સંશોધન માટે ઉપયોગી તથ્યો, આંકડા, અને ડેટાનો સંગ્રહ છે. તે જાણકારી કે, જે સંશોધકને કોઈ ચોક્કસ વિષયને સમજવા અને વિશ્લેષણ કરવા માટે મદદ કરે છે. માહિતી બે પ્રકારની હોય છેઃ પ્રાથમિક* (Primary) *અને ગૌણ* (Secondary) *માહિતી.*

**સ્ત્રોત** : *સ્ત્રોત, એ તે જગ્યા કે સાધન છે, જ્યાંથી માહિતી મેળવવામાં આવે છે. સંશોધન માટેનાં સ્ત્રોતો માટે મુખ્ય બે શ્રેણીઓ છેઃ*

| | | |
|---|---|---|
| **પ્રાથમિક સ્ત્રોત (Primary Sources):** | : | *તે માહિતી, જે સીધી રીતે પ્રતિવાદી કે પ્રસંગથી એકત્ર થાય છે.* |
| **ગૌણ સ્ત્રોત (Secondary Sources):** | : | *તે માહિતી, જે પહેલાંથી જ ઉપલબ્ધ હોય છે, જેમ કે પુસ્તકો, લેખો અથવા રિપોર્ટ.* |
| **ગૌણ માહિતી** | : | *ગૌણ માહિતી એ પહેલાંથી જ પ્રકાશિત અથવા એકત્રિત માહિતી છે, જે બીજી સંસ્થાઓ કે સંશોધકો દ્વારા તૈયાર કરવામાં આવી હોય છે. ગૌણ માહિતીમાં પુસ્તકો, સરકારી રિપોર્ટ્સ, જર્નલ્સ, અને ઇન્ટરનેટ પર ઉપલબ્ધ સામગ્રીનો સમાવેશ થાય છે. આ માહિતીની મદદથી સંશોધક પોતાના સંશોધન માટે આધારભૂત પૃષ્ઠભૂમિ તૈયાર કરે છે.* |
| **પ્રાથમિક માહિતી** | : | *પ્રાથમિક માહિતી એ મૌલિક અને નવીન માહિતી છે, જે સંશોધક દ્વારા સીધી રીતે સંશોધન ક્ષેત્રમાંથી એકત્ર કરવામાં આવે છે. આમાં મુલાકાત, પ્રશ્નાવલિ, ઓબ્ઝર્વેશન  અને ફોકસ ગ્રુપ ચર્ચાનો સમાવેશ થાય છે. પ્રાથમિક માહિતી એવાં સંશોધનો માટે મહત્ત્વપૂર્ણ છે, જ્યાં તાજેતરનાં તથ્યો અને નવા આંકડા જોઈએ છે.* |

## 10.10 સ્વાધ્યાય લેખનઃ-

*સ્વાધ્યાય લેખન એ પોતાની જાતે અભ્યાસ કરીને તેની આધારે લખાણ તૈયાર કરવાની પ્રક્રિયા છે. તે સ્વતંત્ર અભ્યાસ અને વાંચન દ્વારા વિચારવાનો અને લખવાનો કાર્ય છે. આ પદ્ધતિથી વ્યક્તિ પોતાના વિષયમાં ઊંડાણપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરે છે. અને આ જ્ઞાનને લેખન દ્વારા વ્યક્ત કરે છે.*

1. *માહિતીની કોઈ એક વ્યાખ્યા આપીને તેના પ્રકારો વિશે વિગતે સમજાવો.*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

2. *પ્રાથમિક માહિતીનો અર્થ આપી તેના સ્ત્રોત વિશે વિગતે સમજાવો.*

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3. *ગૌણ માહિતી એટલે શું ? ગૌણ માહિતીના સ્ત્રોત જણાવો.*

.......................................................................
.......................................................................
.......................................................................

……………………………………………………………………………

……………………………………………………………………………

4. *પ્રાથમિક અને ગૌણ માહિતી વચ્ચેનો તફાવત ઉદાહરણ સાથે સ્પષ્ટ કરો.*

……………………………………………………………………………

……………………………………………………………………………

……………………………………………………………………………

……………………………………………………………………………

……………………………………………………………………………

## 10.11 કેસ સ્ટડી :-

*"ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની અવ્યવસ્થામાં સામાજિક અને આર્થિક પ્રભાવ"*

## 10.13 સંદર્ભ ગ્રંથ :-


1. Neuman, W. L. (2014). Social Research Mªhods: Qualitative and Quantitative Approaches. Pearson.
2. Sarantakos, S. (2005). Social Research. Palgrave Macmillan.
3. Creswell, J. W. (2014). Research Design: Qualitative, Quantitative, and Mixed Mªhods Approaches. SAGE Publications.
4. Patton, M. Q. (2002). Qualitative Research & Evaluation Methods. SAGE Publications.

**એકમ-11**

# સમાજકાર્ય સંશોધનમાં ક્ષેત્રકાર્ય પદ્ધતિ

**-: રૂપરેખા :-**

**11.0 અધ્યયનના હેતુઓ**

**11.1 પ્રસ્તાવના**

**1.3 ક્ષેત્રકાર્ય પદ્ધતિ પરિચય**

**1.4 ક્ષેત્રકાર્યમાં વપરાતી પદ્ધતિઓ અને તકનિકીઓ**

**1.5 ક્ષેત્રકાર્ય પદ્ધતિનો અર્થ, વ્યાખ્યા**

**1.6 ક્ષેત્રકાર્ય પદ્ધતિના પ્રકારો**

**11.7 ક્ષેત્રકાર્ય પદ્ધતિના લક્ષણો**

**11.8 ક્ષેત્રકાર્ય પદ્ધતિનું મહત્ત્વ**

**1.9 ક્ષેત્રકાર્ય પદ્ધતિના ઉદ્દેશો**

**11.10 ક્ષેત્રકાર્યમાં પડકારો**

**11.11 સમાજકાર્ય સંશોધનમાં ક્ષેત્રકાર્યની ભૂમિકા**

**11.12 ઉપસંહાર**

**11.13 તમારી પ્રગતિ ચકાસો**

**11.14 સ્વાધ્યાય લેખન**

## 11.0 અધ્યયનના હેતુઓ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે...*

- *વિદ્યાર્થીમાં ક્ષેત્રકાર્ય પદ્ધતિ પરિચય કેળવાશે.*
- *વિદ્યાર્થી સમુદાય સાથે તાદાત્મ્ય ભાવ કેળવાશે.*
- *સમુદાયના દરેક પ્રશ્નો નજીકથી સમજીને તેના સમાધાન સંદર્ભે સંશોધન વૃત્તિ વદ્યાર્થીમાં કેળવાશે.*
- *સમાજકાર્યની થીયરીને પ્રેક્ટિકલ સ્વરૂપે ક્ષેત્રકાર્યના સંદર્ભે સમજવાનો પ્રયત્ન કરશે.*

## 11.1 પ્રસ્તાવના

*સમાજકાર્ય સંશોધન એ માનવીય વર્તન, સમાજ અને સામાજિક સમસ્યાઓના અભ્યાસ અને વિશ્લેષણનો અભિગમ છે. આ સંશોધનમાં ક્ષેત્રકાર્ય* (Field Work) *પદ્ધતિ ખૂબ જ મહત્ત્વની પદ્ધતિ છે, કારણ કે તે સંશોધનકર્તાને યોગ્ય પરિસ્થિતિઓમાં વ્યક્તિઓ અને સમુદાયો સાથે સીધો સંપર્ક સાધવાની તક આપે છે. આ પદ્ધતિનો ઉપયોગ કરીને, સંશોધનકર્તા વિવિધ સામાજિક પરિવેશમાં સમાજની સ્થિતિ અને સમસ્યાઓનું મૂલ્યાંકન કરી શકે છે. સમાજકાર્યની ત્રણ પ્રત્યક્ષ અને ત્રણ ગૌણ પદ્ધતિઓમાં*

*સમુદાય અને સમાજ લઈ જવા માટે ક્ષેત્રકાર્ય પદ્ધતિ ખૂબ જ અગત્યની છે. ક્ષેત્રકાર્ય વગર સમાજકાર્ય વિષયની કલ્પના કરવી અશક્ય છે.*

## 11.3 ક્ષેત્રકાર્ય પદ્ધતિ પરિચય :-

*પરિભાષા: ક્ષેત્રકાર્ય પદ્ધતિ* (Field Work Method) *એ એક એવી સંશોધન પદ્ધતિ છે. કે જેમાં સંશોધક સમુદાયો, વ્યક્તિઓ અને સમાજ સાથે સીધી રીતે કાર્ય કરે છે. આ પદ્ધતિનો ઉપયોગ કરીને સંશોધક વાસ્તવિક પરિસ્થિતિઓ અને સામાજિક સમસ્યાઓને નિકટથી નિરખી શકે છે. અને પ્રાથમિક માહિતી એકત્ર કરી શકે છે. સમાજકાર્ય સંશોધનએ માનવીય વર્તન, સમાજ અને સામાજિક સમસ્યાઓના અભ્યાસ અને વિશ્લેષણનો અભિગમ છે. આ સંશોધનમાં ક્ષેત્રકાર્ય* (Field Work) *પદ્ધતિ ખૂબ જ મહત્ત્વની પદ્ધતિ છે, કારણ કે તે સંશોધનકર્તાને યોગ્ય પરિસ્થિતિઓમાં વ્યક્તિઓ અને સમુદાયો સાથે સીધો સંપર્ક સાધવાની તક આપે છે. આ પદ્ધતિનો ઉપયોગ કરીને, સંશોધનકર્તા વિવિધ સામાજિક પરિવેશમાં સમાજની સ્થિતિ અને સમસ્યાઓનું મૂલ્યાંકન કરી શકે છે.*

## 11.4 ક્ષેત્રકાર્યમાં વપરાતી પદ્ધતિઓ અને તકનિકીઓ :-

1. **પ્રશ્નાવલિ (Questionnaire):** *સ્પષ્ટ રીતે રચાયેલ પ્રશ્નોનો સંગ્રહ.*
2. **ફોકસ ગ્રુપ ડિસ્કશન (Focus Group Discussion):** 6-10 *લોકોની વચ્ચે ચર્ચા કરાવીને સામૂહિક માહિતી મેળવો.*
3. **નમૂના પસંદગી (Sampling):** *સંશોધનના એક મોટા જૂથમાંથી પ્રતિનિધિ નમૂના ચયન કરવું.*

## 11.5 ક્ષેત્રકાર્ય પદ્ધતિનો અર્થ, વ્યાખ્યા :-

*ક્ષેત્રકાર્ય* (Field Work) *એ એક એવી પદ્ધતિ છે. જેમાં સંશોધનકર્તા સીધો સામાજિક વાતાવરણમાં જઈને માહિતી એકત્ર કરે છે. તે સંશોધનકર્તાને એવિડન્સ આધારિત મૂલ્યનિર્ધારણમાં મદદરૂપ થાય છે.*

*ક્ષેત્રકાર્ય પદ્ધતિ* (Field Work Method) *એ સામાજિક સંશોધનમાં ઉપયોગમાં લેવાતી મહત્ત્વપૂર્ણ પદ્ધતિ છે, જેમાં સંશોધક પ્રાથમિક સ્તરે સીધી રીતે લોકો, સમુદાયો, અને સામાજિક સંજોગો સાથે સંપર્ક સાધીને માહિતી એકત્ર કરે છે. આ પદ્ધતિનો અર્થ એ છે. કે સંશોધક મેદાનમાં જઈને વાસ્તવિક પરિસ્થિતિઓને નિરખે છે. અને પ્રાથમિક માહિતી મેળવવા માટે વિવિધ સાધનો અને પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.*

## 11.6 ક્ષેત્રકાર્ય પદ્ધતિના પ્રકારો :-

1. **નિરીક્ષણ પદ્ધતિ (Observation Method):** *સંશોધક સામાજિક ઘટનાઓનું નિરીક્ષણ કરે છે. અને વર્તનશીલ તારણો કરે છે.*
2. **ઈન્ટરવ્યુ પદ્ધતિ (Interview Method):** *પ્રશ્નો દ્વારા વ્યક્તિગત માહિતી એકત્ર કરવી.*
3. **કેસ અભ્યાસ (Case Study Method):** *એક વ્યક્તિ અથવા જૂથના જીવનમાં ઘટી રહેલી ઘટનાઓનું વિશ્લેષણ.*
4. **સર્વેક્ષણ પદ્ધતિ (Survey Method):** *સમુદાયના લોકો સાથે ચર્ચા કરીને ડેટા એકત્ર કરવો.*

*ક્ષેત્રકાર્ય પદ્ધતિ, સામાજિક સંશોધનમાં મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે વાસ્તવિકતા પર આધારિત ડેટા એકત્ર કરીને વધુ નક્કી અને ઉપયોગી નિષ્કર્ષો પર પહોંચવા માટે મદદરૂપ છે.*

## 11.7 ક્ષેત્રકાર્ય પદ્ધતિના લક્ષણો

**પ્રાથમિક માહિતી (Primary Data):** *પ્રાથમિક માહિતી માટે સીધો સંબંધ.*

**વાસ્તવિક પરિસ્થિતિઓ (Real Situations):** *માહિતી વાસ્તવિક અને ગ્રાઉન્ડ પર આધારિત છે.*

**પ્રત્યક્ષ સહભાગિતા (Active Participation):** *સંશોધક સંશોધન ક્ષેત્રમાં સીધી રીતે જોડાય છે.*

**લંબાવેલ અભ્યાસ (Extended Study):** *કિસ્સાઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ અને લાંબા ગાળાનો અભ્યાસ.*

## 11.8 ક્ષેત્રકાર્ય પદ્ધતિનું મહત્ત્વ :-

**પરિબળોવિગત**

1. *વાસ્તવિક પરિસ્થિતિની સમજક્ષેત્રમાં જઈને પ્રત્યક્ષ અનુભવ મેળવવો, જે સંશોધકને વાસ્તવિક સંજોગો અને સમસ્યાઓ સમજવામાં મદદ કરે છે.*
2. *પ્રાથમિક માહિતી મેળવવી ક્ષેત્રકાર્ય પદ્ધતિમાં સંશોધકને તાજી માહિતી મળી શકે છે, જે વિજ્ઞાનાત્મક અભિગમ માટે મહત્ત્વપૂર્ણ છે.*
3. *સામાજિક સમસ્યાઓનું મૂલ્યાંકન સમાજમાં રહેલી સમસ્યાઓનું મૂલ્યાંકન ગ્રાઉન્ડ પર જઈને કરી શકાય છે, જેનો લાભ સ્થાનિક વિકાસ અને સુધારણા માટે થાય છે.*
4. *સંશોધકની પ્રત્યક્ષ સહભાગીતા સંશોધક સાથે સીધા લોકો, સમુદાયો, અથવા જૂથો સાથે સહભાગી થાય છે, જેનાથી વિશ્વસનીય માહિતી પ્રાપ્ત થાય છે. અને સંશોધકને વિસ્તૃત સમજ મળે છે.*
5. *સહાનુભૂતિ વિકાસ સામુદાયિક અભ્યાસથી સંશોધકમાં સમાજના નાગરિકો પ્રત્યેની સહાનુભૂતિ અને સંવેદનશીલતા વિકસે છે.*
6. *નવું જ્ઞાન અને નવી રીતે દૃષ્ટિ સંશોધક ક્ષેત્રકાર્ય દરમિયાન નવી પદ્ધતિઓ અને કાર્યપદ્ધતિઓ શોધી શકે છે, જે બાદમાં સંશોધન કાર્યમાં વધારો કરી શકે છે.*
7. *વ્યાવહારિક જ્ઞાન અને કુશળતા પ્રેક્ટિકલ અનુભવ મેળવવાથી સંશોધકના વર્તનશાસ્ત્ર અને વ્યાવસાયિક કુશળતામાં વધારો થાય છે, જે આદર્શ અને સુધારણા માટેના અભિગમને વિકસાવે છે.*
8. *કિસ્સા અભ્યાસ માટે ઉપયોગી વ્યક્તિગત કિસ્સાઓને અભ્યાસ કરીને તેમાંથી નક્કી કરેલા પ્રવાહો અને પદ્ધતિઓ મેળવવા માટે ક્ષેત્રકાર્ય પદ્ધતિ શ્રેષ્ઠ છે.*
9. *સ્થાનીક પરિસ્થિતિઓનું મૂલ્ય વિવિધ વિસ્તારોની વિશિષ્ટ સામાજિક અને આર્થિક સ્થિતિઓનો વિચાર કરીને સમાજના વિવિધ ઘટકના સમસ્યાઓને સરખાવવું અને સમાધાન શોધવું.*
10. *નીતિગત સુધારણા માટે માહિતી ક્ષેત્રકાર્યની જાણકારીનો ઉપયોગ કરીને સરકાર, એન.જી.ઓ, અને અન્ય સંસ્થાઓ નીતિ અને કાર્યક્રમોના ફોર્મ્યુલેશન અને સુધારણા માટે વ્યાવહારિક માહિતી મેળવી શકે છે.*

## 11.9 ક્ષેત્રકાર્ય પદ્ધતિના ઉદ્દેશો :-

*ક્ષેત્રકાર્ય પદ્ધતિ એ સામાજિક સંશોધનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, અને તેના મુખ્ય ઉદ્દેશો નિચેનાકીય રીતે સ્પષ્ટ કરી શકાય છે:*

**1. પ્રાથમિક માહિતી એકત્ર કરવી (Collecting Primary Data)**

*ક્ષેત્રકાર્ય પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ પ્રાથમિક સ્તરે ડેટા મેળવવાનો છે. સંશોધક લોકો અને સમુદાયો સાથે સીધો સંપર્ક સાધી અને વાસ્તવિક પરિસ્થિતિઓનો અભ્યાસ કરી શકે છે. આ વિધિઓથી નવી અને વાસ્તવિક માહિતી પ્રાપ્ત થાય છે, જે દસ્તાવેજી ડેટા પર આધાર રાખતી પદ્ધતિઓ કરતાં વધુ વિશ્વસનીય અને સાચી હોય છે.*

**2. વાસ્તવિક પરિસ્થિતિઓનો અભ્યાસ (Studying Real-Life Situations)**

*ક્ષેત્રકાર્ય પદ્ધતિ દ્વારા સંશોધક જીવિત પરિસ્થિતિઓમાં સીધો જોડાઈને સમાજની વાસ્તવિક સ્થિતિ અને તેના વાસ્તવિક ચિંતાઓનો અભ્યાસ કરી શકે છે. આ પદ્ધતિ લોકોની સમસ્યાઓ, વર્તનશીલતા, અને સંસ્કૃતિઓના મિજાજને સમજવામાં મદદ કરે છે.*

**3. સામાજિક સમસ્યાઓની ઓળખ (Identifying Social Problems)**

*ક્ષેત્રકાર્યનો એક ઉદ્દેશ એ છે. કે સમાજમાં ઉપસ્થિત વિવિધ સામાજિક સમસ્યાઓનું નિરીક્ષણ અને તેમના કારણોનું અભ્યાસ કરવું. આ પદ્ધતિ સંશોધકને લોકોની વર્તમાન સ્થિતિ, તેઓ સામનો કરતી મુશ્કેલીઓ અને તેનું મૂલ્યાંકન કરવા માટે વ્યાપક દ્રષ્ટિકોણ આપે છે.*

**4. પરિવર્તન માટેના ઉકેલો શોધવા (Finding Solutions for Social Change)**

*ક્ષેત્રકાર્યના માધ્યમથી પ્રાથમિક માહિતી અને સમસ્યાઓના આધાર પર નીતિ-માત્રક ઉકેલો શોધી શકાય છે, જે સમાજના નબળા વર્ગોના જીવનમાં સુધારો લાવશે. આ ઉદ્દેશ એ છે. કે સંશોધનના આધારે સમાજ માટે પ્રાયોગિક અને લાગુ કરી શકાય તેવા ઉકેલો રજૂ કરવામાં આવે.*

**5. સંશોધક અને સમુદાય વચ્ચે સહયોગ વધારવો (Enhancing Researcher-Community Cooperation)**

*આ પદ્ધતિનો એક મહત્ત્વનો ઉદ્દેશ સંશોધક અને સ્થાનિક સમુદાય વચ્ચે સહકાર અને પરસ્પર વિશ્વાસનું માળખું વિકસાવવું છે. સંશોધક લોકો સાથે સીધો સંપર્ક સાધે છે, જેનાથી લોકોએ પોતાની સમસ્યાઓ અને ચિંતાઓની વધુ સાચી અને નિખાલસ રીતે માહિતી આપવી.*

**6. વિજ્ઞાનાત્મક દ્રષ્ટિકોણથી ડેટાનો વિશ્લેષણ (Scientific Analysis of Data)**

*ક્ષેત્રકાર્ય પદ્ધતિનો એક ઉદ્દેશ વાસ્તવિક પરિસ્થિતિઓમાંથી મેળવેલી માહિતીનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરવો છે. આ પદ્ધતિ ડેટાને વિશ્લેષણાત્મક અને ગણનાત્મક રીતે પ્રસ્તાવિત કરે છે, જેથી સંશોધક સાચા પરિણામો મેળવી શકે.*

**7. કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા વધારવી (Increasing Validity and Reliability)**

*ક્ષેત્રકાર્ય પદ્ધતિ સંશોધનના ડેટાની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતામાં વધારો કરે છે, કારણ કે તે મૌખિક અને વર્તમાન ડેટા સીધા મેદાનમાંથી એકત્ર કરે છે. આથી સંશોધનનાં તારણો વધુ મક્કમ અને વાસ્તવિક હોય છે.*

**8. વિવિધતાઓનો અભ્યાસ (Studying Diversity)**

*ક્ષેત્રકાર્યનો એક ઉદ્દેશ વિવિધ સમાજો, જાતિ, વર્ણ, અને ધર્મોની વિવિધતાઓનું અભ્યાસ કરવાનો છે. આ પદ્ધતિના માધ્યમથી સંશોધક અલગ-અલગ પૃષ્ઠભૂમિ અને સંસ્કૃતિઓના લોકોનું વિશ્લેષણ કરી શકે છે.*

## 11.10 ક્ષેત્રકાર્યમાં પડકારો

*ક્ષેત્રકાર્ય પદ્ધતિ* (Field Work Method) *સમાજકાર્ય સંશોધનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે સંશોધકને વાસ્તવિક જીવન પરિસ્થિતિઓનું પ્રાથમિક અને સીધું મૂલ્યાંકન કરવાની તક આપે છે. જો કે, આ પદ્ધતિમાં વિવિધ પડકારો પણ સામેલ છે, જે સંશોધકની કામગીરીને પ્રભાવિત કરી શકે છે. આ પડકારોને વિગતે નીચે દર્શાવવામાં આવ્યા છે:*

**1. પ્રવેશ અને વિશ્વાસની અછત (Access and Trust Issues)**

*ક્ષેત્રકાર્યમાં સંશોધકને એ વિસ્તારમાં પ્રવેશ મેળવવો અને સ્થાનિક લોકોના વિશ્વાસ જીતવો મુશ્કેલ હોઈ શકે છે. ઘણા લોકો સંશોધકને અજાણ્યા અથવા શંકાસ્પદ તરીકે જોવે છે, જેનાથી તેઓ યોગ્ય માહિતી આપવા માટે તૈયાર ન હોય. વિશ્વાસ જીતવો અને સંબંધ બાંધવો એક લાંબી અને કઠિન પ્રક્રિયા હોઈ શકે છે.*

**2. ભાષા અને સાંસ્કૃતિક તફાવતો (Language and Cultural Barriers)**

*વિશેષ કરીને ગામડાઓ અને દૂરના વિસ્તારોમાં, સંશોધક અને સ્થળના રહેવાસીઓ વચ્ચે ભાષા અને સંસ્કૃતિનો તફાવત મોટો પડકાર બની શકે છે. સંશોધક માટે લોકોની ભાષા અને સાંસ્કૃતિક પદ્ધતિઓને સમજવું કઠિન બને છે, જેનાથી માહિતી સચોટ રીતે મેળવવામાં અવરોધ ઊભો થાય છે.*

**3. લોજિસ્ટિકલ પડકારો (Logistical Challenges)**

*દૂરસ્થ અથવા વિભાજીત વિસ્તારોએ સંશોધક માટે લોજિસ્ટિક્સના પડકારો ઊભા કરી શકે છે. એમાં જવા-આવવાની મુશ્કેલી, પારિવારિક સુવિધાઓનો અભાવ, અથવા સંશોધન માટે આવશ્યક સાધનોની અછતનો સમાવેશ થાય છે. આ કારણો સંશોધન પ્રક્રિયાને ધીમી અને કઠિન બનાવી શકે છે.*

**4. પ્રાથમિક માહિતીની ગેરવિશ્વસનીયતા (Unreliable Primary Data)**

*કેટલાક કિસ્સાઓમાં, સંશોધકને જે પ્રાથમિક માહિતી મળે છે, તે અપૂર્ણ અથવા ગેરવિશ્વસનીય હોઈ શકે છે. લોકો કેટલીકવાર સાચી માહિતી ન આપે, કથન છુપાવે, અથવા વિશેષ પરિસ્થિતિઓને ગોપ્ય રાખે છે. આ સંજોગોમાં સાચી માહિતી મેળવવી એક મોટો પડકાર હોય છે.*

**5. આર્થિક અને સમય મર્યાદાઓ (Financial and Time Constraints)**

*ક્ષેત્રકાર્ય પદ્ધતિમાં સંશોધકને લાંબા સમય સુધી એક સ્થળ પર રહેવું અને બહુવિધ ઈન્ટરવ્યૂ અને માહિતી સંગ્રહ કરવો પડે છે, જે ખર્ચાળ અને સમય-લગાડતી પ્રક્રિયા બની શકે છે. આ ઉપરાંત, મર્યાદિત સમય અને નાણાકીય સહાય સંશોધનના ફલિતોને પ્રભાવિત કરી શકે છે.*

**6. પ્રતિવાદી આકર્ષક ન હોવા (Non-Co-operation from Respondents)**

*કેટલાક કિસ્સાઓમાં, પ્રતિવાદીઓ સંશોધનમાં સહભાગી થવા માટે ઈચ્છુક ન હોઈ શકે. એ લોકોના સામાજિક મિજાજ, સરકાર અથવા સંશોધક પ્રત્યેના અભિગમ કે તેમના વ્યક્તિત્ત્વ પર આધાર રાખે છે. પ્રતિવાદી માટે આધારભૂત માહિતી પૂરી પાડવું મુશ્કેલ બને છે, જો તેઓ સંશોધન માટે સમર્થન ન આપે.*

**7. અનુકૂળતા અને અસામાન્યતા (Convenient and Abnormality)**

*કેટલાક સમયે, સંશોધક પોતે અનુકૂળતા દાખવે છે, જેનાથી સંશોધનના ફલિતો અસમાન્ય બની જાય છે. સંશોધકના પોતાના મંતવ્યો અને અનુભવો સંશોધન પર અસર કરી શકે છે, જેનાથી માહિતીમાં વૈજ્ઞાનિક નિષ્પક્ષતા ઘટી શકે છે.*

**8. સુરક્ષા અને આરોગ્યના જોખમો (Safety and Health Risks)**

*દૂરના અને વિકસિત વિસ્તારોમાં ક્ષેત્રકાર્ય કરતી વખતે સંશોધકને સુરક્ષા અને આરોગ્યના જોખમોનો સામનો કરવો પડી શકે છે. આમાં સ્થાનિક પરિસ્થિતિઓ, હવામાનની સમસ્યાઓ, કે રોગચાળો જેવા જોખમો સામેલ હોઈ શકે છે, જે સંશોધકની સલામતી માટે પડકારરૂપ બને છે.*

**9. માહિતીનો આકસ્મિક લોપ (Loss of Data)**

*મેદાનમાં માહિતી એકત્ર કરતી વખતે ડેટાની સુરક્ષા અને સાચવણીના પડકારો ઉભા થાય છે. ક્યારેક સાહિત્યિકનોંધો ખોવાઈ જાય છે, ટેકનિકલ ઉપકરણો નબળા પડે છે, અથવા ઈલેક્ટ્રોનિક ડેટા લપ્ત થઈ શકે છે.*

**10. આદેશિત અને પ્રભાવિત નમૂના (Ordered and affected samples)**

*ક્ષેત્રકાર્યમાં નમૂના પસંદગી પણ એક પડકાર બની શકે છે. ક્યારેક નમૂનાઓ પ્રભાવિત અથવા આગ્રહપૂર્વક પસંદ થાય છે, જે સંશોધનના પરિણામોને પ્રતિબિંબિત ન કરી શકે.*

## 11.11 સમાજકાર્ય સંશોધનમાં ક્ષેત્રકાર્યની ભૂમિકા :-

*સામાજિક સંશોધનમાં ક્ષેત્રકાર્યકર* (Field Worker) *એક મક્કમ અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પદ્ધતિમાં, સંશોધક અથવા ક્ષેત્રકાર્યકર લોકો, સમાજ, અને કોમ્યુનિટી સાથે સીધો સંપર્ક સાધે છે, વાસ્તવિક પરિસ્થિતિઓને પરખે છે, અને પ્રાથમિક માહિતી એકત્ર કરે છે. હેતુ એ છે. કે ક્ષેત્રકાર્યકર એ જાણે કે વાસ્તવિક જીવનના ચિંતાઓ અને સમસ્યાઓ શું છે. અને તેવા પરિણામો સામે લાવવા માટે જરૂરી ડેટા મેળવી શકે.*

*ક્ષેત્રકાર્યકરની ભૂમિકા વિવિધ પ્રકારના કાર્યોથી બનેલી છે, જે અહીં વિગતે સમજાવવામાં આવી છે:*

1. **પ્રાથમિક માહિતી એકત્ર કરવી (Collecting Primary Data)**

*ક્ષેત્રકાર્યકરનો મુખ્ય કામ જ તેનાથી શરૂ થાય છે. કે તે વાસ્તવિક ક્ષેત્રમાં જઈને પ્રાથમિક માહિતી એકત્ર કરે. આ માહિતી વ્યક્તિગત ઈન્ટરવ્યૂ, ફોકસ ગ્રુપ ડિસ્કશન, સર્વે, નિરીક્ષણ, અને અન્ય ફિલ્ડમેન્ટ પદ્ધતિઓનો ઉપયોગ કરીને પ્રાપ્ત થાય છે.*

2. **સમુદાય સાથે સીધો સંપર્ક સાધવો (Establishing Direct Contact with the Community)**

*ક્ષેત્રકાર્યકર સમુદાય સાથે નજીકથી સંકળાય છે. અને લોકોને તેમના વર્તન, સમાજ, સમસ્યાઓ અને આવકારને સારી રીતે સમજવા માટે સામાજિક મિશનના એક ભાગરૂપે માહિતી મેળવે છે. સમુદાયના સભ્યોને વાસ્તવિક જીવનની વાતો અને સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થાય છે.*

3. **વિશ્વાસ અને સંબંધ બાંધવો (Building Trust and Rapport)**

*ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા અને માહિતી મેળવવા માટે, ક્ષેત્રકાર્યકર અને સામાજિક સમુદાય વચ્ચે વિશ્વાસ અને સારા સંબંધ બાંધવો જરૂરી છે. ક્ષેત્રકાર્યકરે જો લોકોના વિશ્વાસ જીત્યા વગર માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો તો યોગ્ય અને સચોટ માહિતી મળવાની શક્યતા ઓછી રહે છે.*

4. **સંશોધક અને પ્રતિવાદી વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરવું (Acting as a Mediator Between Researcher and Respondents)**

*સંશોધક અને પ્રતિવાદી વચ્ચે તે મધ્યસ્થી તરીકે કામ કરે છે. સંશોધકનું કામ સૂક્ષ્મ અને વ્યાવસાયિક બનાવવા માટે, ક્ષેત્રકાર્યકર એ લોકોના અનુભવને સંશોધક સુધી પહોંચાડે છે. અને સંશોધકની દરખાસ્તને પ્રતિવાદી સુધી.*

5. **ક્ષેત્રમાં માહિતીનું વિશ્લેષણ કરવું (Analyzing Data in the Field)**

*પ્રાથમિક માહિતી એકત્ર કર્યા પછી, ક્ષેત્રકાર્યકર વિસ્તૃત નિરીક્ષણ અને વ્યવહારિક અનુભવનો ઉપયોગ કરીને ડેટાનું પૂર્વ વિશ્લેષણ કરે છે. તે વાસ્તવિક માહિતીના અવલોકન, અનુમાન અને વર્તનશીલતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.*

6. **સ્થાનિક પરિસ્થિતિઓને સમજવી (Understanding Local Contexts and Dynamics)**

*ક્ષેત્રકાર્યકરે સ્થાનિક પરિસ્થિતિઓ અને સામાજિક ગતિશીલતાઓની સંપૂર્ણ સમજ મેળવવી જરૂરી છે. તે સંશોધનના પરિણામો પર સીધા અસર કરે છે. તે સમજવા માટે કે વિવિધ સામાજિક ગ્રૂપ્સ કેવી રીતે બેહેવ કરે છે, સમાજની આંતરિક સામાજિક મસમોટો અને રાજકીય ઘટકો કેવી રીતે પ્રભાવિત કરે છે, મહત્ત્વનું છે.*

7. **સંકલન અને માર્ગદર્શન (Co-ordination and Guidance)**

*ક્ષેત્રકાર્યકર સંશોધક અને સંશોધન ટીમ માટે સંકલક અને માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. તે સમયે-સમે માહિતી એકત્રિત કરવા અને સંશોધન પ્રક્રિયાની પુર્ણતા સુધી તમામ કાર્યક્ષમતા જાળવી રાખે છે.*

**8. પડકારોનો સામનો કરવો (Facing Challenges and Overcoming Barriers)**

*ક્ષેત્રકાર્યકરનો એક મહત્ત્વપૂર્ણ ભાગ એ છે. કે તે મેદાનમાં આવતા વિવિધ પડકારો, જેમ કે ભાષા અને સંસ્કૃતિના તફાવતો, લોકોનો અવિશ્વાસ, સુરક્ષા કે આરોગ્યની સમસ્યાઓનો સામનો કરે. તે તમામ રુકાવટો દૂર કરી નાણાકીય અને સમયની મર્યાદાઓ વચ્ચે કાર્ય કરવાનું હેતુ ધરાવે છે.*

**9. સ્થાનિક સંસાધનોનું યોગ્ય વપરાશ (Utilizing Local Resources)**

*ક્ષેત્રકાર્યકર ક્ષેત્રના સંસાધનોને યોગ્ય રીતે વાપરી શકવો જોઈએ. તે લોકલ લોકો અને માળખાંઓ સાથે મળીને સંશોધનના કાર્યને આગળ વધારવા માટે પ્રયત્નશીલ રહે છે.*

**10. સંશોધનના પરિણામોને પ્રભાવિત કરવું (Influencing the Outcomes of Research)**

*ક્ષેત્રકાર્યકર દ્વારા જરુરિયાત મુજબથી એકત્ર કરેલી માહિતી અને વ્યક્તિગત મંતવ્યો સંશોધનના અંતિમ પરિણામોને પ્રભાવિત કરી શકે છે. તેમનું કામ તે સાબિત કરે છે. કે તદ્દન માહિતી માત્ર અધ્યયન માટે નહીં પરંતુ સમાજના વિકાસ અને સુધારા માટે પણ ઉપયોગી હોય.*

## 11.12 ઉપસંહાર :-

*ક્ષેત્રકાર્યકર સમાજકાર્ય સંશોધનમાં એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેનાથી વાસ્તવિક જીવનની સમસ્યાઓ અને ચિંતાઓ વિશે સમજૂતી મેળવી શકાય છે. ક્ષેત્રકાર્યકરની પ્રવૃત્તિઓ સંશોધનને વધુ સચોટ, વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં સહાય કરે છે, જે સામાજિક વિકાસ અને સમુદાય માટે ઉપયોગી બની શકે. ક્ષેત્રકાર્ય પદ્ધતિ સંશોધનમાં મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તેમાંનો દરેક પડકાર સંશોધકની કાર્યક્ષમતા અને ફલિતોને પ્રભાવિત કરી શકે છે. આ પડકારો જોતાં, સંશોધકને લવચીકતા, ધીરજ, અને સમસ્યાઓનો સામનો કરવાની તૈયારી હોવી જરૂરી છે.*

## 11.13 તમારી પ્રગતિ ચકાસો :-

1. *ક્ષેત્રકાર્ય પદ્ધતિ શું છે?*

   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................

2. *ક્ષેત્રકાર્ય પદ્ધતિના મુખ્ય ઉદ્દેશ શું છે?*

   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................

3. *ક્ષેત્રકાર્ય પદ્ધતિનો મુખ્ય લાભ શું છે?*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

4. *ક્ષેત્રકાર્ય પદ્ધતિના કેટલા પ્રકાર છે?*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**1 ક્ષેત્રકાર્ય પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ શું છે?**

a) *કાગળના રિપોર્ટ્સનો વિશ્લેષણ*
b) *પ્રતિવાદીઓ પાસેથી પ્રાથમિક માહિતી એકત્ર કરવી*
c) *ગૌણ માહિતીનો ઉપયોગ કરવો*
d) *અવલોકન કરવાનું ટાળવું*

*જવાબ:* b) *પ્રતિવાદીઓ પાસેથી પ્રાથમિક માહિતી એકત્ર કરવી*

**2 ક્ષેત્રકાર્ય પદ્ધતિમાં મુખ્ય કયા સાધનોનો ઉપયોગ થાય છે?**

a) *ગૌણ માહિતીના રિપોર્ટ્સ*
b) *ઈન્ટરનેટ આધારિત સરવેઝ*
c) *અભિનય અને નાટક*
d) *મૂલ્યાંકન, ઈન્ટરવ્યૂ, અને અવલોકન*

*જવાબ:* d) *મૂલ્યાંકન, ઈન્ટરવ્યૂ, અને અવલોકન*

**3 પ્રાથમિક માહિતી કઈ પદ્ધતિ દ્વારા મેળવી શકાય છે?**

a) *પુસ્તક વાંચન*
b) *પત્રકારિતાના લેખો*
c) *ઈન્ટરવ્યૂ અને સર્વે*
d) *ફોટોગ્રાફી*

*જવાબ:* c) *ઈન્ટરવ્યૂ અને સર્વે*

**4 ક્ષેત્રકાર્ય પદ્ધતિ કઈ છે?**

a) *ડેસ્કટોપ પર શોધ*

b) *ફિલ્ડમાં જઈને માહિતી એકત્ર કરવી*
c) *ન્યૂઝપેપર વાંચન*
d) *લાઈબ્રેરીમાં અભ્યાસ*

*જવાબ:* b) *ફીલ્ડમાં જઈને માહિતી એકત્ર કરવી*

**5 કઈ પદ્ધતિમાં સંશોધક સંજોગો અને લોકોનું નિરીક્ષણ કરીને માહિતી મેળવે છે?**

a) *ઈન્ટરવ્યૂ*
b) *ઓબ્જર્વેશન (નિરીક્ષણ)*
c) *ક્વેશ્ચનિયર*
d) *રિપોર્ટ લખાણ*

*જવાબ:* b) *ઓબ્જર્વેશન (નિરીક્ષણ)*

**6 ફીલ્ડ વર્ક પદ્ધતિનો શું ખ્યાલ છે?**

a) *તેનોકરી શોધવાનો માર્ગ છે*
b) *એનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક સંશોધનમાં થાય છે*
c) *એ તે પદ્ધતિ છે, જેમાં સંશોધક લોકો સાથે સીધો સંપર્ક કરે છે*
d) *તે માત્ર એક કાગળ આધારિત કાર્ય છે*

*જવાબ:* c) *એ તે પદ્ધતિ છે, જેમાં સંશોધક લોકો સાથે સીધો સંપર્ક કરે છે*

**7 ક્ષેત્રકાર્ય પદ્ધતિમાં કયા પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવે છે?**

a) *ગૌણ માહિતી*
b) *સમ્પાદિત માહિતી*
c) *પ્રાથમિક માહિતી*
d) *ઈન્ટરનેટ માહિતી*

*જવાબ:* c) *પ્રાથમિક માહિતી*

**8 ક્ષેત્રકાર્ય પદ્ધતિના મુખ્ય ઘટક કયા છે?**

a) *ટેકનિકલ વિશ્લેષણ*
b) *ફિલ્ડ મૅપિંગ અને અવલોકન*
c) *ઓનલાઈન ડેટા વિશ્લેષણ*
d) *સામાજિક મીડિયા સર્વે*

*જવાબ:* b) *ફીલ્ડ મૅપિંગ અને અવલોકન*

**9 ક્ષેત્રકાર્ય પદ્ધતિ ક્યારે પ્રાયોગિક હોય છે?**

a) *જ્યારે ગૌણ સ્ત્રોતો ઉપલબ્ધ હોય*

b) *જ્યારે વાસ્તવિક પરિસ્થિતિમાં લોકોના વર્તનને સમજવું હોય*
c) *જ્યારે ફિલ્ડ વિઝિટ ન થાય*
d) *જ્યારે માત્ર તથ્યોની જરૂર હોય*

*જવાબ:* b) *જ્યારે વાસ્તવિક પરિસ્થિતિમાં લોકોના વર્તનને સમજવું હોય*

**10 ક્ષેત્રકાર્યમાં મળેલી પ્રાથમિક માહિતીનું મુખ્ય લક્ષણ શું છે?**

a) *તે મૌલિક અને નવો ડેટા છે*
b) *તે જૂનો ડેટા છે*
c) *તે તબીબી માહિતી છે*
d) *તે એક પત્રકારનો લેખ છે*

*જવાબ:* a) *તે મૌલિક અને નવો ડેટા છે*

## 11.14 સ્વાધ્યાય લેખન

1 *સમાજકાર્ય સંશોધનમાં ક્ષેત્રકાર્યકરની ભૂમિકા વિગતે સ્પષ્ટ કરો.*

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

2. *ક્ષેત્રકાર્ય પદ્ધતિનું મહત્ત્વ વિગતે સ્પષ્ટ કરો.*

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

3. *ક્ષેત્રકાર્યમાં વપરાતી પદ્ધતિઓ અને તકનિકીઓ વિષે જણાવો.*

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

## 11.15 કેસ સ્ટડી

1. *જાતિભેદ અને ગ્રામીણ વિસ્તારોમાં સમાજના પરિપ્રેક્ષ્યમાં પ્રાથમિક શિક્ષણ*

2. *મહિલા સ્વસહાય જૂથોની આર્થિક સ્વતંત્રતા પર અસર*

## 11.16 સંદર્ભ ગ્રંથ :-


1. *'કોથારી, સી. આર.',* 'year': '2004', "title": *'શોધ પદ્ધતિઓ અને તકનીકો',* "publisher": "New Age International",
2. *'અહમદ, આર.',* 'year': '2009', 'title': *"સામાજિક સંશોધનમાં ક્ષેત્રકાર્ય અને મૂલ્યાંકન પદ્ધતિઓ",* "publisher": "University Press",
3. *'પંડ્યા, આર.વી.',* 'year': '2019', 'title': *'ક્ષેત્રકાર્ય પદ્ધતિઓના આધારે સામાજિક સમસ્યાઓનું મૂલ્યાંકન',* 'publisher': 'Gujarat University Press',

| એકમ-12 | સમાજકાર્ય સંશોધનમાં ગ્રંથાલય |
|---|---|

-: રૂપરેખા :-

**12 .0 હેતુઓ**

**12.1 પ્રસ્તાવના**

**12 .3 સંશોધનના અર્થ અને મહત્ત્વ**

**12 .4 સમાજકાર્ય સંશોધનના અર્થ અને હેતુઓ**

**12 .5 સંશોધનમાં માહિતીનો અર્થ અને સ્તોત્ર**

**12 .6 સમાજકાર્ય સંશોધનના ગ્રંથાલયનું મહત્ત્વ**

**12 .7 તમારી પ્રગતિ ચકાસો**

**12.8 ઉપસંહાર**

**12 .9 તમારી પ્રગતિ ચકાસોના જબાબો**

**12 .10 ચાવીરૂપ શબ્દ**

**12 .11 સ્વાધ્યાય લેખન**

**12 .12 સંદર્ભ ગ્રંથ**

## 12 .0 હેતુઓ

*આ એકમના અભ્યાસ કર્યા પછી,*

1. *વિદ્યાર્થીઓને સંશોધન વિશેની પાયાની જાણકારી પ્રાપ્ત થશે.*
2. *વિદ્યાર્થીઓને સમાજકાર્ય સંશોધનનું મહત્ત્વ સમજી શકેશો.*
3. *વિદ્યાર્થીઓને માહિતીની સ્તોત્ર વિષે સમજી શકશો.*
4. *વિદ્યાર્થીઓને ગ્રંથાલયનો મહત્ત્વ સમજી શકશો.*

## 12.1 પ્રસ્તાવના

*સમગ્ર માનવજીવનની પ્રગતિના મૂળ સંશોધનમાં રહેલાં છે. આદિમાનવથી આધુનિક માનવ તરફના પ્રયાસમાં આપણને સંશોધનની ઉપયોગિતા અંગેનો ખ્યાલ આવે છે. ટૂંકમાં આદિમાનવથી લઈ આધુનિક માનવ તરફ પ્રયાસ કરીએ તો જરુરીતાયોના આધારે જુદાજુદા પ્રકારના જ્ઞાનનું સર્જન થયું છે. સમાજકાર્ય ક્ષેત્રમાં સંશોધન ખૂબજ જરૂરી છે. સામાજિક સમસ્યાઓના વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમાજકાર્યમાં અભ્યાસ થાય અને સામાજિક સમસ્યોના ઉકેલ થાય તે જરૂરી છે. ભાવિ સામાજિક કાર્યકરો સંશોધનમાં ક્ષેત્રે સજ્જ બની શકે તે માટે અભ્યાસ ક્રમમાં સમાજકાર્ય સંશોધનની વિસ્તૃત વિભાવના સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.*

*પ્રસ્તુત એકમમાં સમાજકાર્ય સંશોધન અને સામાજિક સંશોધન વિશેની સમજણ સ્પષ્ટ કરવામાં આવેલ છે. પછી માહિતી એકત્રીકરણની જુદીજુદી પદ્ધતિયો વિશેનો ખ્યાલ આપવામાં આવેલ છે. સંશોધનમાં ગ્રંથાલય પદ્ધતિનો વિશેષ મહત્ત્વ છે. એના આધારે સંશોધકને એક દિશા મળે છે. આ*

*એકમમાં સમાજકાર્ય સંશોધન વિશે માહિતી આપેલી છે. અને સમાજકાર્ય સંશોધનમાં ગ્રંથાલયોની ઉપયોગિતા બતાવોનું પ્રયત્ન કર્યા છે.*

## 12 .3 સંશોધનના અર્થ અને મહત્ત્વ

*સંશોધન એ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. સંશોધન એટલે શોધ અથવા તપાસ. કોઈપણ ક્ષેત્રની ઉપયોગિતા વધારવા માટે સંશોધન જરૂરી છે. સંશોધન એ પાયારૂપ બાબત છે. કોઇપણ વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત હંમેશા જિજ્ઞાસાથી થાય છે. જ્ઞાન માટે સંશોધાકમાં જિજ્ઞાસાવૃત્તિ હોવી જરૂરી છે. સંશોધન એ વૈજ્ઞાનિક બાબત છે. કોઈપણ સંશોધકે નવું સંશોધનકાર્ય હાથ ધરતાં પહેલાં સંશોધન અંગેની વિસ્તૃત સમજણ અને જાણકારી મેળવવી જરૂરી છે.*

1) *અમુક પુસ્તક વાંચવું કે લખવું તે સંશોધન નથી .*
2) *માહિતી માટે ભાગદોડ કરવી, દોડાદોડ કરવી તે સંશોધન નથી.*
3) *વાસ્તવમાં સંશોધન એ એક વ્યવસ્થિત પૂછપરખ છે. નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન. 'પદ્ધતિસર શબ્દ' વૈજ્ઞાનિક પદ્ધતિનો સૂચક છે.સંશોધનની શરૂઆત હમેશા અમુક પ્રકારના પ્રશ્નો, સવાલો કે સમસ્યાથી થાય છે.*

*દા.ત.- સૂર્ય ઉનાળાનાં દિવસોમાં શિયાળા કરતા શા માટે વધુ સમય દેખાય છે?*

4) *ફળો હંમેશા આકાશમાં તરવાના બદલે શા માટે નીચે પડે છે?*
5) *વરસાદ ચોમાસાના બદલે વર્ષમાં ગમે ત્યારે કેમ પડે છે.?*

*આમ, ક્યાં ? ક્યારે ? શું? કેમ થાય છે? વગેરે પ્રકારના અઘરા અને અટપટા સવાલોના જવાબો એવા હોવા જોઈએ કે, જેના દ્વારા પ્રાકૃતિક જાગતમાં નિરીક્ષણ કે પ્રયોગો મારફતે જરૂરી માહિતી મળી શકે.*

*મનુષ્યના સર્જનથી માંડી તેની કાળક્રમે થયેલી પ્રગતિને જોવાના પ્રયત્ન કરી એ તો વિજ્ઞાન વિશેનો આપણને ખ્યાલ મળી શકે. મનુષ્ય અને પર્યાવરણને ખૂબ નજીકનો સંબધ છે. મનુષ્યના જેમ-જેમ વિકાસ કરતો ગયો તેમ-તેમ તે પોતાની આસપાસના પર્યાવરણને ઓળખતો ગયો છે, સમજતો ગયો છે. પહેલા માણસ રખડતું અને ભટકતું જીવન જીવ્યા. પછી સ્થાયી જીવનનું શોધ કર્યું અને ખેતીની શરૂઆત કરાઈ. આમ, આદીમાનવથી આધુનિક માનવ બનવાના પ્રયાસમાં ક્રમશ; સમજીએ તો શોધ, સંશોધનના ખ્યાલ જોવાનું મળે. સંશોધન દ્વારા કોઈપણ સમસ્યાનો સંબધિત ઉકેલ મેળવામાં આવે છે.*

*રેડ્મન અને મેરી અનુસાર, " નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન"*

*પણ કેટલાક સવાલોના જવાબો ફક્ત માહિતીના આધારે આપી શકતા નથી. કારણ કે, તે સવાલોમાં મૂલ્ય અને માહિતી બનેનો સમાવેશ થાય છે. દા.ત. શું સરકારે ફરજીયાત આરોગ્ય વિમાની યોજના દાખલ કરવી જોઈએ? આમ, આ પ્રકારના સવાલોના જવાબ મેળવામાં માટે ઘણી મથામણ કરવી પડે છે. આ સવાલોમાં મુલ્યો તથા માહિતી બનેનો સમાવેશ થાય છે. આ પ્રકારને સવાલોના જબાબ મળવા માટે સામાજિક સંશોધનની જરૂરિયાત છે.*

*સામાજિક સંશોધન એ સામાજિક ઘટનાઓ અને સામાજિક બનાવોના અભ્યાસ કરે છે. પછી પ્રત્યેક ઉકેલને પદ્ધતિસર રીતે તેના સારા- ખરાબ પાસાંઓની તુલના કરી, કયો ઉકેલ વ્યક્તિ અને સમાજના હિતમાં છે, તે નક્કી કરવામાં આવે છે. આ સમસ્યાના વૈજ્ઞાનિક ઉકેલ અંગેની પદ્ધતિ છે.*

**પોલીન યંગ** *કહે છે, સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પદ્ધતિસરની વડે નવી હકીકતો શોધવાનું કે જૂની હકીકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનું, આ હકીકતોની ક્રમબદ્ધતા તેમની વચ્ચેના પારસ્પરિક સંબધો અને કાર્યકારણની સમજૂતી આપવાનું તેમજ માનવ વર્તનને વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતા નવા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંત વિકસાવવાનો ધ્યેયો ધરાવે છે.*

**યંગ અને મેજરના** *મતે, "સામાજિક સંશોધનમાં નવા તથ્યોના શોધની સાથે જૂના તથ્યો અને સિન્ધાંતોની પણ ચકાસણી કરવામાં આવે છે. સામાજિક સંશોધન માનવીય ક્રિયાઓ અથવા સામાજિક સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે. અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારી સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે. અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારી સંબધો સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે."*

## 12 .4 સમાજકાર્ય સંશોધનના અર્થ અને હેતુઓ

*માનવીય દર્શન અને જ્ઞાનપ્રાપ્તિ એ સમાજકાર્યનો પાયો છે. માનવ જ્યાં વસવાટ કરે છે. તેની આજુબાજુના પર્યાવરણને જાણવાનો પ્રયાસ કરે છે, આ ખૂબ જ પાયાની બાબત છે. સંશોધનના માધ્યમથી સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવે છે. માનવજીવનના વિવિધ ક્ષેત્રની પ્રગતિના મૂળ, સંશોધનમાં રહેલા છે. સંશોધનો એ માનવને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘણી મદદ કરી છે. નવા જ્ઞાનનું સર્જન, સમસ્યાનો ઉકેલ મેળવવા અને વિવિધ પરિબળો વચ્ચે સંબધો પ્રસ્થાપિત કરવા એ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. માનવીય પ્રશ્નોમાંથી જુદી-જુદી સમસ્યાનો જન્મ થાય છે.*

*સંશોધક જયારે કોઈ સમસ્યાનું સંશોધન માટે પસંદગી કરે છે. ત્યારે તે સમસ્યા કોઈને કોઈ ક્ષેત્રને સાથે સ્પર્શતી હોય છે. એટલે કે પ્રત્યેક સંશોધન કોઈ ચોક્કસ ક્ષેત્રને સ્પર્શતું હોય છે. સંશોધન પ્રક્રિયાનું પાયાનું સોપાન એ સંશોધન ક્ષેત્રની પસંદગીનું છે. સમાજકાર્ય સંશોધનમાં સંદર્ભમાં સમાજકાર્ય સંશોધાનના વિવિધ ક્ષેત્રો વિશેનો પરિચય કરવો જરૂરી છે.*

*સમાજકાર્ય પોતાની વ્યાવસાયિક સેવાઓ પ્રદાન કરે છે, ત્યારે તેને વ્યાવસાયિક સેવા વિશેની સમજણ પ્રાપ્ત કરવી જરૂરી બની રહી છે. સમાજજીવનની જ જુદી-જુદી જરૂરિયાતના સંદર્ભમાં સંશોધન થવું જરૂરી છે. માનવી એક સામાજિક પ્રાણી છે. કુટુંબ, શાળા, રાજ્ય . દેશ વગેરે સમાજના વિવિધ એકમો છે. વિદ્યાર્થીઓ સમાજનો જ એક ભાગ છે. માટે વિદ્યાર્થી શાળા અને સમાજ સાથે તાદાત્મ્ય સાધે તે જરૂરી છે. શિક્ષણ સમાજને જાણવા અને સમજવા માટે સંશોધનના જુદા-જુદા ક્ષેત્રો ઉપર સંશોધન થવું જરૂરી છે. શીખવું અને અંતરક્રિયા કરવી એ માણસના વર્તનનો એક મહત્ત્વનો ભાગ છે. સમાજમાં વિવિધ ખ્યાલો અને માન્યતાઓ, સામાજિક સંસ્થાઓ વિશે અભ્યાસ, શિક્ષણ અને ધર્મ, લઘુમતી અને પછાત સમુદયોનું શિક્ષણ, ગુનાહિત માનસ, સ્ત્રીશિક્ષણ વગેરે સંશોધાન પેટા ક્ષેત્રો ગણાવી શકાય. આ મુદ્દે પાયાનું સંશોધન થવું જરૂરી છે. સમાજકાર્યકર જુદાજુદા ક્ષેત્રે કાર્યરત હોય છે. પોતે જુદાજુદા પ્રકારની જરૂરિયાતમંદોને સેવા આપ્યા બાદ, આ સેવા વિષયક સેવાર્થીઓના શું પ્રતિભાવો છે. તેના*

*વિશેની જાણકારી મેળવવી જરૂરી છે. ટૂંકમાં, વિવિધ સેવાઓનું મુલ્યાંકન કરવું જરૂરી છે. મુલ્યાંકનના અંતે સેવાઓ વિશેના સારા-ખરાબ અભિપ્રાયો કાર્યકરોને જાણવા મળે છે. જેના પરિણામે મૂલ્યાંકનના અંતે સેવાઓને ભવિષ્યમાં વધારે બળવત્તર બનાવી શકાય છે.*

*સમાજકાર્ય સંશોધન એ એક વિધિ છે. જુદી-જુદી સામાજિક ઘટનાઓ અથવા સમસ્યાઓના કારણો, આંતરસંબધો અને તેમાં પ્રક્રીયાએના અભ્યાસ, નિદાન, વિશ્લેષણ કરવામાં આવે છે. સામાજિક સંશોધનમાં કેવળ નવીન તથ્યોની જ ચકાસણી નથી કરવામાં આવતી; પરંતુ જૂના તથ્યો અને સિદ્ધાંતોને પણ ચકાસવામાં આવે છે. સામાજિક સંશોધનના મહત્ત્વને, સંશોધનની યથાર્થતા અને તેની વ્યવહાર ઉપયોગિતા વડે માપી શકાય છે. સામાજિક સમસ્યાઓની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમાજકાર્યમાં અભ્યાસ થાય અને સામાજિક સમસ્યાઓ માટે તે જરૂરી છે. ભાવિ સામાજિક કાર્યકરો, સંશોધનનાં ક્ષેત્રે સજ્જ બની શકે તે માટે અભ્યાસક્રમમાં સમાજકાર્ય સંશોધનની વિસ્તૃત વિભાવનાને સમાજવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.*

*સમાજકાર્ય સંશોધન વિશેની વિસ્તૃત સમજણ માટે નીચેની વ્યખ્યાઓ ઉપરથી સ્પષ્ટ કરી શકાય.*

1. **ફ્રિડલેન્ડરઃ** *"સમાજકાર્યનું જ્ઞાન, કુશળતાઓ, પદ્ધતિઓ, વિભાવનાઓ, સિદ્ધાંતોની તપાસ, સામાન્યીકરણ અને તેનો વિસ્તાર કરવા માટે સમાજકાર્યની પદ્ધતિઓની વિવિધતાની, ટીકાત્મક તપાસ અને વૈજ્ઞાનિક પરીક્ષણ એટલે સમાજકાર્ય સંશોધન."*
2. **જીનેલ :** *"સમાજકાર્ય સંશોધન એ વ્યવસ્થિત પદ્ધતિસરની હેતુ પૂર્ણ તપાસ છે. જેમાં વ્યક્તિ,જૂથ કે સમુદાયની સમસ્યાઓને ઉકેલવામાં અને તેની પ્રત્યક્ષ કે વ્યવહાર કરવામાં નવા જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે છે."*
3. **નેશનલ એસોસિએશન ઓફ સોશિયલ વર્ક :** *"સમાજકાર્ય સંશોધનમાં પ્રશ્નો, સમસ્યાઓ કે તથ્યોની તપાસ કરવામાં આવે છે કે, જે સમાજકાર્ય ની પ્રક્રિયા દરમિયાન ઊભી થાય છે, જે સંશોધનના માધ્યમથી ઉકેલવા યોગ્ય હોય છે."*
4. **મેક ડોનાલ્ડઃ** *"સમાજકાર્ય સંશોધનમાં એવી સમસ્યાઓ હાથ ધરવામાં આવે છે કે, જે સમાજકાર્યની પ્રક્રિયા દરમ્યાન ઊભી થાય છે. જેને સંશોધનના માધ્યમથી ઉકેલવામાં આવે છે. તેમજ સમાજકાર્યના મૂળતત્ત્વો સાથે તેનું વિશ્લેષણ, અન્વેષણ અને પૃથક્કરણ કરવામાં આવે છે."*
5. **સુરેન્દ્રસિંહ :** *"સમાજકાર્ય સંશોધન એ સમાજકાર્ય વ્યવસાય દ્વારા કવામાં આવતી કામગીરી દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતી સહાયક પદ્ધતિ છે. જે સમાજકાર્યની અન્ય પદ્ધતિઓની અસરકારકતા વધારવા માટે, સમાજકાર્ય સંબધી માન્યતાઓ, ધારણા સંબંધિત માહતીને ઉપકલ્પનાના રૂપમાં અને ત્યારબાદ પરીક્ષણ કરેલ જ્ઞાનના રૂપમાં સતત પરિવર્તિત કરાનો પ્રયાસ કરે છે. અને પરિવર્તન કરે છે."*
6. **રિમલ :** *"સમાજકાર્ય સંશોધન વ્યવહારિક સમસ્યાઓથી શરૂ થાય છે. જેનો હેતુ એવા જ્ઞાનનો વિકાસ કરવાનો છે કે, જેનાથી સામાજિક કાર્યકર્તા આયોજન અને અમલીકરણમાં ઉપયોગ કરી શકે."*

*આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, સમાજકાર્ય સંશોધન એક એવી પદ્ધતિ છે, જેના દ્વારા સમાજકાર્યને નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉપયોગિતા સાથે સાથે*

*સંશોધનનું ક્ષેત્ર પણ વિશાળ બને છે. ઉપરાંત, તેનો હેતુ પણ વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં જ્ઞાનનો વિકાસ કરવાનો છે. ટૂંકમાં, સમાજકાર્ય સંશોધનમાં પ્રશ્નો સાથે સમસ્યાઓ જોડાયેલી હોય છે. જે સમાજકાર્ય ની પ્રક્રિયા દરમ્યાન ઊભી થાય છે. જેને સમાજકાર્ય સંશોધનની મદદથી ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવે છે.*

- **સમાજકાર્ય સંશોધનનાં હેતુઓ:**

*સમાજકાર્યમાં સંશોધનનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે સમાજકાર્ય એ વ્યાવસાયિક વિદ્યાશાખા છે. વ્યાવસાયિક ટકાઉપણા અને વ્યાવસાયિક વિકાસ માટે સમાજકાર્યમાં સંશોધન થવું જરૂરી છે. સમાજકાર્યમાં મૂળભૂત ઉદ્દેશો સિદ્ધ કરી શકે તે માટે સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિવિધ યોજનાયો અને કાર્યક્મનોની અસરકારકતા ચકાસવા માટે પણ સંશોધન કરવું જરૂરી છે. સમાજકાર્ય સંશોધન, સમાજકાર્ય પદ્ધતિના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા આપે છે. સમાજકાર્ય સંશોધનની હેતુઓપરથી એ સ્પષ્ટ થાય છે કે, સમાજકાર્ય સંશોધન પદ્ધતિ સમાજકાર્ય ની સેવાઓ સેવાર્થી સુધી પૂરેપૂરી રીતે પહોંચે તેવા પ્રયોસો કરે છે. અને તેના માટે ઉપયોગી એવી દરમ્યાનગીરી પ્રયુક્તિ પણ શોધી આપે છે. સમાજકાર્યકરમાં વૈજ્ઞાનિક અભિગમ કે દષ્ટિકોણ વિકસવા માટે સમાજકાર્ય સંશોધન મદદરૂપ થાય છે. સમાજકાર્યના ક્ષેત્રમાં પ્રત્યક્ષ કાર્ય કરવા માટે, સમસ્યાઓ કે મુદ્દાઓની તાર્કિક વિચારણા કરવા માટે, તેને પદ્ધતિસર રીતે ગોઠવવા માટે, સમાંસ્યોના ઉકેલ કરવા માટે, સમાજકાર્ય ના સંશોધનનું મહત્ત્વ છે.*

*સમાજકાર્ય સંશોધનનાં હેતુઓ નીચે મુજબ નિર્દેશિત કરવામાં આવે છે.*

1. *સમુદાય માટે સમાજકાર્યની જરૂરિયાતોનું માપન અથવા મૂલ્યાંકન કરવા માટે.*
2. *સેવાર્થીઓના જીવનસ્તરમાં સુધારણા લાવી શકાય તે માટે સંશોધન જરુરી છે.*
3. *સામાજિક સમસ્યોના ઉકેલ માટે સંશોધન જરૂરી છે.*
4. *સમાજકાર્યના અભ્યાસમાં ઉપયોગ કરવામાં આવતી નિદાન અને સારવાર કરવામાં આવે છે. તે વધુ સચોટ અને સારી આપી શકાય તે માટે સમાજકાર્ય સંશોધન જરૂરી છે.*
5. *સમાજકાર્યની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે.*
6. *સમાજકાર્યના જ્ઞાનમાં વધારો કરવા માટે અને જ્ઞાનને વિકસાવવા માટે સમાજકાર્ય સંશોધનનું યોગદાન ખૂબ અગત્યનું છે.*
7. *અસરકારક સંદેશાવહન માટે યોગ્ય ભાષા અને પ્રયુક્તિઓ વિકસાવવા સમાજકાર્ય સંશોધન સમાજકાર્યને મદદરૂપ થાય છે.*
8. *સમાજકાર્યકરમાં વૈજ્ઞાનિક અભિગમ અને સમાજકાર્ય સંશોધનના ક્ષેત્રો વિશેની પાયાની સમજણ કરવા માટે સંશોધન માર્ગદર્શક બની રહે છે.*

## 12 .5 સંશોધનમાં માહિતીનો અર્થ અને સ્તોત્ર

*સમાજકાર્ય સંશોધનમાં માહિતીનું વિશેષ મહત્ત્વ છે. માહિતી વગર કોઈ કામ શક્ય નથી. માહિતી જ્ઞાન છે, શક્તિ છે. તેના ઉપર જ વિકાસની પ્રક્રિયાનો પ્રમુખ આધાર રહેલા છે. સમાજમાં રોજ-બરોજ જુદાજુદા પ્રકારના ફેરફારો થતા રહે છે. આ તમામ બાબતો વિશેની માહિતી સંશોધકને હોય તે જરૂરી છે. માહિતીનો અર્થ વિસ્તૃત અને વિશાલ છે. સામાન્ય રીતે વિવિધ ઘટનાઓ, પ્રસંગો, બનાવો, હકીક્તો વિશેની જાણકારીને માહિતી તરીકે ઓળખવમાં આવે છે. સામાજિક સંશોધનમાં જુદાજુદા*

*વિદ્વાનોએ માહિતીની અલગ-અલગ વ્યાખ્યાઓ આપી છે. સંશોધનમાં માહિતી શબ્દ ખૂબ વિશાળ અર્થમાં વપરાય છે. કેટલાંક વિદ્વાનોએ આપેલી વ્યાખ્યા નીચે મુજબ છે.*

**શ્રીમતી યંગ:** *"અભ્યાસ અને વિશ્લેષણના આધાર તરીકે કામમાં આવતી સંશોધન વિષયને આનુષંગિક બધી જ ભૂતકાલીન અને વર્તમાન વિગતોની માહિતી કહેવાય."*

*માહિતીમાં ઘણું વૈવિધ્ય જોવા મળે છે. માટે જોહન ડોલાર્ડ વગેરે જેવા લેખકો માહિતીને વિદ્યમાન સામગ્રી તરીકે ઓળખાવે છે; પરંતુ મહદઅંશે જેનો વ્યાપક અર્થ એ નીકળે છે કે, માહિતી એટલે સામાજિક સંશોધન માટે ઉપયોગી એવી અભ્યાસ સામગ્રી એટલે માહિતીનો ખ્યાલ સંશોધનમાં ખૂબ જ વિશાળ છે. માટે સમાજકાર્ય સંશોધનમાં સંશોધકે ક્ષેત્રમાં પડેલ વેર-વિખેર માહિતીને એકત્ર કરી સંશોધનકાર્ય હાથ ધરવું પડે. માહિતીનો વિસ્તૃત અર્થ સંશોધકને માહિતી એકત્રીકરણની પ્રક્રિયા દરમ્યાન ખૂબ જ ઉપયોગી બની રહે છે.*

- **માહિતીના પ્રકારો :**

*સામાજિક સંશોધનમાં વિવિધ પ્રકારની માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે. આ જુદાજુદા પ્રકારની માહિતીને મુખ્ય બે પ્રકારમાં વહેચવામાં આવે છે.*

1. *પ્રાથમિક માહિતી*
2. *ગૌણ માહિતી*

**1. પ્રાથમિક માહિતી :** *સંશોધન હેતુ માટે ક્ષેત્રીય સ્તોત્રોમાંથી આવેલી માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય. પ્રાથમિક માહિતી મેળવામાં સંશોધકે ફિલ્ડમાં જાતે જવું પડે છે. જેના પરિણામે વાસ્તવિક અનુભવ થાય છે. પ્રાથમિક માહિતી મેળવામાં માટે પ્રશ્નાવલિ, અનુસુચિ, નિરીક્ષણ કે, મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરી માહિતી મેળવવામાં આવે છે. દા.ત. સંશોધક જમીન સંપાદનના મુદ્દે સંશોધન કાર્ય માટે જમીન સંપાદનની પ્રક્રિયાનો ભોગ બનેલા જુદાજુદા લોકો માહિતી દાતા બને છે.*

**2. ગૌણ માહિતી:** *પ્રો. રોબર્ટસન અને રીટના, ગૌણ માહિતીની વ્યાખ્યા આપતા જણાવે છે કે, અન્ય હેતુ માટે એકથી કરવામાં આવેલી; પરંતુ, સંશોધન હેતુ માટે ઉપયોગમાં લેવાયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય છે.*

*આ તમામ બાબતો વિશેની માહિતી સંશોધકને હોય તે જરૂરી છે. આજનો યુગ એ માહિતીનો યુગ છે. માટે દરેક ક્ષેત્રમાં માહિતીની ઉપયોગિતા વધતી જાય છે. માહિતી વગર કોઈ પણ કામ શક્ય નથી. આપણે જયારે સમાજકાર્ય સંશોધન કરીએ છીએ ત્યારે સો પ્રથમ કયા વિષય ઉપર સંશોધન કરવું તે માટે વિષયની પસંદગી કરવામાં આવે છે. આ પ્રકારની માહિતી જોવા માટે અને, સમાજકાર્ય સંશોધનને વિવિધ કાર્ય કરવા માટે ગ્રંથાલયની જરૂરિયાત પડે છે.*

## 12.6 સમાજકાર્ય સંશોધનના ગ્રંથાલયનું મહત્ત્વ

*સંશોધનમાં વૈજ્ઞાનિક પ્રક્રિયા મુજબ કામગીરી કરવામાં આવે છે, એટલે વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવા માટે સૌ પ્રથમ સંશોધકે વિજ્ઞાન, વૈજ્ઞાનિક પદ્ધતિ અને વૈજ્ઞાનિક જ્ઞાન અંગેની સમજ કેળવવી પડે છે. કોઈપણ સંશોધનનો હેતુ જ્ઞાન સર્જવાનો છે. તે માટે સંશોધકે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરવો પડે છે. વિજ્ઞાનના તારણો વૈજ્ઞાનિક પદ્ધતિની ફલશ્રુતિ છે. વિજ્ઞાનનો હેતુ જ્ઞાનની બધી જ શાખામાં સત્યની*

*શોધ કરવાનો છે, એવી કોઈ ઘટના નથી કે જે વિજ્ઞાનના કાર્યક્ષેત્ર બહાર હોય. વૈજ્ઞાનિક પદ્ધતિ એક પ્રક્રિયા છે, જેમાં સંશોધનના પ્રશ્નોની પંસદગીથી શરૂ કરી સંબંધિત માહિતી એકત્રિત કરવી, તેનું પૃથક્કરણ કરવું, તેના તારણોમ, સામાન્યીકરણો અને અંતે સિદ્ધાંતની સ્થાપના કરવા સુધીની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં સંશોધનમાં સોપનો સ્પષ્ટ ના હોય તો સંશોધકે શું કરવાનું છે? કેવી રીતે કરવાનું છે? ક્યારે અને કોની મદદથી કરવાનું છે ? વગેરે બાબતો સમજવી મુશ્કેલ બને અને સંશોધક મૂંઝવણ અનુભવે છે. સોપાનો એ સંશોધન યોજનાનો એક ભાગ છે. એટલે સંશોધન પ્રક્રિયાના સોપનોને ખૂબ મહત્ત્વ છે.*

- **સંશોધન પ્રક્રિયાના સોપાનો**
  1. *વિષય પસંદગી*
  2. *સાહિત્ય સમીક્ષા*
  3. *અભ્યાસનું સ્વરૂપ અને વ્યાપ*
  4. *અભ્યાસન હેતુઓ*
  5. *ચલની પસંદગી*
  6. *ઉત્કલ્પનાની રચના*
  7. *નમુના પસંદગી*
  8. *માહિતી એકત્રીકરણના સાધનોની રચના*
  9. *ક્ષેત્રકાર્યનું આયોજન*
  10. *માહિતીનું સંપાદન, વર્ગીકરણ*
  11. *તારણો તારવવાણી પ્રક્રિયા*
  12. *ભલામણો સૂચવવાની પ્રક્રિયા*
  13. *અહેવાલલેખનની પ્રક્રિયા*

*ઉપર દર્શાવેલ સંશોધનના સોપનોને સર કરવા માટે સંશોધકને ગ્રંથાલયનો ઉપયોગ કરવો પડશે અને મુખ્યતઃ સાહિત્ય સમીક્ષા કરવા માટે સંશોધકને ગ્રંથાલયનો ઉપયોગ વધારે કરવોં પડશે.*

- **સાહિત્ય સમીક્ષા એટલે શું?**

*સંશોધક તેની અભ્યાસ હેઠળની સફળતાના સંદર્ભમાં વધુ જાણકારી અને સ્પષ્ટતા મેળવવામાં માટે સૈદ્ધાંતિક બાબતોનો અભ્યાસ/ વાંચન કરે છે. જેમાં ખાસ કરીને લેખો, પુસ્તકો, અભિપ્રાયો, સિદ્ધાંતો, સામયિકો, જ્ઞાનકોષ, જીવનચરીત્યો વગેરેનો સંશોધક દ્વારા અભ્યાસ કરવામાં આવે છે જેનાથી સંશોધકને વિવેચનાત્મક બાબતે જાણકારી મળે છે અને પોતાના અભ્યાસના સંદર્ભમાં ઊંડાણપૂર્વક વિચારી શકે છે. દા.ત. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં સંશોધક દ્વારા સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્યમાં સંદર્ભમાં પાણી અને સ્વચ્છતા ક્ષેત્રે મહિલાઓની લોકભાગીદારીઃ ખ્યાલ અને અભિગમ, સશક્તિકરણનો ખ્યાલ અને વિભાવનાની વિસ્તૃત સમજ રજૂ થતી હોય છે.*

*સંશોધન સાહિત્ય સમીક્ષામાં સંશોધક દ્વારા સંશોધકે પસંદ કરેલ સંશોધન અભ્યાસ સંદર્ભ કયા કયા અભ્યાસો થયા છે, કયા દ્રષ્ટિકોણથી એટલે કે સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય, કે પર્યાવરણીય દષ્ટિકોણથી કરવામાં આવ્યા છે, તેનો ખ્યાલ સંશોધકને આવે છે. જેના કારણે અગાઉ વિષયના સંદર્ભમાં થયેલાં૦ સંશોધન અભ્યાસોની સમીક્ષા કરવાથી સંશોધકની સ્પષ્ટ સમજણ વિકસે છે.*

*દા.ત. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા સંશોધન સાહિત્ય સમીક્ષા કરવામાં આવી છે, જેમાં મોટાભાગના સંશોધન અભ્યાસો સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય અને પર્યાવરણીય દષ્ટિકોણથી કરવામાં આવ્યા છે. પરંતુ, સમાજકાર્યના દ્રષ્ટિકોણ અને મહિલાઓની સહભાગીતા વિશે અભ્યાસો જોવા મળેલ નથી. જે અભ્યાસો થયા છે. તે મૂલ્યાંકન પ્રકારના છે. જ્યારે પ્રસ્તુત અભ્યાસથી સેવજળ અને સ્વચ્છતા યોજનાના અમલીકરણના કારણે મહિલાઓના જીવન પર થયેલ અસર અને તેની બદલાયેલી સ્થિતિ જાણી શકાશે, સાથે સાથે સમસ્યા નિવારણ માટે સમાજકાર્યના સંદર્ભમાં કેવા ક્રિયાત્મક પગલાં લેવા જોઈએ. તેની જાણકારી મેળવી શકાશે. આ બાબતોની સંશોધક સાહિત્ય સમીક્ષાથી સ્પષ્ટતા મેળવી શકે છે, ઉપરાંત અગાઉ થયેલ સંશોધનોનું પુનરાવર્તન સંશોધન સાહિત્ય સમીક્ષાથી અટકાવી શકાશે. એ માટે સંશોધનમાં સંશોધન સાહિત્ય સમીક્ષાનું સોઘણું અગત્યનું છે. અને આ પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સંશોધકે ગ્રંથાલયનો ઉપયોગ કરવો પડે આ ઉપરાંત સંશોધનના વિવિધ તબક્કામાં ગ્રંથાલયનો ઉપયોગ કરવો પડે છે.*

1. **સિદ્ધાંતિક સાહિત્ય સમીક્ષા :** *સિદ્ધાંતિક સાહિત્ય સમીક્ષામાં સંશોધક દ્વારા પોતાના સંશોધન સંબધી લેખો, પુસ્તકો, અભિપ્રાયો, સિદ્ધાંતો, સામયિકો, જ્ઞાનકોષો, જીવનચરિત્રો વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. જેનાથી સંશોધકને વિવેચનાત્મક બાબતોની જાણકારી પ્રાપ્ત થાય છે. અને પોતાના સંશોધન અંગે ઊંડાણપુર્વક વિચારી શકે છે.*
2. **સંશોધન સાહિત્ય સમીક્ષા :** *સંશોધક દ્વારા સંશોધકે પસંદ કરેલ સંશોધન અભ્યાસ સંદર્ભ કયા કયા ચકાચ્યા છે, કયા દ્રષ્ટિકોણથી એટલે કે સમાજશાસ્ત્રીય, અર્થશાસ્ત્રીય કે પર્યાવરણીય દષ્ટિકોણથી કરવામાં આવ્યા છે. તેનો ખ્યાલ સંશોધકને આવે છે. જેના કારણે અગાઉ વિષયના સંદર્ભમાં થયેલા સંશોધન અભ્યાસોની સમીક્ષા કરવાથી, સંશોધકનો અભ્યાસ કેવી રીતે અલગ છે. કે તેમાં શું નવીન ખાસિયત છે, તે અંગે સંશોધકની સ્પષ્ટ સમજણ વિકસે છે.*

*સંશોધક પાસે વાચન,નોંધલેખન અને કમ્પુટરનું કોશલ્ય હોવું જોઈએ. તો જ તે યોગ્ય રીતે સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરી શકે છે. વાચન તાર્કિક રીતે કરવું જોઇએ. એ જ રીતે વાચન દરમ્યાન યોગ્ય જગ્યાએ તેની નોંધ કરતાં રહેવું જોઈએ. સંશોધક પાસે લેખન – કોશલ્ય પણ હોવું જોઈએ.*

- **સંદર્ભ સાહિત્યના સ્તોત્રો**

*સંશોધકે સંદર્ભ સાહિત્ય એકત્રીકરણની મહત્ત્વની પ્રક્રિયા કરવાની હોય છે. સંદર્ભ સાહિત્યના કે એકત્રિત કરવા માટે સંશોધક પોતાના હેતુઓને ધ્યાનમાં રાખી વ્યાપવિશ્વ નક્કી કરે છે.*

*સંદર્ભ સાહિત્યના સ્તોત્રો ત્રણ પ્રકારના દર્શાવી શકાય છે.*

**1. પ્રારંભિક સ્તોત્ર 2. પ્રાથમિક સ્તોત્ર 3. ગૌણ સ્તોત્ર 4. દસ્તાવેજ સ્ત્રોત**

1. **પ્રારંભિક સ્તોત્ર :** *સંશોધનના ક્ષેત્રમાં થયેલાં સંશોધનો કે લેખોની યાદી પ્રાપ્ત થાય તેને પ્રારંભિક સ્તોત્ર કહેવાય. દા. ત. શોધગંગાની વેબસાઈટ ઉપર જે-તે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ પીએચ.ડી.ના સંશોધન અભ્યાસો જોવા મળે છે. એના માટે ગ્રંથાલયની જરૂરિયાત છે.*
2. **પ્રાથમિક સ્તોત્ર :** *પ્રાથમિક સ્તોત્રોમાં મુખ્યત્વે સામયિકો, અહેવાલો, પુસ્તકો, મોનોગ્રાફ, શોધનિબંધો, વગેરેનો સમાવેશ થાય છે.*

3. **ગૌણ સંદર્ભ સ્તોત્ર :** *ગૌણ સંદર્ભ સ્તોત્રોમાં જ્ઞાનકોષો, જીવનચરિત્ર, સમીક્ષાત્મક લેખો, જૂના સમાચાર પત્રમાં પ્રકાશિત થયેલા સમાચાર, વગેરેનો સમાવેશ થાય છે.*
4. **દસ્તાવેજ સ્ત્રોત :** *દસ્તાવેજ સ્ત્રોતોમાંથી મળતી માહિતી સંશોધક માર્ગદર્શકનું કામ કરે છે. સંશોધકે સંશોધન અભ્યાસ માટે કેવા પ્રકારની માહિતી એકત્રિત કરવાની છે. તે અંગે સંશોધકને જાણકારી મળે છે. દસ્તાવેજ સ્તોત્રોના અભ્યાસના આધારે સંશોધકોના વિવિધ ખ્યાલો, માન્યતાઓ અને ઉત્કલ્પનાઓનું જ્ઞાન મળે છે. એવી રીતે ગ્રંથાલયનું સંશોધનમાં મહત્ત્વનું સ્થાન છે.*

## 12.7 તમારી પ્રગતિ ચકાસો

1. *માહિતીના કેટલા પ્રકાર છે ?*
   *(અ) એક* *(બ) ત્રણ*
   *(ક) બે* *(ડ) ચાર*
2. *ગૌણ માહિતી ક્યાંથી મેળવવામા આવે છે ?*
   *(અ) ગ્રંથાલય* *(બ) જુદાજુદા અહેવાલ*
   *(ક) સામયિકો* *(ડ) ઉપરોક્ત તમામ*
3. *પ્રાથમિક માહિતીના સ્તોત્ર કયા છે ?*
   *(અ) બાળકો* *(બ) મહિલાઓ*
   *(ક) પુરુષો* *(ડ) ઉપરોક્ત તમામ*
4. *સંશોધન પ્રક્રિયાના સોપાનો કેટલા છે ?*
   *(અ)* 13 *(બ)* 14
   *(ક)* 11 *(ડ)* 15

## 12.8 ઉપસંહાર

*પ્રસ્તુત એકમમાં સંશોધન અને સમાજકાર્ય સંશોધન વિશે ચર્ચા થઈ . સમાજકાર્ય સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ માહિતીનું એક આગવું મહત્ત્વ અને મૂલ્ય છે. પ્રાથમિક માહિતીના મુખ્ય સ્ત્રોતો જેમાં સંશોધક દ્વારા ઉત્તરદાતાની પાસે જઈને પ્રાથમિક માહિતી જુદીજુદી પદ્ધતિઓનો ઉપયોગ કરી મેળવવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં સંશોધન પ્રક્રિયાના સોપાનો વિશે જાણકારી થઈ તેમજ સંશોધકને ગ્રંથાલયનું ઉપયોગ કેવી રીતે કરવાનું એ બતાવે છે. આ એકમના અભ્યાસથી સંશોધક ગ્રંથાલયનો ઉપયોગ સમજશે.*

## 12 .9 તમારી પ્રગતિ ચકાસોના જબાબો

1 *(ક) –બે* 2*( ડ) ઉપરોક્ત તમામ* 3*(ડ) ઉપરોક્ત તમામ* 4*(અ)* -13

## 12 .10 ચાવીરૂપ શબ્દ

**માહિતી** : *સામાજિક અભ્યાસમાં ઉપયોગી એવી માહિતી સામગ્રી.*

**પ્રાથમિક માહિતી** : *ઉત્તરદાતા પાસેથી મેળવવામાં આવતી માહિતી.*

| | | |
|---|---|---|
| **ગૌણ માહિતી** | : | *આ માહિતી ગ્રંથાલય, પુસ્તકો, સામયિકો, લેખો, સંશોધાનોમાંથી લેવામાં આવે છે.* |
| **પ્રશ્નાવલિ** | : | *પ્રશ્નોનું બનાવેલું પત્રક* |
| **સાહિત્ય સમીક્ષા** | : | *વધુ માહિતી મેળવામાં માટે સૈદ્ધાંતિક બાબતોનો અભ્યાસ અને વાંચન* |

## 12 .11 સ્વાધ્યાય લેખન

1. *સમાજકાર્ય સંશોધનનો ખ્યાલ આપો.*

   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................

   *સમાજકાર્ય સંશોધનના સોપાનો સમજવો*

   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................

   *સમાજકાર્ય સંશોધનમાં ગ્રંથાલયનો ઉપયોગ કેવી રીતે કરશો ?*

   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................
   ........................................................................

## 12 .12 સંદર્ભ ગ્રંથ


1. *દેસાઈ અરવિંદભાઈ* (1992) *'સામાજિક સંશોધનની પદ્ધતિઓ' ( દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.*
2. *ડો. આર. પટેલ,*(2015) *'સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર 'જોય પબ્લિકેશન, અમદાવાદ-* 2015
3. *ઉચ્ચાટ,ડી.એ.* (2009) *'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર' સાહિત્ય મુદ્રણાલય,પ્રા.લિ. અમદાવાદ*
4. *એ. જી. શાહ અને જે.કે. દવે, 'સામાજિક સંશોધન પદ્ધતિઓ'૩* (2008-09) *અનડા પ્રકાશન,અહમદાબાદ-*
5. *જાંબુકિયા હેમુ આર.* – 2012 *'સેવજળ અને સ્વચ્છતા' યોજનાના અમલીકરણમાં મહિલાઓની સહભાગિતાથી સશક્તિકરણના કારણે તેમના જીવન પર થયેલ અસર- સંશોધન અભ્યાસ.*

## એકમ-13 સમાજકાર્યમાં સંશોધનમાં આંકડાશાસ્ત્ર

-: રૂપરેખા :-


**13.0 હેતુઓ**

**13.1 પ્રસ્તાવના**

**13.2 સમાજકાર્ય સંશોધનના હેતુઆ અને મહત્ત્વ**

**13.3 આંકડાશાસ્ત્રની વિભાવના**

**13.4 આંકડાશાસ્ત્રના હેતુઓ અને કાર્યો**

**13.5 મધ્યવર્તી સ્થિતિના માપો – મધ્યક, મધ્યસ્થ અને બહુલક**

**13.6 મધ્યવર્તી સ્થિતિના માપોની સમાજકાર્ય સંશોધનમાં ઉપયોગિતા**

**13.7 તમારી પ્રગતિ ચકાસો**

**13.8 ઉપસંહાર**

**13.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**13.10 ચાવીરૂપ શબ્દ**

**13.11 સ્વાધ્યાય લેખન**

**13.12 સંદર્ભ ગ્રંથ**


### 13.0 હેતુઓઃ

*આ એકમનો અભ્યાસ કર્યા પછી, વિદ્યાર્થીઓને,*

1. *વિદ્યાર્થી સંશોધન અંગેની વિસ્તૃત વિભાવના સમજી શકશે.*
2. *સમાજકાર્ય સંશોધનના હેતુઓ અને મહત્ત્વ સમજી શકશો.*
3. *સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રની ઉપયોગિતા સમજી શકશે.*
4. *વિદ્યાર્થીને મધ્યવર્તી સ્થિતિના માપો સમજી શકશે.*
5. *મધ્યક, મધ્યસ્થ અને બહુલકની વ્યાખ્યા, સહસંબંધ સમજી શકશો.*

### 13.1 પ્રસ્તાવના

*કોઈપણ ક્ષેત્રની ઉપયોગિતા વધારવા માટે સંશોધન જરૂરી છે. સંશોધન એટલે શોધ-ખોળ અથવા તપાસ. સંશોધન એ પાયારૂપ બાબત છે. સામાજિક સંશોધન એ સામાજિક ઘટનાઓ અને સામાજિક બનાવોનો અભ્યાસ કરે છે. સંશોધન દ્વારા કોઈપણ સમસ્યાનો સંબધિત ઉકેલ મેળવામાં આવે છે. પછી પ્રત્યેક ઉકેલને પદ્ધતિસર રીતે તેના સારા- ખરાબ પાસાંઓની તુલના કરી, કયો ઉકેલ વ્યક્તિ અને સમાજના હિતમાં છે, તે નક્કી કરવામાં આવે છે. આ સમસ્યાના વૈજ્ઞાનિક ઉકેલ અંગેની પદ્ધતિ છે.*

*સમાજકાર્યના વિદ્યાર્થી માટે સમાજકાર્ય સંશોધન ખૂબ જરૂરી છે. સામાજિક સમસ્યાઓના વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમાજકાર્યમાં અભ્યાસ થાય અને સામાજિક સમસ્યાઓમા તે જરૂરી છે. ભાવિ*

*સામાજિક કાર્યકરો સંશોધનનાં ક્ષેત્રે સજ્જ બની શકે તે માટે અભ્યાસક્રમમાં સમાજકાર્યથી સંશોધનની વિસ્તૃત વિભાવના સમાજવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. ભાવિ સામાજકાર્ય વિદ્યાર્થીઓ માટે, સંશોધનનો ક્ષેત્રે સજ્જ બની શકે તે માટે અભ્યાસક્રમમાં સમાજકાર્ય સંશોધનની વિસ્તૃત વિભાવના સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જેમાં સમાજકાર્ય સંશોધન અને સામાજિક સંશોધન વિશેની સમજણ શરૂઆતમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. સમાજકાર્ય સંશોધન અને સામાજિક સંશોધન વિશેની સમજણ અને લાક્ષણિકતાઓ વર્ણવામાં આવેલ છે. પછી ક્રમશઃ સંશોધન યોજના, નમૂના પસંદગી અને માહિતી એકત્રીકરણની જુદીજુદી પદ્ધતિઓ વિશેનો ખ્યાલ આપવામાં આવેલ છે. સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રની ઉપયોગિતા અને મહત્ત્વ દર્શાવવામાં આવેલ છે.*

*સમાજકાર્ય સંશોધન એ એક વિધિ છે. જુદી-જુદી સામાજિક ઘટનાઓ અથવા સમસ્યાઓના કારણો, આંતરસંબધો અને તેમાં પ્રક્રીયોના અભ્યાસ, નિદાન, વિશ્લેષણ કરવામાં આવે છે. સામાજિક સંશોધનમાં નવીન તથ્યોની જ ચકાસણી નથી કરવામાં આવતી; પરંતુ જુના તથ્યો અને સિદ્ધાંતોને પણ ચકાસવામાં આવે છે. સામાજિક સંશોધનના મહત્ત્વને, સંશોધનની યથાર્થતા અને તેની વ્યવહારુ ઉપયોગિતા વડે માપી શકાય છે.*

**વ્યાખ્યા:**

1. *રેડ્મન અને મેરી અનુસાર, " નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન"*
2. *પોલીન યંગ કહે છે, "સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પદ્ધતિસરની વડે નવી હકીકતો શોધવાનું કે જૂની હકીકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનું, આ હકીકતોની ક્રમબદ્ધતા તેમની વચ્ચેના પારસ્પરિક સંબધો અને કાર્યકારણની સમજૂતી આપવાનું તેમજ માનવ વર્તનને વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતા નવા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંત વિકસાવવાનો ધ્યેયો ધરાવે છે."*
3. *યંગ અને મેજરના મતે, સામાજિક સંશોધનમાં નવા તથ્યોની શોધની સાથે જૂના તથ્યો અને સિદ્ધાંતોની પણ ચકાસણી કરવામાં આવે છે. સામાજિક સંશોધન માનવીય ક્રિયાઓ અથવા સામાજિક સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે, અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારી સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે. અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારી સંબંધો સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.*

## 13.2 સમાજકાર્ય સંશોધનના હેતુઓઅને મહત્ત્વ:

*સમાજકાર્યમાં સંશોધનનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે સમાજકાર્ય એ વ્યાવસાયિક વિદ્યાશાખા છે. વ્યાવસાયિક ટકાઉપણા અને વ્યાવસાયિક વિકાસ માટે સમાજકાર્યમાં સંશોધન થવું જરૂરી છે. સમાજકાર્યમાં મૂળભૂત ઉદ્દેશો સિદ્ધ કરી શકે તે માટે સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિવિધ યોજનાઓ અને કાર્યક્મનોની અસરકારકતા ચકાસવા માટે પણ સંશોધન કરવું જરૂરી છે.*

*સમાજકાર્ય વૈજ્ઞાનિક 'ક્લેચર' દ્વારા સમાજકાર્ય સંશોધનનાં હેતુઓ નિર્દેશિત કરવામાં આવે છે.*

1. *સમુદાય માટે સમાજકાર્ય ની જરૂરિયાતોનું માપન અથવા મૂલ્યાંકન કરવા માટે*
2. *સેવાર્થીઓના જીવનસ્તરમાં સુધારણા લાવી શકાય તે માટે*

3. *સામાજિક સમસ્યોના ઉકેલ માટે*
4. *સમાજકાર્યના અભ્યાસમાં ઉપયોગ કરવામાં આવતી નિદાન અને સારવાર કરવામાં આવે છે. તે વધુ સચોટ અને સારી આપી શકાય તે માટે સમાજકાર્ય સંશોધન જરૂરી છે.*
5. *સમાજકાર્યની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે.*

*સમાજકાર્ય સંશોધન, સમાજકાર્ય પદ્ધતિના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા આપે છે. સમાજકાર્ય સંશોધનની હેતુઓ પરથી એ સ્પષ્ટતા થાય છે કે, સમાજકાર્ય સંશોધન પદ્ધતિ સમાજકાર્યની સેવાઓ સેવાર્થી સુધી પૂરેપૂરી રીતે પહોંચે તેવા પ્રયાસો કરે છે. અને તેના માટે ઉપયોગી એવી દરમિયાનગીરી પ્રયુક્તિ પણ શોધી આપે છે. સમાજકાર્યકરમાં વૈજ્ઞાનિક અભિગમ કે દષ્ટિકોણ વિકસવા માટે સમાજકાર્ય સંશોધન મદદરૂપ થાય છે. સમાજકાર્યના ક્ષેત્રમાં પ્રત્યક્ષ કાર્ય કરવા માટે, સમસ્યાઓ કે મુદ્દાઓની તાર્કિક વિચાર કરવા માટે, તેને પદ્ધતિસર રીતે ગોઠવવા માટે, સમસ્યાઓના ઉકેલ કરવા માટે, સમાજકાર્યના સંશોધનનું મહત્ત્વ છે.*

## 13.3 આંકડાશાસ્ત્રની વિભાવના

*સંશોધનનાં એક મહત્ત્વનું ભાગ છે, આંકડાશાસ્ત્ર. આંકડાશાસ્ત્ર જુદાજુદા પ્રકારની સરેરાશ શોધીને આવૃત્તિ વિતરણની સામાન્ય રીતને ટુંકાણમાં રજૂ કરે છે. વિશાળ અને જટિલ જથ્થાની સંખ્યાત્મક માહિતીને આવૃત્તિ વિતરણ દ્વારા ટૂંકાણમાં અને સરળ બનાવવામાં આવે છે. આ ઉપરાંત, આંકડાશાસ્ત્રને સંખ્યાત્મક માહિતીને તુલનાત્મક માટે આવૃત્તિ વિતરણની ટકાવારી, ગુણોત્તર અને પ્રમાણમાં ગણતરી કરે છે. આંકડાશાસ્ત્રનું બીજું મહત્ત્વનું કાર્ય છે. આવૃત્તિ વિતરણને વધુ સરળ અને સંક્ષેપમાં રજૂ કરવાનું છે. મધ્યક,મધ્યસ્થ અને બહુલક વિશેની પાયાની સમજણ અને તેનો ઉપયોગ સમાજકાર્ય સંશોધનના વિદ્યાર્થીમાં હોવો જરૂરી છે. આ દ્રષ્ટિએ તેનો ખયાલાત્મક પરિચય મેળવવાનો અંતે પ્રયાસ કરવામાં આવે છે.*

*આંકડાશાસ્ત્ર લેટીન ભાષાના શબ્દ* 'Statis' *કે ઈટાલિયન ભાષાના* 'Statista' *શબ્દ ઉપરથી ઉતરી આવેલો છે. આ બંનેનો અર્થ રાજ્યને લગતું એવો થાય છે. એટલે* Statics *એટલે રાજ્યને લગતું એવો અર્થ પ્રારંભકાળથી જ થતો આવ્યો છે; પરંતુ, હકીકતમાં રાજ્યની વહીવટી જરૂરિયાતો જેવી કે રાજ્યની વસ્તી, સાધનસંપત્તિ, લશ્કરી બાબતો, અર્તિક નીતિ, મહેસુલ ઉઘરાવવાની નીતિમાંથી જ તેનો ઉદ્દભવ થયો . એટલા માટે મુખ્યત્વે વસ્તી અને સંપત્તિના અંકડાએ આંકડાશાસ્ત્રીય માહિતીનું આરંભનું સ્વરૂપ છે. આંકડાશાસ્ત્રનો ઇતિહાસ ઘણો લાંબો છે. ઈ.સ.* 1600 *સુધી આંકડાશાસ્ત્ર 'રાજ્યના અંકગણિત' તરીકે ઓળખાતું હતું.*

*આધુનિક સમયમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ જુદા-જુદા બે અર્થમાં થાય છે.*

- **આંકડાશાસ્ત્રનો ઉપયોગ**

(1) *આંકડાઓ* (2) *આંકડાશાસ્ત્રીય પદ્ધતિ એક શાસ્ત્ર તરીકે.*

*આંકડા તરીકે એનો અર્થ કોઈ નિશ્ચિત હેતુને લક્ષમાં લઈને એકત્રિત કરેલા આંકડા અને આંકડાશાસ્ત્ર તરીકે તેનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે છે.*

*આંકડાશાસ્ત્ર બાબતે વૈજ્ઞાનિકોએ આપેલી વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે;*

- **આંકડાશાસ્ત્રની વ્યાખ્યાઓ**

(1) બાઉલીએ આંકડાશાસ્ત્રની જુદી-જુદી ત્રણ વ્યાખ્યાઓ આપી છે. બાઉલી જણાવે છે કે, "આંકડાશાસ્ત્ર એટલે ગણતરીનું વિજ્ઞાન, પરંતુ અન્ય શાસ્ત્રો જેવા કે અર્થશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર વગેરેમાં ગણતરી તો હોય છે. તેથી તેમને પણ વિજ્ઞાન કહી શકાય. વળી, આંકડાશાસ્ત્રમાં માત્ર ગણતરી જ હોતી નથી, તે ઉપરાંત, વર્ગીકરણ, પૃથક્કરણ, કોષ્ટકરચના, આકૃતિ, આલેખ વગેરે હોય છે."

(2) કિંગ- "આંકડાશાસ્ત્ર એટલે આંકડાઓની ગણતરી પરથી કે એકત્રિત કરેલ માહિતીના પૃથક્કરણ પરથી મેળવેલ પરિણામ દ્વારા નૈસર્ગિક કે સામાજિક સમૂહગત ઘટનાઓ પર નિર્ણય આપવાની પદ્ધતિનું વિજ્ઞાન."

(3) બોડીંગ્તનના મતાનુસાર, "આંકડાશાસ્ત્ર એટલે અનુમાનો અને સંભાવનાઓનું વિજ્ઞાન"

આંકડાશાસ્ત્રમાં અનુમાનો અને સંભાવનાના સિદ્ધાંતોનું આગવું મહત્ત્વ છે; પરંતુ માત્ર આજ સિદ્ધાંતો એમાં આવે છે, તેવું નથી. આંકડાશાસ્ત્રના અન્ય મહત્ત્વના સિદ્ધાંતો આ વ્યાખ્યા સંદર્ભે મોન સેવે છે.

(4) એરિસ્ટૉટલના મતાનુસાર "આંકડાશાસ્ત્ર એ વિષયનો આરંભ અને અંત છે. . તેમાં રાજ્યની સર્વાંગી અને સંપૂર્ણ અભિવ્યક્ત થયેલી હોવી જોઈએ."

ટૂંકમાં, આંકડાશાસ્ત્ર (આંકડામાં અર્થમાં) પૃથક્કરણ અને અર્થઘટનની ક્ષમતા ધરાવતી હકીકતોના સંખ્યાત્મક વિધાન છે. અને આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓના અર્થમાં કોઈપણ જાતની તપાસમાં આવરી લેવાતી સંખ્યાત્મક માહિતીને એકઠી કરી, તેનું પૃથક્કરણ તેમાંથી નિર્ણયો તારવવાની પદ્ધતિઓના સિદ્ધાંતોનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.

## 13.4 આંકડાશાસ્ત્રના હેતુઓ અને કાર્યો

આંકડાશાસ્ત્રના અભ્યાસના વિવિધ હેતુઓનીચે મુજબ છે.;

(1) આંકડાશાસ્ત્રએ સંખ્યાત્મક માહિતી અંગેના ઊંડાણપૂર્વક અભ્યાસ માટે ઉપયોગી.
(2) વિજ્ઞાનના નિયમોના ઘડતર અને તે નિયમોની યથાર્થતાની ચકાસણી કરવામાં ઉપયોગી.
(3) નીતિવિષયક નિર્ણયો અને નીતિના ઘડતર માટે ઉપયોગી.
(4) જુદા-જુદા ક્ષેત્રોનો અભ્યાસ કરવાનો હેતુ. દા. ત. બેરોજગારી, વસ્તીવધારો.
(5) સમાજના છેવાડાના સમુદાયના પાયાના પ્રશ્નોને વાચા. દા.ત. ગરીબી નિવારણ માટે શું થઈ શકે ?
(6) સમાજનું વાસ્તવિક ચિત્ર ઊભું કરવામાં આંકડાશાસ્ત્ર ઉપયોગી દા.ત. આવક અને સંપત્તિના વિતરણની અસમાનતા.
(7) સમાજનો સમતોલ વિકાસ કરવાનો પ્રમુખ હેતુ.

- **આંકડાશાસ્ત્રની કાર્યો**

*આંકડાશાસ્ત્રના વિવિધ કાર્યો છે, પરંતુ, તેની ટૂંકમાં સમજણ નીચે પ્રમાણે છે;*

1. *માહિતી એકત્રીકરણ કરવા માટે આંકડાશાસ્ત્રનો ઉપયોગ જરૂરી છે. આંકડાશાસ્ત્રીય સંશોધનો માટે માહિતીનું એકત્રીકરણ જરૂરી છે. માહિતી વગર સંશોધન ક્ષેત્રે આગળ વધવું મુશ્કેલ છે. સંશોધનના મૂળ હેતુઓને અનુરૂપ માહિતીને વ્યવસ્થિત રીતે એકઠી કરવાનું અને તેનું પૃથક્કરણ કરવાનું કામ આંકડાશાસ્ત્ર કરે છે.*
2. *વિસ્તૃત માહિતીને ટૂંકમાં રજૂ કરવાનું પાયાનું કામ આંકડાશાસ્ત્ર કરે છે. મળેલ માહિતીનું વર્ગીકરણ કરી તેને સરળતાથી યાદ રહી જાય તે રીતે બનવાનું કામ આંકડાશાસ્ત્ર કરે છે.*
3. *નીતિ નિર્ધારની પ્રક્રિયામાં આંકડાશાત્ર મદાદરૂપ બને છે. સમાજિક નિતીના ઘડતરમાં આંકડાશાસ્ત્ર મદદરૂપ થાય છે.*
4. *મેળવેલી માહિતીનું વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કરીને ભાવિ આયોજન અંગે નીતિ વિષયક નિર્ણયો લેવામાં આંકડાશાસ્ત્ર મદદ કરે છે.*
5. *કોઈપણ બે ઘટના ઓ અંગે આંકડાઓ વચ્ચે સરખામણી કરવા માટે આંકડાશાસ્ત્ર મદદ કરે છે.*
6. *આંકડાશાસ્ત્ર અર્થશાસ્ત્રમાં, આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે કાર્ય કરે છે,*
7. *આંકડાશાસ્ત્ર રાજકીય ક્ષેત્રોમાં મદદ કરે છે.*
8. *જુદા-જુદા વેપારના ક્ષેત્રો જેવા કે બેંકો, વીમા કંપનીઓ, રેલ્વે, તાર-ટપાલ વગેરે ક્ષેત્રોમાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ દિન- પ્રતિદિન વધતો જાય છે.*

## 13.5 મધ્યવર્તી સ્થિતિના માપો – મધ્યક, મધ્યસ્થ અને બહુલક

*આંકડાશાસ્ત્ર જુદા-જુદા પ્રકારની સરેરાશ શોધીને, આવૃત્તિ વિતરણની, સામાન્ય રીતિને ટૂંકમાં રજૂ કરે છે. વિશાળ અને જટિલ જથ્થોની સંખ્યાત્મક માહિતીને આવૃત્તિ વિતરણ દ્વારા ટૂંકમાં અને સરળ બનાવવામાં આવે છે. આ ઉપરાંત, અંકડાશાસ્ત્રને સંખ્યાત્મક માહિતીની તુલના કરવાનું કામ વધુ સરળ બને છે. અહી આપણે આવૃત્તિ વિતરણની મધ્યવર્તી સ્થિતિના માપો તરીકે જુદા-જુદા પ્રકારની સરેરાશનું પરિચય વિશે પરિચય મેળવીશું. મધ્યક, મધ્યસ્થ અને બહુલક વિશેની પાયાની સમજણ અને તેનો ઉપયોગ સમાજકાર્ય સંશોધનના વિદ્યાર્થીમાં હોવો જરૂરી છે. આ દષ્ટિએ તેનો ખ્યાલાત્મક પરિચય મેળવવાનો અંતે પ્રયાસ કરવામાં આવે છે.*

- **મધ્યવર્તી સ્થિતિનું માપ એટલે શું?**

*સરેરાશ શબ્દ ઉપયોગ આપણે આપણ રોજીંદા જીવનમાં કરીએ છીએ. આંકડાશાત્રમાં પણ આ જ અર્થમાં આ શબ્દ પ્રયોજવામાં આવે છે. સરેરાશ એવી કિંમત છે કે, આવૃત્તિ વિતરણમાં વાસ્તવમાં અસ્તિત્વ ધરાવતી નથી.*

*મધ્યવર્તી સ્થિતિના જુદા જુદા માપોની સમજૂતી નીચે મુજબ મેળવીશું*

1. *મધ્યક અથવા અંક ગાણિતિક સરેરાશ*
2. *બહુલક અથવા સંમ્ભાવના સરેરાશ*
3. *મધ્યસ્થ અથવા સ્થાન સરેરાશ*

**1. મધ્યક**

*મધ્યવર્તી સ્થિતિના ઉપરોક્ત જુદાજુદા માપોને સરેરાશના પ્રકારો તરીકે ઓળખવામાં આવે છે, જેની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે છે. મધ્યક એ મધ્યવર્તી સ્થિતિનું માપ છે. આપેલી શ્રેણીમાં પ્રાપ્તાંકોની સરવાળો કરી કુલ પ્રાપ્તાંકો વડે ભાગતા જે આંક આવે તેને મધ્યક કહે છે.*

*દા.ત. ચાર પ્રાપ્તાકોનો* 2,4,6, *અને* 8 *માટે*

*મધ્યક* $= \frac{(2 + 4 + 6 + 8)}{4} = \frac{20}{4} = 05$

*મધ્યકને સાદી સરેરાશ પણ કહેવામાં આવે છે. મધ્યવર્તી સ્થિતિને અંક ગાણિતિક સરેરાશ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહી મહત્ત્વની બાબત એ છે કે, જો સંખ્યાત્મક માહિતી હોય તો જ, તેના મધ્યકની ગણતરી થઈ શકે છે, ગુણાત્મક માહિતીને મધ્યકનો ખ્યાલ લાગુ પડતો નથી. મધ્યક ગણતરી માટે આંકડાશાસ્ત્ર મધ્યકનું સૂત્ર નક્કી થયેલ છે.*

**2. મધ્યસ્થ**

*હારના મધ્યબિંદુના પરિણામે મધ્યસ્થ કહેવાય. મધ્યસ્થ એટલે હારની બરાબર વચમાં કે મધ્યમાં સ્થાન ધરાવતી સંખ્યા. દા.ત. પાંચ બાળકોની સરેરાશ ઉંમર* 8,10,4,6,*અને* 3 *વર્ષ છે. તેને અંકે ક્રમબદ્ધ હારમાં ગોઠવીએ તો* 3,4,6,8,10 *એ રીતે ગોઠવણી થાય. ક્રમિક સ્થાનના સિધાંત અનુસાર કોઈપણ હારમાં પ્રત્યેક સંખ્યા અમુક સ્થાન દર્શાવે છે. ટૂંકમાં, હારને બે ભાગમાં છેડતા બિંદુને મધ્યસ્થ કહેવાય.*

**મધ્યસ્થની ગણતરીઃ**

*મધ્યસ્થીની ગણતરી કરવાના જુદા- જુદા પગથિયાં છે, જે નીચે મુજબ છે.*

1. *પ્રથમ સંખ્યાને ચઢતા કે ઉતરતા ક્રમમાં તેની વ્યવસ્થિત ગોઠવણી કરવામાં આવે છે.*

2. *આ ક્રમિક ગોઠવણીમાં વચ્ચે (મધ્યમાં) સ્થાન ધરાવતી સંખ્યા શોધવામાં આવે છે.*

3. *અંતમાં, મધ્યમાં સ્થાન ધરાવતી સંખ્યાનું પરિણામ નક્કી કરવામાં આવે છે. મધ્યકની ગણતરી માટે*

Md = N ½*ની સંખ્યાનું પરિણામ સૂત્રમાં વપરાયેલ*

Md = *મધ્યસ્થ*

N = *પ્રાપ્તાંકોની કુલ સંખ્યા*

*આમ, સૂત્રના આધારે એકી સંખ્યાવાળી હારમાં મધ્યસ્થની ગણતરી અને બેકી સંખ્યાવાળી હારમાં મધ્યસ્થીની ગણતરી કરવામાં આવે છે. ટૂંકમાં, મધ્યસ્થ એ હારમાં મધ્યબિંદુનું પરિણામ છે. મધ્યસ્થની કિંમત હારમાં તેના સ્થાનના આધારે નક્કી કરવામાં આવે છે.*

**3. બહુલક**

*મુલર અને શેલર બહુલકની સમજૂતી આપતા જણાવે છે કે, ક્રમબદ્ધ ગોઠવેલા વિતરણમાં સૌથી વધુ વખત જોવા મળતા પ્રાપ્તાંકને બહુલક કહેવાય, બહુલકને સંભાવના સરેરાશ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમ કે,* 10 *બાળકોના વિજ્ઞાનમાં* 10,12,14, 14, 15, 12, 13,12 11 *છે.પ્રાપ્તાંકોમાં સોથી વધુ વખત* 12 *આવેલ છે. આટલે અહી બાળકોનો ગુણનો બહુલક* 12 *છે. તેમ કહેવાય.*

*આપણા રોજીંદા વ્યવહારમાં એવા કેટલાંય ઉદાહરણો નીચે પ્રમાણે છે;*

1. *આજકાલ મોટાભાગના યુવાનો જીન્સ પહેરવાનું પસંદ કરે છે.*
2. *ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગની બહેનો સાડી પહેરે છે.*
3. *શિયાળામાં ઠંડીથી બચવા માટે લોકો ગરમ કપડાં પહેરવાનું વધુ પસંદ કરે છે.*

*આમ, મોટાભાગના શબ્દ અમુક સામાજિક ઘટનાઓ કે સામાજિક પ્રવાહનો બહુલક સૂચવે છે. સોથી વધુ વખત જોવા મળતો પ્રાપ્તાંક એ બહુલક છે. આંકડા શાસ્ત્રીય પરિભાષામાં બહુલકની ગણતરી કરવા માટે પ્રાપ્તાંકોની ગણતરી કરવી જરૂરી છે. આપને આપણા રોજીંદા વ્યવહારમાં ઘણી વખત સરેરાશ શબ્દનો કે મોટાભાગે શબ્દનો ઉચ્ચાર કરીએ છીએ. આ બધાના બહુલકનો ખ્યાલ પરિભાષિત થય છે. આથી બહુલકને સંભાવનાના સરેરાશ તરીકે ઓળખવામાં આવે છે.*

## 13.6 મધ્યવર્તી સ્થિતિના માપોની સમાજકાર્ય સંશોધનમાં ઉપયોગિતા

*સમાજકાર્ય એક એવો વ્યવસાય છે કે, જેના દ્વારા વ્યક્તિ અને સમાજની વધુમાં વધુ સહાયતા દ્વારા વિકાસ અને ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સમાજમાં જુદાજુદા પ્રકારની સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે. આ સમસ્યાઓના ઉદ્દભવ પાછળ કયા કારણો જબાબદાર છે. તે અંગે સમાજકાર્ય સંશોધનમાં વિગતે અભ્યાસ કરવામાં આવે છે.*

*મધ્યવર્તી સ્થિતિના માપોના ઉપયોગથી સમાજકાર્ય સંશોધનને થતા ફાયદાઓ ;*

1. *સંશોધનની અધરી અને અટપટી માહિતીને સરળતાથી રજૂ કરી શકાય છે.*
2. *સંખ્યાત્મક માહીતીને સરળરૂપ આપી શકાય છે.*
3. *સંશોધનકાર્યને વૈજ્ઞાનિક દ્રષ્ટિ મળે છે.*
4. *સંશોધનમાં વધુ વિશ્વસનીયતા બને છે.*
5. *માહિતી અર્થપૂર્ણ અને વધુ અસરકારક બને છે.*
6. *કાર્યકર અને શ્રોતા બંને પક્ષે સંદેશવાહન કરવામાં સરળતા રહે છે.*
7. *જટિલ માહિતીને સરળરૂપ આપી શકાય છે.*
8. *તુલનાત્મક સંશોધન માટે આંકડાસ્તરીય પ્રયુક્તિઓ વધારે ઉપયોગી બને છે.*
9. *સંશોધનકાર્યમાં તારણો તારવવામાં ઉપયોગી છે.*
10. *અસરકારક અહેવાલ લેખન માટે*

*આમ, સમાજકાર્ય સંશોધનકાર્યમાં જુદાજુદા સ્થિતિમાં માપોનો ઉપયોગ કરવામાં આવે છે.*

## 13.7 તમારી પ્રગતી ચકાસો

**1. આંકડાશાસ્ત્ર લેટીન ભાષામાં કયા શબ્દ પરથી ઉતરી આવ્યો છે.**

*(અ)* Statics *(બ)* Staticks

*(ક)* Statiscal *(ડ)* Statis

**2. ઈ.સ. ------- સુધી આંકડાશાસ્ત્ર રાજ્યના અંકગણિત તરીકે ઓળખાતું હતું.**

*(અ)* 1400 *(બ)* 1500

*(ક)* 1600 *(ડ)* 1700

**3. સમાજકાર્ય સંશોધનનો મુખ્ય હેતુ શું છે ?**

*(અ) સમાજના પ્રશ્નોને વાચા* *(બ) સમસ્યા વિશે સરળતાથી માહિતી મળે*

*(ક) ઉત્તરદાતાનો રસ જળવાય* *(ડ) સમાજમાં ભેદભાવ વધે*

**4. મધ્યકને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?**

*(અ) બાદબાકી* *(બ) સાદો સરવાળો*

*(ક) સાદો ગુણોત્તર* *(ડ) સાદી સરેસાશ*

**5. હારને બે ભાગમાં બિંદુને શું કહેવાય ?**

*(અ) મધ્યસ્થ* *(બ) મધ્યક*

*(ક) ભાગાકાર* *(ડ) ગુણોત્તર*

## 13.8 ઉપસંહાર

*સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રના જુદાજુદા મધ્યવર્તી સ્થિતિના માપોનો ઉપયોગ કરવામાં આવે છે. આંકડાશાસ્ત્ર એ સામાન્ય રીતે આંકડાને લગતું શાસ્ત્ર છે; પરંતુ તેમાં વિવિધ પ્રકારની આંકડાકીય માહિતીઓને આંકડાશાસ્ત્રની વિવિધ પદ્ધતિઓ દ્વારા મળેલ માહિતીને અસરકારક રીતે રજૂ કરી શકાય છે. આંકડાશાસ્ત્ર એ પાયાનું શાસ્ત્ર છે. જ્યાં-જ્યાં સંખ્યાત્મક માહિતીનો ઉપયોગ કરીને પૃથક્કરણ કરીને નિર્ણય લેવામાં આવે છે. ત્યાં-ત્યાં આંકડાશાત્રનું પોતનું અનોખુ સ્થાન છે. સમાજકાર્યસંશોધનમાં આંકડાશાત્રના જુદાજુદા મધ્યવર્તી સ્થિતિના માપોનો ઉપયોગ કરવામાં આવે છે. આંકડાશાસ્ત્ર એ સામાન્ય રીતે આંકડાને લગતું શાસ્ત્ર છે. પરંતુ તેમાં વિવિધ પ્રકારની આંકડાકીય મહીતીને આંકડાશાસ્ત્રની વિવિધ પધતિ દ્વારા મળેલ માહિતીને અસરકારક રીતે રજૂ કરી શકાય છે. મધ્યવર્તી સ્થિતિના માપના એક એવું માપ મળે છે કે, સમગ્ર શ્રેણીનું પ્રતિનીધિત્વ ધરાવતું હોય. આનો અર્થ એમ થાય છે કે, આ માત્ર એક માપ જાણવાથી સમગ્ર શ્રેણીની કિમતો વિશેનો ખ્યાલ આવી શકે છે. દા. ત. કોઈ એક વર્ગના લોકોની આવક વિશેનો ખ્યાલ મેળવીને બધાની આવક વિશેનો અંદાજ મેળવી શકાય છે.*

*મધ્યવર્તી સ્થિતિના માપનો બીજો ફાયદો એ છે કે, તેની મદદથી સરળતાથી કરી શકાય છે, જેમ કે, બે કે તેથી વધુ વર્ગના લોકોની સરેરાશ આવક આપણને ખબર હોય તો તેમની આર્થિક સ્થિતિના સરળતાથી સરખામણી કરી શકાય. ટૂંકમાં, સરેરાશ કિંમતોનો હેતુ આંકડાકીય શ્રેણીને સારાંશ રૂપે*

*સરળતથી રજૂ કરવાનો છે. સમાજકાર્ય સંશોધનમાં મધ્યવર્તી સ્થિતિના જુદાજુદા માપોનો ઉપયોગ કરવો જોઈએ.*

## 13.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *(અ)* Statics 2. *(ડ)* 1700 3. *(અ) સમજના પ્રશ્નોને વાચા* 4. *(ડ) સાદી સરેરાશ*

5. *(અ) મધ્યસ્થ*

## 13.10 ચાવીરૂપ શબ્દ

**આંકડાશાસ્ત્ર** : *આંકડાકીય કે સંખ્યાત્મક માહિતી તરીકે ઓળખવામાં આવે છે.*

**સંશોધન** : *સંશોધન માટે અંગ્રેજીમાં "*Research*" શબ્દ વપરાય છે.* Research *શબ્દનો શાબ્દિક અર્થ ફરીથી શોધવું એવો થાય છે.*

**સરેરાશ** : *આવૃત્તિ વિતરણના સારાંશને સરળ રીતે રજૂ કરવાની રીત છે. સરેરાશને અંગ્રેજીમાં* Average *કહેવામાંઆવે છે.*

**મધ્યક** : *એ મધ્યવર્તી સ્થિતિનું માપ છે.*

**મધ્યસ્થ** : *હારને બે સરખા ભાગોમાં છેદતા બિંદુને મધ્યસ્થ કહેવાય.*

## 13.11 સ્વાધ્યાય લેખન

1. *આંકડાશાસ્ત્ર એટલે શું ? તેની જુદીજુદી વ્યાખ્યાઓ જણાવો.*
2. *આંકડાશાસ્ત્રના અભ્યાસના હેતુઓ વિશે ચર્ચા કરો.*
3. *સમાજકાર્ય સંશોધનમાં આંકડાશાસ્ત્રના ઉપયોગ વિશે જણાવો.*

## 13.12 સંદર્ભ ગ્રંથ


1. *દેસાઈ અરવિંદભાઈ* (1992) *'સામાજિક સંશોધનની પદ્ધતિઓ' (દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.*
2. *ડો. આર. પટેલ,* (2015) *'સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર જૉય પબ્લિકેશન', અમદાવાદ-* 2015
3. *ઉચ્ચાટ,ડી.એ.* (2009) *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર સાહિત્ય મુદ્રણાલય,પ્રા.લિ. અમદાવાદ*
4. *એ. જી. શાહ અને જે.કે. દવે, 'સામાજિક સંશોધન પદ્ધતિઓ'* (2008-09) *અનડા પ્રકાશન,અમદાવાદ*

| એકમ-14 | સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખન |
|---|---|

-: રૂપરેખા :-

**14.0 હેતુઓ**

**14.1 પ્રસ્તાવના**

**14.2 સમાજકાર્ય સંશોધનની વિભાવના**

**14.3 સમાજકાર્ય સંશોધનના હેતુઓ અને મહત્ત્વ**

**14.4 સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખનનો અર્થ**

**14.5 સમાજકાર્યમાં સંશોધનમાં અહેવાલ લેખનની ઉપયોગિતા**

**14.6 અહેવાલ લેખનનું માળખું**

**14.7 અહેવાલ લેખનનો પ્રકાર**

**14.8 અહેવાલ લેખનમાં ધ્યાનમાં રાખવાની બાબતો**

**14.9 તમારી પ્રગતિ ચકાસો**

**14.10 ઉપસંહાર**

**14.11 તમારી પ્રગતિ ચકાસોના જબાબો**

**14.12 ચાવીરૂપ શબ્દ**

**14.13 સ્વાધ્યાય લેખન**

**14.14 સંદર્ભ ગ્રંથ**

## 14.0 અધ્યયનના હેતુઓઃ

*આ એકમના અભ્યાસ કર્યા પછી, વિદ્યાર્થીઓને,*

1. *વિદ્યાર્થીમાં સંશોધન વિશેની સમજણ પ્રાપ્ત થઈ શકશે.*
2. *સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખનનું મહત્ત્વ સમજી શકશે.*
3. *સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખનના માળખાં વિશે સમજી શકશે.*
4. *અહેવાલ લેખનના પ્રકારો વિશે સમજી શકશે.*
5. *વિદ્યાર્થીએ સારા અહેવાલ લેખન માટે મૂળભૂત અંગો વિશેનો ખ્યાલ આવી શકશે.*
6. *અહેવાલ કરવામાં સંશોધક તરીકે કઈ-કઈ કાળજી લેવાની એ સમજી શકશે.*

## 14.1 પ્રસ્તાવના

*સમાજકાર્યના વિદ્યાર્થી માટે સમાજકાર્ય સંશોધન ખૂબ જ જરૂરી છે. સામાજિક સમસ્યાઓના વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમાજકાર્યમાં અભ્યાસ થાય અને સામાજિક સમસ્યોના તે જરૂરી છે. ભાવિ સામાજિક કાર્યકરો સંશોધન ક્ષેત્રે સજ્જ બની શકે તે માટે અભ્યાસક્રમમાં સમાજકાર્ય સંશોધનની વિસ્તૃત વિભાવના સમજાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. પ્રસ્તુત એકમમાં સમાજકાર્ય સંશોધન અને સામાજિક*

*સંશોધન વિશેની સમજણ સ્પષ્ટ કરવામાં આવેલ છે. પછી ક્રમશઃ સંશોધન યોજના, નમૂના પસંદગી અને માહિતી એકત્રીકરણની જુદીજુદી પદ્ધતિઓ વિશેનો ખ્યાલ આપવામાં આવેલ છે. સમાજકાર્ય સંશોધનમાં અહેવાલનું વિશેષ મહત્ત્વ છે. અહેવાલ લેખન સંશોધન પ્રક્રિયાનું એક મહત્ત્વનું અને અંતિમ સોપાન છે. અહેવાલ લેખન વિશેની વૈજ્ઞાનિક સમજણ મેળવી સંશોધકે પદ્ધતિસર અને વૈજ્ઞાનિક રીતે અહેવાલ લેખન કરવું જોઈએ. આ એકમમાં સમાજકાર્ય સંશોધન વિશે માહિતી આપેલી છે. અને સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખનની ઉપયોગિતા બતાવવાનો પ્રયત્ન કર્યા છે. સામાજિક સંશોધન કાર્યમાં અહેવાલ લેખન કેવી રીતે થઇ શકે તેની ચર્ચા કરવામાં આવી છે.*

## 14.2 સમાજકાર્ય સંશોધનની વિભાવના

*મનુષ્ય અને પર્યાવરણને ખૂબ નજીકનો સંબધ છે. મનુષ્યના જેમ-જેમ વિકાસ કરતો ગયો તેમ-તેમ તે પોતાની આસપાસના પર્યાવરણને ઓળખતો ગયો છે, સમજતો ગયો છે. પહેલા માણસ રખડતું અને ભટકતું જીવન જીવ્યા. પછી સ્થાયી જીવનનું શોધ કર્યું અને ખેતીની શરૂઆત કરાઈ. આમ, આદિમાનવથી આધુનિક માનવ બનવાના પ્રયાસમાં ક્રમશ; સમજીએ તો શોધ, સંશોધનના ખ્યાલ જોવાનું મળે. સમગ્ર માનવજીવનની પ્રગતિના મૂળ સંશોધનમાં રહેલા છે. આદિમાનવથી આધુનિક માનવ તરફના પ્રયાસમાં આપણને સંશોધનની ઉપયોગિતા અંગેનો ખ્યાલ આવે છે. ટૂંકમાં આદિમાનવથી લઈ આધુનિક માનવ તરફ પ્રયાસ કરીએ તો જરૂરિતાયોના આધારે જુદાજુદા પ્રકારના જ્ઞાનનું સર્જન થયું છે.*

*સંશોધન એટલે શોધ અથવા તપાસ. કોઈપણ ક્ષેત્રની ઉપયોગિતા વધારવા માટે સંશોધન જરૂરી છે. સંશોધન એ પાયારૂપ બાબત છે. કોઈપણ વૈજ્ઞાનિક સંશોધનની શરૂઆત હંમેશાં જિજ્ઞાસાથી થાય છે. જ્ઞાન માટે સંશોધાકમાં જિજ્ઞાસાવૃત્તિ હોવી જરૂરી છે. સંશોધન એ વૈજ્ઞાનિક બાબત છે. કોઈપણ સંશોધકે નવું સંશોધનકાર્ય હાથ ધરતા પહેલા સંશોધન અંગેની વિસ્તૃત સમજણ અને જાણકારી મેળવવી જરૂરી છે.*

1) *અમુક પુસ્તક વાંચવું કે લખવું તે સંશોધન નથી .*
2) *માહિતી માટે ભાગદોડ કરવી, દોડાદોડ કરવી તે સંશોધન નથી.*
3) *વાસ્તવમાં સંશોધન એ એક વ્યવસ્થિત પૂછપરખ છે. નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન. 'પદ્ધતિસર શબ્દ' વૈજ્ઞાનિક પદ્ધતિનો સૂચક છે.સંશોધનની શરૂઆત હમેશા અમુક પ્રકારના પ્રશ્નો, સવાલો કે સમસ્યાથી થાય છે.*

   *દા. ત.- સૂર્ય ઉનાળાનાં દિવસોમાં શિયાળા કરતા શા માટે વધુ સખત દેખાય છે?*

4) *ફળો હંમેશાં આકાશમાં તરવાના બદલે શા માટે નીચે પડે છે?*
5) *વરસાદ ચોમાસાના બદલે વર્ષમાં ગમે ત્યારે કેમ પડે છે.?*

*સંશોધન દ્વારા કોઈપણ સમસ્યાનો સંબધિત ઉકેલ મેળવામાં આવે છે. સામાજિક સંશોધન એ સામાજિક ઘટનાઓ અને સામાજિક બનાવોનો અભ્યાસ કરે છે. પછી પ્રત્યેક ઉકેલને પદ્ધતિસર રીતે તેના સારા- ખરાબ પાસાંઓની તુલના કરી, કયો ઉકેલ વ્યક્તિ અને સમજના હિતમાં છે, તે નક્કી કરવામાં આવે છે. આ સમસ્યાના વૈજ્ઞાનિક ઉકેલ અંગેની પદ્ધતિ છે. સમાજકાર્ય સંશોધન એ એક વિધિ છે. જુદી-જુદી સામાજિક ઘટનાઓ અથવા સમસ્યાઓના કારણો, આંતરસંબધો અને તેમાં પ્રકીયોના અભ્યાસ, નિદાન, વિશ્લેષણ કરવામાં આવે છે. સામાજિક સંશોધનમાં નવીન તથ્યોની જ ચકાસણી નથી કરવામાં આવતી; પરંતુ જૂના તથ્યો અને સિદ્ધાંતોને પણ ચકાસવામાં આવે છે.*

*સામાજિક સંશોધનના મહત્ત્વને, સંશોધનની યથાર્થતા અને તેની વ્યવહારુ ઉપયોગિતા વડે માપી શકાય છે.*

**વ્યાખ્યા:**

1. **રેડ્મન અને મેરી** *અનુસાર, " નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન"*
2. **પોલીન યંગ** *કહે છે, સામાજિક સંશોધન એક વૈજ્ઞાનિક સાહસ છે. જે તાર્કિક અને પદ્ધતિસરની વડે નવી હકીકતો શોધવાનું કે જૂની હકીકતોની ચકાસણી અને પરીક્ષણ કરવાનું, આ હકીકતોની ક્રમ બધતા તેમની વચ્ચેના પારસ્પરિક સંબધો અને કાર્યકારણની સમજૂતી આપવાનું તેમજ માનવ વર્તનને વિશ્વસનીય અને યથાર્થ અભ્યાસ કરવાનું સુગમ બનાવતા નવા વૈજ્ઞાનિક ઉપકરણો, ખ્યાલો અને સિદ્ધાંત વિકસાવવાના ધ્યેયો ધરાવે છે.*
3. **યંગ અને મેજરના** *મતે, સામાજિક સંશોધનમાં નવા તથ્યોની શોધની સાથે જુના તથ્યો અને સિદ્ધાંતોની પણ ચકાસણી કરવામાં આવે છે. સામાજિક સંશોધન માનવીય ક્રિયાઓ અથવા સામાજિક સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે. અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારી સમસ્યાઓનું પ્રત્યક્ષ રીતે અવલોકન કરે છે. અને વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે તેના કાર્યકારી સંબધો સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે.*

## 14 .3 સમાજકાર્ય સંશોધનના હેતુઓઅને મહત્ત્વ:

*સમાજકાર્યમાં સંશોધનનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે સમાજકાર્ય એ વ્યાવસાયિક વિદ્યાશાખા છે. વ્યાવસાયિક ટકાઉપણા અને વ્યાવસાયિક વિકાસ માટે સમાજકાર્યમાં સંશોધન થવું જરૂરી છે. સમાજકાર્યમાં મૂળભૂત ઉદ્દેશો સિદ્ધ કરી શકે તે માટે સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિવિધ યોજનાયો અને કાર્યક્મનોની અસરકારકતા ચકાસવા માટે પણ સંશોધન કરવું જરૂરી છે.*

*સમાજકાર્ય વૈજ્ઞાનિક 'ક્લેચર' દ્વારા સમાજકાર્ય સંશોધનનાં હેતુઓ નિર્દેશિત કરવામાં આવે છે.*

1. *સમુદાય માટે સમાજકાર્ય ની જરૂરિયાતોનું માપન અથવા મૂલ્યાંકન કરવા માટે.*
2. *સેવાર્થીયોના જીવનસ્તરમાં સુધારણા લાવી શકાય તે માટે*
3. *સામાજિક સમસ્યોના ઉકેલ માટે*
4. *સમાજકાર્યના અભ્યાસમાં ઉપયોગ કરવામાં આવતી નિદાન અને સારવાર કરવામાં આવે છે. તે વધુ સચોટ અને સારી આપી શકાય તે માટે સમાજકાર્ય સંશોધન જરૂરી છે.*
5. *સમાજકાર્યની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે.*

*સમાજકાર્ય સંશોધન, સમાજકાર્ય પદ્ધતિના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા આપે છે. સમાજકાર્ય સંશોધનની હેતુઓ પરથી એ સ્પષ્ટતા થાય છે કે, સમાજકાર્ય સંશોધન પદ્ધતિ સમાજકાર્ય ની સેવાઓ સેવાર્થી સુધી પૂરેપૂરી રીતે પહોચે તેવા પ્રયોસો કરે છે. અને તેના માટે ઉપયોગી એવી દરમ્યાનગીરી પ્રયુક્તિ પણ શોધી આપે છે. સમાજકાર્યકરમાં વૈજ્ઞાનિક અભિગમ કે દષ્ટિકોણ વિકસવા માટે સમાજકાર્ય સંશોધન મદદરૂપ થાય છે. સમાજકાર્યના ક્ષેત્રમાં પ્રત્યક્ષ કાર્ય કરવા માટે, સમસ્યાઓ કે મુદ્દાઓની તાકિક વિચાર કરવા માટે, તેને પદ્ધતિસર રીતે ગોઠવવા માટે, સમસ્યાઓના ઉકેલ કરવા માટે, સમાજકાર્ય સંશોધનનું મહત્ત્વ છે.*

## 14.4 સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખનનો અર્થ

*સમાજકાર્યમાં સંશોધનમાં અહેવાલનું વિશેષ મહત્ત્વ છે. વિષયવસ્તુ અને રજૂઆતની દ્રષ્ટિએ અહેવાલલેખન એ સંશોધનનો ખૂબ મહત્ત્વનો ભાગ છે. સંશોધન કાર્યમાં માહિતી એકત્ર કર્યા પછી મળેલ માહિતી અંગેની યોગ્ય રજૂઆત થવી જરૂરી છે. કોઈપણ અઘરી અને અટપટી બાબતોનો સમજવા માટે તેના કયા કયા વિભાગો છે. અને પ્રત્યેક વિભાગમાં શું-શું સમાવિષ્ટ છે. તે જાણવું ખૂબ અગત્યનું છે.*

*સંશોધન પ્રકિયાનું એક મહત્ત્વનું અને અંતિમ સોપાન છે, અહેવાલલેખન એ ખૂબ કંટાળાજનક કામ છે. સમય અને મહેનત માંગી લે તેવું કામ છે. સંશાધનકર્તામાં સારો અહેવાલ લખવાની કુશળતા હોવી જરૂરી છે. લોકો સાથે વાતચીત કરવી, આયોજનની ક્ષમતા, સુક્ષ્મ નિરીક્ષણની સાથો-સાથ, લેખન ક્ષમતા હોવી જરૂરી છે.*

- **અહેવાલ લેખનનો અર્થ :**

*કોઈપણ મહત્ત્વનું કાર્ય પૂર્ણ થયા બાદ તેની વિગતવારનોંધ તૈયાર કરવામાં આવે છે. આનોંધ એવી રીતે તૈયાર કરવી જોઈએ કે, તેમાંથી નાનામાં નાની વિગત વિશેની માહિતી મળી શકે. કોઈપણ વ્યક્તિ આ વિશદ નોંધને વાંચીને જે-તે બાબત વિશેની માહિતી કે જાણકારી મેળવી શકે. આવીનોંધને 'અહેવાલ' તરીકે ઓળખવામાં આવે છે.*

*સંશોધનકાર્ય પૂર્ણ થયા બાદ સંશોધક પોતે હાથ ધરેલ સંશોધન સમસ્યા ઉપર સંશોધનના મૂળ ઉદ્દેશોને અનુરૂપ પદ્ધતિસર, સરળ અને સદી ભાષામાં તેને રજૂ કરે છે, જેને સંશોધન અહેવાલ કહી શકાય. સંશોધન પ્રક્રિયાનું આ ખૂબ જ મહત્ત્વનું ચરણ છે. અહેવાલ લેખનની જરૂરિયાત શું છે? તે અંગે કાર્યકરે વિચારણા કરવી જોઈએ. ખાસ કરીને નીચેના ચોક્કસ હેતુઓમાટે અહેવાલ લખાય છે.*

1. *માહિતીના પ્રસાર માટે*
2. *રેકોર્ડની જાળવણી માટે*
3. *કામગીરી  વિશે અન્ય લોકોને જાણ થાય*
4. *કામગીરીના મૂલ્યાંકન માટે*
5. *ભવિષ્યની કામગીરી નક્કી કરવા માટે*
6. *સરકારી સ્તરે નીતિ વિષયક બદલાવ માટે*
7. *વિકાસકીય પ્રવૃત્તિની જાણ થાય એ માટે.*

## 14.5 સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખનની ઉપયોગિતા

*સમાજકાર્ય સંશોધનમાં અહેવાલનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. અહેવાલ લેખન એ એક કળા છે. અને સાથે જ વૈજ્ઞાનિક પદ્ધતિ છે. સંશોધનની અહેવાલની વિવિધ ઉપયોગિતા સમાજકાર્યમાં નીચે પ્રમાણે છે.*

1. **સરળ વિશ્લેષણ :** *સંશોધનના વિવિધ મુદાઓની સરળ ભાષામાં વિશ્લેષણ થવું જોઈએ . તેની લેખનશૈલી સાદી અને સરળ હોવી જોઈએ. સંશોધનમાં ખાસ કરીને અહેવાલનો વાચકવર્ગ કોણ છે? આ વાચકવર્ગની જરૂરિયાત શું છે? તેના આધારથી મળેલ મહીતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ થવું જોઈએ. અહેવાલ લેખનમાં અધુરી અને અટપટી માહિતીને તેની યોગ્ય શૈલીમા*

*ગોઠવવાથી માહિતી કોઈપણ વ્યક્તિ સરળ રીતે સમજી શકે છે. આ વાતને કેન્દ્ર સ્થાને રાખી અહેવાલનું સરળ રીતે વિશ્લેષણ કરવું જોઈએ.*

2. **ખૂટતી માહિતી મેળવી શકાયઃ** *સંશોધક જ્યારે, વિવિધ પ્રકરની માહિતી એકત્ર કરે છે. ત્યારે ક્યારેક એવું પણ બની શકે કે જે જરૂરી માહિતી હોય તે મેળવવાનું બાકી રહી ગયું હોય અને એનો ખ્યાલ જ્યારે સંશોધક અહેવાલ લેખન કરે છે. આવા સમએ સંશોધક ખૂટતી વિગતો એકત્ર કરી અસરકારક અહેવાલ લેખન કરી શકે છે.*
3. **કામગીરી અને પરિણામ વચ્ચેનો સંબધ સ્પષ્ટ થાયઃ** *સંશોધનને સતત ચાલતી પ્રકિયા છે. સંશોધક સંશોધનના મૂળ હેતુંઓને અનુરૂપ માહિતી એકત્રીકરણની કરવાનું પ્રયત્ન કરે છે. સંશોધનકાર્યમાં કયા પ્રકરની માહિતીની જરૂરિયાત હતી અને કયા પ્રકારની માહિતી પ્રાપ્ત થઈ એના વિશે સંશોધક વિવરણ લાવે. ટૂંકમાં, કામગીરી અને પરિણામ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવા માટે અહેવાલ લેખન જરૂરી છે.*
4. **માહિતીની યોગ્ય રજૂઆતઃ** *સંશોધનનાં લક્ષિત જૂથ અને તેના વાચકો માટે સંશોધનનો અહેવાલ લેખન જરૂરી છે. અહેવાલ લેખનમાં સંશોધક, વિષય વિવધ મુદ્દાઓની રજૂઆત કરે છે. દરેક પ્રકરણમાં સૈદ્ધાંતિક અને ક્ષેત્રકાર્યમાંથી એકત્ર કરેલ માહિતીનું સમન્વય કરી રસપ્રદ રીતે અહેવાલ લખાય તે જરૂરી છે. અહેવાલમાં પ્રકરણીકરણ વ્યવસ્થિત થવું જરૂરી છે.*

*ઉપરોક્ત જણાવ્યા મુજબ સમાજકાર્યમાં અહેવાલ લેખનની ઉપયોગિતા છે.*

## 14.6 અહેવાલ લેખનનું માળખું

*સંશોધન અહેવાલની રચના એ ખૂબ મહત્ત્વનું કાર્ય છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.*

*સંશોધન અહેવાલમાં સમાવિષ્ટ બાબતો*

*પ્રારંભિક સાહિત્ય* | *સંશોધન વિષયવસ્તુ* | *સંદર્ભ સાહિત્ય*

*આ મુદ્દાઓની વિગતપૂર્ણ ચર્ચા નીચે પ્રમાણે છે.*

### (1) પ્રારંભિક સાહિત્ય

*પ્રારંભિક માહિતીમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.*

- *પ્રારંભિક માહિતી*
- *શીર્ષક પાનું*
- *સ્વીકૃતિ પત્ર*
- *ઋણ સ્વીકાર*
- *અનુક્રમણિકા*
- *સારણીસૂચિ*
- *આલેખ-આકૃતિ/ચિત્રોની સૂચિ*
- *સંજ્ઞાસૂચિ*

*સંશોધન સારાંશનો સમાવેશ કરવામાં આવેલ છે, જેનું સંક્ષેપમાં વિશ્લેષણ નીચે મુજબ છે.*

**(A) શીર્ષક**

*શીર્ષક ખૂબ જ મહત્ત્વનું છે. સંશોધનનું શીર્ષક, સંશોધનકર્તાનું નામ, પદવી અંગેની વિગત, યુનિવર્સિટીનું નામ તથા પદવી મેળવવા માટેના માસ, વર્ષનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. સંશોધનકર્તા માટે કેટલીક યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવે છે. જેમાં ટાઈટલ, સબ ટાઈટલમાં ફોન્ટ સાઈજ અને વિગતોનો ઉલ્લેખ કરવો, તે અંગેની બાબતનો ઉલ્લેખ કરવામાં આવે છે.*

**(B) સ્વીકૃતિ પત્ર**

*સ્વીકૃતિ પત્રમાં સ્વીકાર સંબધી બાબતોનો સમાવેશ થાય છે. તેમાં વિદ્યાર્થી જે વિભાગ/કૉલેજમાં અભ્યાસ કરે છે, તેના દ્વારા આ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું હોય છે, તેમાં વિદ્યાર્થી, માર્ગદર્શક અને સંસ્થાના વડાની સહી હોય છે.*

**(C) ઋણ સ્વીકાર**

*સંશોધનકાર્યમાં ઉપયોગી, મદદરૂપ થનાર વ્યક્તિઓના નામનો ઉલ્લેખ ઋણ સ્વીકારમાં કરવામાં આવે છે.*

**(D) અનુક્રમણિકા**

*અનુક્રમણિકા એ સંશોધન અહેવાલનું દર્પણ છે. જેમાં વિવિધ પ્રકરણો, ઉપરાંત, સંદર્ભસૂચિ, અનુપૂર્તિ અને સુચિપત્રનો સમાવેશ કરવામાં આવે છે.*

**(E) સારણી (કોષ્ટક)ની યાદી**

*જેમાં સારણીનો ક્રમાંક, સારણીનું યોગ્ય શીર્ષક અને પાના નંબરનો ઉલ્લેખ કરવો જરૂરી છે.*

**(F) આકૃતિ આલેખનો યાદી**

*જેમાં ચિત્રો, આલેખ, નકશા વગેરેનો આ યાદીમાં સમાવેશ થાય છે.*

**(G) સંજ્ઞાઓ**

*સંશોધન અહેવાલમાં ચિન્હો, સંક્ષેપો અને સંજ્ઞાઓ વગેરેની સમજ આપવી જરૂરી છે.*

**(H) સંશોધનનો સારાંશ**

*નામ પ્રમાણે ટુકમાં મહત્ત્વની બાબતોનો સમાવેશ થઈ શકે તેવો સંશોધનનો સારાંશ, અહેવાલ હોવો જોઈએ. કેટલીક યુનિવર્સિટીઓ સંશોધન સારાંશમાં શબ્દોની મર્યાદાપણ નક્કી કરે છે. આમ, માર્ગદર્શિકા પ્રમાણે પણ સંશોધન સારાંશ તૈયાર કરી શકાય.*

**(2)** *સંશોધન અહેવાલનું વિષયવસ્તુઓનો વિભાગ સંશોધન અહેવાલમાં આ ખૂબ મહત્ત્વનો ભાગ છે, જેમાં સંશોધનને અનુરૂપ વિવિધ બાબતોનો સમાવેશ છે. અને તે મુજબ પ્રકરણીકરણ કરવામાં આવે છે. સંશોધન અહેવાલ મુખ્યત્વે પાંચ પ્રકરણમાં વિભાજીત કરવામાં આવે છે.*

**પ્રકરણ 01 : સમસ્યા વિધાન**
**પ્રકરણ 02 : સંદર્ભ સાહિત્યની સમીક્ષા**
**પ્રકરણ 03 : સંશોધન યોજના**
**પ્રકરણ 04: માહિતી વિશ્લેલણ**
**પ્રકરણ 05 : સારાંશ, તારણો અને ભલામણો**

**3) સંદર્ભ બાબતોનો વિભાગ**

*જેમાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.*

1) *સંદર્ભ સૂચિ*
2) *અનુપુર્તિઓ*

## 14.7 સંશોધન અહેવાલ લેખનના વિવિધ પ્રકાર :

*અહેવાલને જુદાજુદા પ્રકાર છે. એના આધારે અહેવાલ લેખન કરી શકાય.*

1. *જનરલ રિપોર્ટ ( સામાન્ય અહેવાલ)*
2. *માસિક અહેવાલ*
3. *પ્રોજેક્ટ રિપોર્ટ*
4. *કાર્યકર્તાની કામગીરીનો અહેવાલ*
5. *મિટિંગનો અહેવાલ*
6. *કાર્યશાળાનો અહેવાલ*
7. *ક્ષેત્રકાર્ય મુલાકાત*

*આમ આ મુદ્દાઓનો સંશોધન અહેવાલમાં સમાવેશ કરવામાં આવે છે. સંશોધન અહેવાલના લેખનમાં લેખનશેલી ખૂબ જ મહત્ત્વની બાબત છે. વિજ્ઞાન અને ટેકનીકલ વિદ્યાશાખાના સંશોધન અહેવાલો ટેકનીકલ હોય છે.જયારે, સાહિત્ય અને માનવવિદ્યા શાખાના સંશોધન અહેવાલો જનરલ રીપોર્ટ હોય છે. સામાન્ય માણસ પણ આ અહેવાલો વાંચી શકે તેવા હોવાં જોઈએ.*

## 14.8 અહેવાલ લેખનમાં ધ્યાનમાં રાખવાની બાબતો.

*સંશોધન અહેવાલ તૈયાર કરતી વખતે કાર્યકરે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.*

1. **સંશોધન પ્રક્રિયા અને અનુભવોનું વર્ણન :** *સંશોધન પ્રક્રિયા અને અનુભવોનું વર્ણન કરવું જોઈએ. જેના પરિણામે અહેવાલ રસપ્રદ બને છે.*
2. **મૂળ સંશોધન યોજનમાં થયેલ ફેરફારનીનોંધ-** *સંશોધન યોજનાએ એક કામચલાઉ ખ્યાલ છે. ઘણીવખત સંશોધન યોજનાની રચના કર્યા પછી વાસ્તવિક કામગીરી દરમ્યાન તેમાં સુધારા-વધારા કરવાની જરૂરિયાત જણાય છે. આવા જે કઈ ફેરફારો થયા હોય તેનીનોંધ અહેવાલમાં કરવી જરૂરી છે.*
3. **અહેવાલમાં લખાણોનું પ્રકરણીકરણ –** *સંશોધન એ સતત ચાલતી પ્રક્રિયા છે. તેમાં વિવિધ પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ આ બધીજ માહિતીનું અસરકારક અહેવાલ લેખન કરવા તેને વિવિધ પ્રકારના પ્રકરણોમાં વિભાજન કરવું જોઈએ.*

4. **ટેકનીકલ વિગતો દર્શાવવી** –*સંશોધનકાર્યમાં માહિતી મેળવવાની વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ સિવાય જેટલી જેટલી ટેકનીકલ બાબતોનો ઉપયોગ થયેલ છે. તેનો ઉચ્ચાર અહેવાલ લેખનમાં થવો જોઈએ.*
5. **સંશોધનની મર્યાદાઓ** -*સંશોધકની ઈચ્છાશક્તિ ઘણી હોવા છતા પણ કેટલુંક કામ થઈ શકતું નથી. આ બધીજ બાબતોનો મર્યાદારૂપ તરીકે ઉલ્લેખ થવો જોઈએ.*
6. **ભાવિ સંશોધક માટેના સૂચનો** -*એક બખત સંશોધન હાથ ધર્યા પછી તેના ઉપર પુનઃ અભ્યાસો કરી શકાય છે. ભવિષ્યમાં કોઈક સંશોધક આજ વિષય ઉપર આગળ વધવા માંગતો હોય તો ખાસ કરીને મૂળ સંશોધન દરમ્યાન સંશોધકને કઈ-કઈ બાબતોમાં ભવિષ્યમાં કામ કરવાની શક્યતા દેખાય છે. તેનો ઉલ્લેખ ભાવી સંશોધક માટેના સૂચનોમાં ઉલ્લેખ થવો જરૂરી છે. સંશોધક જ્યારે સંશોધન યોજના બનાવે છે, ત્યારે કેટલાક મુદ્દાઓ તેના નજર અંદાજમાં આવતા નથી. સંશોધક જેમ જેમ સંશોધનમાં આગળ વધે છે. તેમ-તેમ તેને વાસ્તવિક ભાવ થાય છે, ક્યારે સંશોધકની ઈચ્છાશક્તિ હોવા છતાં પણ ક્યાંક સમયની મર્યાદા હોય, પૈસાની મર્યાદા હોય વગેરે જેવા કારણસર તે કામ હાથ ધરી શકતો નથી. માટે સંશોધન અહેવાલમાં મહત્ત્વની બાબત છે. ભાવિ સંશોધક માટેના સૂચનોમાં ઉપરોક્ત બધી જ બાબતોનો સંશોધકે વિવિધ તબક્કામાં સંશોધનનાં મૂળ હેતુઓને ધ્યાનમાં રાખીને સ્પષ્ટ કરવા જોઈએ.*

## 14.9 તમારી પ્રગતી ચકાસો

1. *સંશોધન અહેવાલમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે. ?*
   *(અ) પ્રારંભિક સાહિત્ય (બ) સંશોધનનું વિષયવસ્તુ*
   *(ક)સંદર્ભ સાહિત્ય (ડ) ઉપરોક્ત બધા*

2. *સંશોધન પ્રક્રિયાનું એક મહત્ત્વનું અને અંતિમ સોપાન કયું છે. ?*
   *(અ) માહિતી એકત્રીકરણ (બ) માહિતી વિશ્લેષણ*
   *(ક) કોષ્ટીકરણ (ડ) અહેવાલા લેખન*

3. *સંદર્ભ સૂચી શા માટે જરૂરી છે.*
   *(અ) માહિતીમાં વિશ્વાસ ઊભો કરવા (બ) વાચકની જાણકારી માટે*
   *(ક) લેખકની જાણ માટે (ડ) નોંધપાત્ર કામ માટે*

4. ……. *એ સંશોધન અહેવાલનું દર્પણ છે.*
   *(અ) શીર્ષક (બ) અનુક્રમણિકા*
   *(ક) સ્વીકૃતિપત્ર (ડ) ઋણ સ્વીકાર*

## 14.10 ઉપસંહાર

*અહેવાલલેખન એ સમાજકાર્ય સંશોધનનું ખૂબ જ મહત્ત્વનું અંગ છે. સંશોધનની સફળતાનો પ્રમુખ આધાર છે. અહેવાલ લેખન કરતી બખતે સંશોધકે લક્ષિત જૂથ ધ્યાનમાં રાખવું જોઈએ. જેથી તે પ્રમાણે માહિતીની ગોઠવણ કરી શકાય.અહેવાલલેખાનમાં મુખ્ય મુદ્દાને સ્પષ્ટ અને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવો જોઈએ. જરૂરી માહિતીનું એકત્રીકરણ કરી મળેલ માહિતિનું વિશ્લેષણ કરવું*

*જોઈએ.ત્યારબાદ માહિતીની યોગ્ય ગોઠવણી કરી લેખનકાર્ય કરવું જોઈએ. સારો અહેવાલ લખવા માટે સંશોધકે પ્રયાસ કરવો જોઈએ. સારો અહેવાલ એટલે,*

(1) *જે વંચાય અને તેની ઉપર આગળ કામ થાય.*
(2) *જેમાં કામની સંપૂર્ણ અને મહત્ત્વની બાબતો સામેલ હોય.*
(3) *તેમાં સરખામણી અને વિરોધાભાસ દર્શાવ્યા બાદ વિકલ્પો ખુલ્લા હોય.*
(4) *પ્રશ્નો અને તેના ઉકેલ વિશેની માહિતી હોય.*
(5) *સામાન્ય માહિતી ઉપરાંત, ચોક્કસ મુદ્દાઓનો ઉલ્લેખ હોય.*

*આમ, આ દૃષ્ટિએ સાદી અને સરળ ભાષામાં, રસપ્રદ અને સંબંધિત માહિતીનો ઉપયોગ કરી વાક્યોની ક્રમબદ્ધ ગોઠવણી કરી ભાષાકીય ભૂલો વીહીન સ્પષ્ટ અને મુદ્દાસર અહેવાલલેખન કરવું જોઈએ. જે આમ, પદ્ધતિસર રીતે અહેવાલ લખાય તો અહેવાલ લેખન પાછળનો મુખ્ય ધ્યેય સાર્થક થઈ શકે.*

## 14.11 તમારી પ્રગતિ ચકાસોના જબાબો

1. *(ડ) ઉપરોક્ત બધા*
2. *(અ) માહિતી એકત્રીકરણ*
3. *(અ) માહિતીમાં વિશ્વાસ ઉભો કરવા*
4. *(બ) અનુક્રમણિકા*

## 14.12 ચાવીરૂપ શબ્ધો

**સંશોધન તારણો** : *સંશોધનનો ખૂબ મહત્ત્વનો ભાગ છે. અંગ્રેજીમાં તેને* Research findings *તરીકે ઓળખવામાં આવે છે.*

**સંશોધન અહેવાલ** : *સંશોધક પોતાના સંશોધન તારણોને રજૂ કરતા જે અહેવાલ લખે છે. તેને સંશોધન અહેવાલ કહેવામાં આવે છે.*

**વિષયવસ્તુ** : *અહેવાલમાં શું લખવું? તેને ક્યાં ક્રમે રજૂ કરવું વેગેરે બાબતોનો વિષય વસ્તુમાં સમાવેશ કરવામાં આવે છે.*

**સારાંશ** : *સંશોધનકાર્યની મહત્ત્વની બાબતો વિશેનીનોંદ. સંશોધનમાં સારાંશ અહેવાલ તેયાર કરવામાં આવે છે.*

## 14.13 સ્વાધ્યાય લેખન

1. *અહેવાલ લેખનનો અર્થ સ્પષ્ટ કરી અહેવાલ લેખનના હેતુયો જણવો.*
2. *અહેવાલ લેખનના વિવિધ પ્રકાર જણવો.*
3. *સમાજકાર્ય સંશોધનમાં અહેવાલ લેખનનું મહત્ત્વ દર્શાઓ.*

## 14.14 સંદર્ભ ગ્રંથ


1. *દેસાઈ અરવિંદભાઈ* (1992) *સામાજિક સંશોધનની પદ્ધતિયો (દ્વિતીય આવૃત્તિ) અમદાવાદ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.*
2. *ડૉ. આર. પટેલ,* (2015) *સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર જાય પબ્લિકેશન, અમદાવાદ-* 2015

3. *ઉચ્ચાટ,ડી.એ.* (2009) *શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર સાહિત્ય મુદ્રણાલય,પ્રા.લિ. અમદાવાદ*
4. *એ. જી. શાહ અને જે.કે. દવે, સામાજિક સંશોધન પદ્ધતિઓ* (2008-09) *અનાડા પ્રકાશન,અહમદાબાદ-*

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**